BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## પ્રથમ વર્ષ એમ.એ. - સંસ્કૃત

સેમેસ્ટર-01

પેપર - 03

MASKT - 03

## મહાકાવ્ય પરિચય અને કિરાતાર્જુનીયમ (સર્ગ : 1)







# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.* 1994*માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની* 125*મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું.* BAOU*ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

## MASKT-03 : મહાકાવ્ય પરિચય અને કિરાતાર્જુનીયમ્ (સર્ગ-1)


### નિદર્શન

| | |
|---|---|
| *પ્રો. યોગેન્દ્ર પારેખ* | *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

### સંપાદક

| | |
|---|---|
| *ડૉ. વિનોદ માજીરાણા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

### સહ-સંપાદક

| | |
|---|---|
| *ડૉ. રાખી જૈન* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

### વિષયસમિતિ

| | |
|---|---|
| *પ્રો. નિરંજન પટેલ* | *કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ* |
| *પ્રો. લલિત પટેલ* | *આચાર્ય, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર* |
| *ડૉ. વિનોદ માજીરાણા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

### વિષય પરામર્શન

| | |
|---|---|
| *પ્રો. મયૂરી બેન ભાટિયા* | *પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. યોગિની એચ. વ્યાસ* | *નિવૃત્ત અસોસિએટ પ્રોફેસર, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર* |
| *ડૉ. પ્રીતિ પુજારા* | *અસોસિએટ પ્રોફેસર, મ્યુનિસિપલ મહિલા આર્ટ્સ, કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ,* |

### લેખન

| | |
|---|---|
| *ડૉ. સ્વાતિ શાહ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, એલ.આર.વળિયા આર્ટ્સ એન્ડ પી.આર.મહેતા કોમર્સ કોલેજ, ભાવનગર* |
| *ડૉ. વિનોદ માજીરાણા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. રવીન્દ્ર ખાંડવાલા* | *અસોસિએટ પ્રોફેસર, એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ* |
| *ડૉ. ડાહ્યાલાલ મોકરિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી સોમનાથ સંસ્કૃત યૂનિવર્સિટી, વેરાવલ* |



**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**પ્રકાશન વર્ષ – 2025**

**ISBN – 978-93-5598-544-6**



### સર્વાધિકાર સુરક્ષિત

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

BAOU
Education for all

**પ્રથમ વર્ષ એમ.એ-સંસ્કૃત**

**સેમેસ્ટર: 01**

**પેપર-03**

**MASKT-03**

# મહાકાવ્ય પરિચય અને કિરાતાર્જુનીયમ (સર્ગ : 1)

## વિભાગ: 1 : મહાકાવ્ય


| | |
|---|---|
| એકમ : 1<br>મહાકાવ્ય સ્વરૂપ : પરિચય | **01** |
| એકમ : 2<br>આદિ મહાકાવ્યો | **14** |
| એકમ : 3<br>વાલ્મીકિ અને વ્યાસ | **35** |
| એકમ : 4<br>અશ્વઘોષ રચિત મહાકાવ્યો | **63** |

## વિભાગ: 2 : પંચ મહાકાવ્ય


| | |
|---|---|
| એકમ : 5<br>રઘુવંશમ્ : પરિચય | **83** |
| એકમ : 6<br>કુમારસંભવમ્ : પરિચય | **103** |
| એકમ : 7<br>મહાકવિ કાલિદાસનું જીવન | **120** |
| એકમ : 8<br>શિશુપાલવધ મહાકાવ્ય : પરિચય | **127** |
| એકમ : 9<br>માઘ : પરિચય | **143** |
| એકમ : 10<br>નૈષધીયચરિતમ્ પરિચય | **149** |
| એકમ : 11<br>શ્રીહર્ષ: પરિચય | **160** |


## વિભાગ: 3 : કિરાતાર્જુનીય સર્ગ - 1


| | |
|---|---|
| એકમ : 12<br>ભારવિ પરિચય | **165** |
| એકમ : 13<br>કિરાતાર્જુનીય પરિચય | **178** |
| એકમ : 14<br>કિરાતાર્જુનીય સર્ગ - 1 મૂળગ્રંથ અને ભાષાંતર | **196** |

# વિભાગ: 1 : મહાકાવ્ય

# એકમ :1: મહાકાવ્ય સ્વરૂપ : પરિચય

## રૂપરેખા


**1.0** ઉદ્દેશ

**1.1** પ્રસ્તાવના

**1.2** કાવ્યના પ્રકારો

**1.3** મહાકાવ્યનું સ્વરૂપ અને તેનો વિકાસક્રમ

**1.4** મહાકાવ્યનું સ્વરૂપ નિશ્ચિત કરનારા આચાર્યો અને ગ્રંથો તથા તેમને આપેલા મહાકાવ્યના લક્ષણો

**1.4.1** આચાર્ય ભામહે પ્રયોજેલ મહાકાવ્યનાં લક્ષણો

**1.4.2** આચાર્ય દંડીએ પ્રયોજેલ મહાકાવ્યનાં લક્ષણો

**1.4.3** આચાર્ય વિશ્વનાથે પ્રયોજેલ મહાકાવ્યનાં લક્ષણો

**1.5** મહાકાવ્યના લક્ષણોનું તારણ

**1.6** ઉપસંહાર


## 1.0 ઉદ્દેશ

*એકમ-1 નો ઉદ્દેશ કાવ્ય, મહાકાવ્યનું સ્વરૂપ તથા મહાકાવ્યના લક્ષણો જાણવાનો છે. આ એકમના અધ્યયનથી નીચેની બાબતો જાણી અને સમજીશકશો.*

- *સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્ય; શબ્દ ખુબ વ્યાપક રીતે પ્રયોજાયેલ છે તેના વિવિધ પ્રશિષ્ટ (અલંકૃત) મહાકાવ્યો કઈ રીતે જુદાં પડે છે તથા તેમની લાક્ષણિકતાઓનો ખ્યાલ આવશે.*
- *સંસ્કૃત સાહિત્યમાં 'મહાકાવ્ય' એ અત્યંત લોકપ્રિય તથા ખુબ જ ખંડાયેલ આદિત્ય સ્વરૂપ હોવાથી તેમાં જુદા-જુદા આલંકારિકઆચાર્યોએ મહાકાવ્યનાં લક્ષણો આપ્યાં છે તથા તેના વિકસતા સ્વરૂપને સમજવાનો ખ્યાલ આવશે.*

## 1.1 પ્રસ્તાવના

*સંસ્કૃત સાહિત્ય એક અગાધ મહાસાગર છે તેની પ્રાચીનતા, વિશાળતા અને વિવિધતામાં વિશ્વની અન્ય ભાષામાં તેની જોડ જડે તેમ નથી. તેનું સ્થાન ભાષારૂપી ઉઆકાશમાં ધ્રુવ તારા સમાન છે. સંસ્કૃતસાહિત્યના મુખ્યત્વે બે પ્રકારો છે (1)વૈદિક સાહિત્ય (2)લૌકિક સાહિત્ય*

(1) વૈદિક સાહિત્ય તેનીપ્રાચીનતા અને વૈભવતાને કારણે વિખ્યાત છે જ પરંતુ (2)લૌકિક સાહિત્ય પણ તેની શુદ્ધિ પરંપરા અને વિષય વિવિધતાને કારણે સુવિદિત છે.

સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્ય' શબ્દ વ્યાપક અર્થમાં પ્રયોજાયેલ છે.તેમાં મહાકાવ્ય પ્રખ્યાત પ્રકાર છે. રામાયણ અને મહાભારત બે આર્ય મહાકાવ્યો કે જેમણે નૈસર્ગિક, ઐતિહાસિક, વીરચરિત્ર (Epic of Growth) મહાકાવ્યો પણ કહેવાય છે', તે ભારતીય સમાજના આદર્શ ગ્રંથો છે.


આ આદર્શ 'મહાકાવ્ય'(ગ્રંથો) અત્યંત લોકપ્રિય તથા ખુબ જ જોડાયેલા સાહિત્ય સ્વરૂપ છે. સંસ્કૃતસાહિત્યકારોમાં મહાકાવ્યો લખવાની એક પરંપરા બની ગઈ, તેની 'મહાકાવ્ય' ના લક્ષણો આપવા પણ જરૂરી હતા તેથી વિકસતા સ્વરૂપને ધ્યાનમાં રાખીને, અલગ અલગ સદીમાં થઈ ગયેલ સંસ્કૃત અલંકારિક આચાર્યોએ સમયાનુસાર મહાકાવ્યના લક્ષણો આપ્યા છે. તેમાં સર્વ સામાન્ય અને પ્રચલિત લક્ષણો પાંચમી સદીમાં થઈ ગયેલ  આચાર્ય ભામહે કાવ્યાલંકારમાં છઠ્ઠી સદીમાં આચાર્ય દંડીએ કાવ્યાદર્શમાં તથા ચૌદમી સદીમાં આચાર્ય વિશ્વનાથે  સાહિત્યદર્પણ ગ્રંથમાં આપ્યા છે. આ એકમમાં આપણે કાવ્ય, મહાકાવ્ય અને તેના સ્વરૂપ લક્ષણનો વિસ્તારથી અભ્યાસ કરીશું.

## 1.2 કાવ્યના પ્રકારો

સંસ્કૃત ભાષામાં રચાયેલ કોઈ પણ સાહિત્યપ્રકારને 'કાવ્ય' એવું સામાન્ય નામ આપવામાં આવ્યું છે. માત્ર છંદોબદ્ધ પદ્યરચનાને જ 'કાવ્ય'કહેવાય એવો સંકુચિત ખ્યાલ અહીં જોવા મળતો નથી. અહીં તોપદ્ય-ગદ્ય કે પદ્ય-ગદ્યનું સંમિશ્રણ(ચંપૂ)ને પણ કાવ્ય જ કહેવામાં આવે છે.

સંસ્કૃત સાહિત્યમાં ઈન્દ્રિય-માધ્યમની દ્રષ્ટિએ કાવ્યને મુખ્યત્વે બેભાગમાં વહેંચ્યું છે. જેમ કે 1. દ્રશ્યકાવ્ય અને 2. શ્રાવ્ય-કાવ્ય આમાંથી દ્રશ્યકાવ્ય એટલે સમગ્ર નાટ્યસાહિત્ય. 'દ્રશ્ય' એટલે જોવાલાયક (1) આંગિક(અંગો દ્વારા હાવભાવ પ્રગટ કરવા ) (2) વાચિક (બોલવું) (3) આહાર્ય (રંગસજાવટ) અને વેશભૂષા) અને (4)સાત્વિક (માનસિક ભાવોનું પ્રદર્શન) એવા ચારપ્રકારના અભિનયની મદદથી જે કાવ્યને રંગભૂમિ ઉપર દ્રશ્યક્ષમ જોવાલાયક બનાવાય છે તેને રૂપ કે રૂપક કહેવામાં આવે છે તથા જે કાવ્ય જોવા માટે નથીહોતું, પરંતુ માત્ર સાંભળવા માટે કે વાંચવા માટે હોય છે તેને શ્રાવ્યકાવ્ય કહે છે.

દ્રશ્યકાવ્ય અને શ્રાવ્યકાવ્યના પેટાભેદો આ પ્રમાણે જોવા મળેછે.




શ્રાવ્યકાવ્યમાં મહાકાવ્ય, ખંડકાવ્ય સિવાય પણ મુક્તક વગેરે પ્રકારો પડે છે પરંતુ તે મહાકાવ્ય અને ખંડકાવ્ય અંતર્ગત આવી જાય છે.શ્રાવ્યકાવ્યમાં જે કાવ્ય કેવળ પદ્યમાં-છંદોબદ્ધ રચના રૂપે લખાયું હોય તેને 1. મહાકાવ્ય અને ૨. ખંડકાવ્ય એવા બે ભાગોમાં વહેચવામાં આવે છે. આશ્રાવ્યકાવ્યમાં પદ્ય શ્રાવ્યના બે પેટાપ્રકારોની સાદીસમજ આપવી હોય તો એમ કહી શકાય કે महाकाव्यએટલે કે જે કદમાં મોટું (લાંબુ)હોય છે. (દા.ત રઘુવંશ, કુમારસંભવ વગેરે)અને 'खण्डकाव्य'એટલે કે જે મહાકાવ્યની અપેક્ષાએ ટૂંકું હોય છે તે આ 'खण्डकाव्य'પ્રકારમાં બધા જ પ્રકારનાં નાના ઊર્મિકાવ્યોનોસમાવેશ થઈ જાય છે. (દા.ત. મેઘદૂત, ભામિની-વિલાસ અને અમરુશતક વગેરે)

શ્રાવ્યકાવ્યોમાથી જે ગદ્યમાં રચાયેલી કૃતિઓ હોય છે તેને સમજાવતાં દંડી કહેછે કે 'अपादः पदसंतानों गद्यम् आख्यायिका कथे અર્થાત જે પાદ (ચરણમાં લખાયેલું હોતું નથી' એટલે કે જે છંદોબદ્ધ રચના નથી તેવા પદસમૂહમાં રચાયેલાકાવ્યને 'ગદ્ય' કહે છે. દંડી તેના બે ભાગ બતાવે છે. (1) કથા અને (2) આખ્યાયિકા (દા.ત બાણભટ્ટની કાદંબરી તે કથાકાવ્ય છે અને બાણભટ્ટનું 'હર્ષચરિત'તે આખ્યાયિકા કાવ્ય છે.)

શ્રાવ્યકાવ્યોમાંથી જે કૃતિમાં ગદ્ય અને પદ્યનું સંમિશ્રણ કરવામાં આવ્યું હોય તેને 'ચંપૂ'કાવ્ય કહે છે.'गद्यपद्यमयं काव्यं चम्पूरित्यभिधियते।' સાહિત્યદર્પણ

(દા.ત વિશ્વગુણાદર્શનનું ભારતચંપૂ)આમ ઉપરોક્ત ચર્ચા પરથી આપણને ‘કાવ્ય’ ના પ્રકારો અને પેટાપ્રકારોનો વિસ્તારથી ખ્યાલ આવે છે.

## 1.3 મહાકાવ્યનું સ્વરૂપ અને તેનો વિકાસક્રમ

**મહાકાવ્ય**

નૈસર્ગિકનૈસર્ગિક — અલંકૃત

(Epik of growth) (Epik of art) or Ornate Poetry.

અર્થાત્–આર્ષ મહાકાવ્ય — અર્થાત્પ્રશિષ્ટ મહાકાવ્ય

(વીરચરિત મહાકાવ્ય) — ( વિદગ્ધમહાકાવ્ય)

પ્રચલિત પાંચ મહાકાવ્ય

રામાયણ

મહાભારત

કાલિદાસકૃત - કુમારસંભવમ્

કાલિદાસકૃત - રઘુવંશમ્

ભારવિકૃત - કિરાતાર્જુનીયમ્

માઘકૃત - શિશુપાલવધમ્

શ્રીહર્ષકૃત - નૈષધચરિતમ

રામાયણ-મહાભારતને નૈસર્ગિક (Epic of growth) અને આર્ષ મહાકાવ્ય તથા વીરચરિત મહાકાવ્ય કહે છે સાથે-સાથે તેને ‘વિરાટ’ મહાકાવ્યતથા વીરચરિત મહાકાવ્ય કહે છે સાથે સાથે તને ‘વિરાટ’ મહાકાવ્ય પણ કહે છે અને ત્યારબાદના મહાકાવ્યો ‘લઘુ’ મહાકાવ્યો છે. સાથે-સાથે કલાત્મકમહાકાવ્યો,અલંકૃત મહાકાવ્યો (Epic of art) અને પ્રશિષ્ટ તથા વિંદગ્ધમહાકાવ્યો તરીકે ઓળખાય છે. સાથે-સાથે અનુકૃત મહાકાવ્ય પણ કહેવામાં આવે છે.

આર્ષમહાકાવ્યો (રામાયણ-મહાભારત) ભારતીય પરંપરાએ ઈતિહાસ (જેમાં ઐતિહાસિક ઘટના કહેવાઈ હોય તેવાં કાવ્યો) કહ્યાંછે. વીર યોદ્ધઓ તરીકે રામ-લક્ષ્મણની કેપાંડવોની કક્ષાએ જનસમુદાયમાં જુદાં-જુદાં આખ્યાન રૂપે ક્રમશઃ રચાતી ગઈ. કુશીલવો કે સૂત નામની જાતિના લોકો દ્વારા તે લોકસાહિત્યનું ગાન, અભિનય અને પ્રચાર-પ્રસાર થવા ઉપરાંત, તેમાં પરિવર્તન અને પરિવર્ધન પણ થતું ગયું. આ બંને આર્ષ મહાકાવ્યોમાં અર્થ-કથાનક (કથાવસ્તુનું) પ્રાધાન્ય ઊભું કરવામાંઆવ્યું હતું. આમ તો બંને આર્ષ મહાકાવ્યો Epic of growth-વિકસનશીલ કહેવાય છે, પરંતુ મહાભારતની અપેક્ષાએ રામાયણમાં પ્રક્ષેપોની સંખ્યા ઓછી છે. વળી,તે

*રામાયણ મહાકાવ્યને વાલ્મીકિએ કેવળ અર્થપ્રધાન –ઘટના પ્રધાનનબનાવતાં તેને સહજ અલંકૃત કાવ્ય સ્વરૂપમાં પણ રજૂ કર્યું છે અને પ્રક્ષેપોની સંખ્યા અલ્પ હોવાથી તેના 'કાવ્ય' સ્વરૂપને હાનિ પણ ઓછી પહોંચી છે.*

*આર્ષ મહાકાવ્યોમાં આવતા અધ્યાય સર્ગ,અધ્યાય-સર્ગના નામ, વર્ણનો, વસ્તુનીપસંદગી, છંદ, અલંકાર, શૈલી, પાત્રસૃષ્ટિ, નાયકની પસંદગી, રસવૈવિધ્ય, પ્રધાનરસ વગેરે દ્રષ્ટિએ આ બંને આર્ષ મહાકાવ્યોમાંથી અલંકૃત (પ્રશિષ્ટ)મહાકાવ્યોએ પ્રેરણા પ્રાપ્ત કરી છે.*

*મહાકાવ્યોપોતપોતાના યુગની રૂઢીગતપરંપરાઓ, રચના, પ્રક્રિયા અને સ્વરૂપની દ્રષ્ટિએ બન્યા હોય છે, સમયાંતરેતેના પછીની પેઢીઓના મહાકવિઓ પોતાની પ્રતિભાથી તેમાં ફેરફાર કરીને નવા મહાકાવ્યો રચે છે.*

*આમ, આખી પ્રક્રિયા પરિવર્તનશીલ છે. માટે જ મહાકાવ્યોનાકોઈ સુનિશ્ચિત,સર્વકાલીન, માન્ય એવાં લક્ષણો ચોક્કસ પણે નિર્ધારિતકહી શકાતાં નથી. આ જ કારણે ભામહ જેવા આલંકારિકોથી પ્રારંભીને રુદ્રટ જેવાઆલંકારિકો સુધી મહાકાવ્ય લક્ષણોમાં વિવિધતા અને પરિવર્તન જોવા મળે છે.*

## 1.4 મહાકાવ્યનું સ્વરૂપ નિશ્ચિત કરનારા આચાર્યો અને ગ્રંથો તથા તેમને આપેલા મહાકાવ્યના લક્ષણો

*સંસ્કૃત મહાકાવ્યનું સ્વરૂપ (વ્યાખ્યા) વર્ણવતાં લક્ષણો અનેક ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. ભરત મુનીએનાટ્યશાસ્ત્રમાં, વિષ્ણુધર્મોત્તર, પુરાણમાંભામહે-કાવ્યાલંકારમાં, દંડીએ કાવ્યાદર્શમાં ભોજેસરસ્વતી-કાંઠાભરણમાં, અગ્નિપુરાણમાં, ઈશાનસંહિતામાં, રુદ્રટે-કાવ્યાલંકારમાં હેમચંદ્રાચાર્ય કાવ્યાનુશાસનમાં વાગ્ભટ્ટે-વાગભટ્ટલંકારમાં, વિદ્યાનાથે-પ્રતાપરુદ્રયશોભૂષણમાં અને વિશ્વનાથે -સાહિત્યદર્પણમાં મહાકાવ્યનું સ્વરૂપવર્ણવ્યુ છે.*

*ઉપયુક્ત આચાર્યો અને તેમના ગ્રંથોમાંથી મહાકાવ્યની ચોક્કસ પ્રચલિત વ્યાખ્યા આપનાર તરીકે પાંચમી સદીના ભામહનું નામ તથા છઠ્ઠીસદીના દંડીનું નામ નોંધપાત્ર છે. ત્યારબાદ ચૌદમી સદીનાંવિશ્વનાથનું નામ મોખરે છે. આ ત્રણેય ગ્રંથોમાં પ્રયોજેલ મહાકાવ્યનાં લક્ષણો ક્રમાનુંસારજોઈશું.*

### 1.4.1 આચાર્ય ભામહે પ્રયોજેલ મહાકાવ્યનાં લક્ષણો

**सर्गबन्धोमहाकाव्यंमहताचमहच्चयत् ।**

**अग्राम्यशब्दमर्थाञ्च सालङ्कारंसदाश्रयम्॥ १ ॥**

*મહાકાવ્યસર્ગબદ્ધ, મહાન ચરિત્રોથી યુક્ત, આકારમાં મોટું, ગામ્ય શબ્દો (પ્રાદેશિક શબ્દો)થી રહિત, અર્થ સૌષ્ઠવથી યુક્ત, અલંકારોથી યુક્ત, સદાશ્રિત હોવું જોઈએ.*

**मन्त्रदूतप्रयाण जिनायकाभ्युदयैश्च यत् ।**
**पंञ्चभिः सन्धिभिर्युक्तंनाति व्याख्येयमृदिधमत् ॥२ ॥**

*મંત્રણા દૂતપ્રેષણ, અભિયાન, યુદ્ધ, નાયકનો અભ્યુદય તથા પાંચ સંધિઓ યુક્ત અને કોઈ ઉલ્લંઘનના અભાવ યુક્ત, સમૃદ્ધ હોવું જોઈએ.*

**चतुर्वर्गोभिधानेडपि भूयसार्थोपदेशकृत ।**

**युक्तंलोकस्वभावेन रसैश्च सकलै पृथक् ॥३॥**

*ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચાર પુરુષાર્થોનું નિરૂપણ હોય, પરંતુ અર્થની પ્રધાનતા હોવી જોઈએ. લૌકિક વ્યવહાર (સ્વભાવ) નું અતિક્રમણ ન હોય તથા બધારસોનો અલગ-અલગ પ્રયોગ મહાકાવ્યમાં થયેલો હોવો જોઈએ.*

**नायकं प्रागुपन्यस्य वंशत्रीर्यश्रुतादिभिः ।**

**न तस्यैव वधं बूयादन्योत्कर्षाभधितस्या ॥४॥**

*મહાકાવ્યમાં નાયકના કુળ, બળ, શાસ્ત્ર-જ્ઞાન વગેરેનો ઉત્કર્ષ બતાવીને તથા કોઈક અન્યના ઉત્કર્ષ માટે નાયકનો વધ વર્ણવવો જોઈએ નહી.*

**यदि काव्यशरीरस्य न स व्यापतियेष्यते ।**

**न चाभ्युदयभाक्तस्य मुधदौ ग्रहणस्तवो ॥५॥**(*કાવ્યાલંકાર* 1/19*થી* 23)

*કાવ્ય શરીરમાં(મહાકાવ્ય)માં નાયકની વ્યાપકતા (મહાકાવ્યના આરંભથી અંત સુધી તેની ઉપસ્થિત તથા ગુણોનું વર્ણન) અને નાયકનો અભ્યુદય (મહાકાવ્ય) માં ન બતાવ્યો હોય મહાકાવ્યના પ્રારંભમાં તેની પ્રશંસા અને વર્ણન (ગ્રહણ) વ્યર્થ છે.*

*આમ આચાર્ય ભામહેપોતાના ગ્રંથ કાવ્યાલંકારમાં અધ્યાય-*1*ના શ્લોક નંબર* 19 *થી* 23*માં મહાકાવ્યના લક્ષણો આપ્યા છે.*

*આચાર્ય દંડી છઠ્ઠી સદીમાં થઈ ગયા મનાય છે તેમને પૂર્વના ગ્રંથો અને આચાર્યોને ધ્યાનમાં રાખીને મહાકાવ્યનાસમન્વયકારી લક્ષણો આપ્યાં છે. આમ દંડીએ પોતાની વિશેષ પ્રતિભાથી મહાકાવ્યની રચના સંદર્ભે નૂતન પથ બતાવ્યો છે. જેમ કે-*

### 1.4.2 આચાર્ય દાંડીએ પ્રયોજેલ મહાકાવ્યનાં લક્ષણો

**सर्गबन्धो महाकाव्यमुच्यते तस्य लक्षणम् ।**

**आशीर्नमस्क्रिया वस्तु निर्देशो वापितन्मुखम् ॥ १ ॥**

*હવે,સર્ગબધ્ધવાળા 'મહાકાવ્ય' લક્ષણ કહેવામાં આવે છે. મહાકાવ્યના આરંભે આશીર્વાદ, નમસ્કાર કે કાવ્યના વર્ણ્ય વિષયવસ્તુનો નિર્દેશ કરવામાં આવ્યો હોય છે.*

**इतिहासकथोद्भूतमितरद्वा सदाश्रयम् ।**

**चतुर्वर्गफलोपेतं चतुरोदात्तनायकम् ॥ २ ॥**

*આ મહાકાવ્યનું વસ્તુ ઈતિહાસ પ્રસિદ્ધ કથામાંથી લેવામાં આવ્યું હોવું જોઈએ. અથવા તેનું કથાવસ્તુ, સજ્જન વ્યક્તિના જીવણચરિત્રને આશ્રય રહેલું હોવું જોઈએ.તે મહાકાવ્યનું પઠન (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) ચાર પુરુષાર્થ રૂપી ફળની પ્રાપ્તિ કરાવી આપનારું હોવું જોઈએ. તેમાં ચતુર અને ઉદાત્તનાયકનું આલેખન થયેલું હોવું જોઈએ.*

**नगशर्णवशैलर्तुचन्द्रकोदयवर्णनैः ।**
**उद्यानसलिलक्रीडामधुपानश्तोत्सवैः ॥ ३ ॥**

*તે મહાકાવ્યમાં નગર, સમુદ્ર,પર્વત, ઋતુઓ, ચન્દ્ર અને સૂર્યના ઉદયનું વર્ણન કરવામાં આવ્યું હોય છે. ઉદ્યાન, જલક્રીડા, મધુપાન અને રતિક્રીડાદિ ઉત્સવોનું પણ વર્ણન છે.*

**विप्रलम्भौर्विवाहैश्च कुमाशेदयवर्णनैः ।**
**मन्त्रदूतप्रयाणाजिनायकाभ्युदयैश्पि ॥ ४ ॥**

*તે વિપ્રલંભ શૃંગાર, વિવાહ પ્રસંગ, કુમારનો જન્મ, મંત્રણા, દૂતપ્રેષણ અનેનાયકનો અભ્યુદય વગેરેનાં વર્ણનોથી પણ યુક્ત હોય છે.*

**अलङ्कृतमसङ्क्षिप्तं श्सभावनिश्न्तश्म् ।**
**सर्गैश्नतिविस्तीर्णैः श्रव्यवृत्तैः सुसन्धिभिः ॥ ५ ॥**

*તે (મહાકાવ્ય) વિવિધ ઉપમા વગેરે અલંકારોથી અલંકૃત હોય છે, નાનું નથી હોતું, તથા રસભાવથીભરેલું હોય છે. બહુ મોટા નહીં તેવા સર્ગોથી યુક્ત, કર્ણપ્રિય મધુર છંદોમાં લખાયેલ અને સંધિઓથી યુક્ત હોય છે.*

**सर्वत्र भिन्नवृत्तान्तैरुपेतं लोकश्ञ्जकम् ।**
**काव्यं कल्पान्तश्स्थायि जायते सदलङ्कृति ॥ ६ ॥**

*તેમાં સર્વત્ર જુદા-જુદા પ્રસંગોઆલેખાયા હોય છે; તે લોકોને આનંદ આપનારું હોય છે. સુંદર અલંકારોથી સુશોભિત મહાકાવ્ય કલ્પાન્તરમાં પણ ચિરસ્થાયી બની રહે છે.*

**न्यूनमप्यत्र यैः कैश्चिदङ्गैः काव्यं न दुष्यति ।**
**यद्युपात्तेषु सम्पत्तिशशधयति तद्विदः ॥ ७ ॥**

*મહાકાવ્યના ઉપરવર્ણિત વિષયોમાંથી કોઈએકની ન્યૂનતા હોવાથી પણજો તેમાં વર્ણિત વિષયવસ્તુ, રુપ, સમ્પત્તિનું ગુણ-સૌન્દર્ય સહૃદય કાવ્ય રસિકના ચિત્તને આકૃષ્ટ કરી લેછે તો તે કાવ્ય દૂષિત થતું નથી.*

**गुणतः प्रागुपन्यस्य नायकं तेन विद्विषाम् ।**
**निशकश्णमित्येष मार्गः प्रकृतिसुन्दशः ॥ ८ ॥**

*પહેલાં નાયકના ગુણોનું વર્ણન કરીને પછી શત્રુઓના પરાજયનું વર્ણન કરવું જોઈએ. આ પ્રકારની વર્ણન રીતિસ્વાભાવિકમનોહર શૈલી છે.*

**वंशवीर्यश्रुतादीनि वर्णयित्वा श्पिोश्पि ।**
**तज्जयान्नायकोत्कर्षकथनं च घिनोति नः ॥ ९ ॥**(કાવ્યાદર્શ, 1/14-22)
*શત્રુઓના પણ વંશ, પરાક્રમ તથા પાંડિત્ય વગેરેનું વર્ણન કરીને પછી નાયક દ્વારા તેના ઉપર વિજય પ્રાપ્તિના માધ્યમથી નાયકનાઉત્કર્ષનું વર્ણન કરવું સંતોષપદ છે.*

*જે વિષયનો ભામહેમાત્ર સંકેત કર્યો છે તેનો દંડીએ 'મહાકાવ્યો' ના લક્ષણોમાં તે વિષયનો દંડીએ વિસ્તારથી વાત કરી છે. આચાર્ય દંડીની મુખ્ય શરત એ છે કે તેમાં કંઈક અંશે ઓછુ-વતું ચાલે.*

*આચાર્ય દંડીએ આપેલા  મહાકાવ્યના લક્ષણોમાં થોડો-ઘણો ફેરફાર કરીને એમનાં પછી અગ્નિપુરાણ, હેમચંદ્રાચાર્ય, વિશ્વનાથ દ્વારા મહાકાવ્યના લક્ષણો આપ્યા છે.*

*વિશ્વનાથદ્વારા આપેલ મહાકાવ્યનાં લક્ષણો સર્વસ્વીકૃત બન્યાં છે અને તેમના પરવર્તી આલંકારિકાએ ધ્યાનમાં રાખેલ છે.*

**આચાર્ય વિશ્વનાથે 'સાહિત્યદર્પણ' માં પ્રયોજેલ મહાકાવ્યનાં લક્ષણો.**

**सर्गबन्धो महाकाव्यं तत्रैको नायकः सुर ।**

**सद्वंशः क्षत्रियोवाऽपि धीशेदात्तगुणान्वितः ll १ ll**

*મહાકાવ્ય સર્ગબદ્ધ હોય છે. તેમાં કોઈ એક દેવ કે સદ્દવંશમાં જન્મેલો ક્ષત્રિય નાયક હોય છે. આ નાયકમાં ધીરોદાત્ત ગુણોથી યુક્ત હોવો જોઈએ.*

**सर्गबन्धो महाकाव्यं तत्रैको नायकः सुर ।**

**सद्वंशः क्षत्रियोवाऽपि धीशेदात्तगुणान्वितः  ll २ ll**

*એક જ વંશમાં જન્મેલા ઘણા રાજાઓ કે ઘણા બધા કુલીનો પણ તેમાં નાયકો હોઈ શકે; વળી, શૃંગાર વીર કે શાંત એત્રણમાંથી કોઈ એક અંગી (મુખ્ય) રસ હોવો જરૂરી છે.*

**अङ्गानि सर्वेडपि रसाः सर्वे नाटकसन्धयः ।**

**इतिहासोद्भवं वृत्तमन्यद् वा सज्जनाश्रयम्  ll ३ll**

*બીજા બધા રસો અંગ (ગૌણ) રૂપે આવેલા હોવા જોઈએ. અને નાટકની બધી જ સંધિઓ અહીં હોવી જોઈએ. ઈતિહાસમાંથી પ્રાપ્તથતી કક્ષા કે બીજા કોઈ સજ્જને આશ્રિત એવી વસ્તુ હોવી જોઈએ.*

**चत्वारस्तस्य वर्गाः स्युस्तेष्वकं च फलं भवेत् ।**

**आदौ नमस्क्रियाशीर्वा वस्तुनिर्देशो एव वा ll ४ ll**

*ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચાર વર્ગ (પુરુષાર્થ) નું વર્ણન હોય તથા તેમાંથી કોઈએક ફળ રૂપે (નાયકને પ્રાપ્ત થતો) હોય. કાવ્યના આરંભે, નમસ્કાર, આશીર્વાદ કે કથાવસ્તુનો નિર્દેશ કરવામાં આવે છે.*

**क्वचिन्निन्दा खलादीनां सतां च गुणकीर्तनम् ।**

**एकवृत्तमयैः पद्यैरवसानेडन्यवृत्तकैः ll ५ ll**

*ક્યાંક દુષ્ટોની નિંદા અનેસજ્જનોના ગુણની પ્રશંસા હોવી જોઈએ. એક આખો સર્ગ કોઈ એક જ છંદમાં લખાયેલો અને સર્ગના અંતે છંદ પરિવર્તન કરેલું હોવું જોઈએ.*

**नातिस्वल्पा नातिदीर्घाः सर्गा अष्टाधिका इह ।**
**नानावृत्तमयः क्वापि सर्गः कश्चन दृश्यते ॥ ६ ॥**

*બહુ ટૂંકા નહી; બહુ લાંબા નહી તેવા આઠથી વધારે સર્ગો અહીં જોવા મળે છે. કોઈ એકાદ સર્ગ જુદા-જુદા છંદમાં લખાયેલા શ્લોકથી બનેલો હોવો જોઈએ.*

**सर्गान्ते भाविसर्गस्य कथायाः सूचनं भवेत् ।**
**सन्ध्यासूर्येन्दुरजनीप्रदोषध्यान्तवासराः ॥ ७ ॥**

*સર્ગના અંતે ભાવિ સર્ગનીકથાનું સૂચન હોવું જોઈએ. મહાકાવ્યમાં સંધ્યા, સૂર્ય, ચન્દ્ર, રાત્રિ, પ્રદોષ, અંધકાર અને દિવસનું વર્ણન હોવું જોઈએ.*

**प्रातर्मध्याह्नमृगयाशैलर्तुवनसागराः ।**
**सम्भोगविप्रलम्भौ च मुनिस्वर्गसुराध्वराः ॥ ८ ॥**

*વળી, સવાર, બપોર, શિકાર,પર્વત, ઋતુ, વન, સમુદ્રો, સંયોગશૃંગાર અને વિપ્રલંભશૃંગાર, મુનિ, સ્વર્ગ,નગર અને યજ્ઞોનું વર્ણન હોવું જોઈએ.*

**रणप्रयाणोपममन्त्रपुत्रोदयादयाः ।**
**वर्णनीया यथायोग्यं साङ्गोपाङ्गे अमी इह ॥ ९ ॥**

*રણમેદાન, ચઢાઈ, ઘેરાવો, મંત્રણા,પુત્રજન્માદિનું યથાયોગ્ય સાગોપાંગ વર્ણન કરવું જોઈએ.*

**कवेर्वृत्तस्य वा नाम्ना नायकस्येतरस्य वा ।**
**नांमास्य सर्गोपादेयकथया सर्गनाम तु ॥ १० ॥**

*કવિતા નામ ઉપરથી, કથાવસ્તુને આધારે, નાયકના કે બીજા કોઈના નામ ઉપરથી સમગ્ર મહાકાવ્યનુંનામ (શીર્ષક) આપવું જોઈએ. એ જ પ્રમાણે જે તે સર્ગમાં આવતી ક્થાં ઉપરથી પ્રત્યેક સર્ગનું નામ પણ આપવું જોઈએ.*

*સર્ગોની સંખ્યા બાબતે 'ઈશાનસંહિતા'સ્પષ્ટ જણાવતા કહે છે કે* '**अष्टसर्गातन न्यूनं त्रिंशत्सर्गाच्च नाधिकम् ।** *અર્થાત્ મહાકાવ્યમાં સર્ગો આઠથી ઓછા નહીં અને ત્રીસથી વધારે હોવાજોઈએ નહીં . તદુપરાંત સર્ગોની શ્લોકસંખ્યા બાબતે પણ ઈશાન સંહિતા'સ્પષ્ટતા સૂચવે છે.*'**द्विशत्या नाधिकं कार्यमेतत् पद्यस्य लक्षणम्।**' *અર્થાત્ મહાકાવ્યમાં દરેક સર્ગમાં ત્રીસથી ઓછા નહીં અનેબસોથી વધારે શ્લોકો હોવા જોઈએ નહીં.*

## 1.5 મહાકાવ્યનાં લક્ષણોનું તારણ

*હવે આપણે આચાર્ય ભામહ, દંડી અને વિશ્વનાથે આપેલાં મહાકાવ્યનાં લક્ષણો તથાઅન્ય કાવ્યશાસ્ત્રીય ગ્રંથોમાં આપેલ લક્ષણોને ધ્યાનમાં રાખીને મહાકાવ્યમાં કયા-કયા તત્વો હોવા જોઈએતથા તેનું આંતરિક અને બાહ્ય માળખું કેવું હોવુંજોઈએ તે અંગેની વિચારના કહીશું.*

**1. સર્ગ :** *'મહાકાવ્ય' શબ્દને સાર્થક કરે તેવું આ કાવ્ય બૃહદ હોવું જોઈએ તેથી તેમાં ઓછામાં ઓછા આઠ સર્ગો તથાત્રીસથી વધારે સર્ગો હોવા જોઈએ નહી. તે સર્ગો બહુ લાંબા કે બહુ ટૂંકા ના હોવા જોઈએ. દરેક સર્ગમાં ત્રીસથી ઓછા નહી અને બસોથી વધારે શ્લોકો હોવા જોઈએનહી.*

**2. આરંભ :** *મહાકાવ્યનો પ્રારંભ આશીર્વાદ, નમસ્કાર કે કથાવસ્તુના નિર્દેશ કરતાં શ્લોકથી થવો જોઈએ.*

**3. શીર્ષક :***મહાકાવ્યનું શીર્ષક કવિ કે નાયક અથવા મુખ્ય ઘટનાના આધારે આપવું જોઈએ.*

**4. કથાવસ્તુ:** *મહાકાવ્યનું કથાવસ્તુ મોટે ભાગે રામાયણ અને મહાભારત જેવા 'ઈતિહાસ' ગ્રંથોમાંથી લેવાયેલું હોવું જોઈએ. ક્યારેક સમાજના કે પુરાણાદિમાં પ્રસિદ્ધ સજ્જન પુરુષના જીવનચરિત્રને આશ્રયે રહેલી કથા પણ હોઈ શકે. ક્યારેક એકજ વંશમાં જન્મેલા અનેક પરાક્રમી તથા સજ્જન પુરુષોનું જીવનચરિત્ર પણ હોવું જોઈએ.*

**5. નાયક :** *મહાકાવ્યનો નાયક એક દેવ નાયક હોઈ શકે, અથવા સદ્વંશમાં જન્મેલો ધીરોદાત્ત ક્ષત્રિય પુરુષ નાયક હોઈ શકે. જો એકથી વધારે નાયકો હોય તો એક જ વંશમાં જન્મેલા રાજાઓ કે ઘણા બધા કુલીન મહાપુરુષો નાયકો હોઈ શકે. નાયકનો વધ બતાવવો જોઈએ નહીં. નાયકના અભ્યુદયનું વર્ણન હોવું જોઈએ. તે વંશ,વીર્ય આદિથી બળવાન શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરતો હોવો જોઈએ.*

**6. વર્ણનો:***મહાકાવ્યમાં વર્ણનવૈવિધ્ય અત્યંત આવશ્યક છે., તેમાં સૂર્યોદય, ચંદ્રોદય, સમુદ્ર, ઋતુ, પ્રાતઃકાળ, મધ્યાહન, સંધ્યા, રાત્રિ, પ્રદોષ, અંધકાર,વન,પર્વત, નદી, આદિ નૈસર્ગિક તત્વો તથા નગર, ઉદ્યાન, સલિલક્રીડા, મધુપાન, રતિક્રીડા, વિરહ, વિવાહ, પુત્રજન્મ,મંત્ર,દૂત, સૈન્ય,યુદ્ધ,યજ્ઞ, સજ્જનપ્રશંસા, દુર્જનનિંદા, આશ્રમ, તપસ્વી, વર્ણનવગેરે વર્ણનો હોવા જોઈએ.*

**7. રસ :** *વિશ્વનાથ કહે છે કે મહાકાવ્યમાં શૃંગાર, વીર કે શાંત આ ત્રણ રસ અંગી(પ્રધાન) હોવો જોઈએ અને બાકી અન્ય રસો હાસ્ય, કરુણ, બીભત્સ, ભયાનક, અદ્ભુત અને રૌદ્ર અંગ (ગૌણ) સ્વરૂપેપ્રયોજવા જોઈએ.*

**8. અલંકાર :** *આચાર્ય દંડી અનેભામહ મુજબ અનુપ્રાસ ઉપમાદિ અલંકારોનો મહાકાવ્યમાંયથોચિત્ પ્રયોગ થવો જોઈએ.*

**9. છંદ(વૃત્ત) :** *સર્ગબદ્ધ મહાકાવ્ય કર્ણપ્રિય મધુર છંદોમાં રચાયેલાશ્લોકોવાળું હોવું જોઈએ. એક આખો સર્ગ કોઈ એક જ છંદમાં લખાયેલ હોવો જોઈએ. સર્ગના અંતે*

*છેલ્લો અથવા છેલ્લા બે-ત્રણ શ્લોકોમાં છંદ પરીવર્તન કરેલુંહોવું જોઈએ. ક્યારેક કોઈ એકાદ સર્ગ જુદા-જુદા છંદમાં લખાયેલ પણ જોવા મળે છે.*

**10. સંધિ :** *લગભગ દરેક આલંકારિઓ એવું માને છે કે મહાકાવ્યમાં મુખ,પ્રતિમુખ, ગર્ભ વિમર્શ અને નિર્વહણ નામની પાંચ સંધિઓ હોવી જોઈએ.*

**11. ચતુવર્ગફલપ્રાપ્તિ :** *ચતુવર્ગ ફલપ્રાપ્તિ એટલે ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ,કામ અને મોક્ષ આ ચાર પુરુષોમાંથી એકને મહાકાવ્યમાં પ્રધાનરૂપે દર્શાવિવોજોઈએ. કારણ કે ચાર પુરુષાર્થમાંથી એક મુખ્ય હોવો જોઈએ. એ દરેક આલંકારિકોઓને એ સ્વીકાર્ય છે. ભારતીય દર્શનનું સીધું પુરુષાર્થ રૂપી ફળ મહાકાવ્યના લક્ષણમાં સીધું ઉતરી આવેલું જોવા મળે છે.*

*આમ ઉપરોક્ત લક્ષણો મહાકાવ્યમાં ઓછા-વધારે પ્રમાણમાં હોવા જોઈએ. તેનાથી કાવ્યકલ્પાન્તર સ્થાયિ અને ચિરંજીવી બને છે. અને નવી પેઢી માટે પથપ્રદર્શનરૂપ બની રહે છે.*

## 1.6 ઉપસંહાર

*આમ ઉપરોક્ત ચર્ચા પરથી આપણને જાણવા મળે છે કે સંસ્કૃત સાહિત્યમાં મહાન આલંકારિકોએ મહાકાવ્યની શુદ્ધિ કાવ્યતત્વને આવરી લેનાર તમામ વિષયોનીઝીણવટના પૂર્વક આવરી લીધેલ છેતેનાથી આપણને પ્રાચીન ભારતીય સંસ્કૃત સાહિત્યની પ્રાચીનતા અને મહાનતાના દર્શન થાય છે.*

**તમારી પ્રગતિ ચકાસો**

1. *સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્ય'ના વિવિધ પ્રકારો વિશે ચર્ચા કરો.*

2. *મહાકાવ્યનું સ્વરૂપ અને તેના વિકાસક્રમની રૂપરેખા વર્ણવો.*

3. *મહાકાવ્યના લક્ષણો વર્ણવો.*

**બહુવૈકલ્પિક પ્રશ્નો**

1.*સંસ્કૃત સાહિત્યના મુખ્યત્વે કેટલા પ્રકારો છે?*

(A) 2 (B) 4 (C) 5 (D) 6

2. *રામાયણ, મહાભારત કયા પ્રકારના મહાકાવ્યો કહેવાય છે?*

(A) *અલંકૃત* (B) *લઘુ* (C) *આર્ષ* (D) *વિદગ્ધ*

3. *મહાકાવ્ય 'કાવ્ય'ના કયા પ્રકારમાં તરીકે આવે છે?*

(A) *ગદ્ય* (B) *પદ્ય* (C) *મિશ્ર* (D) *નાટક*

4.*ભારવીના મહાકાવ્યનું નામ જણાવો ?*

(A) *રઘુવંશમ્* (B) *કુમારસંભવમ્*(C) *શિશુપાલવધમ્* (D) *કિરતાર્જુનીયમ્*

5 *આચાર્ય ભામહના આલંકારિક ગ્રંથનું નામ જણાવો?*

(A) *કાવ્યપ્રકાશ* (B) *કાવ્યદર્શ* (C) *કાવ્યાલંકાર* (D) *નાટ્યશાસ્ત્ર*

6. *આચાર્ય વિશ્વનાથ આલંકારિક ગ્રંથનું નામ જણાવો??*

(A) *સાહિત્યદર્પણ* (B) *નાટ્યશાસ્ત્ર* (C) *કાવ્યદર્શ* (D) *કાવ્યપ્રકાશ*

7. *મહાકાવ્યમાં ઓછામાં ઓછા અને વધારેમાં વધારે કેટલા સર્ગ હોવા જોઈએ ?*

(A) 8-10 (B) 7-20 (C) 10-20 (D) 5-10

8. *કુલ કેટલી સંધિઓ છે?*

(A) 3 (B) 5 (C) 6 (D) 7

9. *ચતુવર્ગફળ પ્રાપ્તિ એટલે શું ?*

(A) *ચાર ધર્મોની પ્રાપ્તિ* (B) *ચાર ધર્મોની પ્રાપ્તિ*

(C) *ચાર આશ્રમોની પ્રાપ્તિ* (D)*ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ*

10. *મહાકાવ્ય કેવું સ્થાયી થનારું હોવું જોઈએ ?*

(A) *અલ્પાન્તર* (B) *કલ્પાન્તર* (C) *સ્વલ્પાન્તર* (D) *લઘુકાલાન્તર*

11. *મહાકાવ્યમાં દરેક સર્ગમાં ઓછામાં ઓછા અને વધારેમાં વધારે કેટલા શ્લોકો હોવા જોઈએ ?*

(A) 20-100 (B) 20-200 (C) 30-200 (D) 30-300

---

**લેખક : ડૉ. વિનોદ માજીરાણા, આસીસટન્ટ પ્રોફેસર,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

---

# એકમ : 2: આદિ મહાકાવ્યો

## રૂપરેખા


**2.0** ઉદ્દેશ

**2.1** પ્રસ્તાવના

**2.2** રામાયણ અને મહાભારતની સંજ્ઞાઓ

**2.3** મહર્ષિ વાલ્મીકિનું જીવન અને સમય

**2.4** રામાયણ ઉદ્દભવ અને વિકાસ

**2.5** રામાયણનો પરિચય

**2.6** રામાયણ પરંપરા

**2.7** રામાયણ પરવર્તી ગ્રંથો માટે પ્રેરણાસ્ત્રોત

**2.8** રામાયણની સમીક્ષિત આવૃત્તિ

**2.9** મહર્ષિ વેદ વ્યાસનું જીવન અને સમય

**2.10** મહાભારતના ત્રણ સંસ્કરણો

**2.11** મહાભારત પરવર્તી ગ્રંથો માટે પ્રેરણાસ્ત્રોત


## 2.0 ઉદ્દેશ

- *આદિ કાવ્યો રામાયણ અને મહાભારત) માં તેમના માટે વપરાયેલ સંજ્ઞાઓ વિદ્યાર્થીઓ જાણી શકે.*
- *આદિકવિ વાલ્મીકિ અને વ્યાસજીના જીવન તથા સમય વિશે વિદ્યાર્થીઓ જાણકારી મેળવી શકે.*
- *રામાયણના ઉદ્દભવ અને વિકાસની સાથે સાથે મહાભારતના ત્રણ સંસ્કરણો ઉદ્દભવ વિકાસથી વિદ્યાર્થીઓ પરિચિત થાય.*
- *ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ બે આદિ મહાકાવ્યોનો પરિચય કેળવશે.*
- *આદિ મહાકાવ્યોને અત્યાર સુધીના કવિઓ ઉપર કેવો પ્રભાવ પાડ્યો છે અને પરવર્તી ગ્રંથો માટે કઈ રીતે પ્રેરણાસ્ત્રોત સાબિત થાય છે તે વિદ્યાર્થીઓ જાણી શકશે.*

## 2.1 પ્રસ્તાવના

*ભારતીય સનાતન સંસ્કૃતિના આધાર સ્વરૂપ બે આર્ય (આદિ) મહાકાવ્યો રામાયણ અને મહાભારતનો અભ્યાસ કરવાનો છે. આમાં વૈદિક સંસ્કૃત સાહિત્ય પછી તરત જ લૌકિક સંસ્કૃત સાહિત્ય આવે છે તેમાં પ્રથમ રામાયણ છે તેથી તેને આદિકાવ્ય કહે છે તેના રચયિતા વાલ્મીકિ આદિ કવિ તરીકે ઓળખાય છે. ત્યાર બાદ મહાભારત આવે છે જે વિશ્વનો ગુરૂત્તમ ગ્રંથ છે. આ બંને ગ્રંથોનો જાણ્યા પછી આપણે ધન્યતા, મહાનતા અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. દીર્ઘકાળ સુધી ભારતીય સભ્યતા સંસ્કૃતિ ઉપર પોતાની અનુપમ છાપ ઊભી કરી છે અને હજુએ પથપ્રદર્શક બની રહેલ છે.*

## 2.2 રામાયણ અને મહાભારતની સંજ્ઞાઓ

*રામાયણ અને મહાભારતને નૈસર્ગિક* (Natural) *મહાકાવ્ય, આર્ષ*(Archaic) *મહાકાવ્ય, વિકસનશીલ મહાકાવ્ય* (Epic of groutho growth growing) *વીરચરિત મહાકાવ્ય, ઐતિહાસિક* (Epic) *મહાકાવ્ય વિરાટ મહાકાવ્યો પણ કહે છે હવે આપણે દરેક શબ્દોને સમજીશું.*

### નૈસર્ગિક (Natural) મહાકાવ્ય

*રામાયણ અને મહાભારત નૈસર્ગિક મહાકાવ્ય એટલા માટે કેહવાય છે કે તેમાં પૂર્વમાં જે રામ-રાવણ આદિની તથા કૌરવો-પાંડવોની જે સત્ય ઘટનાઓ ઘટી તેનું આબેહૂબ વર્ણન છે.*

### આર્ષ (Archaic) મહાકાવ્ય

*આર્ષ એટલે દૃષ્ટા ઋષિ દ્વારા નિર્મિત દ્રષ્ટા ઋષિ તેને કહે છે કે જેઓ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની ઘટનાઓને પોતાની દિવ્ય દૃષ્ટિ (પ્રતિભા) દ્વારા જોઈ શકતા હોય. રામાયણ-ઋષિ વાલ્મીકિ દ્વારા નિર્મિત છે તેથી મહાભારત ઋષિ વેદ-વ્યાસ દ્વારા નિર્મિત છે તેથી આ બંને આર્ષ મહાકાવ્યો પણ કહેવાય છે. આચાર્ય વિશ્વનાથે સાહિત્યદર્પણમાં આ બંને મહાકાવ્યોને આર્ષ મહાકાવ્યો કહ્યાં છે.*

### વિકસનશીલ મહાકાય (Epic of growth growing)

*આધુનિક અધ્યેતાઓએ રામાયણ અને મહાભારતને વિકસનશીલ મહાકાવ્યો માને છે કારણ કે વિકસનશીલનો આશય એ છે કે તે મહાકાવ્યનું કલેવર (વિષય વસ્તુ) લાંબો સમય વાચિક પરંપરામાં પ્રચલિત રહેવાના કારણે વધ્યું હોય.*

*આ બંને મહાકાવ્યો કેટલીયે શતાબ્દીઓ સુધી સૂત્રો, કુશીલવો, કથાકારો, મૌખિક વાચકોના દ્વારા માનવસમૂહને આગળ ને આગળ સંભળાવવામાં આવ્યું હોય છે. એ પણ સંભવ છે કે લોકપ્રિય પ્રસંગો અને આખ્યાનો તેમાં જોડી દીધાં હોય.*

**વીરચરિત મહાકાવ્ય :**

*રામાયણમાં રામ, લક્ષ્મણ, હનુમાન વગેરે વીરપુરુષોનું ચરિત્ર ચિત્રણ કર્યું છે. જ્યારે મહાભારતમાં ભીમ, અર્જુન વગેરે વીર પુરુષોનું ચરિત્ર ચિત્રણ છે તેથી તેને વીરચરિત મહાકાવ્ય પણ કહે છે.*

**ઐતિહાસિક (Epic) મહાકાવ્ય :**

*ઐતિહાસિક મહાકાવ્ય એટલે કે ભૂતકાળમાં બનેલી ઘટનાઓનું વર્ણન જે ગ્રંથોમાં કરવામાં આવ્યું હોય તેને ઐતિહાસિક ગ્રંથ કહેવાય છે. ભારતીય પરંપરામાં રામાયણ અને મહાભારત બંનેના ઐતિહાસિક ગ્રંથ કહે છે. મહાભારતમાં પણ અનેક જગ્યાએ ઉલ્લેખ છે, જેમ કે-* इतिहासेत्तमादस्माज्जायन्ते कविबुद्धय: । इदं कविवरै: सर्वेशख्यानमुपजीव्यते ॥ *અર્થાત્ આ (મહાભારત) એક એવો ઐતિહાસિક ગ્રંથ છે તેમાંથી કવિઓ પ્રેરણા લેશે. આ બંને ગ્રંથો ભારતીય પરંપરા, સભ્યતા, સંસ્કૃતિના પ્રાચીન ઐતિહાસિક દસ્તાવેજ છે. કવિ રાજશેખરે પોતાના કાવ્યમીમાંશા' ગ્રંથમાં ઈતિહાસના બે પ્રકારો બતાવ્યા છે.* (1)*પરિક્રિયા કે જેમાં એક જ નાયક હોય, રાજશેખર પરિક્રિયાનું ઉદાહરણ રામાયણ આપે છે.* (2)*પુરાકલ્પ કે જેમાં અનેક નાયકો હોય રાજશેખર પુરાકલ્પનું ઉદાહરણ મહાભારત આપે છે.* 'Epic'*નો સર્વ સામાન્ય અર્થ થાય છે ઈતિહાસ આલેખતું મહાકાવ્ય.*

**વિરાટ મહાકાવ્ય :**

*વિરાટ એટલે તેના નામ પ્રમાણે મોટું મહાકાવ્ય હોય છે. રામાયણમાં ચોવીસ હજાર શ્લોકો છે, તેથી તે મોટું મહાકાવ્ય જ ગણાય છે. જ્યારે મહાભારત તો એક લાખ શ્લોકો ધરાવતું વિશ્વના સમગ્ર સાહિત્યનું સૌથી મોટું મહાકાવ્ય છે. આ બંને મહાકાવ્યોની મૂળકથામાં બીજા આખ્યાન, ઉપાખ્યાન અને કથાઓ જોડાઈને તેને ખરા અર્થમાં 'મહાકાવ્ય' બનાવે છે. આમ ઉપરોક્ત ચર્ચા પરથી આપણને રામાયણ-મહાભારતની સંજ્ઞાઓનો ચોક્કસ અર્થનો ખ્યાલ આપે છે.*

## 2.3 મહર્ષિ વાલ્મીકિનું જીવન અને સમય

*આદિકાવ્ય રામાયણના કર્તા આદિકવિ વાલ્મીકિ વિશે આપણને ચોક્કસ આધારભૂત માહિતી મળતી નથી. 'વિષ્ણુપુરાણ' અનુસાર વાલ્મીકિ ભૃગુના વંશજ હતા તથા વૈવસ્વત મન્વતરમાં થવાવાળા* 24*માં વ્યાસ હતા. વાલ્મીકિરામાયણ* (7/96/19)*અને* (7/93/17)*તથા આધ્યાત્મક રામાયણ* 'प्रचेतसोहं दशम: पुत्रो शघवनन्दन l'*તેમ કહે છે. અન્ય એક ટીકામાં તેમણે વાલ્મીક અને સર્પિણીના પુત્ર કહ્યા છે.*

**દંતકથા :**

*એક માન્યતા અનુસાર વાલ્મીકિનું મૂળ નામ 'રત્નાકર' હતું. અધ્યાત્મ રામાયણમાં વાલ્મીકિ વિષે એક કથા આવે છે તે મુજબ વાલ્મીકિ બ્રાહ્મણ પુત્ર હતા, છતાં કીરાતો (ભીલો) સાથે તે ઉછર્યા હતા. તેમને શૂદ્રા સ્ત્રી હતી અને તેનાથી અનેક સંતાનો જન્મ્યા હતા. આ અવસ્થામાં તેઓ જંગલમાં લૂંટફાટ કરીને પોતાનું ગુજરાન ચલાવતા એક વાર જંગલમાં તે લૂટ કરવાના તાત્પર્યથી ઉભા હતા ત્યારે સપ્તર્ષિઓ ત્યાંથી પસાર*

*થયા. વાલ્મીકિએ તેમને અટકાવ્યા અને લૂંટવાની ઈચ્છા કરી. ઋષીઓએ તેને પૂછ્યું, “ભાઈ, તુ આ પાપ કોને માટે ભેગું કરે છે?” લૂંટારાએ જવાબ આપ્યો, “મારી પત્ની અને સંતાનોના સુખ માટે” ઋષીઓએ કહ્યું કે “તે ક્યારેય તારી પત્ની અને પુત્રોને પૂછ્યું છે કે તેઓ આ પાપમાં ભાગીદાર થવા માંગે છે કે નહીં?” એમ કહી ઋષિઓએ તેને ઘેર જઈને તેનાં સ્ત્રીબાળકોને આ બાબત પૂછી લેવા આગ્રહ કર્યો. લૂંટારાએ સપ્તર્ષિઓ ઉપર વિશ્વાસ રાખી ઘેર ગયો, તેણે જાણ્યું કે કોઈ પાપમાં ભાગીદાર થયા તૈયાર નથી. કુટુંબનું ભરણપોષણ કરવું. તે તો પ્રત્યેક મોભીની ફરજ છે તેમ તેનાં કુટુંબીજનો માનતાં હતાં. આથી લુંટારાને વૈરાગ્ય લાગ્યો અને તેણે સપ્તર્ષિઓને પોતાના ગુરુ બનવા પ્રાર્થના કરી. સપ્તર્ષિઓએ વિચાર્યું કે આને* 'मरा-मरा' *કહેવાની અને મારવાની ટેવ છે, આને બીજો મંત્ર યાદ રહેશે નહીં. એટલે તેમણે તેને* 'मरा-मरा' *મંત્રનો જપ કરવા કહ્યું. લૂટારાએ* 'मरा-मरा' *બોલવા લાગ્યો અને સપ્તર્ષિઓ ચાલ્યા ગયા ત્યારબાદ ઘણા સમય પછી સપ્તર્ષિઓ જયારે એ જ માર્ગે નીકળ્યા ત્યારે તેમણે એક વાલ્મીક (રાફડા) માંથી* 'राम-राम' *એવો અવાજ આવતો સાંભળ્યો. ઋષીઓ સમજી ગયા કે પેલો લૂંટારો જ આ રાફડાથી છવાઈ ગયો લાગે છે અને* 'मरा-मरा' *શબ્દના અક્ષરો ઉલટા બનીને* “राम-राम' *થઈ ગયા છે. તેઓ વાલ્મીક(રાફડા) પાસે જઈને બોલ્યા, “ઉભા થાઓ વાલ્મીકજન્મા વાલ્મીકિ તમે તો ઋષિ બની ગયા છો.” વાલ્મીકને ભેદીને ઊભો થયેલો પુરુષ હવે લૂંટારો ન હતો પરંતુ, તે તો આદિકવિ વાલ્મીકિ હતા.*

*સંસ્કૃત સાહિત્યકારો પોતાની પ્રસિદ્ધિમાં માનતા ન હતા તેથી તેઓના જન્મ, ભૂમિ, કર્મભૂમિ, ઈત્યાદિ વિશે પુરતી માહિતી મળતી નથી. દંતકથાઓ કે અન્ય ગ્રંથો કે કવિઓ પર આધાર રાખવો પડે છે. આવું જ મહર્ષિ વાલ્મીકિ વિષે છે. સાંસ્કૃતિક અને સામાજિક સ્થિતિ, ભૌગોલિક સ્થિતિ, વ્યાકરણ તથા ભાષા વિજ્ઞાનની દષ્ટિએ જોઈએ તો નિષ્કર્ષ એવો નીકળે છે કે ઈ.સ. પૂર્વે 700થી ઈ.સ. 200ની વચ્ચે મહર્ષિ વાલ્મીકિનો જન્મ થયો હશે. અલબત્ત ભારતીય પરંપરા વાલ્મીકિ, રામ અને રામાયણને ત્રેતાયુગનું માને છે.*

## 2.4 રામાયણ ઉદ્દભવ અને વિકાસ

*વૈદિક સાહિત્ય પછી તરત જ લૌકિક સાહિત્ય આવે છે. લૌકિક સાહિત્યની પ્રથમ કૃતિ ‘રામાયણ’ છે, તેથી તેને સંસ્કૃત સાહિત્યમાં ‘આદિ કાવ્ય’ કહે છે. તથા તેના રચયિતા વાલ્મીકિ ‘આદિકવિ’ કહેવાય છે.*

*તમસા નદીના કિનારે ઋષિ વાલ્મીકિ આશ્રમમાં પોતાનું પવિત્ર અધ્યાત્મ જીવન જીવતા હોય છે. એક દિવસ તેઓ પોતાના આશ્રમથી સવારે નદીમાં સ્નાન કરવા માટે જતા હોય છે ત્યાં રસ્તામાં કોઈક શિકારીએ ક્રૌંચ પક્ષીના યુગલમાંથી એક ક્રૌંચ પક્ષીને તીર મારીને મારી નાખ્યું, આ જોઈને ઋષિ વાલ્મીકિના હૃદય ઉદ્દગાર માંથી નીચેનો શ્લોક સરી પડ્યો.*

**मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वती समाः ।**

**य त्क्रौञ्चमिथुनादेकंमवधीः काममोहितम् ।।**

*અર્થાત્ : હે શિકારી ! તુ અનંત વર્ષો સુધી શાંતિ કે સ્થિરતા પામી શકશે નહીં કારણ કે તે ક્રૌંચ પક્ષીના યુગલ(નર-માદા)માંથી કામ-મોહિત એવા એક નર(ક્રૌંચ) પક્ષીને હણી નાખ્યું છે.*

*આમ ઋષિ વાલ્મીકિના મુખમાંથી નીકળી ગયેલ આ શાપ જે શ્લોકબદ્ધ રૂપે બહાર આવ્યો તે સૃષ્ટિનું પ્રથમ કાવ્ય ગણાયું છે. ઋષિનો શોક જ શ્લોકરૂપે સરી પડ્યો. આમ શોકનું શ્લોકત્વ પામવાની ઘટના રામાયણનું પ્રેરણાસ્થાન છે.*

*વેદોમાં પણ અનુષ્ટુભ (અનુષ્ટુ) છંદ વપરાયો છે, પરંતુ તેમાં પાંચમો અક્ષર ગુરુ હોય છે અને છઠ્ઠો અક્ષર લઘુ જોવા મળે છે. ઉ.દા. તરીકે પુરુષસૂક્ત* ' सहस्त्रशीर्षा पुरुष' *(ઋગ્વેદ્* 10/90/11)*જ્યારે પ્રશિષ્ટ અનુષ્ટપ્ છંદમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ હોય છે. આ રીતે વાલ્મીકિનો અનુષ્ટુપ્ છંદ વેદનાં અનુષ્ટુભ્ (અનુષ્ટુપ*) *છંદ કરતાં અલગ પડે છે. તેથી ભવભૂતિ ''ઉત્તરરામચરિત''માં કહે છે કે* 'आम्नापाद् अन्यत्र नूतनशछन्दसाम् अवतारः ।' *અર્થાત્ 'વેદથી જુદો નવા છંદનો અવતાર થયો' તેમ કહે છે.*

*આજ મહર્ષિ વાલ્મીકિ કૃત 'રામાયણ' એટલું બધું લોકભોગ્ય અને પ્રસિદ્ધિ પામવાના કારણે તથા લાંબો સમય વાચિક પરંપરામાં પ્રચલિત રહેવાના કારણે તેને સૂતો, કુશીલવો, કથાકારો, મૌખિક વાચકોના દ્વારા માનવસવાંદને આગળ સંભળાવવામાં આવ્યું તથા સમગ્ર જાંબુદ્વીપમાં (જાવા, સુમાત્રા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા) ફેલાઈ ગઈ. તદ્ઉપરાંત સમગ્ર ભારતવર્ષની બધી જ ભાષાઓમાં તેનું ભાષાંતર થઈ ગયું છે. રામાયણ જે-તે દેશ-પ્રદેશમાં ગઈ ત્યાં જે તે દેશ-પ્રદેશના સજ્જન પુરુષોના ચરિત્રો, આખ્યાન, ઉપાખ્યાનો અને કથાઓ જોડાઈને ખરા અર્થમાં 'મહાકાવ્ય' નામ સાર્થક થયું છે.*

## 2.5 રામાયણનો પરિચય

रामस्य अपनं शामायणम् *અર્થાત્ રામના* 'अपमम्' *ગતિ અથવા જીવનની ગતિ એટલે કે રામની જીવનગતિ અથવા રામનું જીવન અર્થાત્ રામાયણ એ રામના જીવન (ગતિ)ને નિરૂપતી કૃત્તિ છે. રામાયણમાં ચોવીસ હજાર શ્લોકો છે. તેમાં સાત કાંડ છે જે ક્રમશઃ આ પ્રમાણે છે* (1)बालकाण्ड (2)अयोध्याकाण्ड (3)अरण्यकाण्ड (4)किष्किन्धाकाण्ड (5)सुन्दरकाण्ड (6)लङ्काकाण्ड *અને* (7)उत्तरकाण्ड । *આ કાંડ સર્ગોમાં વિભક્ત છે તથા સર્ગો શ્લોકોમાં વિભક્ત છે.*

### (1) बालकाण्ड :

*બાલકાંડની શરૂઆતમાં નારદજી સંક્ષેપમાં વાલ્મીકિને રામાયણ સંભળાવે છે તથા રામાયણના જન્મદાતા વાલ્મીકિ તથા રામાયણના જન્મની વાત છે. વાલ્મીકિ ઋષિ એક દિવસ તમસા નદીના કાંઠે સ્નાન કરવા જાય છે અને ત્યાં ક્રૌંચ પક્ષીનો વધ જુએ*

*છે અને શિકારીને શ્રાપ આપે છે આમ તે શ્રાપ શ્લોક રીતે સરી પડ્યો. આ અક્ષરસમ ગેયબદ્ધ શ્લોક પોતાના મુખમાંથી સરી પડ્યો તે આશ્ચર્ય સાથે વાલ્મીકિ આશ્રમે પહોંચ્યા ત્યાં બ્રહ્માએ તેમણે આ નવા અનુષ્ટુપ છંદમાં રામકથા (રામાયણ) રચવા આજ્ઞા કરી અને તે આજ્ઞા વાલ્મીકિએ શિરોમાન્ય રાખી.*

*સરયૂ નદીના કાંઠે આવેલી અયોધ્યાનગરીમાં રાજ દશરથ રાજ્ય કરતા હતા તેમને ત્રણ રાણીઓ હતી. કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી તેમ છતાં તેઓ અપુત્ર હતા. પુત્રપ્રાપ્તિ માટે તેમણે પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. તે યજ્ઞ ફલ સ્વરૂપ તેમણે તે ત્રણ રાણીઓથી રાજા દશરથને ચાર પુત્રો જન્મ્યા. જેમાં કૌશલ્યાથી રામ, સુમિત્રાથી લક્ષ્મણ અને શત્રુઘ્ન અને કૈકેયીથી ભરતનો સમાવેશ થાય છે. એકવાર ઋષિ વિશ્વામિત્ર દશરથ પાસે આવ્યા અને પોતાના યજ્ઞમાં વિઘ્ન કરતા રાક્ષસોને દંડ દેવા રામલક્ષ્મણને સાથે લઈ જવા જણાવે છે. તે મુજબ રામલક્ષ્મણ વિશ્વામિત્ર સાથે આશ્રમમાં જાય છે ત્યાં વિશ્વામિત્ર બંનેને અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા શીખવાડે છે. રાક્ષસોનો સંહાર કરી રામલક્ષ્મણ વિશ્વામિત્ર સાથે મિથિલામાં સીતા સ્વયંવરમાં જાય છે. અહીં સ્વયંવરમાં શિવધનુષ્યનો ધનુંર્ભંગ કરવાની શરત હોય છે. રામ પોતાના બળથી શરત જીતે છે. સીતા રામનું વરણ કરે છે અને રામ-સીતાનાં લગ્ન થાય છે તથા સાથે સાથે રામના બીજા ત્રણ ભાઈઓ અને જનક તથા તેમના ભાઈની બીજી પુત્રીઓ જોડે પરણે છે. તેવામાં શિવધનુષ્યના ભંગથી કૃદ્ધ પરશુરામ રામને યુદ્ધ કરવા લલકારે છે પરંતુ રામે તેમને નિસ્તેજ કરીને મેહન્દ્ર પર્વત ઉપર તપસ્યા કરવા જણાવે છે. પછી ચારેય વર-વધૂ અયોધ્યા જાય છે.*

### (2) अयोध्याकाण्ड

*લગ્ન પછી ચાર ભાઈઓ અયોધ્યા પાછા ફરે છે. સૌથી મોટા રામ હતા તેથી તે સમયના નિયમાનુંસાર સૌથી મોટા પુત્ર રાજા (યુવરાજ) બને રાજા દશરથ રામનો યુવરાજ (રાજા) પદે રાજ્યાભિષેક કરવાનું વિચારે છે. આ તૈયારી ચાલતી હોય છે ત્યારે રાણી કૈકેયીની દાસી મંથરા રાણીની કાન ભંભેરી કરે છે અને દશરથ રાજાને કૈકેયી પૂર્વે આપેલ બે વરદાનો યાદ કરાવે છે.તદનુસાર 'રામને ચૌદ વર્ષનો વનવાસ અને ભરતને રાજગાદી આપો.' એવાં બે વરદાનો માંગી લે છે રાજા દશરથ દુઃખી મનથી કૈકેયીએ માંગેલા આ વરદાનો સ્વીકારે લે. ત્યાર બાદ રામ પોતાની પત્ની સીતા અને નાના ભાઈ લક્ષ્મણની સાથે વનમાં જાય છે. રાજાના વિયોગથી રાજા દશરથ પ્રાણ ગુમાવે છે. મામાના ઘરે ગયેલા ભરતને પાછો બોલાવવામાં આવે છે. ભરતને રાજગાદી સોંપવામાં આવે છે, પરંતુ તે ભ્રાતૃપ્રેમનો આદર્શ બની રાજગાદી ઉપર બેસવાની ના પાડે છે. છેવટે ભરત રામની પાદુકાઓને લઈને પોતે નંદીગ્રામમાં રહીને રામવતી રાજ્યનો કાર્યભાળ સંભાળે છે.*

### (3) अरण्यकाण्ड :

*ત્યાર બાદ રામ-લક્ષ્મણ સીતા ચિત્રકૂટ છોડીને દક્ષિણ દિશામાં આગળ વધ્યા. માર્ગમાં તેમાં અનેક દુષ્ટ રાક્ષસોનો વધ કર્યો તથા અનેક તપસ્વી ઋષિ મુનિઓને મળતા મળતા પંચવટીમાં પહોંચ્યા. અહીં શુર્પણખા નામની રાક્ષસણી રામ ઉપર મોહી પડી.*

*લક્ષ્મણે તેનાં નાક-કાન કાપી નાખ્યાં. શૂર્પણખા પોતાના ભાઈ રાવણની મદદ લીધી રાવણે મારીચની મદદથી કપટ દ્વારા સીતાનું હરણ કરી લીધું અને પુષ્પક વિમાન દ્વારા લંકામાં લઈ જતો હતો ત્યારે રસ્તામાં પક્ષીરાજ જટાયું રાવણનો સામનો કરે છે પરંતુ રાવણ તેની પાંખો કાપી નાખી ઘાયલ કરી દે છે. અને સીતાને લઈને રાવણ લંકામાં પહોંચ્યો.*

*પેલી બાજુ રામ-લક્ષ્મણ પર્ણકુટિરમાં સીતાને ન જોતાં તેની શોધ કરે છે. જટાયું દ્વારા તેમને સીતાના અપહરણના સમાચાર મળે છે. રામ-લક્ષ્મણ દક્ષિણમાં આગળ વધે છે તથા ઋષ્યમૂક પર્વત પર પહોંચે છે.*

**(4) किष्किन्धाकाण्ड :**

*ઋષ્યમૂક પર્વત ઉપર રામ-લક્ષ્મણ, હનુમાન તથા વનરાજ સુગ્રીવની સાથે મૈત્રી થાય છે. પરસ્પર આપેલ વચનાનુંસાર સુગ્રીવના ભાઈ-વાલીને રામ વધ કરે છે તથા સુગ્રીવને રાજા બનાવે છે. વર્ષાઋતુ પૂરી થતાં સુગ્રીવે ચારેય દિશામાં વાનરોને મોકલીને સીતાની શોધ કરવા મોકલ્યા તેમાં દક્ષિણ દિશામાં હનુમાન વગેરે વાનરોને સમુદ્ર કિનારે જટાયુંના મોટા ભાઈ સંપાતિ દ્વારા સીતાનું અપહરણ રાવણે કર્યું છે અને તેને લંકામાં લઈ ગયો છે તે માહિતી પ્રાપ્ત થાય છે. હનુમાન સમુદ્ર લાંઘીને લંકામાં જવાનો નિર્ણય કરે છે.*

**(5) सुन्दरकाण्ड :**

*હનુમાન વિશાળ સમુદ્ર ઓળંગી લંકા પહોંચે છે ત્યાં ઘણુ બધું ભ્રમણ કર્યા પછી અશોકવાટિકામાં રાક્ષસીઓથી વીંટળાયેલ સીતાને જુએ છે, તથા તેઓને મળે છે. હનુમાને સીતાને રામનો સંદેશો આપ્યો. સામે સીતાએ પણ રામને સંદેશો આપ્યો પછી અશોકવાટિકામાં તોડ-ફોડ કરીને અનેક રાક્ષસોને મારી નાખ્યાં સ્વેચ્છાએ પકડાઈ ગયા. રાવણે હનુંમાનની પૂંછ સળગાવવાનો આદેશ આપ્યો. હનુમાને લંકામાં આગ લગાવી સમુંદ્રને ઓળંગીને પોતાના સંબંધીઓને મળ્યા. સૌ આનંદમાં આવીને કિષ્કિન્ધા પહોંચ્યા તથા ત્યાં હનુમાને રામને સીતાનો વૃત્તાંત કહ્યો.*

**(6) लङ्काकाण्ड :**

*હનુમાને આપેલ માહિતી અનુસાર રામ ઈત્યાદિ વાનરોને લઈ દક્ષિણ સમુદ્ર તટે પહોંચ્યા. અહીં તેમને રાવણે અપમાનિત કરેલ તેનો ભાઈ વિભીષણ મળે છે. નલ-નીલ તથા અન્ય વાનરોની મદદથી સમુદ્ર પર સેતુ બાંધ્યો અને તેના ઉપરથી સામે કાંઠે લંકા રામ ઈત્યાદિ પહોંચ્યા. ત્યાં રામના સૈન્ય અને રાવણના સૈન્ય વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જેમાં રાવણનો પુત્ર ઈન્દ્રજિત પછી ભાઈ કુંભકર્ણ મરાયો. અંતે રામના હાથે રાવણ પણ મરણ પામે છે. રાવણના ભાઈ કુંભકર્ણને રામ લંકાની ગાદી સોંપે છે. અગ્નિ-પરીક્ષા દ્વારા સીતાનો રામ સ્વીકાર કરે છે. વનવાસના ચૌદ વર્ષ પૂર્ણ થતાં હોવાથી રામ સીતા, લક્ષ્મણ તથા હનુમાન, સુગ્રીવ ઈત્યાદિ વાનરો સહીત પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા પરત ફરે છે, ત્યાં રામનો રાજ્યાભિષેક કરવામાં આવે છે.*

**(7) उत्तरकाण्ड :**

*રાવણની લંકામાં રહેલાં સીતાનો રામે સ્વીકાર કર્યો આ વાત પ્રજા જનોમાં કેટલાંકને ગમી નહીં. તેથી રાજધર્મના પાલન માટે રામે પ્રિય પત્ની સીતાનો ત્યાગ કર્યો. આ સમયે સીતા સગર્ભા હતાં. સીતા વાલ્મીકિ ઋષિના આશ્રમમાં રહે છે. અહીં સીતા લવ અને કુશ નામના બે જોડિયાં પુત્રોને જન્મ આપે છે. બંને બાળકોને વાલ્મીકિએ રામાયણ શીખવે છે. અંતમાં રામે કરેલા અશ્વમેઘ યજ્ઞ થકી રામ-સીતા, (પતિ-પત્ની), રામ-લવ અને કુશ (પિતા-પુત્ર)નું મિલન થાય છે. સીતા ચારિત્ર્યશુદ્ધિના પ્રમાણરૂપે ધરતી પાસે માર્ગ માગ્યો ત્યારે ધરતી માતાએ તેમને ખોળામાં બેસાડીને ઊંડે ઉતરી ગયા. રામ-લક્ષ્મણ પણ પોતાના દેહનો સરયૂ નદીમાં વિલય કરી દે છે અને રામાયણ કથા સમાપન થાય છે.*

*આમ આ રામાયણ સાત કાંડ, 500સર્ગોમાં અને 24000 હજાર શ્લોકોમાં વિભક્ત છે.*

## 2.6 રામાયણ પરંપરા

*મહર્ષિ વાલ્મીકિ કૃત રામાયણ આદિકાવ્ય છે. રામાયણની પ્રસિદ્ધિ ભારતવર્ષમાં ખૂબ જ હતી તેના કારણે આગળ જતાં પ્રેરણા લઈને સંસ્કૃત, પ્રાકૃત તથા ભારતની અન્ય ભાષાઓમાં અનેક રામાયણોની રચના થઈ છે. જેમ કે યોગવસિષ્ઠ, અધ્યાત્મરામાયણ, આનંદ રામાયણ, અદભૂતરામાયણ, મંત્ર રામાયણ, ભુશુંડીરામાયણ વગેરે રામાયણો આદિકાવ્ય રામાયણની પ્રત્યક્ષ પરંપરામાં આવે છે.*

*જૈન પરંપરામાં આચાર્ય વિમલસૂરિનું* 'पउमचरिउ' *(પ્રાકૃતભાષાનું) તથા રવિષેણનું 'પદ્મચરિત' પણ રામાયણ કાવ્ય છે.*

*ભારતની અનેક પ્રાદેશિક ભાષાઓમાં પણ રામાયણ રચાઈ ગયેલ છે. જેમકે તમિલભાષામાં કવિ કંબનની તમિલ રામાયણ, બંગાળી ભાષામાં કવિ કૃત્તિવાસની કૃત્તિવાસીય રામાયણ તથા હિંદીમાં ગોસ્વામી તુલસીદાસની રામચરિતમાનસ પ્રસિદ્ધ છે.*

*વાલ્મીકિ રામાયણ માનવસમાજમાં તો પ્રચલિત હતી જ સાથે-સાથે ઋષીઓમાં પણ તે એટલી જ પ્રચલિત હતી તેથી અનેક ઋષીઓએ પણ રામાયણો લખી છે. મહાભારતમાં ભાર્ગવ ચ્યવન દ્વારા રામાયણ રચાયેલ તેવો ઉલ્લેખ મળે છે તદ્પરાંત નારદકૃત સંવૃતરામાયણ, અગત્સ્યકૃત અગત્સ્યરામાયણ,લોમશકૃત લોમશરામાયણ, સુતીક્ષ્ણકૃત મંજુલરામાયણ, અત્રીકૃત સૌપદ્યરામાયણ, શરભંગકૃત સૌહાર્દરામાયણ તથા આ ઉપરાંત અનેક અજ્ઞાત લેખકોકૃત રામાયણો મળે છે.*

*વાલ્મીકિ પોતાની રચના રામાયણને રામાયણ સિવાય અન્ય કાવ્ય, ગીત, આખ્યાન અને સંહિતા આ ચાર નામોથી ઉદ્દબોધન કરે છે.*

## 2.7 રામાયણ પરવર્તી ગ્રંથો માટે પ્રેરણાસ્રોત

*રામાયણ ભારતવર્ષનો એવો પ્રસિદ્ધ પામેલ ગ્રંથ છે. સાથે સાથે પરવર્તી ગ્રંથોના માટે અનેક વિષયોના રૂપમાં પ્રેરણાસ્રોત મહાકાવ્ય રહ્યું છે. રામાયણને આધાર બનાવીને કેટલાંય નાટકો, કાવ્યો, મહાકાવ્યો, ચંપૂકાવ્યો અને ચિત્રકાવ્યો લખાયા છે. રામાયણ પર આધારિત મુખ્ય ગ્રંથો નીચે મુજબ છે.*

❖ **રામાયણ પર આધારિત નાટકો :**

| **નાટક** | **કર્તા** |
|---|---|
| अनर्धराघव | मुराशी |
| प्रसन्नराघव | जयदेव |
| बालरामयण | राजशेखर |
| कुंदमाला | दिङ्नाग |
| हनुमाननाटक | दामोदर मिश्र |
| महावीरचरित | भवभूति |
| उत्तररामचरित | भवभूति |
| अभिषेक | भास |
| प्रतिमा | भास |

❖ **રામાયણ પર આધારિત મહાકાવ્ય-કાવ્ય :**

| **નાટક** | **કર્તા** |
|---|---|
| रघुवंश | कालिदास |
| रामायणमंझ्री | क्षेमेन्द्र |
| सेतुबन्ध | प्रवरसेन |
| जानकीहरण | कुमारदास |
| भटिटकाव्य | भटि |

❖ *રામાયણ પર આધારિત ચંપૂ કાવ્ય :*

| *નાટક* | *કર્તા* |
|---|---|
| रामायणचम्पू | भोज |
| रामकथा | अनन्तभट्ट |
| उत्तरचम्पू | वेंकटाधरि |
| चम्पूरामायण | लक्ष्मण भट्ट |

❖ *રામાયણ પર આધારિત ચિત્રકાવ્ય :*

योद्वराघवीयम्

विलोमवाक्य

शामलीलामृतम्

## 2.8 રામાયણની સમીક્ષિત આવૃત્તિ

*અત્યારે હાલ આપણી પાસે આપણા જે વેદ, રામાયણ, મહાભારત ઈત્યાદિ પ્રાચીનતમ ગ્રંથો છે તે મુદ્રિત સ્વરૂપે છે. પરંતુ તે મુદ્રિત સ્વરૂપ પામ્યા તે પહેલાં બીજી કેટલીયે અવસ્થાઓમાંથી પસાર થયા છે. તેઓ રચાયા ત્યારે લેખનકળા વિકસી ન હતી. એટલે શ્રુતિ (મૌખિક) પરંપરાથી તે જળવાઈ રહ્યા અને એક પેઢી થી બીજી પેઢી એમ સંક્રાન્ત થયા. આવું હજારો વર્ષ ચાલ્યું. ત્યાર બાદ આજથી લગભગ દોઢેક હજાર વર્ષ પહેલાં' લેખન કળા વિકસી અને આ ગ્રંથો ભૂર્જપત્રો અને તાડપત્રીઓમાં લહિયાઓના હાથે લખાવા લાગ્યાં. મહાભારત-રામાયણ તો સુપ્રસિદ્ધ હતાં એટલે તેમની અનેક નકલો જુદા-જુદા પ્રદેશની જુદી-જુદી લિપિઓમાં અને ભાષાઓમાં થઈ.*

*મૌખિક પરંપરા ચાલુ રાખનાર મોટે ભાગે સૂતો, ભરતો, મગધો અને કુશીલવો હતા. તેમણે આપણા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે તેથી આપણે તેમના આભારી છીએ. પરંતુ એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે જતા મૂળ ગ્રંથમાં કેટલીક વિકૃતિઓ અનિવાર્ય પણે આવી જતી હોય છે. સાથે-સાથે લહિયાથી પણ લખવામાં દોષ થવાની સંભાવના છે.*

*રામાયણમાં પણ આવું થયેલ જ છે તેથી તેને સુધારવા માટે ઈ.સ.1951માં ગુજરાત રાજ્યના વડોદરા શહેરમાં આવેલી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા પ્રાચ્યવિદ્યા મંદિરમાં રામાયણ વિભાગની સ્થાપના કરવામાં આવી. પ્રો. ગોવિંદલાલ ભટ્ટની મુખ્ય સંપાદક તરીકે વરણી કરી વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનો પુરુષાર્થ પ્રારંભ્યો.*

*પ્રો. ભટ્ટે તથા તેમની ટીમે ત્રણ વર્ષ કાર્યની પૂર્વ તૈયારી કરી. તેમણે દેશના ખૂણે-ખૂણે ફર્યા તથા વિદેશમાં પણ ફર્યા અને રામાયણની ભારતીય લીપીઓ તથા અનેક ભાષામાં લખાયેલ હસ્તપ્રતો એકઠી કરી, એક સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરી. જે સંશોધન, વિવેચન વગેરે માટે આ સમીક્ષિત આવૃત્તિને પ્રમાણભૂત માનવામાં આવે છે.*

## 2.9 મહર્ષિ વેદ વ્યાસનું જીવન અને સમય

*એક કથાનુસાર બ્રહ્માજીના શ્રાપથી એક અપ્સરા યમુના નદીમાં માછલીના રૂપમાં અવતરે છે અને તે ગર્ભવતી થઈ ત્યારે નિષાદરાજ યમુનાનદીમાં માછલી પકડવા આવે છે તેની જાળમાં આ ગર્ભવતી માછલી ફસાય છે. તે માછલીનું પેટ ચીરતા તેમાંથી એક બાળક અને એક બાળકી નીકળે છે. નિષાદ રાજ બંને બાળકને લઈને*

*મહારાજા સુધન્વા પાસે જાય છે સુધન્વા રાજાને પુત્ર ન હોવાથી તે પુત્ર બાળકને પોતાની પાસે રાખે છે જેનું નામ મત્સ્યરાજ પાડે છે. જ્યારે પુત્રી બાળકને નિષાદરાજ પોતાની પાસે રાખે છે અને તેનું નામ મત્સ્યગંધા પાડે છે. કારણ કે તેના અંગોમાંથી માછલીની ગંધ આવતી હોય છે. તે મત્સ્યગંધા મોટી થઈને પોતાના પિતાના વ્યવસાય હોડી (નાવ) ચલાવવાના કાર્યમાં લાગી ગઈ.*

*એક દિવસ પરાશર મુનિ તેની નાવમાં બેસીને યમુનાને પાર કરવા જતા હોય છે ત્યારે પરાશરમુનિ મત્સ્યગંધા(સત્યવતી) ના રૂપ સૌંદર્ય પર આસક્ત થઈ ગયા અને બોલ્યા "દેવી ! હું તમારી સાથે સહવાસ કરવા માંગુ છું" સત્યવતીએ કહ્યું 'મુનિવર' આપતો બ્રહ્મજ્ઞાનિ છો અને હું નિષાદ કન્યા આપનો સહવાસ સંભવ નથી ત્યારે પરાશરમુનિ બોલ્યા "બાલિકા ! તું ચિંતા કરીશ નહી પ્રસૂતિ થયા પછી પણ તારું કૌમાર્ય એવું ને એવું જ રહેશે" આટલું કહીને મહર્ષિએ પોતાના તપોબળથી સૂર્યને ઢાંકીને અંધારું કરી દીધું અને સત્યવતી સાથે સહવાસ કર્યો. ત્યાર બાદ આશીર્વાદ આપતાં કહ્યું કે "તારા શરીર માંથી જે માછલીની ગંધ આવે છે તે સુગંધમાં પરિવર્તિત થઈ જશે.*

*સમય જતાંની સાથે સત્યવતી(મત્સ્યગંધા)ના ગર્ભથી મહાતપસ્વી વેદ-વેદાંગથી પારંગત પુત્ર જન્મ્યો અને તેને તેની માતાને જણાવ્યું કે "હે માતા! તમે જ્યારે પણ કોઈ આપત્તિમાં હશો અને મારું સ્મરણ કરશો ત્યારે હું ઉપસ્થિત થઈ જઈશ." તે મહાન પુત્ર એટલે પરાશર્ય' મહર્ષિ(ઋષિ) કૃષ્ણ દ્વૈપાયન વેદ વ્યાસ પરાશર ઋષિના પુત્ર હતા તેથી તેઓ પારાશર્ય કહેવાયા. તેઓ આર્ષદષ્ટા ઋષિ (મહર્ષિ) હોવાથી તેમને મહર્ષિ (ઋષિ) પણ કહેવાય છે. તેઓએ બહુ જ તપસ્યા કરી હતી તેથી તેમના શરીરનો રંગ કૃષ્ણ (કાળો) પડી ગયો હતો તેથી કૃષ્ણ પણ કહેવાય છે. તેઓનો જન્મ યમુના નદીના એક દ્વીપ ઉપર થયો હોવાથી દ્વૈપાયન કહેવાય છે. વેદોને વ્યયસ્થિત (વિભાજન) કર્યા તેથી તેમને વેદ-વ્યાસ પણ કહેવાય છે. ભારતીય પરંપરા તે પુરાણોના કર્તા પણ વેદ વ્યાસને જ માને છે. તેમને વિષ્ણુના ચોવીસ અવતારોમાંના એક અવતાર પણ માનવામાં આવે છે.*

*મહાભારતની કથામાં વેદ વ્યાસ એક પાત્ર પણ છે તેમનો મહાભારતના પાત્રો સાથે ઘનિષ્ઠ સંબંધ છે તેથી મહાભારતમાં જે તે પાત્રોનું ચરિત્ર-ચિત્રણ તેમને કર્યું છે. અથવા જે ઘટનાઓનું વર્ણન તેમને કર્યું છે તે કવિ વેદ વ્યાસ દ્વારા સ્વયં દૃષ્ટ છે. મહાભારતના આદિ કર્તા વેદ-વ્યાસ કૌરવો પાંડવોના દાદા (પિતામહ) છે. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર તેમની જ નિયોગ જન્મ સંતાનો છે. તેમણે જ પાંડવોને વનવાસ સમયે ઉપદેશ આપી સંતુષ્ટ કર્યા હતા તથા વિજયનો માર્ગ પણ બતાવ્યો હતો. કૌરવોનું યુદ્ધ ન કરવા માટે તેમણે બહુ સમજાવ્યા હતા પરંતુ તે માન્યા ન હતા. આ સિવાય મહાભારતમાં કૌરવો અને પાંડવોના મધ્યે ઘટીત થવાવાળા દરેક ઘટનાની સાથે વેદ-વ્યાસને સીધો સંબંધ છે. આ ગ્રંથ માત્ર કવિ કલ્પનાથી જન્મેલ નથી, પરંતુ સત્યઘટના પર આધારિત છે.*

*મહાભારતમાં જ કહેવાયું છે કે મહર્ષિ ત્રણ વર્ષો સુધી નિરંતર જાગૃત રહીને મહાભારત નામના આખ્યાનની રચના કરી.*

**त्रिभिर्वर्षैः सदोत्थाय कृष्णद्वैपायनो मुनिः ।**

**महाभारतमाख्यानं कृतवानिदमुत्तमम् ॥**

*મહાભારતના જ એક શ્લોકમાં કહેવાયું છે કે "ચારેય વેદની વ્યવસ્થા કર્યા પછી, વેદવ્યાસે મહાભારતની રચના કરી છે. કે જેમાં પાંડવોની શ્રેષ્ઠતા વિશે, કૃષ્ણના, પરાક્રમ વિશે અને ધૃતરાષ્ટ્રના દુર્યોધનાદિ પુત્રોની દષ્ટતા વિશે વર્ણન કરવામાં આવ્યું છે. તેમણે મહાભારતનું યુદ્ધ જોયું હતું અને કૌરવો પાંડવોના જીવતાં જ મહાભારતની રચના કરી અને ધૃતરાષ્ટ્ર વગેરે મૃત્યુ પામ્યા ત્યાર બાદ તેને પ્રકટ કર્યું હતું.*

*આમ મહર્ષિ વેદ વ્યાસને ભવ્યાંજલી આપતા એક શ્લોકમાં કહેવાયું છે કે-*

**नमोऽस्तु ते व्यास विशालबुद्धे, येन त्वया भारततैलपूर्णः।**

**स्फुलारविन्दायत पत्रनेत्र, प्रज्वालितो ज्ञानमयप्रदीपः ॥**

*અર્થાત્ જેઓએ મહાભારતરૂપી જ્ઞાનના દીપકને પ્રજ્વલિત કર્યો, તેવા વિશાલ બુદ્ધિવાળા મહર્ષિ વેદ-વ્યાસને મારા નમસ્કાર.*

*મહાભારતની રચના ક્યારે થઈ? તે કહેવું કઠીન છે કારણ કે તે એક વ્યક્તિની કે કાળની રચના નથી પરંતુ વિષય-વસ્તુ અને આકારથી સ્પષ્ટ થાય છે કે મહાભારતના કેટલાંક અંશ તો વૈદિકકાળના છે જ્યારે કેટલાંક અંશ બહુ અર્વાચીન છે. આ વિષય ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનો નો એક મત નથી. પાણિનીએ યુધિષ્ઠિર, ભીમ, વિદુર અને મહાભારત શબ્દોની વ્યુત્પત્તિ સમજાઈ છે તથા પતંજલિએ મહાભારત યુદ્ધનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.*

*જૈન અને બુદ્ધ સાહિત્યમાં પણ મહાભારતનો ઉલ્લેખ મળે છે. તેનાથી કહી શકાય કે તેની રચના ઈ.સ. પૂર્વે* 300 *માં થઈ ગઈ હશે. તિલક મહોદય અનુસાર મહાભારતની રચનાને પાંચ હજાર વર્ષ થયાં હશે. ભારતીય પરંપરા મહાભારતની રચનાને દ્વાપરયુગની માને છે. એક મત તો ચોક્કસ છે કે વર્તમાન મહાભારતનું નિર્માણ બુદ્ધના પૂર્વે પણ સાથે સંબંધ ધરાવે છે.*

*બધા જ સાક્ષીઓને તપાસીને વિદ્વાનોનું એવું માનવું છે કે મહાભારતનો સમય ઈ.સ. પૂર્વે* 500 *થી ઈ.સ. પૂર્વે* 200 *ની વચ્ચે થયો હશે.*

## 2.10 મહાભારતના ત્રણ સંસ્કરણો

*મહાભારતને "પાંચમો વેદ" કહેવાય છે.* भारतं पंचमो वेदः 1*મહાભારત તેના નામ પ્રમાણે 'મહા' મોટો ગ્રંથ છે' તેમાં એક લાખ શ્લોકો છે તેથી તેને* शतसाहस्त्री संहिता'*કહે છે. જે વિશ્વ સાહિત્યનો વિશાળતમ ગ્રંથ છે. આ મહાભારત કોઈ એક વ્યક્તિનું સર્જન નથી તેમાં સમયાંતરે અનેક ઉમેરા થતા રહ્યા છે. મહાભારતની ત્રણ આવૃત્તિઓ પ્રસિદ્ધ છે, આ ત્રણ આવૃત્તિઓ સૂચવતો એક શ્લોક મળે છે.*

**मन्वादि भारतं केचिदास्तिकादि तथापरे ।**

**ततोपरिचरादन्ये विप्राः सम्यगधीयते ॥**

*આ શ્લોકાનુસાર મહાભારતનો પ્રારંભ* (1)મનુ*થી થાય છે* (2)આસ્તિક*થી થાય છે.* (3)ઉપરિચર*થી થાય છે. આમ આ ત્રણ મત છે.*

ગજોપરિચરો*નામથી શરૂ થતો ભાગ વ્યાસરચિત હશે જે*'जय' *નામે ઓળખાય છે. વૈશંપાયનોક્ત* 'भारत' આસ્તિકાવ્યાખ્યાન*થી શરૂ થાય છે.* મનુ*નાં પર્યાય* વૈવસ્વત*થીશરૂ થતો ગ્રંથ* સૌતિસંવર્ધિત મહાભારત *છે. એમ અનુમાન કરી શકાય. આમ મહાભારતના ત્રણ સંસ્કરણો માનવામાં આવ્યા છે.* (1)*જય* (2)*ભારત અને* (3)*મહાભારત.*

*આદિપર્વના એક શ્લોકમાં ઉલ્લેખ છે કે 'બ્રહ્માજીના કહેવાથી ગણપતિ મહાભારતના લહિયા બને છે અને પ્રવક્તા વેદ વ્યાસ હોય છે'*

**1.જયકાવ્ય :**

*મહર્ષિ વેદ વ્યાસે સર્વ પ્રથમ આ 'જય' નામના કાવ્યમાં કૌરવો અને પાંડવોના યુદ્ધની કથા આલેખતી રચના કરી હશે તે જય કાવ્ય મહાભારતની ઉતરી વાચનના પ્રારંભમાં આ માંગલિક શ્લોક આવે છે તેમાં 'જય' શબ્દ આવે છે તેના આધારે વિદ્વાનો એનું 'જય' એવું નામ આપે છે.*

**नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम्।**

**देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत॥१॥**

*અર્થાત્ : નારાયણ અને દેવી સરસ્વતીને નમસ્કાર કરીને જય કાવ્ય કહુ છું. તદ્ઉપરાંત મહાભારતના આદિપર્વમાંના એક શ્લોકમાં 'જય' સંજ્ઞાનો નિર્દેશ છે.*

**जयो नामेतिहासोडयं श्रोतव्यो विजिगीषुणा l**

**मही विजयते सर्वां शत्रुज्यापि पराजयेत् ॥ (મહાભારત 1-56-19)**

*અર્થાત્ઃ વિજયની ઈચ્છાવાળાઓએ જય નામના ઈતિહાસ ગ્રંથનું શ્રવણ કરવું જોઈએ. એના સાંભળવાથી સઘળી પૃથ્વી અને શત્રુઓને પરાજીત કરી શકાય.*

*આ 'જય' કાવ્ય કદ વિષે મહાભારતના એક શ્લોકમાં કહેવાયું છે કે*

**अष्टौ श्लोकसहस्राणि अष्टौ श्लोकशतानि च l**

**अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा ll**

*અર્થાત્ આ 'જય' કાવ્ય* 8800 *શ્લોકોનું છે. તેના વિષે (વ્યાસ) પોતે, કે શુકદેવજી અને સંજય એમ ત્રણ જ જણા જાણે છે.*

*આ 'જય' કાવ્ય પાછળ જતાં વેદ વ્યાસે પોતાના શિષ્યો વૈશંપાયન જૈમિની. સુમન્તુ, પૈલ તથા પોતાના પુત્ર શુકદેવજીને શીખવ્યું.*

**2.ભારતકાવ્ય :**

*જ્યારે અર્જુનના પુત્ર પરીક્ષિતને તક્ષક નાગ કરડે છે અને તે મૃત્યુ પામે છે ત્યારે પરીક્ષિતનો પુત્ર જયમેજય સર્પસત્રયજ્ઞ આરંભે છે. આ યજ્ઞમાં વેદવ્યાસ પોતાના શિષ્યો સાથે જાય છે ત્યારે જયમેજય વ્યાસજીને વિનંતિ કરે છે કે અમારા પૂર્વજ પાંડવો અને કૌરવો વચ્ચે થયેલ તુમુલ યુદ્ધ શા માટે થયું હતું તે વિસ્તારથી કહો. ત્યારે વ્યાસજી પોતાના શિષ્ય વૈશમ્પાયનને આજ્ઞા કરી કે મેં સંભળાવેલ 'જય' કાવ્ય તમે જયમેજયને સંભળાવો. ત્યારે વૈશમ્યાયને જયમેજયને જે કથા સંભળાવી તે 'ભારત' નામે ઓળખાઈ. કથાના શ્રવણ દરમ્યાન જયમેજયને જે જિજ્ઞાસાઓ પ્રગટ થઈ તેના વિશે વૈશંપાયને સમાધાનની વાતો કરી. આગળ જતાં તે મૂળ 'જય' કાવ્યમાં સમાવેશ થઈ ગયા. વૈશમ્યાયને કુરુવંશની વંશાવળી તથા કેટલીક ધર્મકથાઓ પણ સંભળાવી. પરિણામે મૂળકથાના કદમાં વધારો થયો અને તેની શ્લોકસંખ્યા 24000 હજાર થઈ જેમાં હજી ઉપાખ્યાનો ઉમેરાયા હતા નહીં. આ સંબંધી આદિપર્વનો એક શ્લોકછે.*

**चतुर्विंशतिसाहस्त्री चक्रे भाश्तसंहिताम् ।**

**उपाख्यानैर्विना तावद् भाश्तं प्रोच्यते बुधैः ॥**

*આમ વૈશંપાયનના હાથે વિસ્તાર પામેલું કાવ્ય 'ભારત' નામે ઓળખાયું.*

**3.મહાભારત :**

*વૈશંપાયને 'ભારત' કાવ્યની કથા સંભળાવી ત્યારે શ્રોતાઓમાં જયમેજયની સાથે વ્યાસજીના એક બીજા શિષ્ય લોમહર્ષના પુત્ર ઉગ્રશ્રવા (સુતમુનિ) કે જેમણે સૂતપુરાણી તરીકે પણ ઓળખીએ છીએ, તે હતા. આ સુતમુનિ નૈમિષારણ્યમાં કુલપતિ શૈતકના બાર વર્ષના દીર્ઘ યજ્ઞસત્રમાં ગયા હતા. ત્યાં શૌતક વગેરે ઋષીઓની વિનંતીથી તેમણે તે કથા ફરીથી કહી સંભળાવી. તે 'મહાભારત' નામે પ્રસિદ્ધ થઈ. આમાં એક લાખ શ્લોકો છે.*

*સુતમુનિએ મૂળકથાની સાથે-સાથે અન્ય પ્રચલિત કથા આખ્યાયિકાઓ અને જ્ઞાનવર્ધક ઉપદેશાત્મક પ્રસંગો ઉપાખ્યાનો ઉમેર્યા હશે. પરિણામે મહાભારત રૂપી બૃહદોત્તમ ગ્રંથ તૈયાર થયો.*

*જે તે પ્રદેશના કવિઓ, વિદ્વાનો, ભાટ-ચારનો, લહિયાઓએ તેમાં પ્રાદેશિક કથાઓ માન્યતાઓ વગેરે ઉમેર્યા જેથી અનેક પુરાણકથાઓ ઈતિહાસ વેગેરે ઉમેરાતું ગયું. સાથે સાથે દર્શનો, વાદો, પરંપરાઓ, આખ્યાન-ઉપાખ્યાનો ઉમેરાતાં ગયા અને આમ ઝાઝા હાથનું સર્જન તથા અનેક પેઢીનું તૈયાર થયેલું મહાભારતનું વિશાળ કદ તૈયાર થઈ ગયું.*

મહાભારતના ત્રણ સંસ્કરણોને નીચે આપેલ કોષ્ટક મુજબ સમજી શકાય.

| ક્રમ | સંસ્કરણ (આવૃત્તિ) | શ્લોક સંખ્યા | રચયિતા/કર્તા | કથા વિવરણ | કોણ કોને કહે છે |
|---|---|---|---|---|---|
| 1. | જય | 8800 | વ્યાસ | પાંડવો કૌરવોનો સંઘર્ષ | વ્યાસજી રચીને પોતાના શિષ્યો વૈશમ્પાયન વગેરેને કહે છે |
| 2. | ભારત | 24000 | વૈશમ્પાયન | કુરુ કુળની વંશાવલી | સર્પ સત્રમાં વૈશમ્પાયનજયમેજયને કહે છે. |
| 3. | મહાભારત | 100000 | સુતમુનિ | સુતમુનિ અનેક આખ્યાન,ઉપાખ્યાન ઉમેરાયા,અઢાર પર્વો અને ઉપમેયો-અધ્યાયોમાં વિભાજીત કરવુંપડ્યું. | 12 વર્ષ ચાલવાવાળા દીર્ધસત્ર યજ્ઞમાં સુતમુનિ શૌનક આદિ ઋષિઓએને કહે છે. |

આમ અનેક હાથો અને સદીઓનું સર્જન મહાભારતનો મૂળ ભાગ અને ઉમેરાયેલો (પ્રક્ષિપ્ત) ભાગ નક્કી કરવાનું મુશ્કેલ બન્યું છે. પરંતુ તેમ છતાં મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલ જૂના શહેરમાં ભાંડાસ્કર ઓરિયેન્ટલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં મહાભારતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. દેશ વિદેશમાં ઉપલબ્ધ અનેક પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો આધાર લઈને તૈયાર કરવામાં આવેલ આ આવૃત્તિનો ઉપયોગ ઉચ્ચ અધ્યયન તથા સંશોધન વિવેચન કરવામાં થાય છે.

**મહાભારત**

મહાભારત તેના નામ પ્રમાણે મોટું છે તેનું નામ કેમ પડ્યું તેના વિશે કહેવાયું છે કે-

**महत्त्वात् भाश्वत्वात् च महाभाश्तमुच्यते I**

**निरुत्तमस्य यो वेद सर्वपापैः प्रमुच्यते II (મહાભારત 1-1-209)**

અર્થાત્ એ મોટું હોવાથી અને વળી, ભારવાળું હોવાથી એટલે કે ગૌરવવાળું હોવાથી મહાભારત કહેવાય છે. જે એના અર્થને જાણે છે કે સર્વ પાયોથી મુક્ત થાય છે.

મહાભારતમાં બીજું એક અર્થઘટન પણ આપ્યું છે. ै

**भाश्तानां महज्जन्म महाभाश्तमुच्यते I (મહાભારત- 1 -56 -31)**

*અર્થાત્ જેમાં ભારતવંશના મોટા રાજવીઓના જન્મનું વર્ણન આપવામાં આવ્યું છે. તેથી તેને મહાભારત કહેવાય છે.*

*મહાભારતની મોટાઈ પૂર્ણતા અને મહતા દર્શાવવા માટે* "शतसाहस्त्री संहिता' *શબ્દ વપરાય છે. અહીં* शत= 100सहस्त्र= 1000 *થાય છે. તેથી* शतXसहस्त्र(100x 1000 = 100000)*આમ એક લાખ શ્લોક થાય છે. આમ ગાણિતિક પદ્ધતિથી તેને* शतसाहस्त्री*કહે છે.*

*આ મહાભારત ગ્રંથ આઢાર પર્વોમાં વિભક્ત છે તે દરેકને પણ પેટા વિભાગમાં પર્વ જ નામ આપ્યું છે અને તે (૩૫) પર્વ આધ્યાયોમાં વિભક્ત છે. મહાભારતનો મુખ્ય રસ શાંત મનાય છે અને મુખ્યત્વે અનુષ્ટુપ્ છંદ પ્રયોજાયો છે.*

*મહાભારતમાં કુલ અઢાર પર્વો છે. જે અનુક્રમે આ પ્રમાણે છે'.* (1)*આદિપર્વ* (2)*સભાપર્વ* (3)*અરણ્યપર્વ (વનપર્વ)* (4)*વિરાટપર્વ* (5)*ઉદ્યોગપર્વ* (6) *ભીષ્મપર્વ* (7)*દ્રોણપર્વ* (8)*કર્ણપર્વ* (9)*શલ્યપર્વ* (10)*સૌપ્તિકપર્વ* (11)*સ્ત્રીપર્વ* (12)*શાંતિપર્વ* (13)*અનુશાસનપર્વ* (14)*અશ્વમેઘપર્વ* (15)*આશ્રમવાસિકપર્વ* (16)*મૌસલપર્વ* (17)*મહાપ્રસ્થાનિક પર્વ અને* (18)*સ્વર્ગારોહણ પર્વ આનો વિગતવાર ક્રમશઃ આપણે પરિચય કેળવીશું.*

**(1.) આદિપર્વ :**

*દુષ્યંત શકુંતલા પુત્ર ભરત જ્યાં રાજ્ય કરતો હતો, તે ભૂમિ કુરુક્ષેત્ર આજના દિલ્હી શહેરની ઈશાન દિશામાં 57 માઈલ દૂર હસ્તિનાપુર નામની રાજધાની હતી. આ વંશમાં શંતનું નામે રાજા થયો. તેના પ્રથમ લગ્ન ગંગા સાથે થયાં હતા તેનાથી જન્મેલ એક પુત્ર* देवव्रत *(દેવવ્રત), ભીષ્મ કે જેણે આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી હતી શાંતનુની બીજી પત્ની સત્યવતી (મત્યગંધા) હતી. તેનાથી બે પુત્રો જન્મ્યા* (1)*ચિત્રાંગદ કે જે ગંધર્વો સાથેના યુદ્ધમાં મરાયો તેને કોઈ સંતાન ન હતું.* (2)*વિચિત્ર વીર્ય કે જે નિઃસંતાન મરાયો હતો. તેની બે પત્નીઓ અંબિકા અને અંબાલિકા હતી. વ્યાસે નિયોગ કરીને અંબિકાથી ધ્રુતરાષ્ટ્ર, અંબાલિકાથી પાડું અને દાસીથી વિદુરને જન્માવ્યા હતા. જ્યેષ્ઠ પુત્ર ધુતરાષ્ટ્ર અંધ હોવાથી પાંડુને ગાડી મળી. તે પાંડુ રાજાને ક્રમશઃ પાંચપુત્રો હતા.* (1)*યુધિષ્ઠિર* (2)*ભીમ* (3)*અર્જુન* (4)*નકુલ અને* (5)*સહદેવ. જેઓ પાંડવો તરીકે ઓળખાય છે'. જયારે ધૃતરાષ્ટ્રને દુર્યોધન વગેરે* 99 *પુત્રો હતા; કે જેઓ કૌરવો તરીકે ઓળખાય છે. પાંડુનું અકાળે મૃત્યુ થતાં ધૃતરાષ્ટ્રે રાજગાદી સાંભળી તેઓ પાંડુના પુત્રોને રાજ્ય ન મળે તે માટે અનેક કાવતરાં કરતા હતા તેથી તેઓ હસ્તિનાપુર છોડી પાંચાલના રાજા દ્રુપદની નગરીમાં ગયા ત્યાં અર્જુને સ્વયંવરમાં દ્રુપદની પુત્રી દ્રૌપદીને જીતી, માતાની આજ્ઞા અને પૂર્વ જન્મના શ્રાપના કારણે દ્રૌપદી પાંચેય પાંડવોની પત્ની બની.. ધૃતરાષ્ટ્રે પાંડવોને ઈન્દ્રપ્રસ્થ (હાલનું દિલ્હી) નગર રહેવા આપ્યું.*

**(2.) સભાગૃહ :**

*પાંડવોએ મયદાનવ પાસે ઈન્દ્રપ્રસ્થમાં અદભૂત મહેલ બનાવડાવ્યો. દુર્યોધને પોતાના મામાની મદદથી પાંડવોને જુગાર રમવા હસ્તિનાપુર બોલાવ્યા અને ત્યાં પાંડવો બધી જ સંપત્તિ હારી ગયા. જુગારની શરત મુજબ પાંડવોને બાર વર્ષનો વનવાસ અને તેરમું વર્ષ અજ્ઞાતવાસમાં વિતાવવાનું હતું.*

**(3.) વનપર્વ :**

*પાંડવો સહિત કુંતા અને દ્રૌપદી નગર છોડીને વનમાં જઈને રહે છે. વનવાસ દરમ્યાન તેમણે સુખ-દુ:ખ ભોગવ્યાં. અહીં અનેક ઋષીઓના આશ્રમમાં તેમને સાંત્વના મળે તેવા ઉપાખ્યાન આખ્યાન સાંભળ્યા તથા અનેક સિધ્ધિઓ મેળવી.*

**(4.) વિરાટપર્વ :**

*અજ્ઞાતવાસમાં પાંડવો વિરાટના રાજ્યમાં જઈને રહે છે. ભીષ્મ સહિત કૌરવો શક જવાથી વિરાટ રાજા ઉપર આક્રમણ કરે છે પરંતુ પાંડવો પોતાના પરાક્રમથી બધાને હરાવી ભગાડી મુકે છે. અને પાંડવોની સાચી ઓળખ વિરાટ રાજાને થાય છે તે ખુશ થઈને પોતાની પુત્રી ઉત્તરાના લગ્ન અર્જુનના પુત્ર અભિમન્યુ સાથે કરાવે છે.*

**(5) ઉદ્યોગપર્વ :**

*તેર વર્ષનો વનવાસ ભોગવી પાછા આવીને પાંડવોએ કૌરવો પાસે રાજ્યાધિકારની માંગણી કરી પણ દુર્યોધને સોયની અણી જેટલી પણ ભૂમિ આપવાની ના પાડી. શ્રી કૃષ્ણએ વચ્ચે રહીને સમાધાન કરાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ નિષ્ફળ રહ્યા. પરિણામે કુરુક્ષેત્રના મેદાન ઉપર બંને પક્ષે મળીને 18 અક્ષૌહિણી સેના યુદ્ધ માટે સામ-સામે આવી ગઈ.*

**(6) ભીષ્મપર્વ (7) દ્રોણપર્વ (8) કર્ણપર્વ અને (9)શલ્યપર્વ**

*મહાભારતનું યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું તેમાં કૌરવ પક્ષના અનુક્રમે ભીષ્મ, દ્રૌણ, કર્ણ, શલ્ય, સેનાપતિ બન્યા તેના આધારે પર્વોના નામ પાડ્યા છે. જેમ કે છઠ્ઠો ભીષ્મપર્વ, સાતમો દ્રૌણપર્વ આઠમો કર્ણપર્વ અને નવમો શલ્યપર્વ અહીં છઠ્ઠા ભીષ્મપર્વમાં 25 થી 42 સુધીના અઢાર અધ્યાયોમાં શ્રીમદ્ ભગવદ્ગીતા આવે છે.*

**(10) સૌપ્તિક પર્વ :**

*આ પર્વમાં દ્રૌણપુત્ર અશ્વત્થામા દ્વારા પાંડવોના પુત્રોને મારી નાખે છે અને દ્રૌપદી વિલાપ કરે છે ઈત્યાદિ વર્ણન આવે છે.*

**(11) સ્ત્રીપર્વ :**

*સ્ત્રીપર્વમાં કૌરવો પાંડવો વચ્ચે રહેલી સ્ત્રીઓ પોતાના પતિ ઈત્યાદિ સ્નેહી જનોના મૃત્યુના કારણે શોક કરે છે તેનું વર્ણન છે તથા કુંતીનું કર્ણ પોતાનો પુત્ર છે તે યુધિષ્ઠિર વગેરે પાંડવોને જણાવે છે તેનું વર્ણન છે.*

**(12) શાંતિપર્વ :**

*બાણશય્યા પર પડેલ ભીષ્મ પિતામહ યુધિષ્ઠિર પાંડવોને ધર્મ દર્શન, રાજનીતિ અને આધ્યાત્મ જ્ઞાન વિશે વિષદ્ ચર્ચા કરે છે.*

**(13) અનુશાસન પર્વ :**

*ભીષ્મ યુધિષ્ઠિર પાંડવોને તથા ઋષિઓને કર્મ, તપ, ધર્મ અને દાનનો મહિમા સમજાવે છે. વિષ્ણુ સહસ્ત્રનામ આ પર્વમાં જ આવે છે. અંતે ભીષ્મ પ્રાણ ત્યાગ કરે છે ઈત્યાદિ ચર્ચા કરી છે.*

**(14) અશ્વમેઘ પર્વ :**

*આ પર્વમાં ધૃતરાષ્ટ્ર અને યુધિષ્ઠિર વગેરે પાંડવો વચ્ચે સમજૂતી થાય છે. યુધિષ્ઠિરને હસ્તિનાપુરનો રાજા બનાવાય છે અને પાંડવો અશ્વમેઘ યજ્ઞ કરે છે. તેનું વર્ણન છે.*

**(15) આશ્રમવાસિક પર્વ :**

*વ્યાસજીના રહેવાથી ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતી વનમાં રહેવા જાય છે ત્યાં આશ્રમમાં પવિત્ર જીવન જીવે છે. વનમાં દાવાનળ લાગે છે તેમાં આ ત્રણેય મૃત્યુ પામે છે.*

**(16) મૌસલપર્વ :**

*ઋષિ દુર્વાસાના શ્રાપથી સામ્બના પેટમાં મુસળની ઉત્પત્તિ અને સમુદ્ર તટ ઉપર ચૂર્ણ બનાવીને ફેકવું અને તે ચૂર્ણનું ઊગવું તથા પ્રભાસ પાટણ ક્ષેત્રમાં યાદવ પ્રજા અંદરો અંદર લડીને મૃત્યુ પામે છે. શ્રી કૃષ્ણ દ્વારકાને સમુદ્રમાં ડુબાડી દે છે ત્યાર બાદ પારધીના બાણ વાગવાથી શ્રીકૃષ્ણનું મૃત્યુ થાય છે તથા શ્રીકૃષ્ણ અને બલરામ પરમધામ ગમન કરે છે.*

**(17) મહાપ્રસ્થાનિકપર્વ :**

*પાંડવો અર્જુનના પૌત્ર (અભિમન્યુના પુત્ર) પરીક્ષિતને હસ્તિનાપુરનું રાજ્ય સોંપીને હિમાલય તરફ મહાપ્રસ્થાન કરે છે. ત્યાં મેરુ નામના પર્વત આગળ એક પછી એક યુધિષ્ઠિર સિવાય પાંડવો મૃત્યુ પામે છે અને યુધિષ્ઠિર સંદેહ સ્વર્ગે થાય છે.*

**(18) સ્વર્ગારોહણ પર્વ :**

*પરીક્ષિત રાજાને મુનિના શાપના કારણે તક્ષક નાગ કરડે છે; અને તે મૃત્યુ પામે છે. પરીક્ષિતનો પુત્ર જયમેજય સર્પો ઉપર વેર વાળવા મોટો સર્પસત્રયજ્ઞ કરે છે. વ્યાસમુનિના કહેવાથી જયમેજય તે યજ્ઞ રોકી દે છે. આ યજ્ઞ સમયે, વ્યાસના કહેવાથી તેમના શિષ્ય વૈશમ્પાયન જયમેજયને મહાભારતની કથા કહે છે.*

*આ અઢાર પર્વને અંતે હરિવંશપર્વ કે જેણે* खिलपर्व *(પાછળથી જોડાયેલ) તરીકે પણ ઓળખાય છે. તે જોડાયેલ છે. હરિવંશપર્વને હરિવંશપુરાણ નામે પણ ઓળખાય છે. તેમાં ત્રણ પેટા પર્વ છે. (1)હરિવંશપર્વ આમાં શ્રીકૃષ્ણ પૂર્વજોનો ઈતિહાસ આલેખાયેલો છે. (2)વિષ્ણુપર્વ : આમાં વિષ્ણુ ભગવાનના વિવિધ અવતારોની વાત*

*છે તથા શ્રીકૃષ્ણએ કરેલા પરાક્રમોનું વર્ણન છે. (3)ભવિષ્યપર્વ – આ પર્વમાં 'કલિયુગ' માં થનારા અનિષ્ટો'-આસુરી પ્રભાવોનું વર્ણન કરેલ છે.*

*કૌરવો પાંડવોની યુદ્ધની મુખ્ય કથા સાથે-સાથે માનવજીવનને ઉપયોગી એવું તમામ પ્રકારનું જ્ઞાન સરળ રીતે રજૂ કર્યું છે. મહાભારત ભારતીય સમાજ નિરંતર પ્રેરણા મેળવતો રહ્યો છે અને આજે પણ મેળવી રહ્યો છે.*

## 2.11 મહાભારત પરવર્તી ગ્રંથો માટે પ્રેરણાસ્રોત

**धर्मो चार्थे च कामे च मोक्षे च भश्तर्षेभ ।**

**यदिशकित तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् ll (મહાભારત = 18-5-38)**

**અથાત્ :** *ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોની બાબતમાં અહીં (મહાભારત) જે કહેવાયું છે તે જ અન્ય જગ્યાએ છે. અહીં (મહાભારતમાં) જે નથી તે અન્ય બીજી કોઈ જગ્યાએ નથી.*

*આમ આ મહાભારત એ પરવર્તી ગ્રંથો માટે આદર્શ અને પ્રેરણાદાયક છે. આ ગ્રંથ અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને કામશાસ્ત્રનો પણ ગ્રંથ છે. સાથે-સાથે વિશ્વકોશ ગ્રંથ રૂપે પણ પ્રતિષ્ઠિત છે."આના (મહાભારત) પરિશીલનથી તેના પછીના યુગમાં 'કવિબુદ્ધિ' જન્મશે". આ વ્યાસ ઉક્તિ પ્રમાણે પ્રતિષ્ઠ સંસ્કૃત સાહિત્યના ગ્રંથો માટે ગંગોત્રી રૂપે મૂળ સ્રોત બની રહેલ છે.*

*મહાભારતનો આધાર લઈને કેટલાંય મહાકાવ્યો નાટકો, ચંપુકાવ્યો રચાયા છે. તેને જોઈશું.*

**મહાભારત પર આધારિત મહાકાવ્યો :**

| **મહાકાવ્યો** | **કર્તા** |
|---|---|
| (१) शिशुपालवधम् | माघः |
| (२) नैषधियचरितम् | श्रीहर्षः |
| (३) किशताजुर्नियम् | भाश्वी |

**મહાભારત પર આધારિત નાટકો' :**

| **નાટક** | **કર્તા** |
|---|---|
| अभिज्ञानशाकुन्तलम् | कालिदास |
| वेणीसंहाश | भट्टनाशयण |
| बालभाश्त | शजशेखश |
| दूतघटोत्कच | भास |

| | |
|---|---|
| दूतवाक्यम् | भास |
| कर्णभारम् | भास |
| मध्यमव्यायोग | भास |
| पञ्चरात्रम् | भास |
| उरुभंगम् | भास |

**મહાભારત પર આધારિત ચંપૂકાવ્ય**

| *ચંપૂકાવ્ય* | *કર્તા* |
|---|---|
| नलचम्पू | त्रीविक्रमभट्ट |
| भारतचम्पू | अनन्तभट्ट |
| पाञ्चालीस्वयंम्वरचम्पू | नारायणभट्ट |
| द्रौपदीपरिणयचम्पु | चन्द्रकवि |

*આમ, મહાભારતનો આધાર રાખીને અનેક કવિઓએ પોતાની કલમ અજમાવીને યશને પામ્યા છે.*

**તમારી પ્રગતિ ચકાસો**

1.*રામાયણ અને મહાભારતની સંજ્ઞાઓ.*

______________________________

______________________________

______________________________

2.*મહર્ષિ વાલ્મિકીનું જીવન અને સમય.*

______________________________

______________________________

______________________________

3.*રામાયણ પરિચય.*

______________________________

______________________________

______________________________

4.*મહર્ષિ વેદ વ્યાસનું જીવન અને સમય.*

______________________________

______________________________

______________________________

5.*મહાભારતના ત્રણ સંસ્કરણો.*

______________________________

______________________________

______________________________

6.મહાભારતનો પરિચય.

---

---

---

**બહુવૈકલ્પિક પ્રશ્નો**

1.રામાયણમાં કેટલા કાંડો છે?

(A) 5 (B) 6 (C) 7 (D) 8

2.રામાયણમાં કેટલા શ્લોકો છે?

(A) 12,000 (B) 24,000 (C) 28,000 (D) 32,000

3.આદિકવિ તરીકે કોણ ઓળખાય છે?

(A) વાલ્મિકી (B) વ્યાસ (C) કાલિદાસ (D) ભાસ

4.અયોધ્યાનગરી કઈ નદીના કિનારે આવેલ છે?

(A)તમસા (B) ગંગા (C) યમુના (D) સરયૂ

5 કિષ્કિંધા કોની નગરી છે?

(A) રાવણ (B) રામ (C) સુગ્રીવ (D) મયદાનવ

6.રામાયણની સમીક્ષિત આવૃત્તિ કયા શહેરમાં તૈયાર કરવામાં આવી?

(A) પૂના (B) વડોદરા (C) મુંબઈ (D) અયોધ્યા

7.વ્યાસજી ક્યા ઋષિના પુત્ર માનવામાં આવે છે?

(A)ભૃગુ (B)અગત્સ્ય (C)ચ્યવન (D)પરાશર

8.ભારત કાવ્યના રચયિતા કોને માનવામાં આવે છે?

(A)સુમંતુ (B)વૈશમ્પાયન (C) વ્યાસ (D) સુતમુનિ

9.મહાભારતમાં કેટલા પર્વ છે?

(A) 18 (B) 28 (C) 38 (D) 48

10. 'ભગવદ્ ગીતા' મહાભારતના કયા પર્વ અંતર્ગત આવે છે?

(A) સભાપર્વ (B) કર્ણપર્વ (C) ભીષ્મપર્વ (D) શલ્પપર્વ

11.અભિમન્યુના પુત્રનું નામ જણાવો?

(A) જયમેજય (B) કૃતવર્મા (C) બર્બરીક (D) પરીક્ષિત

---

**લેખક : ડૉ. વિનોદ માજીરાણા, આસીસટન્ટ પ્રોફેસર,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

---

# એકમ : 3 :વાલ્મીકિ અને વ્યાસ

## રૂપરેખા


**3.0 ઉદ્દેશ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 વાલ્મીકિ અને વ્યાસ**

**3.2.1 વાલ્મીકિ**

**3.2.2 વ્યાસ**

**3.3 તમારી પ્રગતિ ચકાસો**

**3.4 સંદર્ભ ગ્રંથો**


## 3.0 ઉદ્દેશ

*આ એકમના અધ્યયનથી વિદ્યાર્થીમિત્રો*

- *આદિકવિવાલ્મીકિના જીવન અને રામાયણની રચના વિશે જ્ઞાન મેળવશે.*
- *આદિકવિવાલ્મીકિ અને મહર્ષિ વેદવ્યાસના ભારતીયસંસ્કૃતિમાં પ્રદાન વિશે સજાગબનશે.*
- *મહર્ષિ વેદવ્યાસના જીવન અને મહાભારતની રચના વિશે જ્ઞાનપ્રાપ્ત કરશે.*
- *ઈતિહાસબોધ અને વિશ્લેષણાત્મક અભિગમ કેળવશે.*

## 3.1 પ્રસ્તાવના

*રામાયણ અને મહાભારત એ સંસ્કૃત સાહિત્યના પ્રાચીનતમ કાવ્યો છે. આ બંને કાવ્યોને વીરચરિત કાવ્યો અને વિકાસશીલ મહાકાવ્યો તરીકેની ઓળખ પ્રાપ્ત થઈ છે. આ બંને મહાકાવ્યોમાં તત્કાલીન ભારતીય સમાજ, સંસ્કૃતિ અને આદર્શોનું પ્રતિબિંબ ઝીલાયું છે.*

*પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો પ્રારંભ જ રામાયણથી થાય છે તેમ સ્વીકારવામાં આવ્યું છે. આમ, રામાયણ એ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનું સૌ પ્રથમ કાવ્ય એટલે કે આદિકાવ્ય છે અને તેના રચયિતા મહર્ષિ વાલ્મીકિ આદિકવિ છે. મહર્ષિ વાલ્મીકિ રચિત આ મહાકાવ્ય રામાયણનું મહત્ત્વ દર્શાવતાં બ્રહ્માજીએ કહ્યું છે કે,*

यावतस्थास्यन्ति गिरय: सरितश्च महीतले । तावत्रामायणकथा लोकेषु प्रचरिष्यति ॥*અર્થાત્, જ્યાં સુધી આ પૃથ્વી ઉપર સરિતાઓ અને પર્વતો ટકી રહેશે ત્યાં સુધી*

*રામની આ કથા પણ લોકમાં પ્રચલિત થયા કરશે. વર્તમાન સમયમાં આપણે જોઈ શકીએ છીએ કે હજારો વર્ષોનાં વહાણાં વાઈ જવા છતાં ય આજે રામકથા જીવંત છે, પ્રસ્તુત છે.*

*મહાભારતની પ્રશસ્તિ કરતાં કહેવાયું છે કે, જે મહાભારતમાં પ્રાપ્ત થતું નથી એ સમગ્ર ભારતવર્ષમાં જોવા મળતું નથી, અર્થાત્ મહાભારતમાં સમગ્ર ભારતવર્ષનું સચોટ પ્રતિબિંબ પ્રાપ્ત થાય છે, એ સામાજિક રીવાજો, સંબંધો અને પરંપરાની દૃષ્ટિએ, આર્થિક, રાજકીય, તત્ત્વજ્ઞાન; એમ દરેક સંદર્ભે સત્ય છે.*

## 3.2 વાલ્મીકિ અને વ્યાસ

*આ એકમમાં આપણે આદિ મહાકાવ્ય રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિ અને અદ્ભુત મહાકાવ્ય મહાભારતના રચયિતા વ્યાસ વિશે અધ્યયન કરીશું.*

### 3.2.1 વાલ્મીકિ

*રામાયણ એ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનું સૌ પ્રથમ કાવ્ય એટલે કે આદિકાવ્ય છે અને તેના રચયિતા મહર્ષિ વાલ્મીકિ આદિકવિ છે.*

*વાલ્મીકિ અને રામાયણની ઉત્પત્તિની કથા*

*અલબત્ત, આપણને મહર્ષિ વાલ્મીકિના જીવન કે સમય વિશે આધારભૂત માહિતી પ્રાપ્ત થતી નથી, પરંતુ બાલકાંડમાં અને ઉત્તરકાંડમાં મહર્ષિ વાલ્મીકિ વિશે કેટલાક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત, યુદ્ધકાંડના અંતે* 'पुश वाल्मीकिना कृतम्' *એવું વિધાન પ્રાપ્ત થાય છે.*

*વાલ્મીકિનો પ્રથમ ઉલ્લેખ આપણને આ મહાકાવ્યના પ્રારંભે મળે છે. અહીં કહેવામાં આવ્યું છે કે મહર્ષિ વાલ્મીકિએ નારદજીને ઉત્તમ ગુણયુક્ત નર વિશે પૃચ્છા કરી:*

**तपःस्वाध्यायनिरतं तपस्वी वाग्विदां वरम् । नारदं परिपप्रच्छ वाल्मीकिर्मुनिपुङ्गवम्॥**
**तपःस्वाध्यायनिरतं तपस्वी वाग्विदां वरम् । नारदं परिपप्रच्छ वाल्मीकिर्मुनिपुङ्गवम्॥**
**चारित्रेण च को युक्तः सर्वभूतेषु को हितः । विद्वान्कः कः समर्थश्च कश्चैकप्रियदर्शनः॥**
**आत्मवान् को जितक्रोधो द्युतिमान् कोऽनसूयकः । कस्य बिभ्यति देवाश्च जातरोषस्य संयुगे॥**
**एतदिच्छाम्यहं श्रोतुं परं कौतूहलं हि मे । महर्षे त्वं समर्थोऽसि ज्ञातुमेवंविधं नरम् ॥**

*અર્થાત્ તપસ્વી વાલ્મીકિએ જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ, ઋષિઓમાં અગ્રિમ, હંમેશા વ્રતના પાલન અને વેદોના અભ્યાસમાં રોકાયેલા દેવર્ષિ નારદને પૂછ્યું, ઓ મહર્ષિ! આ વિશાળ વિશ્વમાં સાંપ્રત સમયે સદ્ગુણી, પરાક્રમી, ધર્મજ્ઞ, કૃતજ્ઞ, સત્યવાદી અને નિશ્ચયી એવો મનુષ્ય કોણ છે? તે કોણ છે જે સત્ચરિત, સર્વ જીવોના હિતચિંતક, ઉત્તમ, વિદ્વાન સમર્થ અને પ્રિયદર્શન છે? કયો માણસ આત્મવાન, ક્રોધથી મુક્ત, પ્રકાશમાન છે? કોના ક્રોધથી યુદ્ધના મેદાનમાં દેવતાઓ પણ ડરી જાય છે? હે મહર્ષિ*

*નારદ! મારા મનમાં ખૂબ જ આતુરતા છે અને મને જે મનુષ્ય વિશે જાણવામાં રસ છે તે જણાવવા માટે તમે સંપૂર્ણપણે સક્ષમ છો. તેથી, હું તમારા મુખમાંથી જ આ બધું સાંભળવા માંગુ છું.*

*નારદજી પોતાને પુછાયેલા પ્રશ્નથી અત્યંત આનંદિત થયા અને જવાબમાં તેમણે ઈક્ષ્વાકુ કુળમાં જન્મેલા જિતેન્દ્રિય, મહાબળવાન, દ્યુતિવાન, ધૈર્યવાન, બુદ્ધિમાન, નીતિવાન, સત્યવક્તા, ઐશ્વર્યવાન અને શત્રુસંહારક તથા ગાંભીર્યવાન એવા કૌશલ્યાપુત્ર રામનું નવ શ્લોકમાં વર્ણન કર્યું.*

**बहवो दुर्लभाश्चैव ये त्वया कीर्तिता गुणाः। मुने वक्ष्याम्यहं बुद्धा तैर्युक्तः श्रूयतां नरः॥**

**इक्ष्वाकुवंशप्रभवो रामो नाम जनैः श्रुतः । नियतात्मा महावीर्यो द्युतिमान्धृतिमान्वशी॥**

**बुद्धिमान्नीतिमान्वाग्मी श्रीमान् शत्रुनिबर्हणः । विपुलांसो महाबाहुः कम्बुग्रीवो महाहनुः ॥**

**महोरस्को महेष्वासो गूढजत्रुररिन्दमः । आजानुबाहुः सुशिराः सुललाटः सुविक्रमः ॥**

**समः समविभक्ताङ्गः स्निग्धवर्णः प्रतापवान् । पीनवक्षा विशालाक्षो लक्ष्मीवान् शुभलक्षणः ॥**

**समः समविभक्ताङ्गः स्निग्धवर्णः प्रतापवान् । पीनवक्षा विशालाक्षो लक्ष्मीवान् शुभलक्षणः ॥**

**रक्षिता जीवलोकस्य धर्मस्य परिरक्षिता । वेदवेदाङ्गतत्त्वज्ञो धनुर्वेदे च निष्ठितः ॥**

**सर्वशास्त्रार्थतत्त्वज्ञः स्मृतिमान्प्रतिभानवान् । सर्वलोकप्रियः साधुरदीनात्मा विचक्षणः॥**

**सर्वदाभिगतः सद्भिः समुद्र इव सिन्धुभिः । आर्यः सर्वसमश्चैव सदैकप्रियदर्शनः ॥**

**स च सर्वगुणोपेतः कौशल्यानन्दवर्धनः । समुद्र इव गाम्भीर्ये धैर्येण हिमवानिव ॥**

**विष्णुना सदृशो वीर्ये सोमवत्प्रियदर्शनः । कालाग्निसदृशः क्रोधे क्षमया पृथिवीसमः॥**

**धनदेन समस्त्यागे सत्ये धर्म इवापरः । तमेवंगुणसम्पन्नं रामं सत्यपराक्रमम् ॥**

**ज्येष्ठं श्रेष्ठगुणैर्युक्तंप्रियं दशरथः सुतम् । यौवराज्येन संयोक्तुमैच्छत्प्रीत्या महीपतिः ॥**

*મહર્ષિ નારદે વાલ્મીકિને કહ્યું- હે વાલ્મીકિ! ધ્યાનથી સાંભળો કારણ કે તમે જે પૂછ્યા છે એ દુર્લભ ગુણો છે તે જાણીને તેનાથી યુક્ત નર વિશે હું તમને કહું છું, સાંભળો. ઈક્ષ્વાકુ વંશમાં જન્મેલા તેને લોકો 'રામ' નામથી જાણે છે, જે નિયતાત્મા, મહાપરાક્રમી, પ્રકાશવાન, ધૈર્યવાન,બુદ્ધિમાન, નીતિમાન, શ્રીમાન, શત્રુઓ પર વિજય મેળવનાર, વિશાળ ખભા, દીર્ઘબાહુ, શંખ જેવું સુંદર ગળું અને વિશાળ ચિબુક*

*ધરાવનાર છે. વિશાળ સ્કંધ, ઉત્તમ ધનુર્ધારી, ગૂઢજત્રુ, શત્રુઓનો નાશ કરનાર, ઘૂંટણ સુધીના લાંબા હાથ, સુંદર મસ્તક, સુંદર ભાલ અને આકર્ષક હલનચલન ધરાવનાર છે. સુંદર સમાન શરીર ધારણ કરતા, સ્નિગ્ધ વર્ણ ધરાવનાર, પ્રતાપી, તે આકર્ષક, બહાદુર, વિશાળ છાતી, વિશાળ નેત્ર, લક્ષ્મીવાન અને શુભ લક્ષણયુક્ત છે. રામ ધર્મના જાણકાર, સત્યવચની, લોકોના કલ્યાણમાં નિરંતર રત, યશસ્વી, જ્ઞાની, પવિત્ર, નમ્ર અને યોગી છે. જીવલોક અને ધર્મનું રક્ષણ કરનાર, વેદવેદાંગ જાણનાર અને ધનુર્વેદમાં રત રહેનાર છે. તે તમામ શાસ્ત્રોના રહસ્યોના જાણકાર છે, તે મજબૂત સ્મરણશક્તિ ધરાવે છે, પ્રતિભાથી સંપન્ન છે, બધાને પ્રિય છે, સૌમ્ય, આત્મબળવાન અને સમજદાર છે. જેમ સમુદ્ર હંમેશા નદીઓથી ઘેરાયેલો હોય છે, તેવી જ રીતે રામ હંમેશા સજ્જનોથી ઘેરાયેલા હોય છે. તે બધા સાથે સમાન રીતે વર્તે છે અને બધી પરિસ્થિતિઓમાં પ્રેમાળ દેખાય છે. માતા કૌશલ્યાના આનંદમાં વધારો કરનાર રામ સમુદ્ર જેવા ગહન અને હિમાલય જેવા ધૈર્યવાન છે. તે શક્તિમાં વિષ્ણુ સમાન અને ચંદ્ર જેવા સુંદર છે ક્રોધમાં અગ્નિ સમાન અને ક્ષમામાં પૃથ્વી જેવા  છે. દાન આપવામાં તે કુબેર સમ અને સત્ય બોલવામાં બીજા ધર્મ જેવા છે. આવા રામ દશરથના જ્યેષ્ઠ પ્રયપુત્ર છે, જેને રાજા પ્રેમવશ યુવરાજ બનાવવા ઈચ્છે છે.*

*રામના આ મહાન ગુણો સાંભળી તેમના વિચારમાં મગ્ન બનેલા મહર્ષિ વાલ્મીકિ સ્નાનાર્થે તમસા નદીના કિનારે ગયા. ત્યાં એક ક્રૌંચયુગલ પ્રેમમગ્ન બની આનંદ કરી રહ્યું હતું.  મહર્ષિ તેમના આનંદને અનુભવતા નદીકિનારે ફરી રહ્યા હતા ત્યાં જ અચાનક એક પારધિએ એ ક્રૌંચયુગલ પર બાણ છોડ્યું અને બેમાંથી એક પક્ષી મૃત્યુ પામ્યું. સાથીના મૃત્યુથી બીજું આક્રંદ કરવા લાગ્યું. આનંદિત જોડીના ખંડનને જોઈ મહર્ષિના હૃદયમાં શોક વ્યાપી વળ્યો અને એ વ્યથા મહર્ષિના મુખમાંથી શ્લોક રૂપે સરી પડીઃ*

**मा निषाद, प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समा । यतक्रौंचमिथुनादेकमवधीः काममोहितम्।**

*હે નિષાદ! પ્રેમરત ક્રૌંચયુગલમાંથી એકને તેં હણ્યું છે. આથી, તને ક્યારેય પ્રતિષ્ઠા પ્રાપ્ત નહીં થાય.*

*આ શ્લોક અનુષ્ટુપ છંદમાં રચાયો હતો. વેદો પછી સંસ્કૃત સાહિત્યમાં છંદમાં રચાયેલ આ પ્રથમ રચના હતી. આ શ્લોકની વાત જાણીને બ્રહ્માજીએ વાલ્મીકિને રામકથા રચવા સૂચન કર્યું, અને આમ, રામાયણનો પ્રારંભ થયો. પ્રશિષ્ટ સંસ્કૃત સહિત્યનો પણ અહીંથી આરંભ થયો. આથી, મહર્ષિ વાલ્મીકિને 'આદિકવિ'નું બિરુદ મળ્યું અને રામાયણ એ પ્રથમ કાવ્ય એટલે કે આદિકાવ્ય તરીકે પ્રચલિત બન્યું. રામાયણને આદિકાવ્ય ઉપરાંત, આર્ષમહાકાવ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. વળી, પરાક્રમી રામની કથા હોઈ એ વીરચરિત કાવ્ય મનાયું છે ત્યારે રામાયણનું મૂલ્યાંકન કરતાં શ્રી રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે, 'રામાયણને કેવળ મહાકાવ્ય કહે ચાલશે નહીં, તે ઈતિહાસ પણ છે'. અને આ ઈતિહાસના રચયિતા વાલ્મીકિ છે.*

**વાલ્મીકિ: જીવન અને સમય**

*વાલ્મીકિની પ્રશંસા કરતો એક લોકપ્રિય સંસ્કૃત શ્લોક બહુ પ્રખ્યાત છેઃ કવિતા રૂપી શાખા પર આરોહણ કરીને રામ-રામ એવા  મધુર અક્ષરોનું કૂજન કરતા વાલ્મીકિ રૂપી કોકિલાને હું વંદન કરું છું.*

कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम्। आरुह्य कविताशाखां वन्दे वाल्मीकिकोकिलम्॥

*ટી.એચ. ગ્રિફિથ આ શ્લોકનું રસાળ ભાષાંતર આ પ્રમાણે કરે છેઃ*

Praise to Valmiki, bird of charming song,

Who mounts on Po[a]ry's sublimest spray,

And swe[a]ly sings with accents clear and strong Rama aye

Rama, in his deathless lay.

*મહર્ષિ વાલ્મીકિના જીવન અને સમય વિશે બહુ ઓછી માહિતી પ્રાપ્ત થાય  છે. કેટલાંક પ્રાચીન સ્રોત વાલ્મીકિ નામના ત્રણ વ્યક્તિઓ થઈ ગયા હોવાનું દર્શાવે છે. તૈત્તિરીય પ્રાતિશાખ્ય અનુસાર એક વ્યાકરણશાસ્ત્રી વાલ્મીકિ હતા, જેમનાં રચેલ સૂત્રો અગિયારમી સદીમાં થયેલ હેમચંદ્ર દ્વારા ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. મહાભારતના ઉદ્યોગ પર્વમાં સુપર્ણ વાલ્મીકિનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે વિષ્ણુના ભક્ત હોવાનું કહેવાય છે. આ બેમાંથી એક પણ વાલ્મીકિ, રામાયણના રચયિતા કવિ વાલ્મીકિ નથી એમ યાકોબી, 'ધ રામાયણ'માં દર્શાવે છે. રામાયણના કર્તા શિવભક્ત હતા એમ સ્કન્દપુરાણ નોંધે છે.*

*મહાભારતના દ્રોણ પર્વમાં ભાર્ગવ વાલ્મીકિનો ઉલ્લેખ જોવા મળે છે. આ ત્રીજો વાલ્મીકિ ભાર્ગવ ગોત્ર અથવા બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યો હતો અને તે, સંભવતઃ, આપણા કવિ વાલ્મીકિ હોય તેમ જણાય છે. આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે રામાયણના શરૂઆતના શ્લોકમાં વાલ્મીકિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એ સિવાય કોઈ માહિતી આપવામાં આવી નથી. જો કે રામાયણના ઉત્તરકાંડમાં વાલ્મીકિ વિશે કેટલીક વધુ માહિતી પ્રાપ્ત થાય છે.*

*ઉત્તરકાંડમાં વાલ્મીકિ પોતાના વિશે રામને સંબોધીને કહે છે કે, "હું પ્રચેતસનો દસમો પુત્ર છું, તમે કલંકથી ડરો છો. સીતા તેના બે પુત્રો સાથે મારી સાથે અહીં આવી છે અને હું તને તેની નિર્દોષતાનો પુરાવો આપીશ." હવે પ્રચેતસ વરુણનું બીજું નામ છે. શતપથ બ્રાહ્મણ અનુસાર વરુણને બે પુત્રો હતા; ભૃગુ અને વાલ્મીકિ. વિષ્ણુ, મત્સ્ય અને ભાગવત પુરાણ દ્વારા આ કથાની પુષ્ટિ થાય છે.*

*'વલ્મિક' શબ્દનો અર્થ રાફડો થાય છે. ભૃગુવંશજ ચ્યવન પણ આ નામ સાથે સંકળાયેલા છે. એવું કહેવાય છે કે એકવાર તેમનું તપ એટલું દીર્ઘ હતું તેમનું આખું શરીર રાફડાથી ઢંકાઈ ગયું હતું. માટીના એ ઢગલામાંથી માત્ર તેમની બે આંખો ચમકતી હતી. સંભવ છે કે રાફડાની આ વાર્તા, પાછળથી સમય જતાં વાલ્મીકિ સાથે પણ જોડાઈ ગઈ હોય અને એ નામ પણ તેમની સાથે જોડાઈ ગયું હોય.*

*કૃત્તિવાસ રામાયણનું બંગાળી સંસ્કરણ વાલ્મીકિ ચ્યવનના પુત્ર હોવાનો દાવો કરે છે, તેમના અનુસાર રાફડાથી છવાયેલા ચ્યવન વલ્મીકિ અને તેમના પુત્ર વાલ્મીકિ છે. રામાયણમાં વાલ્મીકિ સાથે સંબંધ જોડ્યા વિના ભાર્ગવ ચ્યવનનો બે વાર નામથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈસવીસનની પ્રથમ સદીના પ્રારંભે અશ્વઘોષે જાહેર કર્યું હતું કે;*

'वाल्मीकिशदौ च ससर्ज पद्यं जग्रन्थ: यन्न च्यवनो महर्षि:' *।' (બુદ્ધચરિત* 1-43)

*અર્થાત્ સહુ પ્રથમ શ્લોકની રચના વાલ્મીકિ કરી શક્યા હતા, જ્યારે ચ્યવન જેવા પૂર્વે થઈ ગયેલા ઋષિઓ આ પ્રયાસમાં નિષ્ફળ ગયા હતા.'*

*વાલ્મીકિ સાથે જોડાયેલી એક લોકપ્રિય દંતકથા છે, જે બહુ જાણીતી છે. આ દંતકથા વાલ્મીકિને લૂંટારા તરીકે દર્શાવે છે, જે પોતાના પાપોમાંથી મુક્તિ મેળવવા સક્ષમ બને છે અને પછીથી કવિ તરીકેનું પદ પ્રાપ્ત કરે છે.*

*આ કથા કે તેનો ઉલ્લેખ પણ આપણને રામાયણમાં પ્રાપ્ત થતા નથી, પરંતુ વાલ્મીકિનો લૂંટારા તરીકેનો સૌથી પહેલો સંદર્ભ સ્કંદપુરાણમાં જોવા મળે છે. અધ્યાત્મ રામાયણના અયોધ્યાકાંડામાં આ કથા આ પ્રકારે કહેવાઈ છે, જેની શરૂઆત આ શ્લોકથી થાય છે;*

अहं पुरा किरातेषु किरातैः सह वर्धितः  जन्ममात्रद्विजत्वं मे शुद्राचाररतः सदा ॥

*'હું બ્રાહ્મણ માતા-પિતાને ત્યાં જન્મેલ પુત્ર હતો. પાલક કિરાત માતા-પિતા દ્વારા મારો ઉછેર થયો જેથી હું શુદ્રની જેમ વર્તન કરતો થયો. મેં એક શુદ્ર સ્ત્રી સાથે લગ્ન કર્યાં અને તેના દ્વારા મને ઘણાં બાળકો થયાં. તે દિવસોમાં ધનુષ અને બાણથી સજ્જ થઈને હું શિકારની શોધમાં જંગલમાં ફરતો રહેતો. તે જ પ્રમાણે શિકાર શોધી રહેલાં મને એક દિવસ જંગલમાં સપ્તર્ષિ મળ્યા. તેમની પાસેની વસ્તુઓ લૂંટવા માટે મેં તેમને પકડી લીધા. ત્યારે ઋષિઓએ મને પૂછ્યું, 'હે યુવાન! શું તમારી પત્ની અને બાળકો આ ગુનામાં તમારા ભાગીદાર છે?' મેં કહ્યું, 'મને ખબર નથી.' પછી ઋષિમુનિઓએ મને કહ્યું કે, ઘેર પાછા જાઓ અને તમારા કુટુંબના સભ્યોને આ પ્રશ્ન પૂછી જવાબ લઈ આવો. તમે આવો ત્યાં સુધી અમે અહીં તમારી રાહ જોઈશું. હું ઘેર પહોંચ્યો અને મેં પ્રથમ મારી પત્નીને પૂછ્યું કે, શું તે મારા ગુનાના પરિણામોની ભાગીદાર બનશે? તેણે કહ્યું, 'ના, તમારાં કાર્યો માટે ફક્ત તમે જ જવાબદાર છો!' પછી મેં મારાં બાળકોને તે જ પ્રશ્ન કર્યો અને તેમણે પણ તેવો જ જવાબ આપ્યો. મારા અપરાધનાં પરિણામને વહેંચવા માટે કોઈ તૈયાર નહોતું, જ્યારે કે બધાએ તેના ફળનો આનંદ માણ્યો હતો! આનાથી મારી આંખો ખુલી અને મારા પસ્તાવાનો પાર ણ રહ્યો. હું સપ્તર્ષિઓ પાસે પાછો ગયો અને મારાં બાળકો અને મારી પત્નીનો જવાબ તેમને કહ્યો. ત્યારે સપ્તર્ષિઓએ મને તેમના આશ્રયમાં લીધો. તેમણે મને અવિરત પુનરાવર્તન કરવા માટે 'રામ' નામના વિપરીત અક્ષરો આપ્યા. હું 'મરા-મરા-મરા' અક્ષરોનું પુનરાવર્તન ત્યાં સુધી કરતો રહ્યો, જ્યાં સુધી હું હોશ ગુમાવી ન બેઠો. શબ્દો 'રામ-રામ-રામ' જેવા નીકળતા હતા અને મારું શરીર જડ બની ગયું હતું! યુગો વીતી ગયા*

*બાદ સાત ઋષિઓ ફરીથી આવી ચડ્યા. મારા શરીરની આસપાસ રાફડો બની ગયો હતો. તેમણે મને રાફડામાંથી બહાર કાઢ્યો અને કહ્યું, 'તમે રાફડા(વલ્મિક)માંથી બહાર આવ્યા છો, તેથી આ તમારો વાલ્મીકિ તરીકે આ પુનર્જન્મ છે. હવે જાઓ, વિશ્વનું કલ્યાણ કરો અને રામાયણનું સર્જન કરો.*

*જે. પી. મિત્તલ અનુસાર મહર્ષિ વાલ્મીકિ ઈસવીસન પૂર્વે 4320માં થઈ ગયા. સુમાલી ભૃગુ ગોત્રના બ્રાહ્મણ હતા અને તેમની પત્ની કૌશિક ગોત્રની પુત્રી હતી. સુમાલીને એક પુત્ર હતો, જેનું નામ અગ્નિશર્મા હતું. અગ્નિશર્માને વેદોના અભ્યાસમાં કોઈ રસ નહોતો. દેશમાં એકવાર દુકાળ પડ્યો. ઘણા લોકો દક્ષિણ તરફ ચાલ્યા ગયા. સુમાલી પણ પોતાની પત્ની અને પુત્ર સાથે ત્યાંથી નીકળી ગયા અને વિદિશાના જંગલમાં બેતવા નદીના કિનારે આશ્રમ બનાવ્યો.*

*અગ્નિશર્માને વેદોના અધ્યયનમાં રસ ન હતો. તે લૂંટારો બની ગયો અને લૂંટારાઓનો નેતા પણ બન્યો હતો. તે રસ્તેથી પસાર થનારને તે લૂંટતો હતો.*

*તે દરમિયાન અગ્નિશર્મા એક વાર રસ્તેથી પોતાના શિષ્યો સાથે ત્યાંથી પસાર થઈ રહેલા અત્રિ ઋષિને મળ્યો. અગ્નિશર્માએ તેમને તેમના પગરખાં, છત્રીઓ, કપડાં વગેરે સહિત બધું જ તેમને સોંપી દેવાનો આદેશ આપ્યો. અત્રિ ઋષિએ તેને પૂછ્યું કે તેમને દુઃખ પહોંચાડવાનો વિચાર તેના મગજમાં કેવી રીતે આવ્યો? તેઓ તપસ્વી હતા અને પવિત્ર સ્થળોની યાત્રાએ જતા હતા. અગ્નિશર્માએ તેમને કહ્યું કે તેમણે પોતાના માતા-પિતા, પત્ની અને બાળકો છે. તેમણે તેમને ખોરાક પૂરો પાડવાનો હતો. જેના કારણે તે લૂંટારા બની ગયા હતા. અત્રિ ઋષિએ તેમને તેમના પરિવારના સભ્યો પાસે પાછા જવા કહ્યું અને દરેક સભ્યને પૂછવા કહ્યું કે શું તેઓ તેના દ્વારા કરાયેલા પાપમાં ભાગીદાર છે કે કેમ? જો નહીં, તો તે શા માટે આવાં પાપ કરી રહ્યો હતો જેના માટે તે એકલો જ જવાબદાર હોય.*

*અગ્નિશર્માએ ઋષિને કહ્યું કે પોતે સ્વજનોને આવો પ્રશ્ન પહેલા ક્યારેય પૂછ્યો નથી, પરંતુ આજે તે ચોક્કસપણે તેમને તે પ્રશ્ન પૂછશે. તે જાણવા માંગશે કે તેઓ શું કહે છે. ત્યાં સુધી ઋષિએ તેની રાહ જોવી પડશે. તેઓએ સ્થળ છોડવું નહીં. તેમની પૂછપરછ કરીને તે પાછો આવી જશે. ત્યારપછી અગ્નિશર્મા પોતાના ઘર તરફ રવાના થયો હતો. તેણે તેના પરિવારના સભ્યોને કહ્યું કે તેણે લૂંટ કરીને તેમને ખોરાક અને આશ્રય આપ્યો.તેને ઘેર જઈ સ્વજનોને પૂછ્યું કે, શું તેઓ તેના દ્વારા કરાયેલા પાપોના ભાગીદાર હશે? માતા-પિતાએ જવાબ આપ્યો કે તેમની સંભાળ રાખવી એ તેમની ફરજ છે. તેના દ્વારા કરવામાં આવેલા પાપમાં તેઓ ભાગીદાર ન હતા. તે એકલો જ પોતાના પાપ માટે જવાબદાર હશે. પત્નીનો જવાબ પણ એ જ હતો.*

*અગ્નિશર્માને પોતાની ભૂલનો અહેસાસ થાય છે. પોતાના પરિવારના સભ્યોની જવાબ સાંભળ્યા પછી અગ્નિશર્માને સમજાયું કે તે જે પણ પાપ કરી રહ્યો છે તેના માટે તે એકલા જ જવાબદાર હશે. તેણે તેની લાકડી ફેંકી દીધી. તે અત્રિ ઋષિ પાસે પાછો ફર્યો અને તેમના પગને સ્પર્શ કર્યા પછી તેણે કહ્યું કે તેના દ્વારા કરવામાં આવેલા પાપો માટે તે એકલા જ જવાબદાર છે. આથી, તે હવે તેમના આશ્રયે છે અને તેણે ઋષિ*

*અત્રિને વિનંતી કરી કે તે તેના દ્વારા કરવામાં આવેલા પાપોનું પ્રાયશ્ચિત કરવા માટે કોઈ રસ્તો જણાવે. હવે પછી તે આવું કામ નહિ કરે. ત્યારે અત્રિ ઋષિએ તેને કહ્યું કે તે એક ઝાડ નીચે બેસીને 'પાપ મારા મારા' (પાપોનું મૃત્યુ) શબ્દ ઉચ્ચારશે. આ શબ્દો તેને જરૂરી માર્ગદર્શન આપશે. પછી અત્રિ ઋષિ તેમના માર્ગે આગળ ચાલ્યા ગયા.*

*અગ્નિશર્માએ તેમના આદેશનું અનુકરણ કર્યું. અત્રિ ઋષિ એ જ માર્ગે ધાર્મિક સ્થળોની યાત્રા કરીને પાછા ફર્યા. ત્યારે તેમણે એ જ ઝાડમાંથી 'મરા મરા' એવો અવાજ સંભળાયો. તેમણે જોયું કે એક બ્રાહ્મણ આ શબ્દો બોલી રહ્યો હતો. તેનો ચહેરો હવે ભવ્ય અને ગૌરવપૂર્ણ હતો. અત્રિ ઋષિએ તેને કહ્યું કે, તેણે પોતાનું કામ સચેત મનથી કર્યું છે. તેણે પોતાનું મન સાફ કરી લીધું હતું. તેનું બધું અજ્ઞાન દૂર થઈ ગયું છે. હવે તેણે વેદોનો અભ્યાસ કરવો જોઈએ અને ધર્મ અને માણસના કર્તવ્ય વિશે જ્ઞાન મેળવવું જોઈએ. તેમણે આગાહી કરી કે તે એક મહાન કાવ્યનું નિર્માણ કરશે.*

*અગ્નિશર્મા વાલ્મીકિ બન્યા. અગ્નિશર્માએ ધ્યાનપૂર્વક વેદોનો અભ્યાસ કર્યો. તેમના વિદ્યાર્થીઓને શીખવવા માટે તેમણે શસ્ત્રોનો ઉપયોગ શીખ્યો. પછી તેમનો આશ્રમ અયોધ્યા પાસે તમસા નદીના કિનારે હતો અને તેઓ વાલ્મીકિ તરીકે પ્રખ્યાત થયા. અને એક દિવસ તમસા નદીના કિનારે ક્રૌંચવધ જોયો અને તેમના મુખમાંથી અનુષ્ટુપ છંદમાં શ્લોક સરી પડ્યો. અને ત્યારબાદ રામાયણનું સર્જન કર્યું.*

### વાલ્મીકિનો સમય / રામાયણમાં વાલ્મીકિ વિશે ઉલ્લેખ

*ભારતીય પરંપરા ઋષિ વાલ્મીકિને રામાયણના રચયિતા તરીકે સ્વીકારે છે. રામાયણનો સમય અને વાલ્મીકિ ઋષિનો સમય; આ બંને મુદ્દા પરસ્પર સાથે અમુક અંશે જોડાયેલા છે. અલબત્ત, રામાયણની રચનાનો કે વાલ્મીકિનો આધારભૂત સમય પ્રાપ્ત થતો નથી, પરંતુ વાલ્મીકિ માત્ર આ કાવ્યના કવિ નથી, તેઓ રામાયણમાં પાત્ર તરીકે પણ ઉલ્લેખાયા છે. ખરેખર તો આ મહાકાવ્યની એકાધિક ઘટનાઓમાં તે સહભાગી છે. ભારતીય પરંપરા માને છે કે વાલ્મીકિ રામના સમકાલીન હતા અને રામાયણની કેટલીક મહત્ત્વપૂર્ણ ઘટનાઓના સાક્ષી હતા. ઉત્તરકાંડમાં વાલ્મીકિ દશરથના નજીકના મિત્ર અને સહયોગી હોવાનો ઉલ્લેખ આવેલો છે. સગર્ભા સીતાનો વનમાં ત્યાગ કરતા સમયે રામ લક્ષ્મણને વાલ્મીકિના આશ્રમ પાસે સીતાને છોડી દેવા જણાવે છે;*

गङ्गायास्तु पारे पारे वाल्मीकेः सुमहात्मनः । आश्रमो दिव्यसंकाशस्तमसातीरमाश्रितः।

*જ્યારે લક્ષ્મણ સગર્ભા સીતાને જંગલમાં ત્યજી દેવાની કઠિન ફરજ નિભાવવા જાય છે, ત્યારે તે તેને કહે છે,* तदेतजाह्नवीतीरे ब्रह्मर्षीणां तपोवनम् । पुण्यं च रमणीयं च मा विषादं कृथाः शुभे ॥

राज्ञो दशरथस्यैष पितुर्मे मुनिपुंगवः । सखा परमको विप्रो वाल्मीकिः सुमहायशाः ॥

पादच्छायामुपागम्य सुखमस्य महात्मनः । उपवासपरैकाग्रा वस त्वं जनकात्मजे ॥

*'હે શુભા, નિરાશ ન થાઓ! ગંગા નદીના કિનારે મહાન ઋષિઓનાં પવિત્ર અને સુંદર તપોવન આવેલાં છે. અહીંના સુપ્રસિદ્ધ બ્રાહ્મણ મહાન ઋષિ વાલ્મીકિ મારા પિતા રાજા દશરથના પરમ મિત્ર હતા. આ મહાત્માના ચરણોની છાયામાં પધારેલ હે જનક પુત્રી, તું ત્યાં રહેજે.'*

*આ શ્લોકમાં વાલ્મીકિ માટે, સખા, પરમકઃ (ખૂબ નજીક) અને વિપ્રઃ (એક શિક્ષિત અને પ્રતિષ્ઠિત બ્રાહ્મણ) મહાત્મા; એમ ચાર વિશેષણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.*

*વાલ્મીકિના શિષ્યો, રામના પુત્રો લવ અને કુશ  દ્વારા રામની હાજરીમાં રામાયણ પ્રથમ વખત જાહેર સંભળાવવામાં આવી છે એમ રામાયણમાં કહેવાયું છે. ત્યકતા સીતા લાંબા સમય સુધી વાલ્મીકિના આશ્રમમાં રહી. ત્યાં તેણે બે પુત્રો; લવ અને કુશને જન્મ આપ્યો. એ બંને બાળકો વાલ્મીકિ પાસે ઉછર્યા અને શિક્ષિત થયા. વાલ્મીકિએ શ્લોકબદ્ધ રામાયણની રચના કરી અને આ બંને બાળકોને તેનું ગાન શીખવ્યું તથા અશ્વમેધ યજ્ઞપ્રસંગે અયોધ્યામાં આ કાવ્યનું ગાન કરવા કહ્યું.*

स शिष्यावब्रवीद्धृष्टो युवां गत्वा समाहितौ । कृत्स्नं रामायणं काव्यं गायतां परया मुदा॥

*વાલ્મીકિ ઋષિની આજ્ઞા અનુસાર આ બંને બાળકોએ અયોધ્યા નગરના મહેલો, માર્ગો અને રામના મહેલ બહાર આ રામાયણનું ગાન કર્યું.*

**तस्य चैवागमं रामः काव्यस्य श्रोतुमुत्सुकः । पप्रच्छ तौ महातेजास्तावुभौ मुनिदारकौ॥**

**किंप्रमाणमिदं काव्यं का प्रतिष्ठा महात्मनः । कर्ता काव्यस्य महतः को वासौ मुनिपुंगवः ॥**

**पृच्छन्तं राघवं वाक्यमूचतुर्मुनिदारकौ । वाल्मीकिर्भगवान्कर्ता संप्राप्तो यज्ञसंनिधिम् ।**

**येनेदं चरितं तुभ्यमशेषं संप्रदर्शितम् ॥**

*રામ આ સમગ્ર કાવ્ય સાંભળવા ઉત્સુક બન્યા. તેમણે એ બંને મુનિબાળકોને બોલાવીને પૂછ્યું કે, આ કાવ્યનું પ્રમાણ શું છે અને તેના રચયિતા કોણ છે? રાઘવનો આ પ્રશ્ન સાંભળીને આ કાવ્યની રચના મહર્ષિ વાલ્મીકિએ કરી છે એમ આ બાળમુનિઓએ જણાવ્યું.*

*રામે મહર્ષિ વાલ્મીકિ સાથે વાત કરી આ બંનેને પોતાનાં બાળકો તરીકે ઓળખ્યાં અને સીતા નગરજનો સામે પવિત્રતા સિદ્ધ કરે તો પોતે તેને સ્વીકારવા તૈયાર છે એમ મહર્ષિને જણાવ્યું. વાલ્મીકિએ સીતાની પવિત્રતાની ખાતરી આપી અને રામને તેનો પુનઃ સ્વીકાર કરવાનું કહ્યું;*

**प्रचेतसोऽहं दशमः पुत्रो राघवनंदन । न स्मराम्यनृतं वाक्यं तथेमौ तव पुत्रकौ ।**

**बहुवर्ष सहस्राणि तपश्चर्या मया कृता । तस्याः फलमुपाश्नीयामपापा मैथिली यथा॥**

આમ, ઉત્તરકાંડમાં વાલ્મીકિ વિશે અનેક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. અલબત્ત, એ નોંધવું પણ આવશ્યક છે કે, રામાયણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરતી વખતે બાલકાંડ અને ઉત્તરકાંડને રામાયણમાં પછીથી ઉમેરવામાં આવેલા ભાગ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

તથ્યો અને સંશોધનના આધારે વિવિધ વિદ્વાનોએ રામાયણની રચનાનો કાળ કયો હશે એ જાણવા પ્રયત્નો કર્યા છે અને જો વાલ્મીકિ રામાયણ કાળમાં થઈ ગયા છે તો

રામાયણની રચના ઈસવીસન પૂર્વે 11મી કે 12મી સદીમાં થઈ હશે એમ શ્લેગલ અને ગોરેશિયો જેવા વિદ્વાનો માને છે. અલબત્ત, પ્રોફેસર વિન્ટરનિત્ઝ, પ્રોફેસર વાર્ડર, ઈત્યાદિ વિદ્વાનો રામાયણની રચના ઈસવીસન પૂર્વે ત્રીજી સદીમાં થઈ હશે એમ વિવિધ આધારોને ધ્યાનમાં લઈને સ્વીકારે છે.

મહર્ષિ વાલ્મીકિનો ઉલ્લેખ મહાભારતના અનુશાસન પર્વમાં આ પ્રમાણે પ્રાપ્ત થાય છે:

**वाल्मीकिश्चापि भगवान्युधिष्ठिरमभाषत । विवादे साम्नि मुनिभिर्ब्रह्मघ्नो वै भवानिति॥**

**उक्तः क्षणेन चाविष्टस्तेनाधर्मेण भारत ॥ सोऽहमीशानमनघमस्तौषं शरणं गतः ।**

**मुक्तश्चास्म्यवशः पापात्ततो दुःखविनाशनः ॥ आह मां त्रिपुरघ्नो वै यशस्तेऽग्र्यं भविष्यति ॥**

આ પછી ભગવાન વાલ્મીકિએ રાજા યુધિષ્ઠિરને કહ્યું કે, ‘હે ભારત ! એક સમયે અગ્નિહોત્રી સાધુઓ સાથે મારો વિવાદ ચાલી રહ્યો હતો. તે સમયે તે ગુસ્સે થયા અને મને શ્રાપ આપ્યો કે ’તું બ્રહ્મા-હત્યા કરનાર બની ગયો.’ તેણે આટલું કહ્યું કે તરત જ હું તે દુષ્ટતાથી ઘેરાઈ ગયો. પછી મેં ભગવાન શંકરનું શરણ લીધું, જે પાપ રહિત અને અચૂક શક્તિવાળા હતા. આ સાથે હું એ પાપમાંથી મુક્ત થયો. ત્યારે દુઃખનાશન ત્રિપુરહન્તા રુદ્રે મને કહ્યું કે, ’તમને શ્રેષ્ઠ સુયશ પ્રાપ્ત થશે.’

મહાભારતમાં આપણને રામ-આખ્યાન પ્રાપ્ત થાય છે, પરંતુ મહાભારતનો ઉલ્લેખ રામાયણમાં પ્રાપ્ત થતો નથી. ઉપરાંત, વિદ્વાનો મહાભારતને રામાયણ પછીની કૃતિ તરીકે સ્વીકારે છે. સદીઓ પસાર થવા છતાં ભારતમાં સૌથી વધુ લોકપ્રિય પુસ્તક એ રામાયણ છે. તમામ ભારતીય ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે, રૂપાંતરો થયાં છે અને તેની પણ વિવિધ આવૃત્તિઓ પણ થઈ છે.

**3.2.2 વ્યાસ**

**વ્યાસ : અર્થ**

મહર્ષિ વેદ વ્યાસ એટલે કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ એ આપણે જાણીએ છીએ. સામાન્ય રીતે ‘વ્યાસ’ શબ્દનો અર્થ સંયોજક, વ્યવસ્થાપક, સંપાદક એવો થાય છે. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે ભારતીય સંસ્કૃતિના પ્રમુખ ગ્રંથ એવા વેદના સંદર્ભમાં આ કાર્ય હાથ ધર્યું હતું એમ પરંપરાગત રીતે સ્વીકારાયું છે. ‘વ્યાસ’ શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો, वि

*ઉપસર્ગપૂર્વકના* आस् *ધાતુમાંથી 'વ્યાસ' નિષ્પન્ન થયો હશે, જેનો અર્થ 'જે વિશિષ્ટ બેઠક ધરાવે છે તે' તેવો કરી શકાય. પરંપરા અનુસાર આજે પણ ભાગવત આદિની કથા વિસ્તારપૂર્વક કહેનાર 'વ્યાસ' અને તેના બેસવાના સ્થાનને 'વ્યાસપીઠ' કહેવામાં આવે છે.*

*પ્રો. સાંડેસરા 'વ્યાસ' શબ્દને સમજાવતાં કહે છે કે, 'ગણિતમાં જેમ વર્તુળના કેન્દ્રમાંથી પસાર થઈ બંને બાજુના પરિઘને જોડતી રેખાને વ્યાસ કહેવામાં આવે છે, તેમ મહાભારતમાં માનવીને કેન્દ્રમાં રાખીને એના ઈષ્ટ-અનિષ્ટ બંને પાસાંઓને બે હાથ લાંબા કરીને જોડવાનો કવિએ પ્રયત્ન કર્યો છે. આથી તેમને 'વ્યાસ' કહી શકાય.'અલબત્ત, કેટલાક વિદ્વાનોના મતે 'વ્યાસ'એ એક કર્તૃત્વવાચક નામ છે. 'વ્યાસ' નામને તેઓ એક જાતીય પરંપરા, શિષ્યપરંપરા, સામાન્ય પરંપરા, સાંપ્રદાયિક પરંપરા, સંકેતપરંપરા અથવા ઉપાધિપરંપરા અનુસાર પ્રયોજાતા પર્યાયવાચક શબ્દ તરીકે સ્વીકારે છે. મોટાભાગના વિદ્વાનો માને છે કે, 'વ્યાસ' એ કોઈ એક વ્યક્તિવિશેષનું નામ નથી, પરંતુ તે એક પદવી છે.*

*શંકરાચાર્યના મતે પુરાકાલીન વ્યાસે દ્વૈપાયનના રૂપે પુનઃ જન્મ ધારણ કર્યો હશે. મહાભારતમાં વ્યાસજી પોતે કહે છે કે, 'પોતે પૂર્વે અપાન્તરતમા નામથી ઉત્પન્ન થયા અને તે જ પુનઃ વશિષ્ઠકુલનંદન વ્યાસના નામથી ઉત્પન્ન થઈને પ્રસિદ્ધ થયા.'* सोऽहं **तस्य प्रसादेन देवस्य हरिमेधसः । अपान्तश्तमा नाम ततो जातोऽऽज्ञया हरेः ॥ पुनश्च जातो विख्यातो वसिष्ठकुलनन्दनः ॥**

*શ્રી વાસુદેવ શરણ અગ્રવાલ મહર્ષિ વેદ વ્યાસ વિશે તારણ આપતાં જણાવે છે કે, 'જય નામના આ ઉત્તમ ઈતિહાસના રચયિતા મહામુનિ વ્યાસ; જેમનું નામ અઢાર પુરાણોના અંતે આવે છે તે, અવશ્ય આપણા ચિરપરિચિત પુરાણ મુનિ છે, કે જે કુરુ-પાંડવ યુગમાં પૃથ્વી ઉપર બદરિકાશ્રમ અને હસ્તિનાપુરની વચ્ચે આવન-જાવન કરતા હતા.'*

*વ્યાસ વિશેના વિવિધ મતોમાં અશ્વઘોષે આપેલા ત્રણ મત બહુ મહત્ત્વના છે. તેઓ કહે છે કે,*

1.*કૃષ્ણ દ્વૈપાયને વેદોને વિભાજિત કર્યા હતા.*

2.*વશિષ્ઠ અને શક્તિ તેમના પૂર્વજો હતા. અને*

3.*તેઓ સારસ્વત વંશમાં જન્મ્યા હતા.*

*વ્યાસઃ જન્મ*

**व्यासं वसिष्ठनप्तारं शक्तेः पौत्रमकल्मषम् । पराशरात्मजं वन्दे शुकतातं तपोनिधिम् ॥**

**व्यासाय विष्णुरूपाय व्यासरूपाय विष्णवे। नमो वै ब्रह्मनिधये वसिष्ठाय नमो नमः॥**

*એટલે કે, 'વશિષ્ટ ઋષિના પ્રપૌત્ર, શક્તિના પૌત્ર, પરાશર મુનિના પુત્ર અને શુકના પિતા એવા તપોનિધિ વ્યાસને નમન કરું છું. વેદ વ્યાસ એ વિષ્ણુનું સ્વરૂપ છે અને*

*ભગવાન વિષ્ણુ સ્વયં વેદવ્યાસ છે, બ્રહ્મર્ષિ વસિષ્ઠના પરિવારમાં જન્મેલા (પારાશર્ય) વેદવ્યાસને વંદન. અહીં વ્યાસને વસિષ્ઠના ગોત્રમાં જન્મેલા અને પરાશરના પુત્ર કહેવામાં આવ્યાં છે.*

*વ્યાસના જન્મ બાબતે આદિ-પર્વમાં એક કથા આ પ્રમાણે પ્રાપ્ત થાય છે : એક આકાશી અપ્સરા માછલી સ્વરૂપે યમુના નદીના પાણીમાં રમત કરતી હતી. તે સમયે આકાશમાં ઊડતા ગરુડ દ્વારા પાણીમાં પડેલ ચેદિરાજ ઉપરિચર વસુ રાજાનું વીર્ય તેના ગર્ભમાં પ્રવેશ્યું. દસ મહિના પછી, તે માછલીને એક માછીમારે પકડી અને તેને કાપવામાં આવી ત્યારે એક નર અને એક માદા મનુષ્યબાળકો બહાર આવ્યાં. આ બંને બાળકોને રાજા ઉપરિચર પાસે લઈ જવામાં આવ્યા. રાજાએ પુરુષ બાળકને દત્તક લીધું, જે બાળક પછી મત્સ્યરાજ તરીકે પ્રખ્યાત થયું અને માદા બાળકને માછીમાર-સરદાર કૈવર્તરાજ પાસે ઉછેરવા માટે છોડી દેવામાં આવ્યું. આ માદા બાળકમાં માછલીની ગંધ હતી અને તેથી તે મત્સ્ય-ગંધા તરીકે ઓળખાઈ, પરંતુ કૈવર્તરાજે સદ્‌ગુણી એવી તે પાલક પુત્રીને 'સત્યવતી' નામ આપ્યું. તેની સુંદરતામાં પ્રતિદિન વધારો થયો અને નમ્રતા સહિતના તમામ ઉત્તમ ગુણો તેનામાં વિકસ્યા. તે તેના પિતાની સારી રીતે સેવા કરતી, યમુનામાં નાવની ફેરી કરવામાં મદદ કરતી અને મુસાફરોને નદી પાર કરાવતી.*

*એક દિવસ ઋષિ પરાશર તેમના પ્રવાસ દરમિયાન આ નદીના કિનારે આવ્યા અને કિશોરાવસ્થામાં આવેલી સુંદર સત્યવતીને જોઈ. પોતાની યોગશક્તિ દ્વારા તેના પૂર્વજન્મને અને ભવિષ્યને જાણ્યું . તેમણે જાણ્યું કે સત્યવતીનો પૃથ્વી પર જન્મ ઋષિ પરાશર દ્વારા એક પ્રખ્યાત પુત્રની માતા બનવા માટે થયો છે. આ પુત્ર વેદોનું વર્ગીકરણ અને સમન્વય કરીને જગતનું કલ્યાણ કરનાર બનશે. પરાશરે સત્યવતીને આ જણાવી, તેની સાથે સહવાસની ઈચ્છા વ્યક્ત કરી. સત્યવતીએ શંકા વ્યક્ત કરી કે, જો લોકો તેમને જોશે તો તેની શુદ્ધતા પર પ્રશ્ન ઉઠાવશે. ત્યારે પરાશરે નદીની મધ્યમાં એક ટાપુને ધુમ્મસ વડે ઘેરી લીધો. જ્યારે સત્યવતીએ કૌમાર્ય ગુમાવવા અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી ત્યારે ઋષિએ તેને ખાતરી આપી કે તેમની સાથેના સહવાસ અને પુત્રના જન્મ પછી, તે ફરીથી કુમારિકા-સ્વરૂપ પ્રાપ્ત કરશે. એક ક્ષણના સહવાસ પછી, સત્યવતીએ એક પુત્રને જન્મ આપ્યો. પરાશરે તેના કૃષ્ણ રંગ અને જન્મસ્થળનાં આધારે તેનું નામ કૃષ્ણ દ્વૈપાયન આપ્યું. જે જન્મ બાદ તત્ક્ષણ જ પાંચ વર્ષના બાળક જેવડો બની ગયો. ત્યાર બાદ પરાશરે સત્યવતીને એક વરદાન આપ્યું જેનાથી તેના શરીરમાંથી નીકળતી માછલીની અપ્રિય ગંધ દૂર થઈ અને તેના શરીરમાંથી એક સુગંધ આવવા લાગી જે આસપાસ યોજનો સુધી ફેલાઈ ગઈ. અને આથી, તે 'યોજન-ગંધા' તરીકે ઓળખાઈ. પરાશરે સત્યવતીનું કૌમાર્ય પુનઃસ્થાપિત કરી, પુત્ર સાથે વિદાય લીધી. આ સમયે કૃષ્ણ દ્વૈપાયને માતાને વચન આપ્યું કે જ્યારે જરૂર પડશે ત્યારે તે તેની પાસે આવશે. સત્યવતીએ આ સમગ્ર ઘટનાને ગુપ્ત રાખી.*

**વ્યાસઃ કાર્ય/કવન**

*આ કૃષ્ણ દ્વૈપાયને  વેદોનું વર્ગીકરણ કર્યું અને તેથી તેઓ વેદ-વ્યાસ તરીકે પ્રખ્યાત થયા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એવી ચાર સ્વતંત્ર સંહિતામાં વેદનું વિભાજન કર્યું. આ ઉપરાંત, ચાર વેદોની જુદી જુદી શાખાઓ અને શિષ્ય-પરંપરાઓનું નિર્માણ કર્યું, તેથી વેદવ્યાસ કહેવાયા. મહાભારતના આદિપર્વમાં કહેવામાં આવ્યું છે કે, ભગવાન દ્વૈપાયન મુનિએ પોતાની તપસ્યાના બળથી ચાર વેદોનું અલગ અલગ વિસ્તરણ કરીને આ લોકમાં 'વ્યાસ' પદની પ્રાપ્તિ કરી. શરીરનો રંગ કૃષ્ણ હોવાના કારણે તેમને 'કૃષ્ણ' પણ કહેવામાં આવે છે*

**यो व्यस्य वेदांश्चतुरस्तपसा भगवानृषिः । लोके व्यासत्वमापेदे काष्यर्थात् कृष्मणत्वमेव च ॥**

*મહાભારતની રચના, વેદોના વિભાજન અને શિષ્યોને તેનું અધ્યયન કરાવવા સંદર્ભે આદિપર્વમાં જ કહેવામાં આવ્યું છે કે,*

**वेदानध्यापयामास महाभारत पञ्चमान् । सुमन्तुं जैमिनिं पैलं शुकं चैव स्वमात्मजम् ॥**

**प्रभुर्वरिष्ठो वरदो वैशम्पायनमेव च। संहितास्तैः पृथक्त्वेन भारतस्य प्रकाशिताः ॥**

**त्रिभिर्वर्षैः सदोत्थायी कृष्णद्वैपायनो मुनिः । महाभारतमाख्यानं कृतवानिदमद्भुतम् ॥**

*અર્થાત્, આ ભગવાન વેદવ્યાસે જ ત્રયી તરીકે સુવિખ્યાત વેદને ચાર ભાગોમાં વિભક્ત કરીને પોતાના ચાર પ્રમુખ શિષ્યોને આ વૈદિક સંહિતાઓનું અધ્યયન કરાવ્યું હતું. તેમણે પોતાના પ્રમુખ શિષ્ય પૈલને ઋગ્વેદ, વૈશમ્પાયનને યજુર્વેદ અને જૈમિનિને સામવેદ તથા સુમંતુને અથર્વવેદ સંહિતાનું સૌપ્રથમ અધ્યયન કરાવ્યું હતું. મહાભારત યુદ્ધ પછી વેદવ્યાસજીએ ત્રણ વર્ષ સુધી સખત અને સતત પરિશ્રમ કરીને શ્રેષ્ઠ કાવ્યાત્મક ઈતિહાસ 'મહાભારત'ની રચના કરી. આ મહાભારત પાંચમો વેદ કહેવાય છે.*

*મહાભારતના જ શાંતિપર્વમાં મોક્ષધર્મપર્વ અંતર્ગત વૈશંપાયન દ્વારા કહેવાયું છે કે, ' હે રાજન ! મારા ધર્મિષ્ઠ ગુરુ વેદવ્યાસ તપસ્યાનો ભંડાર અને જ્ઞાનનિધિ છે. પૂર્વે તેઓ વેદોના અર્થનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી હિમાલયના એક શિખર ઉપર રહેવા લાગ્યા અને મહાભારત નામના ઈતિહાસની રચના કરીને તપસ્યા કરતા કરતા તેઓ થાકી ગયા. તે દિવસોમાં આ બુદ્ધિમાન ગુરુની સેવામાં તત્પર અમે પાંચ શિષ્યો તેમની સાથે રહેતા હતા. સુમન્તુ, જૈમિનિ, દ્રઢતાપૂર્વક ઉત્તમ ધર્મનું પાલન કરનાર પૈલ, ચોથો હું અને પાંચમા વ્યાસપુત્ર શુક. આ પાંચ ઉત્તમ શિષ્યોથી ઘેરાયેલા વ્યાસજી હિમાલયના શિખર પર ભૂતોથી પરિવેષ્ટિત ભૂતનાથ ભગવાન શિવની શોભા સમાન હતા. ત્યાં વ્યાસજીએ અંગો સહિત બધા જ વેદો અને મહાભારતના અર્થોની આવૃત્તિ કરીને અમને બધા જ શિષ્યોને જ્ઞાન આપ્યું અને અમે બધા શિષ્યોએ સદા ઉદ્યત રહીને એકાગ્ર ચિત્તે જિતેન્દ્રિય ગુરુની સેવા કરી હતી.'*

**यो व्यस्य वेदांश्चतुरस्तपसा भगवानृषिः । लोके व्यासत्वमापेदे काष्र्यर्थात् कृष्मणत्वमेव च ॥**

**वेदार्थान्वेत्तुकामस्य धर्मिष्ठस्य तपोनिधेः । गुरोर्मे ज्ञाननिष्ठस्य हिमवत्पाद आसतः ॥**

**कृत्वा भारतमाख्यानं तपःश्रान्तस्य धीमतः । शुश्रूषां तत्पर रजन्कृतवन्तो वयं तदा॥**

**सुमन्तुर्जैमिनिश्चैव पैलश्च सुदृढव्रतः । अहं चतुर्थः शिष्यो वै शुको व्यासात्मजस्तथा ॥**

**एभिः परिवृतो व्यासः शिष्यैः पञ्चभिरुत्तमैः । शुशुभे हिमवत्पादे भूतैर्भूतपतिर्यथा ॥**

**वेदानावर्तयन्साङ्गान्भारतार्थांश्च सर्वशः । तमेकमनसं दान्तं युक्त वयमुपास्महे ॥**

*મહાભારતના સ્વર્ગારોહણપર્વમાં પણ આપણે વ્યાસજીને મહાભારતના કર્તા તરીકે જોઈ શકીએ છીએ.*

*ભાગવત પુરાણમાં પણ કહેવામાં આવ્યું છે કે, 'સત્યવતી અને પરાશરના પુત્રે મનુષ્યની અલ્પબુદ્ધિને જાણીને વેદનું ચાર શાખાઓમાં વિભાજન કર્યું અને મહાભારત દ્વારા ચાર વેદોનું જ્ઞાન સરળતાથી લોકો સુધી પહોંચાડ્યું.'* ततः सप्तदशे जातः **सत्यवत्यां पराशरात् । चक्रे वेदतरोः शाखा दृष्ट्वा पुंसोऽल्पमेधसः ॥**

**भारतव्यपदेशेन ह्याम्नायार्थश्च दर्शितः ।**

*મહાભારત જ આગળ કહે છે કે, દ્વૈપાયાને જે આ પુરાણનું જ્ઞાન પ્રસારિત કર્યું તે સાંભળીને દેવો અને બ્રહ્મર્ષિઓએ તેમની પૂજા કરી.* **द्वैपायनेन यत्प्रोक्तं पुराणं परमर्षिणा। सुरैर्ब्रह्मर्षिभिश्चैव श्रुत्वा यदभिपूजितम् ॥**

*આ મહાભારતના રચયિતા કૃષ્ણદ્વૈપાયન વ્યાસ છે એના તેમના શિષ્ય વૈશમ્પાયને જન્મેજયના સર્પયજ્ઞમાં મહાભારતનું ગાન કર્યું હતું અને એના પછી નૈમિષારણ્યમાં શૌનકના બાર વરસના યજ્ઞ વખતે લોમહર્ષણ ઋષિના પુત્ર ઉગ્રશ્રવા (સૌતિ ઋષિ)એ એનું ગાન (પઠન) કર્યું હતું.*

*મહાભારતનાં ત્રણ સંસ્કરણો સ્વીકારાયાં છે, જેમાં જય નામના પ્રથમ સંસ્કરણના રચયિતા વ્યાસ છે. આ 'જય'નો પ્રારંભ આ શ્લોકથી થાય છે.*

**नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम्। देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥***અર્થાત્ નર (અર્જુન), નરોત્તમ (અર્જુન), નારાયણ (શ્રીકૃષ્ણ) અને દેવી સરસ્વતીને નમસ્કાર કરીને પછી 'જય'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.*

*આ જય કાવ્ય વિશે મહાભારત પોતે જ કહે છે કે,* जयो नामेतिहासोयं श्रोतव्यो विजिगीषुणा। *અર્થાત્ વિજયની ઈચ્છા રાખનાર વ્યક્તિઓએ જય નામના આ ઈતિહાસને સાંભળવો જોઈએ અને* जयनामेतिहासोस्यं श्रोतव्यो मोक्षमिच्छता। *અર્થાત્ મોક્ષની ઈચ્છા રાખનારે જય નામના આ ઈતિહાસનું શ્રવણ કરવું જોઈએ. આ જયકાવ્યમાં આઠ હજાર અને આઠ સો શ્લોક હતા.*

**अष्टौ श्लोक सहस्राणि अष्टौ श्लोक शतानि च । अहं वेद्मि शुको वेत्ति संजय वेत्ति वा न वा ॥**

*વ્યાસજી કહે છે કે, હું અને શુક આ આઠ હજાર અને આઠ સો શ્લોક જાણીએ છીએ, સંજય કદાચ જાણે છે કે અથવા ન પણ જાણતો હોય.*

*વ્યાસઃ જીવન / મહાભારતમાં વ્યાસ*

*મહાભારતની કથામાં વ્યાસની કથા વણાયેલી છે અથવા એમ પણ કહી શકાય કે વ્યાસના જીવનની અનેક ઘટનાઓ મહાભારતમાં આવેલી છે અથવા મહાભારતની કથામાં વ્યાસ અનેક ઘટનાઓ સાથે સંકળાયેલા છે.*

*વ્યાસના જન્મની કથા તો આપણે પ્રારંભે જ જોઈ. જન્મ બાદ પોતાની માતાને, 'એ યાદ કરે ત્યારે હાજર થવાનું' વચન આપીને પિતા સાથે ચાલ્યા ગયા. ત્યાર બાદ, વેદોનું વિભાજન, પુરાણોનું સર્જન, વગેરે કાર્યો કર્યા. લાંબો સમય વીત્યો અને એક વાર માતાએ તેમેને યાદ કર્યા.*

*પરાશર અને કૃષ્ણ દ્વૈપાયનનાં ચાલ્યા ગયા બાદ સમય જતા સત્યવતીએ કુરુ વંશજ શાન્તનુ સાથે લગ્ન કર્યા. આ સમયે સત્યવતીએ શાન્તનુને પરાશર મુનિ સાથેના પોતાના ભૂતકાળની ઘટના અને પોતે કૃષ્ણ દ્વૈપાયન નામના પુત્રની માતા હોવાની વાત જણાવી ન હતી. શાન્તનુથી સત્યવતી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય; એમ બે પુત્રોની માતા બની.* तस्यामेव शन्तनोर्द्वौ पुत्रौ बभूवतुः चित्राङ्गदो विचित्रवीर्यश्च॥ *એક યુદ્ધમાં ચિત્રાંગદનું મૃત્યુ થયું. શાન્તનુના ગંગાથી થયેલ પુત્ર દેવવ્રત અર્થાત ભીષ્મ કાશીરાજની ત્રણ કન્યાઓ; અંબા, અંબિકા અને અંબાલિકાનું તેમના સ્વયંવરમાંથી હરણ કરી લાવ્યા અને અંબાએ અસ્વીકાર કરતાં, વિચિત્રવીર્ય સાથે અંબિકા અને અંબાલિકાના લગ્ન કરવામાં આવ્યા, પરંતુ સંતાન પ્રાપ્ત થાય તે પૂર્વે જ વિચિત્રવીર્યનું મૃત્યુ થયું.*

*આ સમયે માતા સત્યવતીએ કુરુ વંશના વારસની પ્રાપ્તિ માટે ભીષ્મને નિયોગ દ્વારા અંબિકા અને અંબાલિકા દ્વારા સંતાનો ઉત્પત્તિ કરવા માટે પ્રાર્થના કરી. બ્રહ્મચારી રહેવા માટે વચનબદ્ધ ભીષ્મે તેમ કરવામાં પોતાની પ્રતિજ્ઞાના કારણે અસમર્થતા દર્શાવી. ત્યારે સત્યવતીએ પોતાના લગ્ન પૂર્વે થયેલ પુત્ર વ્યાસ વિશે ભીષ્મને જણાવ્યું અને તેમને સંતાનોત્પત્તિ માટે આહવાન કરવા ભીષ્મની સંમતિ માગી. ભીષ્મની સંમતિ બાદ સત્યવતીએ પુત્ર વ્યાસને યાદ કર્યા અને વ્યાસના ઉપસ્થિત થતાં તેમને પોતાની પુત્રવધૂઓ સાથે નિયોગ દ્વારા કુરુવંશને વંશજ આપવા આદેશ કર્યો.*

*વ્યાસે પોતાના સ્વરૂપને સુવ્યવસ્થિત કરવા માતા પાસે એક વર્ષનો સમય માગ્યો, પરંતુ સત્યવતી તે માટે અસહમત થયાં. વ્યાસ જ્યારે અંબિકા સમક્ષ ગયા ત્યારે ભયથી વિચલિત અંબિકાએ પોતાની આંખ બંધ કરી લીધી અને તેથી તેનો પુત્ર ધૃતરાષ્ટ્ર અંધ જન્મ્યો, જે પંગુતાના કારણે રાજ્ય કરવા માટે અસમર્થ હતો. વ્યાસ અંબાલિકા પાસે ગયા ત્યારે તે ભયથી ફીકી પડી ગઈ અને તેનો પત્ર પાંડુ, પાંડુરોગ*

*સાથે જન્મ્યો. સત્યવતીએ અંબિકાને પુનઃ વ્યાસ સમક્ષ જવા કહ્યું ત્યારે તેણે વ્યાસ પાસે પોતાની દાસીને મોકલી અને તેનાં દ્વારા વિદુરનો જન્મ થયો.*

स परमित्युवाच स तत्र त्रीन्पुत्रानुत्पादयामास धृतराष्ट्रं पाण्डुं विदुरं चेति॥ *આમ, કુરુવંશની વૃદ્ધિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ દ્વારા થાય છે. ઉપરાંત, વ્યાસ માત્ર આ સર્વના જન્મના કારણરૂપ જ ન હતા, પરંતુ મહાભારતમાં ઉત્પન્ન થયેલ અનેક પ્રસંગોએ મહર્ષિ વ્યાસ હાજર રહ્યા અને કૌરવો પાંડવો અને વિદુરને તેમણે ઉપદેશ આપ્યો. પાંડવો અને વિદુરે તેમના ઉપદેશનો સ્વીકાર કર્યો, જેથી તેમનું ઉત્થાન થયું. જ્યારે કૌરવોએ તેમના ઉપદેશની અવગણના કરી અને તે સર્વે બાંધવો સહિત નાશ પામ્યા.*

*મહર્ષિ વ્યાસની ઉપસ્થિતિ આપણે નીચેના પ્રસંગોએ જોઈએ છીએઃ*

● *આદિપર્વમાં ચૈત્રરથપ્રસંગમાં વ્યાસજી પાંડવોને મળવા એકચક્રાનાગરીમાં જાય છે. તેમને ધર્મ અને અર્થ વિશે જ્ઞાન આપી, દ્રૌપદીના પૂર્વજન્મની કથા સંભળાવે છે અને કહે છે કે, 'દ્રુપદના કુળમાં જન્મેલ આ કન્યા તમારી પત્ની બનવા માટે નિશ્ચિત છે, તો તમે પાંચાલનગર જાવ અને સુખેથી તેને પ્રાપ્ત કરો.' અને પાંડવોના તે પિતામહ કુંતી અને પાંડવોની વિદાય લઈ ચાલ્યા ગયા.*

**द्रुपदस्य कुले जाता कन्या सा देवरूपिणी । निर्दिष्टा भवतां पत्नी कृष्णा पार्षत्यनिन्दिता ॥**

**पाञ्चालनगरं तस्मात्प्रविशध्वं महाबलाः । सुखिनस्तामनुप्राप्य भविष्यथ न संशयः ॥**

**एवमुक्त्वा महाभागः पाण्डवानां पितामहः । पार्थानामन्त्र्य कुन्तीं च प्रातिष्ठत महातपाः॥**

*અને જ્યારે પાંડવોને સ્વયંવરમાંથી પાછા ફરતાં બહુ વાર લાગી ત્યારે માતા કુંતા ચિંતા કરે છે કે, ક્યાંક વ્યાસજીનાં મત વિરુદ્ધ તો કાંઈ નહીં થયું હોય !*

विपरीतं मतं जातं व्यासस्यापि महात्मनः । इत्येवं चिन्तयामास सुतस्नेहान्विता पृथा ॥

*આદિપર્વમાં આવેલ દ્રૌપદી સ્વયંવર પર્વમાં પણ વ્યાસજીનું આગમન થાય છે. કુંતાની આજ્ઞાથી જ્યારે દ્રૌપદીનાં લગ્ન પાંચ પાંડવો સાથે કરવા વિશે પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે વ્યાસ પાંચાલનગર આવે છે. તેઓ દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, યુધિષ્ઠિર અને કુંતાના મંતવ્યો સાંભળે છે અને તે પછી દ્રુપદને દૂર લઈ જઈ તેની સાથે વિમર્શ કરે છે. ત્યાર બાદ પંચેન્દ્રોપાખ્યાન સંભળાવી જણાવ્યું કે આ પાંચ પાંડવો એ રુદ્ર દ્વારા શાપિત પાંચ ઈન્દ્ર છે અને દ્રૌપદી એ સ્વર્ગની લક્ષ્મી છે, જેને રુદ્રે આ પાંચ માટે પહેલેથી જ નક્કી કરી છે.*

**ये ते पूर्वं शक्ररूपा निरुद्धा; स्तस्यां दर्यां पर्वतस्योत्तरस्य ।**
**इहैव ते पाण्डवा वीर्यवन्तः; शक्रस्यांशः पाण्डवः सव्यसाची ॥**
**एवमेते पाण्डवाः सम्बभूवु; र्ये ते राजन्पूर्वमिन्द्रा बभूवुः ।**
**लक्ष्मीश्चैषां पूर्वमेवोपदिष्टा; भार्या यैषा द्रौपदी दिव्यरूपा ॥**

*અને વેદ વ્યાસે દ્રુપદને પાંડવોને તેમના પૂર્વ રૂપમાં જોવા માટે દિવ્યદ્રષ્ટિ આપી.*

- *સભાપર્વમાં વ્યાસના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે પરંતુ તેમની ઉપસ્થિતિ નથી.*

- *વનપર્વમાં આવેલ અરણ્યપર્વમાં દ્યુતમાં હારેલા પાંડવોના વનગમન પછી કર્ણની સલાહથી દુર્યોધન વગેરેએ પાંડવોને હણવા પોતપોતાના રથ પર આરૂઢ થઈને નગરમાંથી બહાર નીકળ્યા એ મહર્ષિ વ્યાસે પોતાની દિવ્યદ્રષ્ટિથી જાણ્યું અને તરત જ હસ્તિનાપુરમાં ઉપસ્થિત થયા. ધૃતરાષ્ટ્રને સમજાવતાં કહ્યું કે, 'હે મહાપ્રાજ્ઞ ! કૌરવોના હિતમાં કહેલાં આ મારાં વચન તું સાંભળ'.* धृतराष्ट्र महाप्राज्ञ निबोध वचनं मम । वक्ष्यामि त्वा कौरवाणां सर्वेषां हितमुत्तमम् ॥

*તેઓ આગળ કહે છે કે, ,છળપૂર્વક તેમને હરાવીને વનમાં મોકલ્યા એ મને ગમ્યું નથી. તેઓ પણ તેર વર્ષ પૂર્ણ થતાં બદલો લેશે. પાંડવોને વનમાં હણવા ઈચ્છતા તારા આ મૂઢ સંતાનને પાછો વાળ નહીં તો તે પોતાનાં પ્રાણ ખોઈ બેસશે.'* वार्यतां साध्वयं मूढः शमं गच्छतु ते सुतः । वनस्थांस्तानयं हन्तुमिच्छन्प्राणैर्विमोक्ष्यते ॥

*ત્યાર પછી ધૃતરાષ્ટ્રને સમજાવી વ્યાસ પોતાનાં ગંતવ્ય સ્થાને ચાલ્યા ગયા.*

*વનપર્વ અંતર્ગત કૈરાત પર્વમાં વ્યાસનો ઉલ્લેખ આ પ્રમાણે છે:* प्रस्थाने व्यास एषां च मन्त्री प्रियहितोऽभवत् ।*તેમનું હિત ઈચ્છતા વ્યાસ......*

*આ જ પર્વમાં એકવાર યુધિષ્ઠિર ભીમને કહે છે કે, ધનુર્ધર કર્ણની વીરતા વિશે વિચારતાં મને ક્યારેક ઊંઘ ઊડી જાય છે, ત્યારે ભીમ ઉદાસ બને છે અને એ સમયે મહર્ષિ વ્યાસ ત્યાં પધારે છે અને તેમને પ્રતિસ્મૃતિ નામની વિદ્યા પ્રદાન કરે છે અને અર્જુનને દેવરાજ ઈન્દ્ર પાસે દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિ અર્થે મોકલવા અને પાંડવોને દ્વૈતવનમાંથી અન્ય વનમાં પ્રયાણ કરવા સૂચન કરે છે.*

*જ્યારે અર્જુનને દિવ્યાસ્ત્રો પ્રાપ્ત થઈ ગયા છે એની જાણ લોમશ ઋષિ આવીને કરે છે અને યુધિષ્ઠિર વગેરે બાંધવો તીર્થયાત્રાની તૈયારી કરે છે ત્યારે પણ વ્યાસ તેમને મળવા આવે છે.*

*વ્રીહિદ્રોણિક પર્વમાં 'આ સર્વ ભાઈઓ મારા કર્મના કારણે દુઃખી થાય છે'- એ બાબતથી ચિંતિત યુધિષ્ઠિરને મળવા વ્યાસ આવી પહોંચે છે. પોતાનાં પૌત્રોને વન્ય વસ્તુઓ પર જીવતા, કૃશ થયેલા જોઈને એમની આંખ ભીંજાય છે અને તેઓ કહે છે કે, 'આ સંસારમાં જેમણે તપસ્યા નથી કરી (દુઃખમાંથી પસાર નથી થયા) તેમને મહાસુખની પ્રાપ્તિ થતી નથી.'*

**तानवेक्ष्य कृशान्पौत्रान्वने वन्येन जीवतः । महर्षिरनुकम्पार्थमब्रवीद्बाष्पगद्गदम् ॥**

**युधिष्ठिर महाबाहो शृणु धर्मभृतां वर । नातप्ततपसः पुत्र प्राप्नुवन्ति महत्सुखम् ॥**

*અને ત્યારે યુધિષ્ઠિરનર દાનનો મહિમા સમજાવે છે. તેઓ કહે છે કે,*

**दानान्न दुष्करतरं पृथिव्यामस्ति किञ्चन । अर्थे हि महती तृष्णा स च दुःखेन लभ्यते॥**

*'આ પૃથ્વી પર દાનથી વિશેષ દુષ્કર અન્ય કશું જ નથી. મનુષ્ય ધન વિશેની અત્યાધિક તૃષ્ણાના કારણે દુઃખ પ્રાપ્ત કરે છે. તેઓ આગળ કહે છે કે, સુપાત્રને આપેલ અલ્પ દાન પણ બહુ ફળદાયી હોય છે. અને પછી શિલોંછવૃત્તિથી જીવતા મુદ્‌ગલે દુર્વાસા ઋષિને, પોતે ભૂખ્યા રહીને તૃપ્ત કર્યા અને સ્વર્ગીય વિમાન પ્રાપ્ત કર્યું.'*

● *વિરાટપર્વમાં વ્યાસની ઉપસ્થિતિ નથી.*

● *ઉદ્યોગપર્વના યાન-સંધિપર્વમાં ભીમસેનના પરાક્રમથી ડરેલા ધૃતરાષ્ટ્ર સંજયને કહે છે કે, 'પૂર્વે બાલ્યકાળમાં વ્યાસજીનાં મુખે મેં પાંડવોના અદ્ભુત રૂપ અને પરાક્રમનાં યથાર્થ વર્ણન સાંભળ્યાં છે.' અહીં વેદ વ્યાસે કહ્યાનો ઉલ્લેખ છે. આ જ પર્વમાં આગળ ધૃતરાષ્ટ્ર સંજયને કૃષ્ણના ભગવદ્ સ્વરૂપને પોતે શા માટે નથી જાણતા, એ વિશે પ્રશ્ન કરે છે ત્યારે ત્યાં ઉપસ્થિત વેદ વ્યાસ ધૃતરાષ્ટ્ર પર કૃષ્ણની કરુણા રહેલી છે એ વાત સમજાવે છે.*

*અભિનિર્યાણપર્વમાં માતા સત્યવતી અને પોતે વ્યાસને નિયોગ માટે પ્રાર્થના કરી અને ત્રણ સંતાનોની ઉત્પત્તિ થઈ, એ વાત ભીષ્મ દુર્યોધનને કહી રહ્યા છેઃ*

**सह मात्रा महाशज प्रसाद्य तमृषिं तदा । अपत्यार्थमयाचं वै प्रसादं कृतवांश्च सः ॥**

**त्रीन्स पुत्रानजनयत्तदा भश्तसत्तम ॥**

**अन्धः कश्णहीनेति न वै शजा पिता तव । शजा तु पाण्डुश्भवन्महात्मा लोकविश्रुतः॥**

*અંબોપાખ્યાન પર્વમાં ભીષ્મ કહે છે કે, કાશીરાજની કન્યા અંબા વિશેની વાત મેં વ્યાસજીને કરી હતી, એમ અહીં વ્યાસનો ઉલ્લેખ છે.*

● *ભીષ્મપર્વના પ્રારંભે જમ્બૂખંડવિનિર્માણપર્વમાં વ્યાસ ધૃતરાષ્ટ્ર સમક્ષ ઉપસ્થિત થાય છે અને કહે છે કે, 'હવે સામ-સામે આવીને ઊભેલા રાજાઓ નાશ પામશે, તેનો શોક કરવો નહીં.' તેઓ ધૃતરાષ્ટ્રને યુદ્ધ નિહાળવા દિવ્યદ્રષ્ટિ આપવા કહે છે. ધૃતરાષ્ટ્રની યુદ્ધ જોવાની ઈચ્છા નથી. તે માત્ર તેનું વૃત્તાન્ત જ સાંભળવા ઈચ્છે છે.* न शोचये ज्ञातिवधं द्रष्टुं ब्रह्मर्षिसत्तम । युद्धमेतत्त्वशेषेण शृणुयां तव तेजसा ॥

*અને આથી, વ્યાસ સંજયને દિવ્યદ્રષ્ટિ આપે છે અને કહે છે કે, 'એવી કોઈ ઘટના કે રહસ્ય નહીં હોય કે જે સંજયને ન દેખાય.'* एष ते सञ्जयो शजन्युद्धमेतद्वदिष्यति । एतस्य सर्वं सङ्ग्रामे नपशेक्षं भविष्यति ॥ *ત્યારબાદ વ્યાસ ધૃતરાષ્ટ્રને અમંગળ બાદ સૂચક ચિહ્નો વારતાઈ રહ્યા છે એ વાત જણાવે છે અને ધૃતરાષ્ટ્રના પૂછતાં મંગળ સૂચક ચિહ્નો કયા હોય અને તે વિજયસૂચક હોય તે પણ જણાવે છે અને ત્યાંથી વિદાય લે છે.*

*અને વ્યાસજીની કૃપાથી મળેલ દિવ્યદ્રષ્ટિ દ્વારા સ્વયં કૃષ્ણ પાસેથી ગીતા સાંભળીને સંજય કૃતકૃત્યતા અનુભવે છે.* व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं पश्म् । योगं योगेश्वशत्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ॥ *ત્યાર બાદ દ્રોણપર્વ અને કર્ણપર્વમાં વેદ*

*વ્યાસની ઉપસ્થિતિ નથી, પરંતુ શલ્યપર્વ અંતર્ગત આવતા ગદાપર્વમાં વ્યાસ ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને સાંત્વના આપવા આવે છે. દુર્યોધન આદિ સર્વે કૌરવોનો નાશ થતાં, યુધિષ્ઠિરના કહેવાથી જ્યારે શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને મળવા અને ગાંધારીનો ક્રોધ શાંત કરવા હસ્તિનાપુર આવે છે ત્યારે વેદવ્યાસ ત્યાં પહેલેથી જ ઉપસ્થિત છે એ જુએ છે. શ્રીકૃષ્ણના જતાં વ્યાસ ધૃતરાષ્ટ્રને સાંત્વના આપે છે.*

*સૌપ્તિકપર્વમાં આવેલા ઐષિકપર્વમાં વ્યાસ હાજર છે. ભીમસેનને મારવા આવેલો જોઈને અને તેની પાછળ રહેલા અર્જુનાદિ પાંડવો તથા શ્રીકૃષ્ણને જોઈને, ભયભીત અશ્વત્થામા બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરે છે. તેના પ્રકોપથી બચવા અર્જુન પણ બ્રહ્માસ્ત્ર છોડે છે. ત્યારે વ્યાસ આ બંનેને કહે છે કે, તમારી પૂર્વે વિવિધ શસ્ત્રોનું જ્ઞાન ધરાવતા અનેક મહારથીઓ થઈ ગયા, તેમને ક્યારેય આ અસ્ત્ર મનુષ્ય પર પ્રયોજ્યું નથી. (તમે આવું દુ:સાહસ કેવી રીતે કર્યું ?)*

नानाशस्त्रविदः पूर्वे येऽप्यतीता महारथाः । नैतदस्त्रं मनुष्येषु तैः प्रयुक्तं कथञ्चन ॥
श्द्म,स्चद्म त्द्म

*વચનથી અર્જુને તુરંત જ પોતાના અસ્ત્રને વાળી લીધું, પરંતુ વ્યાસજીએ જ્યારે અશ્વત્થામાને આ અસ્ત્ર પરત ખેંચી લેવા કહ્યું ત્યારે તેણે એ અસ્ત્ર પરત ખેંચવાની પોતાની અસમર્થતા દર્શાવી અને પાંડવોના ગર્ભ પર છોડ્યું.*

*સ્ત્રીપર્વમાં પુત્રનાશ-શોકથી વિહ્વળ બનેલા ધૃતરાષ્ટ્ર પુત્રનાશનું દુ:ખ આગમાં ઝુલસવા સમાન કે વિષપાન સમાન છે એમ કહે છે;* पुत्रनाशेऽर्थनाशे च ज्ञातिसम्बन्धिनामपि । प्राप्यते सुमहद्दुःखं विषाग्निप्रतिमं विभो ॥

*ત્યારે વ્યાસજી તેમને સમજાવે છે કે,* अध्रुवे जीवलोके च स्थाने वाशाश्वते सति । जीविते मरणान्ते च कस्माच्छोचसि भारत ॥*આ જીવલોક અશાશ્વત છે, તો જન્મ કે મૃત્યુનો શોક કરવો જોઈએ નહીં. વળી, આ સમગ્ર ઘટનાઓ પૂર્વનિશ્ચિત હતી. ધૃતરાષ્ટ્રને સાંત્વના મળે છે અને વ્યાસ અંતર્ધાન થાય છે.*

*વેદ વ્યાસની આજ્ઞા લઈને જ સમગ્ર સ્ત્રીવર્ગ સાથે યુધિષ્ઠિર વગેરે રણભૂમિમાં પ્રવેશ કરે છે. વેદવ્યાસ જ ગાંધારીને દિવ્યદ્રષ્ટિ આપે છે જેનાથી તે યુદ્ધભૂમિમાં મૃત્યુ પામેલ વીરો અને વિલાપ કરતી પોતાની પુત્રવધૂઓને જુએ છે.*

*શાન્તિપર્વમાં આવેલા શંખલિખિતોપાખ્યાનમાં મહર્ષિ વ્યાસ યુધિષ્ઠિરને સુદ્યુમ્નને રાજદંડનું યથાર્થ પાલન કરવાના કારણે ઉત્તમ ગતિ પ્રાપ્ત થઈ એની કથા કહે છે અને વિશાદયુક્ત યુધિષ્ઠિરને રાજધર્મનું પાલન કરવાની આજ્ઞા આપે છે. ત્યારબાદ યુધિષ્ઠિરને અશ્વમેધ યજ્ઞ કરવા આદેશ આપે છે અને હયગ્રીવનું આખ્યાન સંભળાવી તેમને રાજાને ઉચિત કર્તવ્યના પાલન માટે પ્રેરે છે. આ બધું સાંભળ્યા પછી પણ શોકગ્રસ્ત યુધિષ્ઠિર કહે છે કે,* न पार्थिवमिदं राज्यं न च भोगाः पृथग्विधाः । प्रीणयन्ति मनो मेऽद्य शोको मां नर्दयत्ययम् ॥

*'હે મુનિ! આ પૃથ્વી લોકનું રાજ્ય અને આ વિવિધ પ્રકારના ભોગ આજે મારા મનને પ્રસન્ન કરી શકતા નથી. આ શોક મને બધી જ બાજુથી રુંધિ રહ્યો છે.'*

*ત્યારે વ્યાસ તેમને સેનજિતના ઉપદેશની વાત કરી પુનઃ સમજાવે છે કે, 'હે રાજન ! મનુષ્ય અન્યને મારે છે અને પછી તેને બીજા મારી નાખે છે. હે નરેશ્વર ! આ મરવું-મારવું એ લૌકિક સંજ્ઞામાત્ર છે. વાસ્તવમાં ન કોઈ મરે છે અને ન કોઈ મારી શકે છે.' વળી, 'શોક કરવાથી દુઃખમાં દુઃખ અને ભયમાં ભયની વૃદ્ધિ થાય છે.' અને ત્યાર બાદ સ્વજનોના નાશથી ત્રસ્ત દેહત્યાગ કરવા ઉદ્યત યુધિષ્ઠિરને વ્યાસ આદેશ કરે છે કે, 'પોતાના ધર્મથી ક્યારેય ચ્યુત ન થનાર ઈન્દ્રતુલ્ય પરાક્રમી કુંતીકુમાર યુધિષ્ઠિર ! તમે પણ શોકને છોડીને ઊભા થાવ અને હૃદયમાં હર્ષને ધારણ કરો. તમે ક્ષત્રિયધર્મ અનુસાર આ પૃથ્વી પર વિજય પ્રાપ્ત કર્યો છે. હવે તેનો ઉપભોગ કરો. તેની અવહેલના ન કરો.' ત્યારબાદ વ્યાસજીએ યુધિષ્ઠિરને કાળની પ્રબળતા દર્શાવી, ધર્મવિદ્રોહીઓનું દમન કરવાનું ઓચિત્ય સમજાવ્યું અને પ્રાયશ્ચિતનું મહત્ત્વ પણ જણાવ્યું. વ્યાસજીએ યુધિષ્ઠિરને સમજાવ્યું કે જે કર્મોના કરવા અને ન કરવાથી કર્તાને પ્રાયશ્ચિત કરવું પડે છે. ત્યારબાદ પાપકર્મોના પ્રાયશ્ચિતનું તેમણે વિગતે વર્ણન કર્યું. ધર્મનું સ્વરૂપ અને દાનના અધિકારી અને અનધિકારીનું વિવેચન કર્યું અને આખરે વ્યાસજી અને ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી મહારાજ યુધિષ્ઠિરે હસ્તિનાપુર નગરમાં પ્રવેશ કર્યો.*

*વ્યાસજી પોતે યુધિષ્ઠિરને કહે છે કે, 'રાજધર્મ જો યોગ્ય રીતે જાણવો હોય તો તે તેમને ભીષ્મ જ જણાવી શકે.' અને જ્યારે રાજ્યાભિષેક બાદ યુધિષ્ઠિર ભીષ્મને મળવા જાય છે ત્યારે ત્યાં આગળ મહર્ષિ વેદ વ્યાસ પહેલેથી જ ઉપસ્થિત છે. મહર્ષિ વ્યાસ કૃષ્ણનું પૂજન પણ કરે છે. જ્યારે ભીષ્મ રાજ્યરક્ષાના સાધનોનું વર્ણન કરે છે ત્યારે વ્યાસ વગેરે અતિપ્રસન્ન થઈને ભીષ્મની પ્રશંસા પણ કરે છે.*

*જ્યારે યુધિષ્ઠિર ભીષ્મને સૃષ્ટિની ઉત્પત્તિ વિશે અને તેના અંત વિશે પ્રશ્ન કરે છે, કાળના સ્વરૂપ વિશે પ્રશ્ન કરે છે, અને ભિન્ન ભિન્ન યુગોમાં મનુષ્યની આયુષ્ય વિશે જાણવા ઈચ્છે છે ત્યારે ભીષ્મ વ્યાસજીનો સંદર્ભ ટાંકે છે. તેઓ કહે છે કે વેદ વ્યાસે પોતાના પુત્ર શુકને આ દરેક પ્રશ્નોના જવાબ આપ્યા હતા અને પોતે તે જવાબો યુધિષ્ઠિરને જણાવે છે.*

*યુધિષ્ઠિર વ્યાસ પુત્ર શુકદેવજીની ઉત્પત્તિ અને તેમને કેવી રીતે વૈરાગ્યની પ્રાપ્તિ થઈ હતી તે વિશે જાણવા ઈચ્છે છે. અને આ કથામાં વ્યાસજીની રૂબરૂ હાજરી નથી, પરંતુ તેમના સંતાનની ઉત્પત્તિ, યજ્ઞોપવિત સંસ્કાર, વેદાધ્યયન સમાવર્તન-સંસ્કાર અને તેમણે શુકદેવને આપેલા ઉપદેશની વાત આપણને પ્રાપ્ત થાય છે.*

*શાંતિપર્વના આ મોક્ષધર્મપર્વમાં આપણને મહર્ષિ વેદવ્યાસે શિષ્યોના અનુરોધના કારણે તેમને દેવલોક અને પૃથ્વી ઉપર આવન જાવન કરવાની સંમતિ આપી અને શિષ્યોને પૃથ્વી પર ઊતરીને વેદોનું જ્ઞાન, જે તે જ્ઞાનને અધિકારી હોય તેવા વ્યક્તિને આપવા માટે સૂચન કર્યું.*

*શુકદેવજીની ઉર્ધ્વગતિની અને તે સમયે વ્યાસજીની વ્યાકુળ પરિસ્થિતિની કથા પણ અહીં આવેલી છે.*

*અહીં, રાજા ઉપરિચર વસુ, તેમના દ્વારા સત્યવતીની ઉત્પત્તિ અને મહર્ષિ વેદ વ્યાસની ઉત્પત્તિની કથા આવેલી છે.*

*આ પર્વમાં વ્યાસજીએ પોતાના દેવતા શિષ્યોને પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ ધર્મના ઉપદેશનું રહસ્ય સમજાવ્યું છે.*

*આ ઉપરાંત, સાત મન્વન્તર અને તેમાં વ્યાસજીની ઉત્પત્તિની કથા પણ કહેવામાં આવી છે, જે અનુસાર વ્યાસજી પોતે કહે છે કે, 'પોતે પૂર્વે અપાન્તરતમા નામથી ઉત્પન્ન થયા અને તે જ પુનઃ વશિષ્ઠકુલનંદન વ્યાસના નામથી ઉત્પન્ન થઈને પ્રસિદ્ધ થયા. '* सोऽहं तस्य प्रसादेन देवस्य हरिमेधसः । अपान्तरतमा नाम ततो जातोऽऽज्ञया हरेः ॥ पुनश्च जातो विख्यातो वसिष्ठकुलनन्दनः ॥

*અનુશાસન પર્વમાં આવેલ દાનધર્મપર્વ અંતર્ગત આવેલ શિવસહસ્રનામમાં વ્યાસને –* व्यासः सर्वस्य सङ्क्षेपो विस्तरः पर्ययो नयः। **-** *પુરાણ અને ઈતિહાસનો વિસ્તાર કરનાર કહ્યા છે.*

*આગળ શિવસ્તુતિમાહાત્મ્યમાં પરાશર વ્યાસની ઉત્પત્તિ પૂર્વેની કથા જણાવે છેઃ*

**प्रसाद्याहं पुरा शर्वं मनसाचिन्तयं नृप । महातपा महातेजा महायोगी महायशाः ॥ वेदव्यासः श्रियावासो ब्रह्मण्यः करुणात्मकः ॥**

**अपि नामेप्सितः पुत्रो मम स्याद्वै महेश्वरात् । इति मत्वा हृदि मतं प्राह मां सुरसत्तमः ॥**

**मयि सम्भवतस्तस्य फलात्कृष्णो भविष्यति । सावर्णस्य मनोः सर्गे सप्तर्षिश्च भविष्यति ॥**

**वेदानां च स वै व्यस्ता कुरुवंशकरस्तथा । इतिहासस्य कर्ता च पुत्रस्ते जगतो हितः॥**

**भविष्यति महेन्द्रस्य दयितः स महामुनिः । अजरश्चामरश्चैव पराशर सुतस्तव ॥**

*પરાશર કહે છે કે, 'હે નરેશ્વર ! પૂર્વે મેં મહાદેવજીને પ્રસન્ન કરીને મનોમન તેમના ચિંતનનો આરંભ કર્યો. મારી આ તપસ્યાનો ઉદ્દેશ મહેશ્વરની કૃપાથી મહાતપસ્વી, મહાતેજસ્વી, મહાયોગી, મહાયશસ્વી, દયાળુ, શ્રીસંપન્ન અને બ્રહ્મનિષ્ઠ વેદવ્યાસ નામના મનોવંશિક પુત્રની પ્રાપ્તિ કરવાનો હતો. મારા આ મનોરથને જાણીને દેવશ્રેષ્ઠ શિવજીએ મને કહ્યું કે, 'હે મુનિ ! તમારો મારા પ્રત્યેનો જે વરદાન પ્રાપ્તિનો ઉદ્દેશ છે તેનાથી તમને કૃષ્ણ નામનો પુત્ર પ્રાપ્ત થશે, સાવર્ણિક મનવન્તરના સમયમાં જે સૃષ્ટિ હશે તેમાં તમારો આ પુત્ર સપ્તર્ષિના પદ પર પ્રતિષ્ઠિત થશે અને તે વૈવસ્વત મન્વંતરમાં વેદોનો વક્તા, કૌરવ વંશનો પ્રવર્તક, ઈતિહાસનો નિર્માતા, જગતનો હિતેચ્છુ અને દેવરાજ ઈન્દ્રનો પરમ પ્રિય મહામુનિ બનશે. હે પરાશર ! તમારો આ પુત્ર સદા અજર-અમર રહેશે.'*

*આ પર્વમાં વ્યાસ દ્વારા ગાયોનું મહત્ત્વ અને વ્યાસ અને કીટકના સંવાદમાં કીટકના વિવિધ યોનિમાં જન્મ અને વ્યાસજીની કૃપાથી તેના મોક્ષની વાત કરવામાં આવી છે. આ જ દાનધર્મપર્વમાં યુધિષ્ઠિરને ઉપદેશ આપીને શાંત થયેલા ભીષ્મની પાસે વ્યાસ ઉપસ્થિત છે. તેઓ ભીષ્મને કહે છે કે, 'આપ હવે યુધિષ્ઠિરને હસ્તિનાપુર જવાની આજ્ઞા આપો.'*

*ભીષ્મની અંતિમ ક્ષણોમાં યુધિષ્ઠિરની પૂર્વે વ્યાસ ત્યાં પહોંચ્યા છે. આમ, આ પર્વોમાં વ્યાસની ઉપસ્થિતિ આપણે જોઈ શકીએ છીએ.*

*આશ્વમેધિક પર્વમાં ભીષ્મના મૃત્યુથી શોકસંતપ્ત યુધિષ્ઠિરને વ્યાસ સાંત્વના આપે છે. શોકમાંથી નિવૃત્ત થવા પ્રાયશ્ચિત અર્થે તેમને અશ્વમેધ યજ્ઞ કરવા સૂચન કરે છેઃ*

**यजस्व वाजिमेधेन विधिवद्दक्षिणावता । बहुकामान्नवित्तेन शमो दाशरथिर्यथा ॥**

**यथा च भरतो राजा दौःषन्तिः पृथिवीपतिः । शाकुन्तलो महावीर्यस्तव पूर्वपितामहः॥**

*અને રાજધર્મનું પાલન કરવા અર્થે સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે વ્યાસ તેમને કહે છે કે, 'હિમાલય પર્વત પર મહાત્મા મરુતના યજ્ઞમાં બ્રાહ્મણોએ જે ધન છોડી દીધું છે તે ધન ત્યાં જ પડેલું છે. હે કુંતીકુમાર ! તેને લઈ આવો. એ તમારા માટે પર્યાપ્ત છે.' અને ત્યાર બાદ વ્યાસજી યુધિષ્ઠિરને મરુત અને તેના યજ્ઞની કથા સંભળાવે છે. આથી, યુધિષ્ઠિરનું મન શાંત થાય છે અને વ્યાસજી તથા અન્ય લોકો સાથે તેઓ હસ્તિનાપુર પાછા આવે છે અને તે પછી બધાની અનુમતિ લઈ વ્યાસ ત્યાંથી અંતર્ધાન થાય છે.*

*આ જ પર્વમાં વસુદેવજી અભિમન્યુનું શ્રાદ્ધ કરે છે. દુઃખતપ્ત વિરાટકુમારી ઉત્તરા અનેક દિવસો સુધી ભોજન કરતી નથી. તેની આ દશા બહુ જ પીડાજનક હતી. અને આથી તેના ગર્ભમાં રહેલું બાળક ક્ષીણ થવા લાગ્યું. દિવ્યચક્ષુ વડે આ પરિસ્થિતિને જાણીને વ્યાસ ત્યાં આવી પહોંચ્યા અને ઉત્તરાને મળીને તેને સમજાવતા કહ્યું કે, 'હે યશસ્વિની ઉત્તરા ! તું આ શોક છોડી દે. તારો પુત્ર મહાતેજસ્વી થશે. ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવથી અને મારા આશીર્વાદથી પાંડવો પછી તે સમગ્ર પૃથ્વીનું પાલન કરશે.* उत्तरां च महातेजाः शोकः सन्त्यज्यतामयम् ॥

**जनिष्यति महातेजाः पुत्रस्तव यशस्विनि । प्रभावाद्वासुदेवस्य मम व्याहरणादपि ॥**

**पाण्डवानामयं चान्ते पालयिष्यति मेदिनीम् ॥**

*અને ત્યારબાદ અર્જુન વગેરેનો શોક અને દૂર કરી, યુધિષ્ઠિરને અશ્વમેધ યજ્ઞની આજ્ઞા આપી, તેઓ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. હિમાલયની યાત્રા કરી યુધિષ્ઠિર ધન લઈ આવ્યા અને વ્યાસજીના હસ્તિનાપુર આવતાં યુધિષ્ઠિરે તેમને કહ્યું કે, 'આપણી કૃપાથી હું આ ધન લઈ આવ્યો છું અને તેનો અશ્વમેધમાં ઉપયોગ કરવા ઇચ્છું છું.'* भवत्प्रसादाद्भगवन्यदिदं रत्नमाहृतम् । उपयोक्तुं तदिच्छामि वाजिमेधे महाक्रतौ ॥ *અને વ્યાસજીએ તેમેને તેમ કરવા આજ્ઞા આપી.*अनुजानामि राजंस्त्वां क्रियतां यदनन्तरम्। यजस्व वाजिमेधेन विधिवद्दक्षिणावता ॥

તથા પોતે, પૈલ અને યાજ્ઞવલ્ક્ય યજ્ઞના તમામ વિધિ-વિધાન કરશે એમ જણાવ્યું. સાથે જ અર્જુન વગેરે ચારેય ભાઈઓને યજ્ઞસંદર્ભિત કાર્યોની વહેંચણી કરી આપી. તેમણે જ યજ્ઞાશ્વને ભ્રમણ કરવા મુક્ત કર્યો. અર્જુન તે અશ્વ સહિત, વિજયી બની હસ્તિનાપુર પરત આવતાં વ્યાસની આજ્ઞાથી યુધિષ્ઠિરે યજ્ઞની દિક્ષા ગ્રહણ કરી. અને યજ્ઞ પૂર્ણ થતાં તેમને પોતાની સમગ્ર પૃથ્વી વ્યાસજીને દક્ષિણામાં આપી દીધી. વ્યાસે તેનો સ્વીકાર કરી તેના પાલન માટે યુધિષ્ઠિરને પરત સોંપી.

આશ્રમવાસિક પર્વમાં વ્યાસ એકાધિક પ્રસંગે ઉપસ્થિત છે. યુધિષ્ઠિરે રાજ્ય સંભાળી લીધા પછી વ્યાસ નિત્ય ધૃતરાષ્ટ્ર પાસે આવીને બેસતા હતા; व्यासश्च भगवान्नित्यं वासं चक्रे नृपेण ह । આશ્રમવાસપર્વમાં ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિર પાસે વનવાસગમનની અનુજ્ઞા માગે છે અને ત્યારે ધૃતરાષ્ટ્ર, દુઃખી થયેલ યુધિષ્ઠિર અને અન્ય કૌરવવંશી સ્ત્રીઓ સમક્ષ વ્યાસ ઉપસ્થિત થાય છે અને કહે છે કે, 'હું પણ તને કહું છું કે રાજાને વનમાં જવાની આજ્ઞા આપ, અહીં તે વૃથા મૃત્યુ પામશે. 'अहमप्येतदेव त्वां ब्रवीमि कुरु मे वचः । अनुज्ञां लभतां राजा मा वृथेह मरिष्यति ॥

અને યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને વનગમનની સંમતિ આપતાં વ્યાસ સ્વસ્થાને ચાલ્યા ગયા. અને ત્યારબાદ ધૃતરાષ્ટ્ર વગેરે વિદુરના કહેવાથી વનમાં ભાગીરથીના તીરે આવેલા વ્યાસ-આશ્રમમાં રહેવા ગયા. ત્યાં વ્યાસજીની આજ્ઞાથી શતયૂપે વનમાં રહેવાની સંપૂર્ણ વિધિ તેમને સમજાવી.

આ પર્વ અંતર્ગત આવેલા પુત્રદર્શનપર્વમાં વ્યાસજી ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને અન્યને તેમના મૃત પુત્રોનાં દર્શન કરાવે છે. વ્યાસજી ધૃતરાષ્ટ્રને કહે છે કે, 'હે રાજેન્દ્ર ! તમારા હૃદયમાં જે કહેવાની ઈચ્છા થઈ રહી છે તેને હું જાણું છું. તમે નિરંતર પોતાના મૃત્યુ પામેલા પુત્રો માટે શોક કરી દુઃખી રહો છો. ' विदितं मम राजेन्द्र यत्ते हृदि विवक्षितम् । दह्यमानस्य शोकेन तव पुत्रकृतेन वै ॥વ્યાસજી જાણે છે કે, ગાંધરી, કુંતી, દ્રૌપદી અને સુભદ્રા વગેરે સ્ત્રીઓ પણ પોતાના પુત્રના મૃત્યુના શોકથી અત્યંત દુઃખી છે. અને પછી તેઓ ધૃતરાષ્ટ્રને પૂછે છે કે, 'હે મહાપ્રાજ્ઞ નરેશ ! કહો, હું તમારો કયો અભિષ્ઠ મનોરથ પ્રદાન કરું ? આજે હું તમને મનોવાંછિત વરદાન આપવા તૈયાર છું. તમે મારી તપસ્યાનું ફળ જુઓ !' અને તે સમયે ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોના મૃત્યુથી દુઃખસંતપ્ત છે ત્યારે ગાંધારી વ્યાસજીને વિનંતી કરે છે કે તેઓ ધૃતરાષ્ટ્ર અને અન્યને પોતાનાં અન્ય લોકમાં રહેલા સ્વજનોનાં દર્શન કરાવે.

આ દરમિયાન વ્યાસ કુંતીને પૂછે છે કે, 'પુત્રી ! તમે કાંઈ કહેવા ઈચ્છો છો ? અને કુંતા કર્ણના જન્મની કથા કહે છે. પોતે આ વાત છુપાવી હતી તે સ્વીકારે છે. ત્યારે વેદવ્યાસ તેમને કહે છે કે, 'બેટા તેં જે કાંઈ પણ કહ્યું છે એ બધું જ બરાબર છે. આમાં તારો કોઈ અપરાધ નથી. કારણ કે તે સમયે તું હજી કુમારી બાળા હતી.' इत्युक्तः प्रत्युवाचेदं व्यासो वेदविदां वरः । साधु सर्वमिदं तथ्यमेवमेव यथात्थ माम् ॥ अपराधश्च ते नास्ति कन्याभावं गता ह्यसि । देवाश्चैश्वर्यवन्तो वै शरीराण्याविशन्ति वै॥અહીં આપણે વ્યાસજીની ઉદાત્તત્તા જોઈ શકીએ છીએ.

*અને ત્યારબાદ ગંગા નદીના તટ પર પહોંચીને રાત્રિના સમએ વ્યાસજીએ સર્વ યોદ્ધાઓનું આહ્વાન કર્યું અને વેર, અભિમાન, માત્સર્ય ઈત્યાદિ ભાવોથી દૂર થયેલા બધા જ યોદ્ધાઓ ત્યાં ઉપસ્થિત થયા. જેને અન્ય લોકો સાથે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ દિવ્યદ્રષ્ટિથી જોયા અને હર્ષપૂર્વક મળ્યા. વ્યાસજીએ વિધવા ક્ષત્રિયાણીઓને કહ્યું કે જે સ્ત્રીઓ પોતાના પતિના લોકમાં જવા ઈચ્છતી હોય તે આળસ છોડીને તુરંત ગંગાજીના જળમાં ડૂબકી લગાવે અને કુરુવંશની તે સતી-સાધ્વી સ્ત્રીઓ શ્વસુર ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઈને ગંગાજીના જળમાં સમાઈ ગઈ. વ્યાસ જ ધૃતરાષ્ટ્રને યુધિષ્ઠિરને પરત હસ્તિનાપુર જવાની આજ્ઞા આપવા સમજાવે છે.*

*વ્યાસ જનમેજયની પરિક્ષિતનાં દર્શન કરવાની ઈચ્છા પણ પૂર્ણ કરે છે. આમ, આ પર્વમાં વ્યાસજીની અનેક પ્રસંગે ઉપસ્થિતિ છે.*

*મૌસલ પર્વમાં પણ આપણે વ્યાસને એક બહુ મહત્ત્વના પ્રસંગમાં જોઈ શકીએ છીએ. યાદવોનાં મૃત્યુ અને કૃષ્ણ અને બલરામના પરમધામગમન પછી અર્જુન દ્વારકાવાસી સ્ત્રી-પુરુષોને હસ્તિનાપુર લઈ આવવા નીકળ્યા, ત્યારે દ્વારકા સમુદ્રમાં સમાઈ ગઈ. રસ્તામાં ડાકુઓએ અર્જુન પર આક્રમણ કર્યું અને અર્જુનના દેખાતાં જ ડાકુઓ વૃષ્ણિ અને અંધક વંશની સુંદર સ્ત્રીઓને લૂંટી ગયા.*

*આ પ્રસંગથી ઉદ્વિગ્ન અને તેજોહીન બનેલ અર્જુન મહર્ષિ વ્યાસના આશ્રમમાં આવ્યા. તેમણે મહર્ષિ વ્યાસને સમગ્ર ઘટના જણાવી કહ્યું કે, 'મારા ધનુષ્ય અને મારા હાથમાં પહેલા જેવી શક્તિ હવે મને જણાતી નથી. મારું અસ્ત્રોનું જ્ઞાન વિલુપ્ત થઈ ગયું છે. મારા ચિત્તમાં નિર્વેદ છવાયો છે.'*

*વ્યાસે અર્જુનને શોકમુક્ત થવા સમજાવ્યું અને કહ્યું કે, 'હું સમજુ છું ત્યાં સુધી તમે પોતાનું કર્તવ્ય પૂર્ણ કરી લીધું છે અને તમને બધા જ પ્રકારે સફળતા પ્રાપ્ત થઈ ચૂકી છે. હે પ્રભુ ! હવે તમારો પરલોકગમનનો સમય આવી ચૂક્યો છે અને તે જ તમારા માટે શ્રેયસ્કર છે. '* कृतकृत्यांश्च वो मन्ये संसिद्धान्कुरुपुङ्गव । गमनं प्राप्तकालं च तद्धि श्रेयो मतं मम ॥*અને અર્જુન હસ્તિનાપુર પરત ફરે છે.*

*મહાપ્રસ્થાનિક પર્વમાં વ્યાસ ઉપસ્થિત નથી. અલબત્ત, પૂર્વે અર્જુનને કરેલ સૂચનના કારણે જ પાંડવો મહાપ્રસ્થાન કરે છે.*

*સ્વર્ગારોહણપર્વમાં આપણે વ્યાસજીનાં ઉલ્લેખ, મહાભારત સર્જન અને તેમના મનુષ્ય માટેના અંતિમ ઉપદેશને પ્રાપ્ત કરીએ છીએ.*

अनागतं त्रिभिर्वर्षैः कृष्णद्वैपायनः प्रभुः । संदर्भं भारतस्यास्य कृतवान्धर्मकाम्यया॥

*નિત્યસિદ્ધ, મોક્ષ સ્વરૂપ ભગવાન કૃષ્ણ દ્વૈપાયને ધર્મની કામનાથી આ મહાભારત સંદર્ભની રચના કરી છે.*

इतिहासमिमं पुण्यं महार्थं वेदसंमितम् । श्रावयेद्यस्तु वर्णांस्त्रीन्कृत्वा ब्राह्मणमग्रतः ॥*આ મહાન અર્થવાળા વેદસંમત પુણ્યકારી ઈતિહાસનું શ્રવણ કરવું જોઈએ.*

महर्षिर्भगवान्व्यासः कृत्वेमां संहितां पुरा । श्लोकैश्चतुर्भिर्भगवान्पुत्रमध्यापयच्छुकम् ॥४६॥ *પૂર્વે મહર્ષિ ભગવાને વ્યાસે આ સંહિતાનું સર્જન કરીને પોતાના પુત્ર અને ચાર શિષ્યોને તેનું અધ્યાપન કરાવ્યું.*

ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति मे । धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥४९॥ *'હું મારા બંને હાથ ઉપર ઉઠાવીને પોકારી પોકારીને કહી રહ્યો છું, પરંતુ મારી વાત કોઈ સાંભળતું નથી. ધર્મથી મોક્ષ તો સિદ્ધ થાય જ છે, અર્થ અને કામ પણ સિદ્ધ થાય છે, તો પણ મનુષ્યો તેનું સેવન શા માટે કરતા નથી ?'*

द्वैपायनोष्ठपुटनिःसृतमप्रमेयं; पुण्यं पवित्रमथ पापहरं शिवं च ।

यो भारतं समधिगच्छति वाच्यमानं; किं तस्य पुष्करजलैरभिषेचनेन ॥ *'જે વેદ વ્યાસજીના મુખમાંથી નીકળેલ આ અપ્રમેય, પુણ્યકારી, પવિત્ર, પાપહારી અને કલ્યાણકારક મહાભારતને અન્યના મુખથી સાંભળે છે, તેને પુષ્કરતીર્થના જળમાં ડૂબકી લગાવવાની ક્યાં આવશ્યકતા છે?'*

*આપણે જોઈએ છીએ કે, વ્યાસ ધૃતરાષ્ટ્ર અને પાંડુના પિતા છે અને કૌરવ-પાંડવોના પિતામહ છે. દરેક મહત્ત્વની ઘટના, મહત્ત્વની પરિસ્થિતિ અને પ્રસંગોએ તે માર્ગદર્શન કરે છે, આદેશ કે આજ્ઞા કરે છે. દુઃખના પ્રસંગોએ શોકગ્રસ્ત સ્વજનોને પ્રેરણા અને હૂંફ પૂરા પાડે છે. આમ, સમગ્ર મહાભારતમાં આપણને વેદ વ્યાસની ઉપસ્થિતિ અને ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. અને આથી, મહાભારત એ વેદ વ્યાસની વ્યાસજીએ પોતે કહેલી જીવનકથા હોય એમ અનુભવાય છે.*

*વ્યાસ-સ્તુતિ*

कृष्णद्वैपायनं व्यासं विद्धि नारायणं प्रभुम् । को ह्यन्यः पुरुषव्याघ्र महाभारतकृद्भवेत्॥ *'હે નરવ્યાઘ્ર ! કૃષ્ણદ્વૈપાયન વ્યાસને આ પૃથ્વી ઉપરના નારાયણના સ્વરૂપ રૂપે જાણો ! ભગવાન વિના અન્ય કોણ મહાભારતનું સર્જન કરી શકે ?' અહીં વ્યાસને ભગવાન વિષ્ણુના સ્વરૂપ માનવામાં આવ્યા છે.*

*મહાભારતના આદિપર્વમાં કહેવાયું છે કે,*

त्रिभिर्वर्षैः सदोत्थायी कृष्णद्वैपायनो मुनिः । महाभारतमाख्यानं कृतवानिदमुत्तमम् ॥

*સદા જાગૃત કૃષ્ણ દ્વૈપાયાન મુનિએ ત્રણ વર્ષમાં આ ઉત્તમ મહાભારત આખ્યાનનું સર્જન કર્યું. અને આ રચનાની શ્રેષ્ઠતા એ છે કે, 'ધર્મ, અર્થ, કામ અને મોક્ષના વિષયમાં, હે ભારતશ્રેષ્ઠ! જે અહી છે તે સર્વત્ર છે અને જે અહીં નથી તે અન્યત્ર ક્યાંય નથી. '* धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ । यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् ॥*કે.કા. શાસ્ત્રી કહે છે કે, 'આ રામાયણની પેઠે જ મહાભારત પણ ભારતના રાષ્ટ્રીયઆદર્શોને દર્શાવતું બીજું મહાકાવ્ય છે. ભારત અને મહાભારત તો જાણે કે પર્યાયવાચી શબ્દો બની ગયા છે. કહ્યું છે કે જે આમાં છે, તે જ સર્વત્ર છે અને જે અહીં નથી તે ક્યાંય નથી.'*

'कृतं मयेदं भगवन् काव्यं परमपूजितम् - વ્યાસ બ્રહ્માને કહે છે કે, 'હે પરમ પૂજનીય ! મેં એક ઉત્કૃષ્ટ કવિતા રચી છે'. વ્યાસના આ અદ્ભુત સર્જનમાં વિષયવસ્તુની વિશિષ્ટતા છે, પાત્રોની વિવિધતા છે, લાગણીઓમાં સમૃદ્ધિ છે, રસનું પૂર છે અને માનવજીવનનું નજીકથી કરવામાં આવેલું દર્શન છે.

ભગવદ્ ગીતાના વિભૂતિયોગમાં ભગવાન કૃષ્ણ કહે છે કે, 'मुनीनामप्यहं व्यासः' અર્થાત્ ઋષિઓમાં, બધું જ જાણનારાઓમાં, ધ્યાનના અભ્યાસુઓમાં હું વ્યાસ છું.

બાણ વ્યાસને કવિ-બ્રહ્મા તરીકે બિરદાવે છે. જેમ બ્રહ્માએ સરસ્વતી નદીના પ્રવાહથી પવિત્ર ભારતની ભૂમિની રચના કરી, તેમ વ્યાસે મહાકાવ્ય ભરતની રચના કરી તેની ભાષાના પ્રવાહને પવિત્ર કરી. नमः सर्वविदे तस्मै व्यासाय कविवेधसे । चक्रे पुण्यं सरस्वत्या यो वर्षमिव भारतम् ॥ – આમ, બાણ દ્રષ્ટા-કવિ માટે તેમની પ્રશંસા કરે છે.

મહાભારતની રચનાની સમયરેખા એ જ વ્યાસના સમય તરીકે સ્વીકારવામાં આવે છે. અલબત્ત, પરંપરાથી વ્યાસને ચિરંજીવી તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. अश्वत्थामा बलिर्व्यासो हनूमांश्च विभीषणः । कृपः परशुरामश्च सप्तैते चिरजीविनः ॥ ખીલેલા કમળ સમાન વિશાળ-લોચન ધરાવતા, વિશાળબુદ્ધિ વ્યાસને હું નમસ્કાર કરું છું, કે જેમણે મહાભારત-જ્ઞાન રૂપી જ્ઞાનના દીપકને પ્રજ્જ્વલિત કર્યો છે.

नमोस्तु ते व्यासः फुल्लारविन्दायतपत्रनेत्रः । येन त्वया भारततैलपूर्णः प्रज्ज्वालितो ज्ञानमयः प्रदीपः ॥

વ્યાસ રચિત આ મહાભારત પાંચમાં વેદ તરીકે સ્વીકારાયું છે. એ શાસ્ત્ર પણ છે, કાનૂન પણ છે, ઈતિહાસ પણ છે અને એક શ્રેષ્ઠ સાહિત્યિક કૃતિ પણ છે. એ ખરેખર 'મહા' ભારત છે. કદમાંયે વિશાળ અને વિષયોમાંયે વિસ્તૃત ! ભારત અને વિદેશોની વિવિધ ભાષાઓમાં સર્જાયેલ હજારો સાહિત્યકૃતિઓનો મૂળ સ્રોત આ મહાભારત છે. એનાં પાત્રો રાષ્ટ્રીય આદર્શો સમાં છે. આ મહાકાવ્યના કથાવસ્તુની, સાહિત્યિક ગુણવત્તાની કે તત્ત્વજ્ઞાનની ગમે તેવી અસરો અને પ્રભાવ માનવજાત પર ભલે પડે, પણ એનો મધ્યવર્તી સંદેશ તો 'મનુષ્યનું લક્ષ્ય પૂર્ણ માનવ્યની પ્રાપ્તિ છે' – એ જ છે – 'न मानुषाच्छ्रेष्ठतरं हि किञ्चत्' – માણસાઈથી વધુ ઉત્તમ કશું જ નથી.' વ્યાસના સર્જનનું આ જ કથિતવ્ય છે.

યુધિષ્ઠિર આશ્રમવાસિક પર્વમાં કહે છે કે, 'હે ભગવન! આપ જ અમારા માનનીય અને અમારા ગુરુ છો, આ નગર અને રાજ્યના આધાર આપ જ છો. ' भगवानेव नो मान्यो भगवानेव नो गुरुः । भगवानस्य राज्यस्य कुलस्य च परायणम् ॥ આ મહર્ષિ વ્યાસ માટે ઉત્તમ અંજલિ છે.

## 3.3 તમારી પ્રગતિ ચકાસો.

1. *રામાયણમાં પ્રાપ્ત થતા મહર્ષિ વાલ્મીકિના ઉલ્લેખો વિશે સવિસ્તર નોંધ કરો.*

2. *વાલ્મીકિના જીવન વિષયક કથાઓ વિશે સવિસ્તર નોંધ કરો.*

3. *વાલ્મીકિના સમય વિશે નોધ લખો.*

4. *રામાયણની ઉત્પત્તિ વિશે સવિસ્તર નોંધ લખો.*

5. *'વ્યાસ' શબ્દનો અર્થ જણાવો.*

6. *મહાભારતનું વ્યાસની જીવનકથા તરીકે મૂલ્યાંકન કરો.*

## 3.4 સંદર્ભ ગ્રંથ


1. Dutt, M. N. (2004). Mahabharat-Sankrit Text with English Translation, Parimal Publication, Delhi
2. Ghose, Aurobindo, (1964) Vyasa and Valmiki, Sri Aurobindo Ashram, Pondicherry
3. Mittal J.P. (2006), History of Ancient India A New Version From 7300 BC to 4250 BC, VOLUME-1, Atlantic Publishers & Distributors, New Delhi

4. Shah Umakant Premanand (1975) edited by Madan P. J. and others, UttaraKanda of The Valmiki Ramayana (Seventh Book) (Critical Edition), Oriental Institute, Baroda
5. Bhatt, G.H. (1960) edited by Madan P.J. and others, BalaKanda of The Valmiki Ramayana (First Book) (Critical Edition), Oriental Institute, Baroda
6. Mankad, D.R. (1965) edited by Madan P.J. and others, KishkindhaKanda of The Valmiki Ramayana (Vol-4) (Critical Edition), Oriental Institute, Baroda
7. कक्कड़, एच., (2004),महाभारत, Parimal Publication, New Delhi
8. पाण्डेय, रामनारायण दत्त शास्त्री (1941), महाभारत, (षष्ट खंड), चतुर्थ संस्करण, गीता प्रेस, गोरखपुर
9. पाण्डुरङ्गाराव, इलपावुलूरि, भारतीय साहित्य के निर्माता वाल्मीकि, साहित्य अकादेमी, दिल्ली
10. शास्त्री, रामनारायण दत्त, (अनुवादक) (सं. २०७५,वोल्यूम १से ६) महाभारत (१८वां पुन: संस्करण), गीताप्रेस, गोरखपुर
11. *(શ્રી રવીન્દ્રનાથ ઠાકુર કૃત), અનુ. દેસાઈ, મહાદેવ હરિભાઈ, પરીખ, નરહરિ દ્વારકાદાસ, પ્રાચીન સાહિત્ય (૧૯૭૬) (ચોથી આવૃત્તિ, પુનર્મુદ્રણ), નવજીવન કાર્યાલય, અમદાવાદ.*
12. Mahabharat- https://krishnamurti.abundanthope.org/index_htm_files/MahabharataOfVyasa-EnglishTranslationByKMGanguli.pdf
13. Mahabharat Critical Editionhttps//sanskritdocuments.org/mirrors/mahabharata/mahabharata-bori.html

---

**લેખક : ડૉ. સ્વાતિ શાહ, આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**એલ. આર. વળિયા આર્ટ્સ એન્ડ પી. આર. મહેતા કોમર્સ કોલેજ,**
**ભાવનગર.**

---

# એકમ: 4 : અશ્વઘોષ રચિત મહાકાવ્યો

## રૂપરેખા


**4.1 ઉદ્દેશ**

**4.2 પ્રસ્તાવના**

**4.3 અશ્વઘોષ રચિત મહાકાવ્યો**

**4.3.1 બુદ્ધચરિત મહાકાવ્ય**

**4.3.2 સૌન્દરનંદ મહાકાવ્ય**

**4.4 તમારી પ્રગતિ ચકાસો**


## 4.1 ઉદ્દેશ

*આ એકમના અધ્યયનથી વિદ્યાર્થીમિત્રો-*

- *ભારતીય સંસ્કૃતિ સાહિત્યની ઉમદા પરંપરાનો પરિચય કેળવશે.*
- *પંચ મહાકાવ્યો ઉપરાંત, અશ્વઘોષ વિરચિત મહાકાવ્યોનો પરિચય મેળવશે.*
- *ભગવાન બુદ્ધની પરંપરા વિશે જાણકારી પ્રાપ્ત કરશે.*

## 4.2 પ્રસ્તાવના

*કેટલાક મહત્ત્વના સંસ્કૃત કવિઓની જેમ અશ્વઘોષના જીવન વિશે આપણને સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થતી નથી. એમના વિષે કેટલીક દંતકથાઓમાં જે સચવાયું છે અને જે એમની કૃતિઓમાંથી મળે છે તે માહિતી સિવાય તેમના અંગત જીવન વિષે કંઈ નિશ્ચિત જાણવા મળતું નથી. રાજા કનિષ્કના દરબારમાં દાર્શનિક અને કવિ અશ્વઘોષ મહત્વપૂર્ણ સ્થાને બિરાજતા હતા એવું દંતકથામાં પ્રાપ્ત થાય છે, પરંતુ આ કનિષ્ક પ્રથમ કે કનિષ્ક દ્વિતીય, તે વિશે સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થતી નથી. સૌન્દરનંદ મહાકાવ્યની પુષ્પિકામાં કહેવાયું છે તે અનુસાર આપણને થોડી માહિતી પ્રાપ્ત થાય છે:*

आर्य सुवर्णाक्षिपुत्रस्य साकेतस्य भिक्षोः आचार्यभदन्ताश्वघोषस्य हाकवेर्महावादिनः कृतिरियम्

*અર્થાત્ અશ્વઘોષ પૂર્વ હિન્દમાં આવેલા સાકેતના નિવાસી હતા. તેમની માતાનું નામ સુવર્ણાક્ષી હતું. તેઓ બૌદ્ધ ભિક્ષુ હતા અને તેમના નામની પૂર્વે ભદન્ત એવું માનવાચક વિશેષણ લગાડવામાં આવતું હતું. અલબત્ત, ઉપરની દરેક વિગતો વિશે પણ વિદ્વાનોમાં મતભેદ છે.*

*અશ્વઘોષનો જન્મ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો અને તેમણે બૌદ્ધ ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. મહાયાન સંપ્રદાયના મહાન આચાર્ય તરીકે અશ્વઘોષનું સ્થાન ગણાતું હતું. સર્વાસ્તિવાદની પરંપરા અનુસાર ભગવાન બુદ્ધના નિર્વાણ પછી 300 વર્ષ બાદ અશ્વઘોષનો જન્મ થયો હતો. મોટાભાગના વિદ્વાનોના મતે અશ્વઘોષનો સમય ઈસવીસનની પ્રથમ સદી છે. વિન્ટરનિત્ઝ કહે છે કે, તેમનો સમય ઈ.સ. 100 પછી મૂકી શકાય તેમ નથી.*

*કાવ્યમીમાંસા, ભોજપ્રબંધ, ચાણક્ય રાજનીતિશાસ્ત્ર, ઈત્યાદિ ગ્રંથોમાં બુદ્ધચરિતમાંથી શ્લોકોને અવતરણ સ્વરૂપે લેવામાં આવ્યા છે, જે અશ્વઘોષની કૃતિઓની પ્રસિદ્ધિ સૂચવે છે. આશ્ચર્યની વાત એ છે કે અશ્વઘોષના મહાકાવ્યો પર એક પણ ટીકા પ્રાપ્ત થતી નથી.*

*બૌદ્ધ પરંપરા અનુસાર માનવામાં આવે છે કે અશ્વઘોષ રચિત કૃતિઓની સંખ્યા ઘણી મોટી છે અને તે કૃતિઓના ચીની ભાષામાં અને તિબેટી ભાષામાં ભાષાંતરો પ્રાપ્ત થાય છે, પરંતુ તેના મૂળ સંસ્કૃત ગ્રંથો ઉપલબ્ધ થયા નથી. આથી, તેને અશ્વઘોષની સંસ્કૃતમાં રચાયેલી કૃતિઓ તરીકે સ્વીકારવા બાબતે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે, જ્યારે બુદ્ધચરિત, સૌન્દરનંદ અને શારિપુત્રપ્રકરણને વિદ્વાનો અશ્વઘોષની કૃતિ તરીકે સર્વાનુમતે સ્વીકારે છેઃ જેમાં શારિપુત્રપ્રકરણ એ નાટક છે, જ્યારે બુદ્ધચરિત અને સૌન્દરનંદ એ મહાકાવ્યો છે.*

*આશરે દોઢ સદી પહેલાં ભારતમાં અશ્વઘોષ વિશે એમના નામથી વિશેષ કોઈ જ માહિતી પ્રાપ્ત થતી ન હતી. સેમ્યુઅલ બિલે ઈ.સ. 1883માં, અશ્વઘોષના બુદ્ધચરિતનું ચીની અનુવાદ પરથી તૈયાર કરેલું અંગ્રેજી ભાષાંતર પ્રગટ કર્યું અને દશ વર્ષ પછી કોવેલે પહેલીવાર એ મહાકાવ્યનો સંસ્કૃત પાઠ પ્રકાશિત કર્યો અને આ પ્રશિષ્ટ મહાકવિનો સંસ્કૃત કાવ્યરસિકોને પરિચય કરાવ્યો. ત્યારપછી અશ્વઘોષની કહેવાતી જુદી જુદી કૃતિઓ પ્રકાશિત થઈ, જેથી પ્રશિષ્ટ સંસ્કૃત કાવ્યસાહિત્યમાં મહાકવિ તરીકે અશ્વઘોષ પ્રતિષ્ઠિત થયા.*

## 4.3 અશ્વઘોષ રચિત મહાકાવ્યો

*અશ્વઘોષે બે મહાકાવ્યોની રચના કરી છેઃ બુદ્ધચરિત અને સૌન્દરનંદ.*

### 4.3.1 બુદ્ધચરિત

*અશ્વઘોષની ત્રણ કૃતિઓઃ બુદ્ધચરિત, સૌન્દરનંદ અને શારિપુત્રપ્રકરણમાં, 'બુદ્ધચરિત'ને વિદ્વાનો સર્વોત્તમ મહાકાવ્ય તરીકે સ્વીકારે છે. વળી, કેટલાક વિદ્વાનોના મતે પ્રશિષ્ટ સંસ્કૃતસાહિત્યનું એ પ્રથમ મહાકાવ્ય છે. અલબત્ત, કાલિદાસનો સમય જો ઈ. સ. પૂર્વે પ્રથમ સદીનો સ્વીકારવામાં આવે તો કાલિદાસના મહાકાવ્ય રઘુવંશને જ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના પ્રથમ મહાકાવ્ય તરીકે સ્વીકારવું પડે.*

*એ. બી. કીથ., 'હિસ્ટ્રી ઓફ સંસ્કૃત લિટરેચર'માં નોંધે છે કે, ''અશ્વઘોષ બોદ્ધ ધર્મના મોટામાં મોટા કવિ છે અને ખુદ 'બુદ્ધ'નું ચરિત શબ્દાંકિત કરવામાં એનાથી*

મોટો બીજો કોઈ કવિ થયો નહિ તેથી તેની કીર્તિ અક્ષત રહી, જ્યારે બીજા કવિઓની કીર્તિ કાલિદાસ ઝાંખી પાડી દે છે અને તેમને વિસ્મૃતિની ગર્તામાં ધકેલી દે છે." અશ્વઘોષ રચિત બુદ્ધચરિત પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. ઇત્સિંગ અનુસાર બુદ્ધના જીવનનું આ પ્રથમ પૂર્ણ મહાકાવ્ય ભારતખંડના પાંચેપાંચ પ્રદેશોમાં તેમ જ દક્ષિણસમુદ્રના બધા દેશોમાં વંચાતું અને ગવાતું હતું.

બુદ્ધચરિત મહાકાવ્ય 28 સર્ગોમાં લખાયેલું મહાકાવ્ય છે એમ ઇત્સિંગ જણાવે છે. વળી, ચીની રૂપાંતર અને તિબેટી રૂપાંતરના આધારે પણ આપણને આ મહાકાવ્ય અઠ્યાવીસ સર્ગનું હોવાનું જણાય છે. આ મહાકાવ્યની કથા બુદ્ધના જન્મથી આરંભીને પ્રથમ ધર્મસભા અને અશોકના રાજ્ય સુધીની પ્રાપ્ત થાય છે. અલબત્ત, સંસ્કૃતમાં પ્રથમ સર્ગ અને ચૌદમો સર્ગ ખંડિત અવસ્થામાં પ્રાપ્ત થાય છે, દ્વિતીયથી તેરમા સર્ગ સુધીનાં સર્ગ પૂર્ણ અવસ્થામાં પ્રાપ્ય છે.

'બુદ્ધચરિત' આ શીર્ષક જ સૂચવે છે તેમ આ ગૌતમબુદ્ધના ચરિત્રનું વર્ણન કરતું મહાકાવ્ય છે. સર્ગવાર કથાનક જોઈએ તોઃ

પ્રથમ સર્ગનું નામ 'ભગવત્પ્રસુતિ' છે. આ અંક નો પ્રારંભ

**ऐक्ष्वाक इक्ष्वाकुसमप्रभावः शाक्येष्वशक्येषु विशुद्धवृत्तः ।**

**प्रियः शरच्चन्द्र इव प्रजानां शुद्धोदनो नाम वभूव शजा ॥ १ ॥**

અર્થાત્ ઈક્ષ્વાકુઓના વંશમાં શુદ્ધોદન નામનો રાજા થઈ ગયો, જે અજેય એવા શક્યોનો અધિપતિ હતો અને ઈક્ષ્વાકુઓ સમાન પ્રભાવશાળી હતો. તેનું આચરણ વિશુદ્ધ હતું અને તેની પ્રજાઓમાં તે શરદ ઋતુના ચંદ્ર સમાન પ્રિય હતો.

આ સર્ગમાં બુદ્ધના રાજા શુદ્ધોદન અને તેમના પત્ની માયાવતીને ત્યાં ભગવાન બુદ્ધનો જન્મ થાય છે તેનું વર્ણન અને તેમના માતા-પિતાનાં ચિંતા અને હર્ષનું વર્ણન કરવામાં આવ્યું છે. બુદ્ધનો જન્મ થતાં બ્રાહ્મણો ભવિષ્યવાણી ભાખે છે : "लोकस्य नेता तव पुत्रभूतः दुःखार्दितानां भुवि एष त्राता ।" અર્થાત્ આપને ત્યાં ઉત્પન્ન થયેલ પુત્ર દુઃખોમાં ડૂબેલા જગતનો ઉદ્ધાર કરશે. ત્યારબાદ અસિત નામના ઋષિ બાળકના દર્શને આવે છે અને સૂચક ઉદ્ગાર કાઢે છે કે,

**स्वैर्मोहपाशैः परिवेष्टितस्य दुःखाभिभूतस्य निशश्रयस्य ।**

**लोकस्य संबुध्य च धर्मशजः करिष्यते बन्धनमोक्षमेषः ॥**

બુદ્ધત્વને પ્રાપ્ત કરીને આ ધર્મરાજ, પોતાના જ મોહપાશથી વીંટલાયેલા, દુઃખથી અભિભૂત અને નિરાશ્રિત એવા જગતનાં બંધન તોડી નાખશે.

તેઓ આગળ કહે છે કે, આ બાળકનો જન્મ જગતને ઉપદેશ આપવા માટે જ થયો છે અને તે અફસોસ વ્યક્ત કરે છે કે તે સાંભળવા માટે હું જીવિત નહીં હોઉં.

બીજા સર્ગનું નામ 'અંતઃપુરવિહાર' છે.

*બુદ્ધનો જન્મ થતાં ચોતરફ શાંતિ અને આનંદ વ્યાપી ગયાં. આથી, રાજાએ આ સર્વાર્થસિદ્ધિ છે, એમ પોતાના પુત્રનું નામ જણાવ્યું.*

**एवंविधा शजकुलस्य संपत्सर्वार्थसिद्धिश्च यतो बभूव ।**

**ततो नृपस्तस्य सुतस्य नाम सर्वार्थसिद्धोऽयमिति प्रचक्रे ॥**

*આ સર્ગમાં રાજા શુદ્ધોદન કુમાર ગૌતમના ચિત્તમાં વૈરાગ્યનો ભાવ જાગે નહીં તે માટે રાજમહેલમાં જ વિવિધ ઉપભોગની વ્યવસ્થા કરે છે, છતાં સુખોપભોગ તરફ સર્વાર્થસિદ્ધિનું મન અનાસક્ત રહે છે.*

*અશ્વઘોષ લખે છે કે, ગૌતમ અધિર વ્યક્તિઓની જેમ કામસુખમાં આસક્ત થયા નહીં અને સ્ત્રીવર્ગ પ્રત્યે અનુચિત અનુરાગ દર્શાવ્યો નહીં. તે જ રીતે તેમના પ્રત્યે ક્રોધ પણ કર્યો નહીં. ધૈર્યપૂર્વક ઈન્દ્રિય રૂપ ચપલ ઘોડાઓનું દમન કર્યું અને પોતાના ગુણોથી મિત્રો અને નગરવાસીઓને જીતી લીધા. ગૌતમ યુવાન થતાં યશોધરા સાથે તેમના વિવાહ થાય છે અને તેમને ત્યાં રાહુલ નામના પુત્રનો જન્મ થાય છે. દિન-પ્રતિદિન સર્વાર્થસિદ્ધિ અર્થાત્ સિદ્ધાર્થનો સંસારશોખ ઘટતો ગયો.*

## તૃતીય સર્ગનું નામ 'સંવેગોત્પત્તિ' છે.

*આ સર્ગમાં કુમાર ગૌતમ પિતાની આજ્ઞા લઈને નગરયાત્રાએ જાય છે. તેમને જોવા માટે નગરજનો રસ્તા પર એકઠા થયા છે. આ સર્ગમાં કુમારને જોવા ઉત્સુક બનેલી સ્ત્રીઓનું વર્ણન ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું છે.*

*જેમ કે,*

**वातायनेभ्यस्तु विनिःसृतानि पश्स्पशयासितकुण्डलानि ।**

**स्त्रीणां विरेजुर्मुखपङ्कजानि सक्तानि हर्म्येष्विव पङ्कजानि ॥१९॥**

*એક બીજાના કુંડળોને ક્ષુબ્ધ કરી રહેલાં, વાતાયનમાંથી દેખાતાં સ્ત્રીઓનાં મુખકમળ એવી રીતે શોભાયમાન લાગતાં હતાં, જાણે મહેલોમાં કમળ ઊગી નીકળ્યાં ન હોય!*

*આ નગરયાત્રા કરતાં સર્વાર્થસિદ્ધિ જરા, રોગ અને મૃત્યુનાં દર્શન કરે છે. જીવનની આ દુઃખમય અવસ્થાઓ જોઈ એ વ્યાકુળ બની જાય છે અને જીવનની ક્ષણભંગુરતાને જાણે છે. આ દર્શનથી તેમના ચિત્તમાં વ્યાપ્ત સંવેગથી તેઓ ખળભળી ઊઠ્યા અને તીવ્ર મનોવ્યાથા અનુભવવા લાગ્યા.*

**इयं च निष्ठा नियता प्रजानां प्रमाद्यति त्यक्तभयश्च लोकः ।**

**मनांसि शङ्के कठिनानि नृणां स्वस्थास्तथा ह्यध्वनि वर्तमानाः ॥ ६१ ॥**

*પ્રજાઓનો આ વિનાશ નિયત છે અને છતાંય તેઓ સંસારભયને ત્યાગીને અસાવધાનીથી વર્તે છે. મનુષ્યોનાં મન, મને લાગે છે કે, કઠોર છે. કારણ કે મૃત્યુમાર્ગમાં રહેતા હોવા છતાં તેઓ જાણે કે સુખી છે. અત્યંત ક્ષુબ્ધ થયેલા તેમને સારથિ પરાણે વારંગનાઓના વનમાં લઈ ગયો.*

*ચતુર્થ સર્ગનું નામ 'સ્ત્રી-વિઘાતન' અથવા 'સ્ત્રી-નિવારણ' છે.*

*વનમાં લઈ જવાયેલા કુમારને આકર્ષવા માટે વારાંગનાઓએ અનેક પ્રયાસો કર્યા. રાજકુમારની સાથે રહેલા પુરોહિત-પુત્ર ઉદાયીએ વારાંગનાઓને કહ્યું કે,*

**तदेवं सति विश्रब्धं प्रयतध्वं तथा यथा ।**

**इयं नृपस्य वंशश्रीरितो न स्यात्पराङ्मुखी ॥२२॥**

*તમે જરા પણ વિશ્રબ્ધ થયા વિના એવો પ્રયત્ન કરો કે જેના દ્વારા રાજાની આ વંશલક્ષ્મી અહીંથી વિમુખ ન થઈ જાય, પરંતુ સાંસારિક દુઃખોને જોઈને વિકળ થયેલા કુમારે ઉપભોગમાં રસ લીધો નહીં. અહીં, સ્ત્રીઓ સાથેના તેમના વ્યવહારનું પણ વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ સર્ગમાં ઉત્તમ મિત્રના ત્રણ લક્ષણોની વાત કરવામાં આવી છેઃ અહિતથી અટકાવવું, હિતકાર્યમાં જોડવું અને વિપત્તિમાં ન છોડવું.*

**પાંચમા સર્ગનું નામ 'અભિનિષ્ક્રમણ' છે.**

*આ સર્ગમાં કુમારના ગૃહત્યાગનું વર્ણન કરવામાં આવ્યું છે. ઘરની બહાર નીકળેલા કુમાર માર્ગમાં પરિશ્રમ કરતા, શ્રમાર્ત ખેડૂત અને બળદને જોઈને વધારે દુઃખી બન્યા.*

**कृषतः पुरुषांश्च वीक्षमाणः पवनार्कांशुरजो विभिन्नवर्णान् ।**

**वहनक्लमविक्लवांश्च धुर्यान् परमार्यः परमां कृपां चकार ॥ ६ ॥**

*જીવમાત્રની પરિસ્થિતિ જોઈને, જગતની ઉત્પત્તિ અને વિનાશ વિશે વિચારતાં આર્ત થઈને તેમણે કહ્યું કે, 'આ જગત ખરેખર જ કૃપણ છે'. આ દરમિયાન તેમણે ઘરમાંથી અભિનિષ્ક્રમણ કેવી રીતે કરવું તેના વિશે વિચાર કર્યો અને રાજમહેલમાં પાછા ફર્યા. પિતા પાસે પરિવ્રાજક બનાવવાની અનુજ્ઞા માગી. ત્યારે તેમને પિતા શુદ્ધોદાને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, ક્રમહીન (ચાર આશ્રમોનો ક્રમઃ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ) મનોરથ ઉપહાસપાત્ર બને છે અને તેમને સુંદર સ્ત્રીઓની વચ્ચે મૂક્યા, પરંતુ ગૌતમના મનમાં આસક્તિ જાગવાના સ્થાને વૈરાગ્ય જ ઉત્પન્ન થયું. અમૃતત્વ પ્રાપ્ત કરવાની ઈચ્છા પ્રબળ બનતાં એક રાત્રે પોતાના સારથિ છંદકને ઊંઘમાંથી ઉઠાડીને કંથક નામના વેગવાન અશ્વ પર બેસી કપિલવસ્તુથી દૂર ચાલ્યા ગયા.*

**तुरगावचरं स बोधयित्वा जविनं छन्दकमत्थमित्युवाच ।**

**हयमानय कन्थकं त्वरावानमृतं प्रातुमितोऽद्य मे यियासा ॥६८॥**

*બુદ્ધચરિતના છઠ્ઠા સગનું નામ 'છન્દકનિવર્તન' છે, જેમાં સારથિ છંદકના નગર તરફ પાછા ફરવાની ઘટના છે.*

*કુમાર સિદ્ધાર્થ સારથિ સાથે પોતાના આભૂષણો અને કીમતી વસ્ત્રો પિતાને પાછા મોકલી રાજા શુદ્ધોદનને સંદેશ કહેડાવ્યો કે,*

**अनेन मणिना छन्द प्रणम्य बहुशो नृपः ।**

**विज्ञाप्योऽमुक्तविश्रम्भं संतापविनिवृत्तये ॥१४॥**

*આ મણિ દ્વારા હે છંદક! તું રાજાને વારંવાર પ્રણામ કરીને, તેમનો સંતાપ દૂર કરવા માટે વિશ્વાસપૂર્વક મારો આ સંદેશ કહેજે; જરા અને મરણનો વિનાશ કરવા માટે મેં તપોવનમાં પ્રવેશ કર્યો છે, સ્વર્ગની ઈચ્છાથી નહીં કે સ્નેહના અભાવ કે ક્રોધના કારણે પણ નહીં.*

**जशमश्णनाशार्थी प्रविष्टोऽस्मि तपोधनम् ।**

**न खलु स्वर्गतर्षेण नास्नेहेन न मन्युना ॥ १५**

*વળી, હે છંદક! મોક્ષપ્રાપ્તિની મારી ઈચ્છા છે. હું અમૃત  પ્રાપ્ત કરવા ઈચ્છું છું.*

**अमृतं प्राप्तुमितोऽद्य मे यियासा ॥ ६८ ॥**

*અને કુમાર ગૌતમે કષાય વસ્ત્ર ધારણ કરી વનમાં આવેલા એક આશ્રમમાં પ્રવેશ કર્યો. છંદક કપિલવસ્તુ નગર તરફ પાછો ફર્યો.*

**સાતમા સર્ગનું નામ 'તપોવનપ્રવેશ' છે.**

*આશ્રમમાં પ્રવેશેલ ગૌતમને જોઈને તપસ્વીઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા કે શું આ વેશમાં વસુ આવ્યા છે કે પછી અશ્વિનોમાંથી એક નીચે આવી પહોંચ્યા છે? અહીં સર્વાર્થસિદ્ધિ ગૌતમે સ્વર્ગપ્રાપ્તિ જેવા સાધારણ સુખ માટે વિવિધ તપશ્ચર્યા કરતા તપસ્વીઓનું દર્શન કર્યું અને તે તપસ્વીઓએ ગૌતમને મોક્ષજ્ઞાનની પ્રાપ્તિ માટેનો તેનો નિર્ણય જો અફર હોય તો વિંધ્યપર્વતમાં રહેલા નૈષ્ઠિક કલ્યાણમાં રત, અરાડ મુનિ પાસે જવા સલાહ આપી.*

**तद्बुद्धिरेषा यदि निश्चिता ते पूर्ण भवान् गच्छतु विन्ध्यकोष्ठम् ।**

**असौ मुनिस्तत्र वसत्यशडो यो नैष्ठिके श्रेयसि लब्धचक्षुः ॥५४॥**

**આઠમા સર્ગનું નામ 'અંતઃપુરવિલાપ' છે.**

*સિદ્ધાર્થના ચાલ્યા જવાથી કપિલવસ્તુ નગરના લોકો વ્યાકુળ અને દીપ્તિહીન બન્યા. કપિલવસ્તુ નગરમાં રાજપુત્ર વિના પાછા ફરેલા છંદકને શોકસંતપ્ત લોકો પૂછવા લાગ્યા કે, 'આ નગર અને રાષ્ટ્રને આનંદિત કરનાર રાજપુત્ર ક્યાં છે? શું તેં તેમનું હરણ કર્યું છે?' અને તેઓ છંદકની પાછળ પાછળ ચાલવા લાગ્યા. નગરની સ્ત્રીઓ, 'કુમાર પાછા આવ્યા કે શું?' વિચારી ઘરના વાતાયન સામે આવી અને ઘોડાની ખાલી પીઠ જોઈને વાતાયન બંધ કરી રડવા લાગી. અંતઃપુરની સ્ત્રીઓએ કરેલા કલ્પાન્તનું વર્ણન આપણને આ સર્ગમાં પ્રાપ્ત થાય છે. કુમાર ગૌતમના ચાલ્યા જવાથી નગરજનો ખૂબ દુઃખી થયા અને યશોધરા છંદક પર ખૂબ ગુસ્સે થઈ. એ છંદકને પૂછે છે કે,*

**निशि प्रसुप्तामवशां विहाय मां गतः क्वस च्छन्दक मम्मनोश्थः ।**

**उपागते च त्वयि कन्थके च मे समं गतेषु त्रिषु कम्पते मनः ॥३२॥**

*અર્થાત્, રાત્રે વિવશ એવી મને સૂતેલી છોડીને, હે છંદક! મારા એ મનોરથ (પ્રિયતમ) ક્યાં ગયા? તમે ત્રણેય સાથે ગયા હતા. તું અને કંથક પાછા આવી ગયા, મારું મન કંપી રહ્યું છે.*

*અસિત ઋષિની ભવિષ્યવાણીનું સ્મરણ કરાવી રાજા શુદ્ધોદન અને માતા ગૌતમીએ યશોધરાને વચન આપ્યું કે તેઓ કુમાર ગૌતમને નગરમાં પાછા લઈ આવશે અને કુમારને પાછા લઈ આવવા માટે રાજા શુદ્ધોદને પોતાના મંત્રી અને પુરોહિતને વનમાં મોકલ્યા .*

**બુદ્ધચરિતના નવમા સાગનું નામ 'કુમારાન્વેષણ' છે.**

*આ સર્ગમાં રાજા શુદ્ધોદનના મંત્રીઓ અને પુરોહિત અરાડ ઋષિના આશ્રમે જઈ પહોંચે છે અને સિદ્ધાર્થને નગરમાં પાછા ફરવા સમજાવે છે. સર્વાર્થસિદ્ધિ ગૌતમ કહે છે કે,*

**द्रष्टुं प्रियं कः स्वजनं हि नेच्छेन्नान्ते यदि स्यात्प्रियविप्रयोगः ।**

**यदा तु भूत्वापि चिरं वियोगस्ततो गुरुं स्निग्धमपि त्यजामि ॥३२॥**

*અર્થાત્ જો અંતમાં વિયોગનું દુઃખ જ ન હોત તો પ્રિય સ્વજનનની સાથે રહેવાનું કોણ ન ઈચ્છે? જ્યારે કે લાંબો સમય સાથે રહેવા છતાં પણ આખરે તો વિયોગ થાય જ છે. આથી, પ્રેમાળ પિતાને છોડી રહ્યો છું.*

*ઘણું સમજાવવા છતાં કુમાર પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. આખરે પુરોહિત અને મંત્રી નિરાશ થઈને નગરમાં પાછા ફર્યા.*

**દસમા સર્ગનું નામ 'શ્રેણ્યાભિગમન' અથવા 'બિમ્બિસારનું આગમન' છે.**

*આ સર્ગમાં રાજકુમાર ગૌતમ મગધ દેશમાં પ્રવેશ્યા અને ત્યાંના રાજા શ્રેણ્યે એટલે કે બિમ્બિસારે આ વાત જાણી અને તેમને મળવા ગયા. પોતાના મિત્ર એવા રાજા શુદ્ધોદનના પુત્ર સિદ્ધાર્થને વિનંતી કરી કે, 'કદાચ સ્નેહના કારણે તું તારું પૈતૃક રાજ્ય પરાક્રમપૂર્વક લેવા નથી ઈચ્છતો અને કદાચ ક્રમાનુસાર રાજ્યપ્રાપ્તિ નથી ઈચ્છતો, તો તુરંત જ તું મારા અડધા રાજ્યનું પાલન કર'.*

**तत्सौम्य शज्य यदि पैतृकं त्वं स्नेहात्पितुर्नेच्छसि विक्रमेण ।**

**न च क्रमं मर्षयितुं मतिस्ते भुङ्क्ष्वार्धमस्मद्विषयस्य शीघ्रम् ॥२५॥**

*પરંતુ અત્યંત દુઃખનિવૃત્તિના આશયથી નીકળેલા ગૌતમ કોઈ પ્રલોભનને વશ થયા નહીં.*

**બુદ્ધચરિતના અગિયારમા સર્ગનું નામ 'કામવિગર્હણ' છે.**

*આ સર્ગમાં કુમાર સિદ્ધાર્થ બિમ્બિસારને વિષયોપભોગની નિઃસારતા અને રાજપાટના અનર્થો દર્શાવે છે. તે કહે છે કે,*

**अस्थि क्षुधार्ता इव साश्मेया भुक्त्वापि यान्नैव भवन्ति तृप्ताः ।**

**जीर्णास्थिकङ्कालसमेषु तेषु कामेषु कस्यात्मवतो रतिः स्यात् ॥२५॥**

*ભૂખથી ત્રસ્ત કૂતરાં જેમ હાડકાં ચાવીને ધરાતાં  નથી તેમ કામભોગને વશ માણસ પણ ધરાતો નથી. જીર્ણ હાડપિંજર જેવા તે ભોગમાં આત્મજ્ઞાનીને કેવી રીતે આનંદ મળી શકે?*

*અને પોતે જન્મમૃત્યુના દુઃખનાશ માટેના પ્રયત્નોની શોધમાં નીકળ્યા છે, તેમ કહી અરાડ મુનિના આશ્રમે જવા રાજા બિમ્બિસારની રજા લે છે.*

**બારમાં સર્ગનું નામ 'અરાડદર્શન' છે.**

*સિદ્ધાર્થ અરાડ ઋષિના આશ્રમે પહોંચે છે અને તેમની સમક્ષ જરા, મરણ અને રોગથી મુક્ત થવા માટેનું જ્ઞાન પોતાને આપવા માટે પ્રાર્થના કરે છે. અલબત્ત, અરાડ ઋષિના વ્યક્ત-અવ્યક્ત આદિના ઉપદેશથી કુમારનું મન સંતુષ્ટ થતું નથી. આથી, તે ઉડ્રક નામના અન્ય ઋષિના આશ્રમમાં ગયા, પરંતુ તે ઋષિનો આત્મસસિદ્ધાંત પણ સિદ્ધાર્થને ખુશ કરી શક્યો નહીં. ત્યાર બાદ તેમણે નૈરંજના નદીના કાંઠે આવેલા ગયા રાજાના નગરી નામના આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાં રહી સિદ્ધાર્થે કઠિન તપશ્ચર્યા કરી. આ તપશ્ચર્યાથી પણ તેમને પરમજ્ઞાનની પ્રાપ્તિ થઈ નહીં. તેમને સમજાયું કે જે વ્યક્તિ ભૂખ, તરસ અને થાકથી ત્રસ્ત છે, તે અવ્યવસ્થિત ચિત્તવાળી વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત કરી શકે નહીં. ઇન્દ્રિયોને નિરંતર તૃપ્ત કરવાથી માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે અને જેનું મન સ્વસ્થ હોય તેની સમાધિ સિદ્ધ થાય છે. આમ વિચારી તેમણે આહાર ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો અને ગોપબાળાની ખીર સ્વીકારી આહાર લીધો. ત્યારબાદ બોધિજ્ઞાનની પ્રાપ્તિ માટે પવિત્ર મહાતરુની નીચે આસન લગાવ્યું.*

**આ મહાકાવ્યના તેરમા સર્ગનું નામ 'મારવિજય' છે.**

*કામદેવ માટે 'માર' શબ્દ પ્રયોજાયો છે. કામદેવ ગૌતમને વિચલિત કરવા માટે અનેક પ્રયત્નો કરે છે, પરંતુ તેની હાર થાય છે. તે ઉદાસ થઈને પોતાનાં તીર અને સેનાને લઈને ચાલ્યો જાય છે. ગૌતમના કામદેવ ઉપર વિજયને ધ્યાનમાં લઈને આ સર્ગનું નામ મારવિજય રાખવામાં આવ્યું છે.*

**બુદ્ધચરિતના ચૌદમા સર્ગનું નામ 'બુદ્ધત્વપ્રાપ્તિ' છે.**

*સિદ્ધાર્થને બુદ્ધત્વની પ્રાપ્તિ થયાની કથા આ સર્ગમાં આવેલી છે. આ સર્ગના એકત્રીસ શ્લોક સંસ્કૃત ભાષામાં પ્રાપ્ત થાય છે, અન્ય શ્લોકો માત્ર ચીની અને તિબેટી ભાષામાં પ્રાપ્ત થાય છે. કામદેવના ચાલ્યા ગયા બાદ પ્રથમ પ્રહરમાં ગૌતમે પૂર્વજન્મોની પરંપરાનું સ્મરણ કર્યું. દ્વિતીય પ્રહરમાં દિવ્યચક્ષુની પ્રાપ્તિ કરી અને સમસ્ત જગતનું દર્શન કર્યું. તેમણે જોયું કે આકાશવાસીઓ આકાશવાસીઓ દ્વારા, જળચરો જળચરો દ્વારા અને સ્થળચરો સ્થળચરો દ્વારા પરસ્પરથી પીડિત થાય છે અને અંતે પ્રેતયોનિ પામી દીનતાપૂર્વક કર્મફળ ભોગવે છે.*

**पुरुषो यदि जानीत मात्सर्यस्येदृशं फलं ।**

**सर्वथा शिविवद्दद्याच्छरीशवयवानपि ॥३०॥**

*તેઓ કહે છે કે, મનુષ્યને જો ખબર હોય કે દ્વેષ કરવાનું ફળ આવું પ્રાપ્ત થાય છે, તો તે પ્રત્યેક રીતે શિબિની માફક પોતાના શરીરના અવયવોનું પણ દાન કરી દે.*

*તેઓ જાણે છે કે મનુષ્યના કર્મમાત્રથી સંસારમાં જન્મમરણ ચાલ્યા કરે છે. વેદનાનું કારણ જન્મ છે અને દુઃખોમાંથી અતિશય મુક્તિ એ મોક્ષ છે. તૃષ્ણાનો નાશ થતાં મોક્ષપ્રાપ્તિ થાય છે, એવું જ્ઞાન પ્રાપ્ત થતાં તેઓ બુદ્ધ કહેવાયા. બુદ્ધત્વની પ્રાપ્તિ બાદ સાત દિવસ પછી ધર્મચક્રપ્રવર્તનના પ્રારંભની વાત આવે છે.*

*ત્યારબાદ પંદરથી અઠ્યાવીસ સર્ગોમાં આપણને બૌદ્ધધર્મના સિદ્ધાંતો અને પ્રચારની કથા પ્રાપ્ત થાય છે. જેમ કે, ધર્મચક્રપ્રવર્તન, શિષ્યોને દીક્ષાપ્રદાન, મહાશિષ્યની પ્રવ્રજ્યા, અનાથપિંડદની દીક્ષા, પિતાપુત્રનો સમાગમ, જેતવન-સ્વીકાર, પ્રવ્રજ્યાસ્તોત્ર અને બુદ્ધનો આમ્રપાલીના ઉપવનમાં પ્રવેશ, વગેરે પ્રસંગો પછી લિચ્છવીઓ પર અનુકંપા, મહાપરિનિર્વાણ, નિર્વાણપ્રશંસા અને ધાતુવિભાજનની ઘટનાઓ આવેલી છે. સાથે સાથે, બૌદ્ધધર્મના અગત્યના સિદ્ધાંતોના ખ્યાલો પણ કાવ્યમાં બહુ સુંદર રીતે વણી લેવામાં આવ્યા છે.*

*આ કથાસાર બતાવે છે કે બુદ્ધના જીવન અને ઉપદેશની લગભગ બધી માહિતી એકઠી કરીને અશ્વઘોષે પોતાનું મહાકાવ્ય બુદ્ધચરિત લખ્યું છે.*

*મહાકાવ્યનાં લક્ષણો અનુસાર આ મહાકાવ્યનું મૂલ્યાંકન કરીએ તો;*

*બાહ્ય ગઠનની રીતે જોઈએ તો, બુદ્ધચરિત કાવ્યશાસ્ત્રના ગ્રંથોમાં અપાયેલાં મહાકાવ્યનાં લક્ષણો પરિપૂર્ણ કરે છે.*

*મહાકાવ્યનાં લક્ષણો અનુસાર મહાકાવ્યનું વિષયવસ્તુ ઇતિહાસપ્રસિદ્ધ કે પુરાણપ્રસિદ્ધ હોવું જોઈએ અથવા તેમાં મહાપુરુષના જીવનનું ચરિત્ર તેમાં આલેખિત થયું હોવું જોઈએ. બુદ્ધચરિત કાવ્યનું કથાવસ્તુ ભગવાન બુદ્ધનું જીવનચરિત્ર છે.*

*આ મહાકાવ્યના ચોદ સર્ગ સંસ્કૃતમાં પ્રાપ્ત થાય છે, ચીની અને તિબેટી પરંપરામાં અઠ્યાવીસ સર્ગો સચવાયા છે. આ બુદ્ધચરિત કાવ્ય સર્ગોમાં વિભાજિત થયેલું છે અને દરેક સર્ગના નામ પણ પ્રાપ્ત થાય છે, પ્રથમ સર્ગનું નામ 'ભગવત્પ્રસુતિ' છે, તૃતીય સર્ગનું નામ 'સંવેગોત્પત્તિ' અને પાંચમા સર્ગનું નામ 'અભિનિષ્ક્રમણ' છે. દરેક સર્ગમાં વિવિધ શ્લોકસંખ્યા આવેલી છે, જેમ કે તૃતીય સર્ગમાં ૬૩ શ્લોક આવેલા છે. અર્થાત્ આ સર્ગો ન અતિ દીર્ઘ છે ન અતિ લઘુ.*

*આ મહાકાવ્યનો નાયક ભગવાન બુદ્ધ છે, તે ઉદારચરિત છે અને આ મહાકાવ્યમાં તેમના જન્મથી પ્રારંભ કરી સમગ્ર જીવન વિશે અને બુદ્ધત્વની પ્રાપ્તિ વિશે વાત કરવામાં આવી છે. તેમના ધર્મચક્રપ્રવર્તનની વાત પણ આપણે અહીં જોઈ શકીએ છીએ. નાયક એવા ભગવાન બુદ્ધનો અભ્યુદય આ મહાકાવ્યમાં દર્શાવાયો છે.*
*આ મહાકાવ્યનું પ્રયોજન ભગવાન બુદ્ધના જીવનચરિતનું વર્ણન કરી મોક્ષ રૂપી*

*પુરુષાર્થ સુધી વ્યક્તિને લઈ જવાનું છે. ધર્મનિરૂપણ અને બૌદ્ધ ધર્મનો પ્રચાર, આ મહાકાવ્યનું મુખ્યપ્રયોજન હોય તેમ જણાય છે.*

*બુદ્ધચરિતમાં આપણને વિવિધ વર્ણનો પ્રાપ્ત થાય છેઃ જેમ કે, કપિલવસ્તુ નગરનું વર્ણન, કુમાર સિદ્ધાર્થના જન્મનું વર્ણન, નગરની નારીઓની વિવિધ ચેષ્ટાનું વર્ણન અને મારવિજય કરતા બુદ્ધના વર્ણનમાં આપણે યુદ્ધનું પરોક્ષ વર્ણન અનુભવી શકીએ છીએ.*

*આ કાવ્યમાં વિવિધ છંદ પ્રયોજાયા છે અને અનેક અલંકારોનો પ્રયોગ થયો છે.*

*બુદ્ધચરિત મહાકાવ્યનો મુખ્ય રસ શાંતરસ છે. ગૌણ રસો તરીકે કરુણરસ, શૃંગારરસ, અદ્ભુત, વગેરે રસ જોવા મળે છે. આ મહાકાવ્યમાં અશ્વઘોષની શૈલી વૈદર્ભી છે.*

*કાવ્ય કલ્પાન્તરસ્થાયી હોવું જોઈએ એવું મહાકાવ્યના લક્ષણોમાં કહેવામાં આવ્યું છે ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે લગભગ ઈસવીસનની પ્રથમ સદીમાં રચાયેલું આ કાવ્ય આજે પણ લોકો સુધી પહોંચ્યું છે અને ઉત્તમ કાવ્યમાં, સંસ્કૃતના પ્રશિષ્ટ મહાકાવ્યોમાં, તેની ગણના આદરપૂર્વક કરવામાં આવે છે.*

### 4.3.2 સૌન્દરનંદ મહાકાવ્ય

*સૌન્દરનંદ મહાકાવ્ય મહાકવિ અશ્વઘોષની બુદ્ધચરિત પછીની રચના છે અને બુદ્ધના જીવન અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોના સંદર્ભમાં આ બંને કાવ્યો એકબીજાનાં પૂરક છે. વળી, ભગવાન બુદ્ધના ઉપદેશના પ્રસારણ માટે આ બંને મહાકાવ્યો રચાયાં હશે એમ વિદ્વાનો માને છે.*

*આ મહાકાવ્યની માત્ર બે જ પ્રાચીન હસ્તલિખિત પ્રતો આપણને પ્રાપ્ત થાય છે, જે બંને અત્યંત જીર્ણ અવસ્થામાં, નેપાલ મહારાજના પુસ્તકાલયમાં સુરક્ષિત છે. મહામહોપાધ્યાય પં. હરપ્રસાદ શાસ્ત્રીજીએ ઈ.સ. ૧૯૧૦માં આ કાવ્યને, સંશોધિત કરી, સંપાદિત કરી પ્રથમ વખત પ્રકાશિત કરાવ્યું. ત્યારબાદ મૂળ હસ્તપ્રતોના આધારે તથા વિદ્વાનોનાં સૂચનોને ધ્યાનમાં લઈને ડૉ. જૌન્સ્ટને ૧૯૨૮માં મુદ્રિત સંસ્કરણ તૈયાર કરાવ્યું, જેમાં તેમણે પાઠભેદ પણ પાદટીપમાં દર્શાવ્યા છે.*

*સૌન્દરનંદ કાવ્યમાં 18 સર્ગ આવેલા છે અને આ કાવ્ય શ્રીમદ્ ભગવદ્ગીતાની જેમ ગુરુશિષ્યના સંવાદ રૂપે કહેવાયું છે. નંદની દીક્ષા એ આ મહાકાવ્યનું મુખ્ય કથાવસ્તુ છે. બુદ્ધચરિતમાં બુદ્ધના જન્મથી શરૂ કરી નિર્વાણ સુધીની, તેમના જીવનમાં બનેલી, જે વિવિધ ઘટનાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે, નંદની દીક્ષાની કથા તેમાંની એક છે. આ મહાકાવ્ય પૂર્ણતઃ આ એક કથાને ધ્યાનમાં લઈ રચાયું છે. ડૉ. જૌન્સ્ટન સૌન્દરનંદને અશ્વઘોષ રચિત દ્વિતીય કાવ્ય તરીકે સ્વીકારે છે અને મોટાભાગના વિદ્વાનો પણ આ મત સાથે સહમત છે.*

*સિદ્ધાર્થ અને નંદ મા સિયાઈ અથવા સોતેલાભાઈ હતા, પરંતુ બંનેની પ્રકૃતિ પરસ્પરથી તદ્દન વિરુદ્ધ હતી. સિદ્ધાર્થ જિજ્ઞાસુ હતા અને તેમણે ઘર છોડીને બુદ્ધત્વની પ્રાપ્તિ કરી જ્યારે નંદ આરંભથી જ સાંસારિક બાબતોમાં આનંદ પ્રાપ્ત કરનાર અને*

*વિષયાસક્ત હતો. આ નંદનો ઉદ્ધાર કરવા માટે બુદ્ધે અને તેમના શિષ્યોએ કરેલા પ્રયત્ન આ કાવ્યમાં વર્ણવાયા છે.*

*આ મહાકાવ્યનું શીર્ષક* सौन्दरनंदम् *છે. પાલિ સાહિત્યમાં નંદનું નામ સુંદર કે સુંદરનંદ મળે છે. તે મુજબ* सुन्दरनंदम् अधिकृत कृतम्  काव्यम् इति सुन्दरनंदम्।

*આ કાવ્યનું નામ ક્યાંક સુંદરીનંદા પણ પ્રાપ્ત થાય છે, ત્યારે સુંદરી અને નંદની કથા તરીકે સ્વીકારી આ શીર્ષક આ રીતે સમજાવવામાં આવ્યું છે.* सुन्दरीनंदायाः कथा यस्मिन् तत् काव्यम्।*અન્ય એક અર્થમાં પણ આ મહાકાવ્યનું શીર્ષક સમજાવવામાં આવે છે:* सुन्दरस्य नन्दस्य आनन्दः वर्णितः यस्मिन् तत् काव्यम्।

**આ કાવ્યના પ્રથમ સર્ગનું નામ 'કપિલવસ્તુ-વર્ણન' છે.**

*આ કાવ્યનો પ્રારંભ ભગવાન બુદ્ધને* ॐ नमो बुद्धाय। *એમ નમસ્કાર કરી, કથાવસ્તુના વર્ણનથી કરવામાં આવ્યો છે.*

**गौतमः कपीलो नाम मुनिधर्मभृतां वरः ।**

**बभूव तपसि श्रान्तः काक्षीवानिव गौतमः ॥१॥**

*કપિલ ગૌતમ નામના મુનિ ધાર્મિકોમાં શ્રેષ્ઠ અને કાક્ષીવાન ગૌતમ સમાન મહાતપસ્વી હતા.*

*આ સર્ગમાં કપિલવસ્તુ નગરીના નિર્માણની કથા આવેલી છે તથા ઈક્ષ્વાકુઓ શાક્યો શાથી કહેવાયા, તેની વાત પણ કરવામાં આવી છે. ઈક્ષ્વાકું  રાજકુમારો કપિલ ઋષિના આશ્રમમાં નિવાસ કરવા ગયા અને કપિલ ગૌતમને પોતાના આચાર્ય બનાવ્યા. આથી, ગુરુના ગોત્રથી તેઓ ગૌતમ કહેવાયા. શાક વૃક્ષોથી આચ્છાદિત નિવાસસ્થાનમાં રહેતા હોવાથી શાક્ય કહેવાયા.*

*એક દિવસ રથારૂઢ થયેલા મુનિ ગૌતમે આકાશમાં વિચરણ કરતાં કરતાં આશ્રમની ભૂમિની ચોતરફ જલધારા વરસાવી અને રાજપુત્રોને કહ્યું કે મારા સ્વર્ગગમન બાદ આ ભૂમિ પર એક નગરીનું નિર્માણ કરજો. ગુરુના દેહાવસાન બાદ તે સ્થાનમાં આ શિષ્યોએ એક ઉત્તમ નગરનું સર્જન કર્યું, તે જાણે હિમાલયનું પડખું હોય તેવું, અર્થાત્ સુંદર, રમણીય અને ભવ્ય જણાતું હતું. કપિલ ઋષિના આશ્રમની ભૂમિ પર આ નગરનું સર્જન થયું હોવાથી તે કપિલવસ્તુ કહેવાયું. રાજકુમારોમાં વય અને ગુણમાં વડીલ એવા મોટાભાઈનો રાજકુમારોએ રાજા તરીકે અભિષેક કર્યો. મરુતોની સાથે મળીને ઈન્દ્ર સ્વર્ગનું રક્ષણ કરે તેવી રીતે, બધા ભાઈઓએ સાથે મળીને આ નગરીનું રક્ષણ કર્યું.*

**આ મહાકાવ્યના દ્વિતીય સર્ગનું નામ 'રાજવર્ણન' છે.**

*આ સર્ગમાં રાજા શુદ્ધોદનના ગુણ અને પરાક્રમોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. કેટલોક સમય વીત્યા બાદ આ વંશમાં વિષય-વાસનામાં અનનુરક્ત, પૂર્વજોનાં આચરણનું અનુસરણ કરનાર, શુદ્ધોદન નામનો રાજા ઉત્તરાધિકારી બન્યો.*

**बलीयान्सत्यसंपन्नः श्रुतवान् बुद्धिमानपि ।**

**विक्रान्तो नयवांश्चैव धीरः सुमुख एव च ॥३॥**

*તે બળવાન, સત્યસમ્પન્ન, વિદ્વાન, બુદ્ધિમાન, પરાક્રમી, નીતિમાન, ધીર અને સુંદર હતો. તેની પત્નીનું નામ માયા હતું. એક સમયે માયાએ સ્વપ્નમાં ઐરાવત જેવા શક્તિશાળી, છ દાંતવાળા એક સફેદ હાથીને પોતાના ગર્ભમાં પ્રવેશ કરતો જોયો. બ્રાહ્મણોએ આ સ્વપ્નનાં ફળનું કથન કરતાં જણાવ્યું કે, તેમની કૂખે સંપત્તિવાન, ધાર્મિક અને યશસ્વી પુત્રનો જન્મ થશે. સમય જતાં તેમના ત્યાં પુત્ર સિદ્ધાર્થનો જન્મ થયો અને અન્ય રાણીથી નંદ નામના પુત્રનો જન્મ થયો, જે અત્યંત સુંદર હતો. આથી, તે સૌન્દરનંદ કહેવાયો.*

*ઉપનયન આદિ સંસ્કાર બાદ યુવાન બનેલા અને વૃદ્ધ, રોગી અને મૃતને જોઈને આર્ત બનેલા ચિત્તવાળા સિદ્ધાર્થે રાજગૃહનો ત્યાગ કર્યો, જ્યારે નંદ કામવાસના અને વિલાસોમાં ડૂબી ગયો.*

**આ મહાકાવ્યના તૃતીય સર્ગનું નામ 'તથાગતવર્ણન' છે.**

*પીપળાના વૃક્ષ નીચે બેઠેલા અને અવિનાશી તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરતા બુદ્ધની વાત આ શ્લોકમાં કરવામાં આવી છેઃ*

**उपविश्य तत्र कृतबुद्धिरचलधृतिरद्रिराजवत् ।**

**माऽबलमजयदुग्रमथो बुबुधे पदं शिवमहार्यमव्ययम् ॥७॥**

*હિમાલય સમાન અવિચળ ધૈર્યવાળા, નિશ્ચય કરેલા તેમણે દ્રઢતાપૂર્વક ત્યાં બેસીને મારની ઉગ્રસેનાને જીતી લીધી અને મંગલમય અવિનાશી અને નિત્યપદનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.*

*તેમણે કૌણ્ડિન્ય નામના ઋષિને દીક્ષા આપી. વિવિધ પ્રદેશોમાં પરિભ્રમણ કર્યું અને પછી પિતાની નગરી પર કૃપા કરવાની ઈચ્છાથી કપિલવસ્તુ પાછા ફર્યા. અનેક ચમત્કારો દર્શાવ્યા અને લોકોને દીક્ષા માટે યોગ્ય બનેલા અને નગરજનોને વિનમ્ર બનેલા જોઈને ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા. અનેક શાક્ય રાજપુત્રોએ પ્રસન્ન ચિત્તે સંન્યાસ લીધો. જેઓ ગૃહત્યાગ ન કરી શક્યા તેમણે મૃત્યુ સુધી નિયમોનું પાલન કરવાનું સ્વીકાર્યું. ક્રૂર શિકારીઓએ નાના જંતુઓની હિંસા પણ ત્યજી દીધી. કપિલવસ્તુ નગરીનું વાતાવરણ અહિંસા, પ્રેમ અને કરુણાથી સભર બન્યું. રાજા શુદ્ધોદને પુત્ર પાસેથી ધર્મની દીક્ષા લીધી.*

*આ મહાકાવ્યના ચતુર્થ સર્ગનું નામ 'પત્નીની અનુમતિ' અથવા 'ભાર્યા-યાચિતક' છે.*

*ચતુર્થ સર્ગમાં પ્રારંભે નંદ અને તેની પત્ની સુંદરીના સૌંદર્યનું વર્ણન તથા તે બંનેના પરસ્પર પ્રેમનું વર્ણન કરવામાં આવ્યું છે.*

**रूपेण चात्यन्तमनोहरेण रूपानुरूपेण च चेष्टितेन ।**

**मनुष्यलोके हि तदा बभूव सा सुन्दरी स्त्रीषु नरेषु नन्दः ॥५॥**

*અર્થાત્ અત્યંત આકર્ષક રૂપના કારણે અને સૌંદર્યને અનુરૂપ ભાવથી સ્ત્રીઓમાં સુંદરી અને પુરુષોમાં નંદ આ સૃષ્ટિમાં અજોડ હતાં.*

*ત્યારબાદ વિશેષકનો પ્રસંગ નિરૂપાયો છે, જેમાં વિશેષક એટલે ચંદન કે કેસરથી ચિત્ર દોરવું અને આ કાવ્યમાં સુંદરી તેના ગાલ ઉપર વિશેષક આલેખતી હતી અને નંદ પ્રિય પત્ની સામે દર્પણ ધરી ઊભો હતો. આ પ્રસંગમાં બંને વચ્ચે શૃંગાર રસનું રાગયુક્ત આલેખન કરવામાં આવ્યું છે.*

*તે દરમિયાન બુદ્ધ નંદ અને સુંદરીના મહાલયમાં ભિક્ષાર્થે પધારે છે, ત્યારે નંદ અને સુંદરી પરસ્પરમાં તલ્લીન હતા તથા દાસીઓ પણ પ્રસાધનના વિવિધ સાધનો તૈયાર કરવામાં વ્યસ્ત હતી. આથી, બુદ્ધને કોઈએ જોયા નહીં અને સત્કાર કરાયા વિનાના તેઓ ભિક્ષા લીધા વિના જ પાછા ફર્યા. આ પછી સર્ગનો મુખ્ય પ્રસંગ ભાર્યા-યાચિતક આલેખાયો છે. મહેલના ઝરૂખે ઊભેલી એક દાસીએ બુદ્ધને મહાલયમાંથી ભિક્ષા લીધા વિના જ પાછા ફરતા જોયા અને પોતે આ વાત જણાવવા નંદ પાસે ગઈ અને કહ્યું કે, 'હું માનું છું કે ભગવાન આપણા પર કૃપા કરવા આવ્યા હતા, પણ ભિક્ષા, સન્માન કે આસન ન મળતાં નિર્જન અરણ્ય સમાન મહેલમાં ફરીને તેઓ પાછા ચાલ્યા ગયા છે.'*

**अनुग्रहायास्य जनस्य शङ्के गुरुर्गृहं नो भगवान्प्रविष्टः ।**

**भिक्षामलब्ध्वा गिरमासनं वा शून्यादरण्यादिव याति भूयः ॥३०॥**

*નંદ આ ઘટના જાણીને ધ્રૂજી ઊઠ્યો અને ગુરુને પ્રણામ કરવા જવા માટે પત્નીની અનુમતિ માગી, ત્યારે સુંદરીએ કહ્યું કે, 'હું આપના ધર્મકાર્યમાં વિઘ્ન નાખવા ઈચ્છતી નથી' અને ભીની પત્રરેખા સુકાઈ ન જાય ત્યાં સુધીમાં પાછા આવી જવાની શરતે અનુમતિ આપી. નંદની દ્વિધાયુક્ત મનઃસ્થિતિનું નિરૂપણ અહીં પ્રાપ્ત થાય છે. પત્ની તરફની કામાસક્તિના કારણે એક તરફ પત્ની બાજુએ અને બીજી તરફ ધર્મ પ્રત્યેના આકર્ષણથી તે નદીમાં સામા પ્રવાહમાં તરતી નૌકાની જેમ પાછો ફેકાતો, મહાકષ્ટથી આગળ વધ્યો અને આગળ જતાં તેણે શોભાયાત્રામાં પૂજાતા ઈન્દ્રના ધ્વજની જેમ પૂજાતા બુદ્ધનાં દર્શન કર્યાં.*

**સૌન્દરનંદ મહાકાવ્યના પાંચમા સર્ગનું નામ 'નંદની દીક્ષા' છે.**

*આ સર્ગના પ્રારંભે કપિલવસ્તુ નગરીના રાજમાર્ગો પર ચાલી રહેલા બુદ્ધનું સન્માન વિવિધ લોકો દ્વારા વિવિધ રીતે કરવામાં આવી રહ્યું છે, તેનું વર્ણન કરવામાં આવ્યું છે. સંપન્ન શાક્યો અશ્વ, રથ કે હાથી પરથી ઊતરીને તેમને પ્રણામ કરે છે અને બુદ્ધની પાછળ પાછળ ચાલે છે. તો કેટલાક લોકો તેમને વંદન કરીને ચાલ્યા ગયા. કેટલાકે પોતાના ઘરમાં રહીને અભિનંદન કર્યું, પરંતુ ધસમસતા નદીના પ્રવાહ જેવા ભક્તજનોના સમૂહ વચ્ચેથી બુદ્ધ મહામુશ્કેલીએ આગળ વધતા હતા. નિઃસ્પૃહી બુદ્ધના ચિત્ત પર આ સન્માનની કોઈ અસર થતી ન હતી. આ સર્ગમાં આપણને બુદ્ધનો અન્ય ધર્મ પ્રત્યેનો ઉદારભાવ પણ જોવા મળે છે.*

*નંદ નગરમાં થઈ રહેલા બુદ્ધના સન્માનને જોઈને આનંદ પામે છે, પરંતુ એ ભીડમાં જઈને તેમને પ્રણામ કરી શકતો ન હતો. ભગવાન બુદ્ધ પણ સર્વથી અલગ થઈ નંદને મળવા ઈચ્છતા હતા. આથી, તેમણે માર્ગ બદલ્યો. ત્યારબાદ એકાંત માર્ગમાં નંદનું બુદ્ધ સાથે મિલન થયું. અહીં નંદની મનોસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. નંદ સુંદરી પાસે પાછો ફરવા અધીરો બન્યો છે, ત્યારે ભગવાન બુદ્ધે તેના હાથમાં ભિક્ષાપાત્ર પકડાવી દીધું. એ બુદ્ધથી છૂટીને પોતાની પત્ની પાસે ઘેર જવા ઈચ્છતો હતો અને ભગવાન બુદ્ધ નંદમાં મોક્ષપ્રાપ્તિનું બીજ જોઈ, તેને દીક્ષા આપવા ઈચ્છતા હતા. આ સમગ્ર ઘટનામાં નંદનું ચિત્ત તીવ્ર સંઘર્ષ અનુભવા લાગ્યું ત્યારે ભગવાન બુદ્ધ નંદને વિદ્યાપ્રાપ્તિ માટે યોગ્ય એવા વિહારમાં દોરી ગયા અને બુદ્ધે નંદને ઉપદેશ આપ્યો કે,*

**यावन्न हिंस्रः समुपैति कालः शमाय तावत्कुरु सौम्य बुद्धिम् ।**

**सर्वास्ववस्थास्विह वर्तमानं सर्वाभिसारेण निहन्ति मृत्युः ॥२२॥**

*'હે સૌમ્ય જ્યાં સુધી ઘાતક કાળ તારી પાસે આવ્યો નથી, ત્યાં સુધી બુદ્ધિને શાંતિના માર્ગે વાળ. કેમકે સંસારમાં મૃત્યુ બધી અવસ્થામાં રહેનારની, બધી રીતે હત્યા કરે છે.' અને વળી, આ સંસાર અસાર છે. આ જગતમાં કોઈ પણ મનુષ્ય મૃત્યુના પૂરમાં સલામત કે સ્થિર નથી. માણસે મૃત્યુ આવે તે પહેલાં આત્મકલ્યાણનો પ્રયત્ન કરવો જોઈએ. સંસારમાં કામોપભોગ કરતાં ક્યારેય તૃપ્તિનો અનુભવ થઈ શકતો નથી. તું પ્રજ્ઞારૂપી કવચ ધારણ કર. કારણ કે ધૈર્યને આધીન રહેનારને શોકનાં તીર વશ કરી શકતાં નથી. સ્નેહ બંધન છે. તૃષ્ણા એક અસ્ખલિત વહેતી ધારા છે. રાગ સમાન કોઈ અગ્નિ નથી. નિર્વાણ જ શાશ્વત છે અને આનંદમય છે. અને નંદનું કલ્યાણ કરવાની ઈચ્છાવાળા બુદ્ધે રડતા નંદને દીક્ષા આપી.*

**છઠ્ઠા સર્ગનું નામ ભાર્યાવિલાપ છે.**

*સુંદરી નંદની રાહ જોઈને થાકી અને આશંકાથી વલોપાત કરવા લાગી. પોતાના માટે પ્રિય કરનાર પોતાનો સ્વામી હજી સુધી કેમ પાછો ન આવ્યો તે બાબતે અનેક શંકા-કુશંકાઓ કરવા લાગી ત્યારે સુંદરીને, તેની એક સહચરીએ જાણ કરી કે,*

**स तु त्वदर्थं गृहवासमीप्सन् जिजीविषुस्त्वत्परितोषहेतोः ।**

**भ्रात्रा किलार्येण तथागतेन प्रव्राजितो नेत्रजलार्द्रवक्त्रः ॥२३॥**

*અર્થાત્ તેઓ આપના માટે જ મહેલમાં રહેવા ઈચ્છતા હતા અને આપના પરિતોષ માટે જીવિત રહેવા ઈચ્છે છે, પરંતુ મોટાભાઈ આર્ય તથાગતે, આંસુથી ભીંજાયેલા મુખવાળા તેમને સંન્યાસ ગ્રહણ કરાવ્યો છે.*

*આ સાંભળીને સુંદરી અત્યંત સંતાપ પામી. નંદના વિનાનું જીવન તેને અર્થહીન અને અકારું લાગવા લાગ્યું. તે આક્રોશ કરતી નિઃસાસા નાખવા માંડી. કરુણ વિલાપ કરવા લાગી. તેને ક્રોધ આવ્યો અને તેણે મોતીની માળાઓ તોડી નાખી, ત્યારે તેને*

*સ્ત્રીઓએ સાંત્વન આપ્યું કે, તારા પતિને ધર્મના શરણમાં જતો જોઈને તારે શોક ન કરવો જોઈએ. આ બધા જ સાંત્વન છતાં સુંદરી પૃથ્વી પર ઢળી પડી.*

**સાતમા સર્ગનું નામ 'નંદવિલાપ' છે.**

*અશ્વઘોષ પ્રથમ શ્લોકમાં જ કહે છે કે, 'ગુરુ દ્વારા નિર્દિષ્ટ સન્યાસીનો વેશ તો નંદે માત્ર શરીરથી જ ધારણ કર્યો હતો, મનથી નહીં'.*

*આથી, તેને પ્રકૃતિના અનેક તત્ત્વોમાં પોતાની પ્રિયતમાનાં સ્વરૂપો દેખાવાં લાગ્યાં. આંબાની વીથિમાં ભમરાઓ જોઈને તેને સુંદરીની ભુજાઓ યાદ આવી. વૃક્ષ પરથી થતી ફૂલોની વૃષ્ટિને જોઈને કંકુના ચૂર્ણથી સત્કારતી પ્રિયતમાને તેણે યાદ કરી. વૃક્ષોને લતાઓ આલિંગન આપતી હતી તે જોઈને નંદ સમસમી ઊઠ્યો. મયૂરો અને ભ્રમરોના વર્તન જોઈને તેના ધૈર્યનો ભંગ થયો.*

*નંદને એ વિવિધ રાજવીઓ અને તપસ્વીઓ યાદ આવવા લાગ્યા કે જેમના ધૈર્યનો કામાસક્તિના કારણે ભંગ થયો હતો. અને આખરે તેણે વિચાર્યું કે, 'હું ઘેર પાછો જઈશ અને ઈચ્છા અનુસાર વિધિવત કામોપભોગનું સેવન કરીશ. કારણ કે અન્યત્ર ચિત્તવાળા, ચંચળ ઈન્દ્રિયવાળા અને ધર્મના માર્ગથી ભ્રષ્ટ થયેલા માટે સંન્યાસીનો વેશ ધારણ કરવો ઉચિત નથી'.*

**यास्यामि तस्माद्गृहमेव भूयः कामं करिष्ये विधिवत्सकामम् ।**

**न ह्यन्यचित्तस्य चलेन्द्रियस्य लिङ्गं क्षमं धर्मपथाच्च्युतस्य ॥४७॥**

*સૌનદરનંદ મહાકાવ્યના આઠમા સર્ગનું નામ 'સ્ત્રી-વિઘ્ન' કે 'સ્ત્રી-વિઘાત' છે.*

*નંદ જ્યારે દીક્ષા ત્યાગી, પોતાના ઘેર જવાના વિચારમાં વ્યાકુળ બનેલો હતો ત્યારે કોઈ એક શ્રમણે પ્રમાણે તેની પાસે જઈને કહ્યું,*

**किमिदं मुखमश्रुदुर्दिनं हृदयस्थं विवृणोति ते तमः ।**

**धृतिमेहि नियच्छ विक्रियां न हि बाष्पश्च शमश्च शोभते ॥२॥**

*આ શું? તારું આંસુથી ખરડાયેલું મુખ તારા અંતરમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારને દર્શાવે છે. તો ધીરજ રાખ. વિચારોને કાબૂમાં રાખ. કારણકે આંસુ અને શાંતિ સાથે સાથે શોભતાં નથી.*

*શ્રમણે ધીરજ બંધાવતાં નંદે પોતાના મનની વાત કહી કે, 'હું પ્રિયા વિના ધર્મમાં આનંદ પામતો નથીપ. હું ઘેર જવા ઈચ્છું છું'. ભિક્ષુને ખ્યાલ આવ્યો કે, આ અસંયમી અને તૃષ્ણાપીડિત વ્યક્તિ છે અને તેણે નંદને ઉપદેશ આપ્યો કે, સ્ત્રીઓનું સૌંદર્ય ભ્રામક હોય છે. તું સંસારને ઓળખી તારી અનુપમ બુદ્ધિ મોક્ષમાં જોડ.*

*સૌન્દરનંદના નવમા સર્ગનું નામ 'મહાપવાદ' અથવા 'અભિમાનની નિંદા' છે.*

*બૌદ્ધ ભિક્ષુ દ્વારા નંદને અનેક પ્રકારે સમજાવવા છતાં, તેને સુખ કે શાંતિ ન મળ્યા, ત્યારે તે શ્રમણે ફરીથી ઉપદેશ આપવા માંડ્યો કે,*

**यथा घटं मृण्मयमामश्रितो नरस्तितीर्षेत्क्षुभितं महार्णवम् ।**

**समुच्छ्रयं तद्वदसारमुद्वहन्बलं व्यवस्येद्विषयार्थमुद्यतः ॥१०॥**

*અર્થાત્ માટીના કાચા ઘડાનો આશ્રય લઈ જેમ કોઈ મનુષ્ય ઉછળતા મહાસાગરને તરી જવાની આશા રાખે, તેમ તુચ્છ શરીર ધારણ કરતો વિષયોન્મુખ માણસ પોતાને સમર્થ સમજે છે.*

*જગતને વૃદ્ધાવસ્થા અને મૃત્યુને વશ થતું જાણીને મનુષ્યે પોતાનાં પરાક્રમ અને બળનું અભિમાન કરવું જોઈએ નહીં. તે નંદને કહે છે કે, જો તું પોતાને બળવાન માનતો હોય તો ઈન્દ્રિયો સાથે યુદ્ધ કર અને એમાં તારો વિજય થાય તો તારું બળ મહાન છે. ભિક્ષુની સ્વસ્થ અને વ્યવસ્થિત સમજાવટ છતાં નંદના ચિત્તને શાંતિ ન મળી. કારણ કે તેનું ચિત્ત મત્ત હાથીની સમાન મદાંધ હતું.*

**સૌન્દરનંદ મહાકાવ્યના દસમા સર્ગનું નામ 'સ્વર્ગદર્શન' છે.**

*નંદ પોતાના ઘેર પાછો જવા ઈચ્છે છે અને ધૈર્ય રહિત બન્યો છે તે સાંભળીને તેનો ઉદ્ધાર કરવાની ઈચ્છાથી બુદ્ધે તેને બોલાવ્યો. નંદે તેમને પણ, પોતે ઘેર પાછો ફરવા ઈચ્છે છે, તે નિર્ણય કહી સંભળાવ્યો. તમસથી લિપ્ત થયેલા નંદનો ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા બુદ્ધ તેને લઈને આકાશમાં ઊડ્યા અને હિમાલય પર્વત પર પહોંચ્યા. ત્યાંના સુંદર લતાકુંજો, વનચરો, કિન્નરો ઈત્યાદિને જોયા પછી ઝૂંડથી છૂટી પડી ગયેલી એક કાણી વાંદરીને બતાવી ભગવાન બુદ્ધે નંદને પૂછ્યું, 'હે નંદ! રૂપ અને હાવભાવમાં તારી દ્રષ્ટિએ કોણ વધુ સુંદર છે, જેની એક આંખ નાશ પામી છે તે આ વાંદરી કે પછી જેમાં તારું મન લાગેલું છે તે?'*

**का नन्द रूपेण च चेष्टया च संपश्यतश्चारुतरा मता ते ।**

**एषा मृगी वैकविपन्नदृष्टिः स वा जनो यत्र गता तवेष्टिः ॥१६॥**

*ત્યારે નંદે પ્રત્યુતર આપ્યો કે, 'હે ભગવન! ક્યાં તે ઉત્તમ સ્ત્રી અને ક્યાં આ ઝાડ ઉપર રહેલી વાંદરી!' તે પછી તથાગતે તેને નંદનવનમાં લઈ જઈ અપ્સરાઓનું દર્શન કરાવ્યું, ત્યારે અપ્સરાઓ વચ્ચે રહેલો નંદ સુંદરીને ભૂલી ગયો.*

*ત્યાર બાદ નંદને પોતાની મોહાંધતા વિશે જ્ઞાન થયું અને બુદ્ધના શરણમાં મોક્ષપ્રાપ્તિ માટે પાછો ફર્યો. તેણે વિચાર્યું કે, પૃથ્વી પર મનુષ્ય પરાક્રમ વગેરેથી સ્ત્રીઓને પ્રાપ્ત કરી શકે કે ન પણ કરી શકે, પરંતુ આ લોકમાં ધર્મનું આચરણ કરીને પુણ્યશાળી વ્યક્તિ સ્વર્ગમાં અપ્સરાઓને અચૂક પ્રાપ્ત કરે છે.*

**અગિયારમાં સર્ગનું નામ 'સ્વર્ગની નિંદા' અથવા 'સ્વર્ગાપવાદ' છે.**

*નંદ સ્વર્ગની અપ્સરાઓને જોઈને સુંદરીને તો ભૂલી જ ગયો, પરંતુ એ અપ્સરાઓને પ્રાપ્ત કરવા માટે તપ કરવા લાગ્યો. આ જોઈને બુદ્ધના શિષ્ય આનંદે તેને સમજાવ્યું કે, પ્રાચીન રાજાઓ, જેવા કે નહુષ, યયાતિ, ચૈત્રરથ વગેરે કામાંધ બન્યા અને આખરે તેમનું પતન થયું. સ્વર્ગના સુખો કાયમી નથી. પુણ્યક્ષય થતાં ફરીથી પૃથ્વી પર પાછા*

*આવવું પડે છે. આમ, સ્વર્ગમાં પણ શાશ્વત આનંદ નથી માટે તું અધ્યાત્મના માર્ગે પાછો ફર.*

**આ મહાકાવ્ય ના બારમા સર્ગનું નામ 'વિવેક' છે.**

*નંદ ભિક્ષુ આનંદના ઠપકાથી શોભ પામ્યો અને તેનું ચિત્ત ઉદાસ થયું. આનંદના ઉપદેશની તેના પર અસર થઈ. સ્વર્ગ અને અપ્સરાઓને પ્રાપ્ત કરવાની તૃષ્ણા નાશ પામી. કારણકે તેને સ્વર્ગના ભોગોની અનિત્યતા સમજાઈ. આથી, ઈન્દ્રિયસુખમાંથી તેણે પોતાના મનને પાછું ખેંચી લીધું અને તથાગત પાસે જઈને કહ્યું કે, 'હે ભગવન! સ્વર્ગથી પાછા ફરવું પડે છે અને સંસારની ગતિ વિચિત્ર છે એમ જાણી લીધા પછી મને ન તો મર્ત્યલોકમાં રુચિ રહી છે, ન દેવલોકમાં.'*

**श्रुत्वा ह्यावर्तकं स्वर्गं संसारस्य च चित्रताम् ।**

**न मर्त्येषु न देवेषु प्रवृत्तिर्मम रोचते ॥१४॥**

*ઈન્દ્રિયોથી વિમુખ થયેલા નંદને જાણીને તથાગત આનંદ પામ્યા અને કહ્યું કે, તારો વિવેક તારા શ્રેયનો પુરોગામી છે. તને સદ્-ભાગ્યે સમ્યક્ દ્રષ્ટિ પ્રાપ્ત થઈ છે અને તું સન્માર્ગે પાછો ફર્યો છે. આજે તારો જન્મ સફળ થયો છે.*

**તેરમા સર્ગનું નામ 'શીલ અને ઈન્દ્રિયસંયમ' અથવા 'શીલેન્દ્રિયજય' છે.**

*નંદને વાસ્તવિક રીતે આનંદમય સ્થિતિ પ્રાપ્ત થઈ તે ખરા અર્થમાં દીક્ષિત થયો અને બુદ્ધના જ્ઞાનમૃતનું પાન કરવા માંડ્યું.*

*ભગવાન બુદ્ધે તેને કહ્યું કે, 'જેમ જળમાં જન્મતું અને જળમાં જ રહેતું કમળપત્ર જળથી ભીંજાતું નથી, તે જ રીતે સંસારમાં જન્મેલા અને સંસાર પર કૃપા કરતા મુનિ પોતાની નિર્મળતાના કારણે સાંસારિક ધર્મોથી લેપાતા નથી'.*

*નંદ હવે જીવોને મોક્ષ અપાવી દુઃખમાંથી મુક્તિ અપાવવા જ જીવન ધારણ કરતો હતો. બુદ્ધે તેને શીલ અને સદાચારનું રક્ષણ કરવા અને મોક્ષ મળે ત્યાં સુધી દુઃખમાંથી મુક્તિ માટે સતત પ્રયત્ન કરવાનો ઉપદેશ આપ્યો. બુદ્ધે નંદને બ્રહ્મચર્ય, વૈરાગ્ય વગેરેનું માહાત્મ્ય સમજાવ્યું.*

**સૌન્દરનંદના ચૌદમા સર્ગનું નામ 'આદિપ્રસ્થાન' છે.**

*આદિપ્રસ્થાનનો અર્થ ઈન્દ્રિયોને જીતી, મોક્ષયાત્રા માટેનું પ્રસ્થાન એવો કરવામાં આવ્યો છે. આ સર્ગમાં ઈન્દ્રિયનિગ્રહ, સંયમ માટે મિતાહાર, યોગાભ્યાસ, વગેરેની વાત કરવામાં આવી છે. જેમ કે,*

**योगानुलोमं विजनं विशब्दं शय्यासनं सौम्य यथा भजस्व ।**

**कामस्य कृत्वा हि विवेकमादौ सुखोऽधिगन्तुं मनसो विवेकः ॥४६॥**

*હે સૌમ્ય! યોગને અનુરૂપ નિર્જન અને નિઃશબ્દ શૈયા તથા આસનનું સેવન કર. કારણ કે પહેલા શરીરને એકાંતમાં રાખવાથી માનસિક એકાંત સહેલાઈથી પ્રાપ્ત થઈ જાય છે.*

**આ મહાકાવ્યના પંદરમા સર્ગનું નામ 'વિતર્કપ્રહાણ' છે.**

*જેના તર્ક-વિતર્ક શમી ગયા છે અને શાંત બન્યો છે તેના મનની સ્થિતિનું વર્ણન એટલે વિતર્કપ્રહાણ. આ સમગ્ર સર્ગમાં ભગવાન બુદ્ધનો સંદેશ રજૂ કરવામાં આવ્યો છે. તેઓ કહે છે કે સામ-દામ, દંડ, ભેદ કે નિયમ દ્વારા વેગપૂર્વક ધસી આવતા મૃત્યુને રોકી શકાતું નથી. આથી, ચંચળ જીવનમાં વિશ્વાસ કરવો જોઈએ નહીં. મૃત્યુ હંમેશા મનુષ્યના જીવનને હરી લે છે. તે વૃદ્ધાવસ્થાની પણ રાહ જોતું નથી. જગત પરપોટાની જેમ ક્ષણભંગુર છે, ત્યારે કોણ તેને અમર તરીકે વિચારશે?*

**સૌન્દરનંદ મહાકાવ્યના સોળમા સર્ગનું નામ 'આર્યસત્યવ્યાખ્યાન' છે.**

*ભગવાન બુદ્ધના મુખ્ય ઉપદેશો, ચાર આર્યસત્યોની વ્યાખ્યા અને સમજૂતી આ સર્ગમાં આપવામાં આવી છે. મનની શાંતિથી પ્રાપ્ત કરી લીધા પછી ચાર પ્રકારના ધ્યાન અને પાંચ અભિજ્ઞાઓની સમજાવટ અહીં આપવામાં આવી છે. આર્યસત્યોનું જ્ઞાન થતાં શાંતિ પ્રાપ્ત થાય છે અને પછી પુનર્જનમાં થતો નથી એ વાત અહીં કરવામાં આવી છે.*

*આ મહાકાવ્યના સત્તરમા સર્ગનું નામ 'અમૃતની પ્રાપ્તિ' એટલે કે 'અમૃતાધિગમ' છે.*

*નંદને આર્યસત્યોનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી અમૃતપ્રાપ્તિની ઝંખના ઉત્પન્ન થઈ અને નદીના કિનારે આસન લગાવી તેઓ બેસી ગયા અને યોગના અભ્યાસમાં આનંદ પામવા લાગ્યા. તેણે આત્મચિંતન દ્વારા સંસાર, શરીર, અનેક પદાર્થો અને ધર્મનું પરીક્ષણ કર્યું અને સત્યના જ્ઞાનરૂપ ધનુષ્યને ધારણ કર્યું. સ્મૃતિરૂપી કવચ પહેર્યું. શીલવ્રત રૂપી વાહન પર આરૂઢ થઈ, ચિત્તનાં સમરાંગણમાં ક્લેશરૂપી શત્રુઓને જીતવા કૃતનિશ્ચયી બન્યા અને અંતે અમૃતની પ્રાપ્તિ કરી.*

**આ મહાકાવ્યના અઢારમા સર્ગનું નામ 'આજ્ઞા વ્યાકરણ' છે.**

*અમૃતપ્રાપ્તિ થયા બાદ નંદ કૃતાર્થ બન્યા. તે ગૌતમ બુદ્ધ પાસે ગયા અને પોતે મહાન આસક્તિને વશ થઈ કામરૂપી ઝેર પીધું હતું તે સ્વીકારી કહ્યું કે, આપના વચનો રૂપી ઔષધના પાનથી તે ઝેર નાશ પામ્યું છે. મેં પ્રાપ્તવ્ય પ્રાપ્ત કરી લીધું છે. બુદ્ધે નંદને કહ્યું કે, 'હે સૌમ્ય! તું સંસારના આવાગમનથી મુક્ત થયો છે. તું હવે બીજાના અજ્ઞાનને દૂર કરી આત્માઓને મુક્ત કર. તું જીવોનો ઉદ્ધાર કરવા જ્ઞાનપ્રદીપ ધારણ કર.' આ મહાકાવ્યના અંતે અશ્વઘોષ કહે છે કે, આ મહાકાવ્યનો હેતુ શાંતિ પ્રદાન કરવા માટેનો છે, આનંદ કે મનોરંજનનો નહીં.*

*મહાકાવ્યનાં લક્ષણો અનુસાર આ મહાકાવ્યનું મૂલ્યાંકન કરીએ તો;*

*મહાકાવ્યનું વિષયવસ્તુ ઈતિહાસપ્રસિદ્ધ કે પુરાણપ્રસિદ્ધ હોવું જોઈએ અથવા તેમાં મહાપુરુષના જીવનનું ચરિત્ર આલેખિત થયું હોવું જોઈએ. સૌન્દરનંદ મહાકાવ્યનું કથાવસ્તુ બૌદ્ધ ધર્મની જાતક કથાઓ, અવદાન કથાઓ અને પાલીસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.*

*આ કાવ્યમાં અઢાર સર્ગો આવેલા છે, જે ન અતિ દીર્ઘ છે, ન અતિ લઘુ. દરેક સર્ગનું નામ પણ આપવામાં આવ્યું છે. જેમ કે, સૌન્દરનંદ મહાકાવ્યના અઢારમા સર્ગનું નામ 'આજ્ઞા વ્યાકરણ' અને પ્રથમ સર્ગનું નામ 'કપિલવસ્તુવર્ણન' છે.*

આ કાવ્યનો પ્રારંભ ભગવાન બુદ્ધને ॐ नमो बुद्धाय । એમ નમસ્કાર કરી, કથાવસ્તુના વર્ણનથી કરવામાં આવ્યો છે.

સૌન્દરનંદ મહાકાવ્યનો નાયક નંદ છે, તે ઉદારચરિત છે અને આ મહાકાવ્યમાં તેમના જન્મથી પ્રારંભ કરી સમગ્ર જીવન વિશે અને બુદ્ધત્વની પ્રાપ્તિ વિશે વાત કરવામાં આવી છે. નાયક એવા નંદનો અભ્યુદય આ મહાકાવ્યમાં દર્શાવાયો છે.

આ મહાકાવ્યનું પ્રયોજન નંદને કામાસક્ત જીવનમાંથી મોક્ષ રૂપી પુરુષાર્થ સુધી લઈ જવાનું છે. ઉપરાંત, ધર્મનિરૂપણ અને બૌદ્ધ ધર્મનો પ્રચાર, આ મહાકાવ્યનું મુખ્યપ્રયોજન હોય તેમ જણાય છે.

સૌન્દરનંદમાં આપણને વિવિધ વર્ણનો પ્રાપ્ત થાય છેઃ જેમ કે, કપિલવસ્તુ નગરનું વર્ણન, કુમાર સિદ્ધાર્થના જન્મનું વર્ણન, સ્વર્ગનું વર્ણન, પ્રકૃતિનું વર્ણન, આદિ અનેક વર્ણનો પ્રાપ્ત થાય છે.

આ કાવ્યમાં અનેક છંદ પ્રાપ્ત થાય છે અનેક અલંકારો પ્રયોજાયા છે. સૌન્દરનંદ મહાકાવ્યનો મુખ્ય રસ શાંતરસ છે. અશ્વઘોષ પોતે જ બુદ્ધચરિતના છેલ્લા શ્લોકમાં સ્પષ્ટ કરે છે કે, "કાવ્ય રચીને વિદ્વત્તા કે કાવ્યકૌશલ બતાવવાનો મારો હેતુ નથી; પણ બૌદ્ધ ધર્મનો ઉપદેશ આપી મનુષ્યોનું હિત અને સુખ સાધવાનો છે". ગૌણ રસો તરીકે કરુણરસ, શૃંગારરસ, અદ્ભુત, વગેરે રસ જોવા મળે છે. આ મહાકાવ્યમાં અશ્વઘોષની શૈલી વૈદર્ભી છે.

કાવ્ય કલ્પાન્તરસ્થાયી હોવું જોઈએ એવું મહાકાવ્યના લક્ષણોમાં કહેવામાં આવ્યું છે ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે લગભગ ઈસવીસનની પ્રથમ સદીમાં રચાયેલું આ કાવ્ય આજે પણ લોકો સુધી પહોંચ્યું છે અને ઉત્તમ કાવ્યમાં, સંસ્કૃતના પ્રશિષ્ટ મહાકાવ્યોમાં, તેની ગણના આદરપૂર્વક કરવામાં આવે છે.

## 4.4 તમારી પ્રગતિ ચકાસો.

અ. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો.

1. અશ્વઘોષનાં મહાકાવ્યો વિશે વિસ્તૃત નોંધ લખો.

2. 'બુદ્ધચરિત' મહાકાવ્ય વિશે સવિસ્તર નોંધ લખો.

3. 'સૌન્દરનંદ' મહાકાવ્ય વિશે સવિસ્તર નોંધ લખો.

**બ. ટૂંકનોંધ લાખો.**

1. *અશ્વઘોષનો પરિચય આપો.*
2. *પાત્રાલેખનઃ બુદ્ધ*
3. *પાત્રાલેખનઃ બુદ્ધત્વપ્રાપ્તિ*
4. *પાત્રાલેખનઃ નંદ*
5. *પાત્રાલેખનઃ સુંદરી*

**સંદર્ભ-ગ્રંથોઃ**


1. History of Sanskrit Literature, A. B. Keith, Oxferd University Press, London, 1956
2. The Saundarananda of Ashvaghosh, E. H. Johnston, Oxford University Press, London, 1928.
3. Saundarananda Kavya of Arya ashvaghosha, edited by Mahamahopadhyaya Haraprasad Shastri, pub. by The Royal Soci[a]y of Bengal, Calcutta, 1939
4. *પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, પ્રા. ડૉ. અમૃત ઉપાધ્યાય, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ગુજરાત રાજ્ય.*
5. *સંસ્કૃત સાહિત્યનો પરિચય, ડૉ. એ. ડી. શાસ્ત્રી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.*
6. महाकवि अश्वघोष विरचितं सौन्दरनंद महाकाव्यम्, *કાલિન્દી પરીખ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.* 2006
7. संस्कृत-साहित्य का आलोचनात्मक इतिहास, प्रो. रामजी उपाध्याय, चौखंबा विद्याभवन, वाराणसी.
8. अश्वघोष कृत बुद्धचरितम्, प्रथम भाग, सर्ग १ से १४, संपादक एवं अनुवादक: सूर्यनारायण चौधरी, संस्कृत भवन, कठोतिया, बिहार. तृतीय संस्करण
9. महाकवि श्रीमदश्वघोषविरचितं बुद्धचरितम्, 'प्रकाश' हिंदीव्याख्योपेतम्, प्रथमो भागः, महन्त श्री रामचंद्रदास शास्त्री, चौखंबा विद्याभवन, वाराणसी, १९६२
10. श्री अश्वघोष विरचित सौन्दरनंद महाकाव्य, अचार्य जगदीशचंद्र मिश्र, चौखंबा सुरभारती प्रकाशन, वाराणसी।
11. अश्वघोष कृत सौन्दरनंद काव्य, संपादक एवं अनुवादक: सूर्यनारायण चौधरी, प्रका. संस्कृत-भवन, कठौतिया, बिहार। २०१६


---


**લેખક : ડૉ. સ્વાતિ શાહ, આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**એલ. આર. વળિયા આર્ટ્સ એન્ડ પી. આર. મહેતા કોમર્સ કોલેજ,**
**ભાવનગર.**


---

# વિભાગ: 2 : પંચ મહાકાવ્ય

# એકમ : 5 : રઘુવંશમ્ : પરિચય

## રૂપરેખા


5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 રઘુવંશ મહાકાવ્યનો સર્ગશઃ સારાંશ

5.2.1 'રઘુવંશ'નું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકનઃ

5.2.2 ' રઘુવંશ'માં પ્રકૃતિનિરૂપણ

5.2.3 રઘુવંશની અલંકાર સમૃધ્ધિ

5.3 તમારી પ્રગતિ ચકાસો


## 5.0 ઉદ્દેશો

- *આ એકમનો ઉદ્દેશ સંસ્કૃતના પંચ પ્રાણ સમાન પાંચ મહાકાવ્યોમાંથી રઘુવંશ નામના મહાકાવ્યનો પરિચય આપવાનો છે.*
- *રઘુવંશના પરિચય દ્વારા તમે આ આદર્શ મહાકાવ્યના કથાનક, તેની આધારસામગ્રી, શૈલી, વર્ણનવૈવિધ્ય, અલંકારસમૃદ્ધિ, રસનિષ્પત્તિ અને કવિના જીવનસંદેશનું સમુચિત મૂલ્યાંકન કરવા સમર્થ થશો.*
- *આ એકમના અધ્યયન પરથી તમને ખ્યાલ આવશે કે, રઘુવંશ મહાકાવ્યનો સંસ્કૃત સાહિત્યના શ્રેષ્ઠ મહાકાવ્યોમાં કેમ સમાવેશ કરવામાં આવ્યો છે.*

## 5.1 પ્રસ્તાવના

*સંસ્કૃત ભાષાને સ્વરૂપ અને સમયને આધારે બે પ્રકારે વિભાજિત કરવામાં આવે છે. એક, વૈદિક સંસ્કૃત અને બે, પ્રશિષ્ટ સંસ્કૃત. ચાર વેદો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગ્રંથો, ઉપનિષદો અને સૂત્રગ્રંથો સુધીનું સાહિત્ય વૈદિક કે પ્રાચીન સંસ્કૃત તરીકે ઓળખાય છે. તેને 'શ્રુતિ સાહિત્ય' પણ કહેવાય છે. તેને 'ઈશ્વરની ભાષા' અથવા 'અપૌરુષેય સાહિત્ય' તરીકે પણ ઓળખવામાં આવે છે. એ પછી અસ્તિત્વમાં આવેલા રામાયણ, મહાભારત, પુરાણો તેમજ અષ્ટાધ્યાયીના રચયિતા પાણિનિની અને એના સમકાલીનોની ભાષા તે 'સંસ્કૃત ભાષા' તરીકે ઓળખવામાં આવે છે. રામાયણમાં 'માનુષી વાણી' તરીકે સંસ્કૃતનો પ્રથમવાર ઉલ્લેખ કરવામાં થયો છે. રામાયણ અને મહાભારત પછી કાલિદાસ, અશ્વઘોષ અને ભાસ વગેરેએ વિવિધ સાહિત્યસ્વરૂપોમાં જે ભાષાને લોકપ્રિય બનાવી, શ્રેષ્ઠ સમાજમાં પ્રતિષ્ઠિત કરી એને 'પ્રશિષ્ટ સંસ્કૃત ભાષા' તરીકે ઓળખવામાં આવે છે. રામાયણ અને મહાભારત એ બે આદિ મહાકાવ્યો પરવર્તી કવિઓને માટે પ્રેરણા રૂપ, ઉપજીવ્ય બની રહ્યા છે. આ બંને*

*આદિ મહાકાવ્યના કથાનકનો ઉપયોગ કાલિદાસ, ભારવિ, શ્રીહર્ષ જેવા મહાન કવિઓએ કર્યો છે. આ એકમમાં રઘુવંશ મહાકાવ્યનો સર્ગવાર સારાંશ , તેની આધારસામગ્રી, વર્ણનો, શીર્ષક, પ્રકૃતિનિરૂપણ, અલંકાર સમૃદ્ધિ, રઘુવંશના નાયકો, રસનિષ્પત્તિ, રઘુવંશનું કલ્પાંતરસ્થાયિત્વ, રઘુવંશનો મુખ્ય પુરુષાર્થ અને જીવન સંદેશ જેવા મહત્ત્વપૂર્ણ બિંદુઓની સાથે સમગ્ર મહાકાવ્યનું મૂલ્યાંકન પ્રસ્તુત કરવામાં આવ્યું છે.*

## 5.2 રઘુવંશ મહાકાવ્યનો સર્ગશઃ સારાંશ

### સર્ગ -1 વસિષ્ઠાશ્રમાભિગમનઃ

**वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये ।**

**जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥(१.१ )**

*વાણી અને અર્થની જેમ જોડાયેલાં જગતનાં માતાપિતા એવાં શિવ અને પાર્વતીને પ્રણામ કરીને કવિ મહાકાવ્યની શરૂઆત કરે છે. શરૂઆતમાં કવિ 'ક્યાં સૂર્યથી ઉત્પન્ન થયેલો વંશ અને ક્યાં મારી અલ્પવિષયોને જાણનારી બુદ્ધિ ? હું તો નાની હોડીથી મહાસાગરને તરવાની કોશિશ કરું છું' એમ કહીને પોતાની નમ્રતા બતાવે છે. વાલ્મીકિ એવા પૂર્વના મહાકવિઓએ રઘુવંશનું વર્ણન કર્યું હોવાથી મણિમાં દોરો પ્રવેશે તેમ પોતે પ્રવેશ કરી શકશે એટલે કે મહાકાવ્ય લખી શકશે એવા આત્મવિશ્વાસ સાથે કવિ મહાકાવ્યની શરૂઆત કરે છે. પ્રથમ સર્ગમાં કવિ રઘુવંશના રાજાઓની લાક્ષણિકતાઓ વર્ણવીને રઘુવંશની ભવ્યતાનો ખ્યાલ આપે છે. સૂર્યવંશની શરૂઆત વૈવસ્ત મનુથી થઈ. તેમાં ઈક્ષ્વાકુ રાજા થઈ ગયો. આ વંશમાં દિલીપ નામનો પ્રતાપી રાજા હતો. સુદક્ષિણા તેની મુખ્ય રાણી હતી. રાજા નિઃસંતાન હોવાથી રાણી સાથે વિસષ્ઠ નામના કુલગુરુના આશ્રમે ગયો. વસિષ્ઠે રાજાને કહ્યું કે રાજા એક વખત સ્વર્ગમાંથી પાછો ફરતો હતો ત્યારે કલ્પવૃક્ષના છાંયડામાં ઊભેલી નંદિની ગાયને પ્રણામ કરવાનું ચૂકી ગયો હતો. સુદક્ષિણાને મળવાની ઉતાવળમાં રાજાનું ધ્યાન કામધેનુ ગાય તરફ ન ગયું. આથી તે ગાયના શાપના લીધે રાજાને સંતાન ન હતું. રાજાએ તેનો ઉપાય કરવા આશ્રમમાં રહેલી કામધેનુની પુત્રી નંદિની ગાયની સેવા કરવી જોઈએ.*

### સર્ગ -2 નંદિનીવરપ્રદાન :

*દિલીપ રાજાએ નંદિની ગાયની સેવા કરવાનો સંકલ્પ લઈને રાણી સુદક્ષિણા સાથે વસિષ્ઠના આશ્રમમાં નિવાસ કર્યો. બીજા દિવસથી રાજા અને રાણી નંદિની ગાયની સેવા કરવા લાગ્યા. રાજા રોજ સવારથી સાંજ સુધી ગાયને ચરાવવા લઈ જતો અને તેની પાછળ પાછળ સતત ફરતો. એ રીતે એકવીસ દિવસ સુધી રાજાએ ગાયની સેવા કરી. બાવીસમાં દિવસે રાજા હિમાલય પર્વતની શોભા નિહાળતો હતો ત્યારે ગાય પર કુંભોદર નામના સિંહે હુમલો કર્યો. સિદ્ધ ભગવાન શિવનો સેવક હોવાથી રાજા શસ્ત્ર*

*પ્રહાર ન કરી શક્યો. સિંહે રાજાની મનુષ્યની વાણીમાં ગાયને છોડી જતા રહેવા કહ્યું. રાજા દિલીપે ગાયને બચાવવા પોતાની જાત આપવાની તૈયારી બતાવી. સિંહ રાજાને નિશ્ચયમાંથી ડગાવવાની કોશિશ કરી પણ દિલીપે ગુરુની ગાયને બચાવવા પોતાની જાતને ગાય પાસે મૂકી દીધી. એ વખતે ચમત્કાર થયો. સિંહ અદશ્ય થઈ ગયો અને નંદિની ગાયે રાજાને કહ્યું કે તેણે રાજાની પરીક્ષા કરવા સિંહ સર્જ્યો હતો. નંદિની ગાયના વરદાનથી ગુરુની આજ્ઞા લઈને દિલીપે નંદિની ગાયના દૂધનો પ્રસાદ લીધો. આથી સુદક્ષિણા રાણી ગર્ભવતી બની.*

**સર્ગ - 3 રઘુરાજ્યાભિષેક :**

*સુદક્ષિણા ગર્ભવતી બની ત્યારે તેની વિશેષ કાલી લેવામાં આવી. સુદક્ષિણાની બધી ઈચ્છાઓ દિલીપે પૂરી કરી. સુદક્ષિણાએ શુભ અવસરે પુત્રને જન્મ આપ્યો. શાસ્ત્રોક્ત સંસ્કાર કરીને તેનું રઘુ એવું નામ પાડવામાં આવ્યું. રઘુ ધાત્રીની દેખરેખ નીચે મોટો થવા માંડ્યો. તેની ગ્રહણશક્તિ સારી હતી. ગુરુઓએ તેને ધનુર્વિદ્યા સહિત સર્વ વિદ્યાઓ ભણાવી, દિવસો જતાં રઘુ યુવાન બન્યો. દિલીપે રૂપવતી રાજકન્યાઓ સાથે તેનો વિવાહ કર્યો. દિલીપે 99 અશ્વમેધ યજ્ઞો પૂરા કર્યા પછી સોમા અશ્વમેધ યજ્ઞનો પ્રારંભ કર્યો. રઘુને અશ્વના રક્ષણની જવાબદારી સોંપવામાં આવી. ઈન્દ્રે અદશ્ય રૂપે આવીને અશ્વને ચોરી લીધો, પણ નંદિની ગાયની કૃપાથી રઘુ ઈન્દ્રને જોઈ ગયો અને તેણે ઈન્દ્રનો પીછો કર્યો. રઘુ અને ઈન્દ્ર વચ્ચે ભીષણ યુદ્ધ થયું. ઈન્દ્રે રઘુ પર વ્રજનો પ્રહાર કર્યો, પણ રઘુએ તેને પણ છાતી પર ઝીલી લીધો. ઈન્દ્ર આથી પ્રસન્ન થઈને અથ સિવાય બીજું ગમે તે વરદાન માંગવા કહ્યું. રઘુએ તેના પિતાને યજ્ઞ પૂર્ણ કર્યા વિના પણ યજ્ઞનું ફળ મળે તેવું વરદાન માંગ્યું. આ રીતે દિલીપ રાજાનો યજ્ઞ પૂરો થયો. દિલીપે રઘુને રાજય સોપીને વનવાસ સ્વીકાર્યો.*

**સગ -4 રઘુનો દિગ્વિજયઃ**

*રઘુએ આદર્શ રાજય વ્યવહાર કર્યો અને લોકપ્રિયતા મેળવી. એ પછી તે ચતુરંગિણી સેના લઈને દિગ્વિજય કરવા નીકળ્યો. સૌ પ્રથમ તેણે પૂર્વ દિશા જીતી લીધી. ત્યાં સુક્ષ્મ અને બંગ દેશને જીતીને કપિશા નદી ઓળંગીને તેણે કલિંગ દેશને જીત્યો. એ પછી દક્ષિણ દિશા તરફ આગળ વધ્યો. દક્ષિણના પાંડવ રાજાઓને તેણે હરાવ્યા. ત્યાર પછી તેણે સહ્યાદ્રિ પર્વતને ઓળંગીને અપરાંત (કોણ) અને કેરળના રાજાઓને હરાવ્યા. પછી તેવું પાતિક દેશના રાજાઓને હરાવ્યા. હવનો તેને શરણે આવ્યા. એ પછી તે ઉત્તર દિશા તરફ આગળ વધ્યો. તેણે પૂર્ણ અને કોબોજ રાજાઓને હરાવ્યા. હિમાલય પર્વત પરના પર્વતાળ પ્રદેશના રાજાઓને જીતીને લૌહિત્યા નામની નદીને પાર કરીને રઘુએ પ્રાગુજ્યોતિષપુર અને કામરૂપ (આસામ)ના રાજાઓને પણ જીતી લીધા. રઘુએ પાછા ફરીને દિગ્વિજય કર્યા પછી રાજધાનીમાં પ્રવેશીને વિશ્વજીત નામનો યજ્ઞ કરીને તેની તમામ સંપત્તિનું દાન કરી દીધું. પોતાના માટે માત્ર માટીનાં વાસણો જ રાખ્યાં.*

**સર્ગ -5 અજસ્વયંવરાભિગમન :**

*એ સમયે વરતંતુ નામના ઋષિનો કૌત્સ નામનો શિષ્ય ગુરુદક્ષિણા માટે ચૌદ કરોડ સુવર્ણમુદ્રાઓ માગવા રઘુ પાસે આવ્યો. તેણે રઘુની નિર્ધન અવસ્થા જોઈને બીજા રાજાઓ પાસે જવાની ઈચ્છા વ્યક્ત કરી. રઘુએ કોત્સને વચન આપ્યું કે તે ગુરુદક્ષિણા માટે તેને વ્યવસ્થા કરી આપશે. આથી કૌત્સ રઘુની યજ્ઞશાળામાં રોકાયો. રઘુએ કુબેર પર ચડાઈ કરવાનો નિર્ણય કર્યો. પરંતુ તે જ રાત્રે કુબેર રઘુના કોષાગાર પર સુવર્ણમુદ્રાઓની વૃષ્ટિ કરાવી. કોત્સે ગુરુદિયલા જેટલી મુદ્રાઓ લઈ લીધી અને રઘુને ઉત્તમ પુત્ર પ્રાપ્ત થવાના આશીર્વાદ આપ્યા. કુરે વર્ષાવેલી સોના મહોરો રસ્તામાં પડી રહી. પરંતુ તે વધારાની સોના મહોરો લોકોએ ન લીધી. આ પછી રઘુને ત્યાં પુત્રનો જન્મ થયો. તેનું નામ અજ પાડવામાં આવ્યું. અજ યુવાન બન્યો ત્યારે રઘુએ તેને વિદર્ભ દેશના રાજા ભોજની બહેન ઈન્દુમતિના સ્વયંવરમાં મોકલ્યો. અજે સેના સાથે નર્મદા નદીના કિનારે રસ્તામાં પડાવ નાંખ્યો. ત્યાં એક મદોન્મત હાથી છાવણીમાં પ્રવેશ્યો. બધાને નસભાગ કરતા જોઈએ અજે હાથીને શાંત પાડવા બાણથી સહેજ પ્રહાર કર્યો. ત્યાં આશ્ચર્ય થયું. હાથી અદશ્ય થઈ ગયો અને એક દિવ્ય પુરુષ અજની સામે ઊભો રહ્યો. મતંગઋષિના શાપને લીધે હાથી બનેલો ગંધર્વરાજ પ્રિયદર્શનના પુત્ર પ્રિયંવદ શાપમુક્ત થયો. પ્રિયંવદે ઋષિને વિનંતી કરતાં મતંગઋષિને દયા આવી. તેણે કહ્યું હતું કે ઈક્ષ્વાકુવંશના રાજકુમાર અજનું તીર વાગતાં પ્રિયંવદ ફરી પાછો ગંધર્વ બની જશે. પશુની યોનિમાંથી મુક્ત થયેલા પ્રિયંવદે અને સંમોહનાસ્ત્રની ભેટ આપી.*

**સર્ગ - 6 ઈન્દુમતી સ્વયંવર :**

*રાજકુમારી ઈન્દુમતી સુનન્દા નામની દાસી સાથે સ્વયંવર સભામાં પ્રવેશી. સ્વયંવર મંડપમાં અનેક રાજાઓ હતા. તેઓ ઈન્દુમતીને મેળવવા વિવિધ શૃંગાર ચેષ્ટાઓ કરતા હતા. પાંડ્ય, મધ, અંગ, અવંતી, અનૂપ, શૂરસેન વગેરે દેશના રાજાઓ ત્યાં ઉપસ્થિત હતા. ઈન્દુમતી દરેક રાજાનો સુનન્દા પાસેથી પરિચય મેળવતી મેળવતી આગળ વધી. છેવટે અજની પાસે આવી. અજ તેને પહેલી નજરે જ ગમી ગયો. તેણે અજના ગળામાં વરમાળા પહેરાવી. બધાએ ઈન્દુમતીની પસંદગી વખાણતા કહ્યું કે ચંદ્રની સાથે ચાંદની જોડાય, સુવર્ણ સાથે રત્ન જોડાય એવો આ સંયોગ છે.*

**સર્ગ - 7 અજપાણિગ્રહણ :**

*રાજમહેલમાં અજ - ઈન્દુમતીનો વિવાહ-વિધિ સંપન્ન થયો. રાજા ભોજે બહેન ઈન્દુમતીને કરિયાવર આપ્યો. અજ-ઈન્દુમતી અયોધ્યા જવા રવાનાં થયાં. ત્યાં ઈન્દુમતીને મેળવ્યા વિના પાછા ફરેલા નિરાશ રાજાઓએ અજનો રસ્તો રોક્યો. બંને પક્ષો વચ્ચે યુદ્ધ થયું. અજે સંમોહનાસ્ત્રથી સર્વે રાજાઓને હરાવ્યા. અયોધ્યાના નગરજનોએ અજ અને ઈન્દુમતીનું ભવ્ય સ્વાગત કર્યું.*

**સર્ગ -8 અજવિલાપ :**

*અજનો રાજ્યાભિષેક કરીને રઘુએ વનમાં જવાનું નક્કી કર્યું, પુત્રના આગ્રહને લીધે નગરની બહાર જ સંન્યાસી જેવું જીવન ગાળવાનું શરૂ કર્યું. છેવટે યોગસમાધિ દ્વારા રઘુએ શરીરનો ત્યાગ કર્યો. ઈન્દુમતીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ 'દશરથ' પાડવામાં આવ્યું.*

*એકવખત અજ અને ઈન્દુમતી ઉપવનમાં વિહાર કરતાં હતાં. એવામાં આકાશમાર્ગે જતાં નારદજીની વીણા પરથી ઊડીને એક પુષ્પમાળા ઈન્દુમતીના દેહ પર પડી. તે સાથે જ ઈન્દુમતીનું મૃત્યુ થયું. અજે ઈન્દુમતીના મૃત્યુથી અત્યંત શોક પામીને વિલાપ કર્યો. આ વિલાપ 'અજવિલાપ' તરીકે સમગ્ર સંસ્કૃતસાહિત્યમાં જાણીતો છે. અજને સાંત્વન આપવા વસિષ્ઠે એક શિષ્યને મોકલ્યો. તેણે આવીને ઈન્દુમતીના પૂર્વજન્મની હકીકત જણાવી. ઈન્દુમતી પૂર્વજન્મમાં હરિણી નામની દેવાંગના હતી. ઈન્દ્રની આજ્ઞાથી તે તૃણબિંદુ નામના ઋષિને ચલિત કરવા ગયેલી તેથી ગુસ્સે થયેલા ઋષિએ તેને પૃથ્વીલોકમાં સ્ત્રી બનવાનો શાપ આપેલો. હરિણીએ પોતાના અપરાધ માટે માફી માગી ત્યારે ઋષિએ સ્વર્ગનાં ફૂલનાં દર્શનથી*

*તે સ્વર્ગમાં પાછી ફરશે તેવો અનુગ્રહ કર્યો. આ રીતે ઈન્દુમતી સ્વર્ગની અપ્સરા હતી એ જાણીને અજનો શોક હળવો થયો. અજે દશરથ યુવાન બન્યા ત્યાં સુધી શોકને સહી લીધો. પછી દશરથને ગાદી સોંપીને તેણે ગંગાયમુના સંગમ પર અનશન કરીને દેહત્યાગ કર્યો.*

**સર્ગ -9 મૃગયાવર્ણન :**

*દશરથ રાજાએ કૌશલ, મગધ અને કૈક્ય દેશની રાજકુમારીઓ કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી સાથે લગ્ન કર્યાં. એકવાર દશરથ રાજા મૃગયા કરવા ગયા ત્યારે તેણે એક તાપસકુમાર નદીમાં પાણીનો ઘડો ભરતો હતો. તે અવાજને હાથીની ગર્જના સમજીને શબ્દવેધી બાણ છોડ્યું. તાપસ કુમારની ચીસ સાંભળીને રાજા તેની પાસે દોડ્યો, અને તેણે દશરથને શાપ આપ્યો કે તું વૃદ્ધાવસ્થામાં પુત્રના શોકથી મૃત્યુ પામીશ. તે બંને પણ મૃત્યુ પામ્યા. દશરથ રાજા તેમનો અગ્નિ સંસ્કાર કરીને રાજધાનીમાં પાછા ફર્યાં.*

**સર્ગ -10 રામાવતાર :**

*દશરથને ઘણાં વર્ષો સુધી પુત્ર ન થયો. તેમણે ઋષ્યશૃંગ વગેરે ઋષિઓની આજ્ઞાથી પુત્રેષ્ટિ પણ કર્યો. જ્યારે યજ્ઞની પૂર્ણતા થઈ ત્યારે યજ્ઞકુંડમાંથી ખીર ભરેલું સુવર્ણપાત્ર લઈને એક પુરુષ બહાર નીકળ્યો. દશરથે તે ખીર ત્રણે રાણીઓને આપી. આ ત્રણે રાણીઓ સગર્ભા બની. ભગવાન  વિષ્ણુએ રાક્ષસરાજ રાવણને મારવા પૃથ્વી પર આવવાનું વચન આપ્યું હતું. તેથી તેઓએ કૌશલ્યાના પુત્ર રામ તરીકે જન્મ લીધો.*

## સર્ગ - 11 સીતાવિવાહ પ્રસંગ

*જ્યારે રામ નાના હતા ત્યારે વિશ્વામિત્ર ઋષિ દશરથ પાસે આવ્યા. તેણે આશ્રમના રક્ષણ માટે યજ્ઞની રક્ષા કરવા રામે લક્ષ્મણને પોતાની સાથે લઈ જવા રાજાને વિનંતી કરી. દશરથે વિશ્વામિત્ર સાથે રામ લક્ષ્મણને મોકલ્યા, તેમણે તાડકા નામની રાક્ષસીનો વધ કર્યા. આ ઉપરાંત યજ્ઞમાં વિઘ્નો પહોંચાડતા મારીચ, સુબાહુ વગેરે રાક્ષસોની સેનાનો નાશ કર્યા. રામે વિશ્વામિત્ર સાથે સીતાના સ્વયંવરમાં જતી વખતે ગૌતમ ઋષિના શાપથી પથ્થર બનેલી અહલ્યાનો ઉદ્ધાર કર્યો. સીતા સ્વયંવરમાં રામે શિવ ધનુષ્યનો ભંગ કર્યો. આથી સીતાએ રામને વરમાળા પહેરાવી. દશરથ રાજા મિથિલા આવ્યા. રામસીતાની સાથે લક્ષ્મણ-ઉર્મિલા, ભરત - માંડવી અને શત્રુઘ્ન - શ્રુતકીર્તિના લગ્ન પણ થયા. દશરથ ચારે પુત્રો અને પુત્રવધૂઓ સાથે પાછા ફરતા હતા ત્યારે તેમને રસ્તામાં પરશુરામ મળ્યા. શિવધનુષ્ય તૂટવાને લીધે પરશુરામ નારાજ થયા હતા. તેમણે રામને કહ્યું કે, તું મારા આ ધનુષ્ય પર બાણ ચડાવ અથવા શરણે આવ. રામે પરશુરામના ધનુષ્ય પર બાણ ચડાવીને તેમનો પરલોક નષ્ટ કર્યો અને તેમને ચિરંજીવ બનાવ્યા, પરશુરામ તપ કરવા ચાલ્યા ગયા.*

## સર્ગ - 12 રાવણવધઃ

*દશરથ રાજાએ રામનો રાજા તરીકે અભિષેક કરવાનો વિચાર કર્યો. પરંતુ કૈકેયીએ દશરથ રાજા પાસે બે વરદાનોમાં રામને ચૌદ વરસનો વનવાસ અને ભરતને રાજ્ય આપવાનું વરદાન માંગ્યું. રામ વનવાસમાં જવા નીકળ્યા. સીતા અને લક્ષ્મણ પણ તેમની સાથે ચાલી નીકળ્યાં. પુત્રના વિયોગમાં દશરથ જીવી ન શક્યા. મોસાળથી પાછા ફરેલા ભરતને માતાનાં વ્યવહારથી ખૂબ દુઃખ થયું. તે રામને પાછા લાવવા ચિત્રકૂટ ગયા. ભરત રામની પાસેથી તેમની પાદુકાઓ લઈને પાછા ફર્યા અને રામના પ્રતિનિધિ તરીકે રાજ્ય કરવા લાગ્યા. રામ ચિત્રકૂટથી દક્ષિણ દિશા તરફ આગળ વધ્યાં. ત્યાં તેમણે વિરાધ નામના રાક્ષસનો વધ કર્યો. પંચવટીમાં રાવણની બહેન શૂર્પણખા લક્ષ્મણની સાથે લગ્ન કરવા આવી. પરંતુ લક્ષ્મણે તેના નાક કાન કાપીને કદરૂપી બનાવી. રામે જંગલમાં ખર, દૂષણ, ત્રિશિરા વગેરે રાક્ષસોનો સંહાર કર્યો. ગુસ્સે થયેલા રાવણે કપટ કર્યું. મારીચ મૃગનું રૂપ ધારણ કરીને રામ લક્ષ્મણને દૂર લઈ ગયો ત્યારે રાવણે સીતાનું અપહરણ કર્યું. રાવણે સીતાની મદદે આવેલા જરાયુને હણી નાખ્યો. રામ અને લક્ષ્મણ જરાયુની પાસેથી સમાચાર સાંભળીને આગળ નીકળ્યા. તેમણે કબંધ નામના રાક્ષસને શાપથી મુક્ત કર્યો. સુગ્રીવની સાથે મિત્રતા કરી. રામે વાલીનો વધ કરીને સુગ્રીવને કિષ્કિન્ધાનો અધિપતિ બનાવ્યો. હનુમાન સમુદ્ર પાર કરીને લંકા ગયા. ત્યાં સીતાને અશોક વાટિકામાં મળીને રામનો સંદેશો કહ્યો. હનુમાને અક્ષયકુમારનો વધ કર્યો અને લંકાદહન કર્યું. સીતાની પાસેથી નિશાની રૂપે ચૂડામણિ લઈને હનુમાન રામ પાસે પાછા આવ્યા. રામે વાનરોની મદદથી સમુદ્ર પર સેતુબંધ બાંધીને લંકાની આસપાસ ઘેરો ઘાલ્યો. રામ અને રાવણ વચ્ચે ભીષણ યુદ્ધ જામ્યું. રામે મેઘનાદ, કુંભકર્ણ અને રાવણનો સંહાર થયો. રામે વિભિષણને લંકાનું રાજ્ય સોંપ્યું. સીતાએ અગ્નિપરીક્ષા દ્વારા પોતાની શુદ્ધતા સાબિત કરી. રામ, લક્ષ્મણ અને સીતા પુષ્પક વિમાનમાં બેસીને પાછા ફર્યા.*

### સર્ગ - 13 દંડકા પ્રત્યાગમન :

*પુષ્પક વિમાનમાં બેસીને રામ અને સીતા પાછા ફરતાં હતાં. રામે સીતાને વાનર સેનાએ બાંધેલો સેતુ બતાવ્યો. રસ્તામાં જનસ્થાન, માલ્યવાન પર્વત, પંચવટી, ઋષિમુનિઓના આશ્રમો, ચિત્રકૂટ પર્વત, મંદાકિની નદી, રસ્તાનાં વૃક્ષો, ગંગા યમુનાનો સંગમ, નિષાદ રાજગૃહનું નિવાસસ્થાન વગેરે સ્થળોનું રામે સીતાની પાસે વર્ણન કર્યું. છેવટે સરયૂ નદીના કિનારે પુષ્પક વિમાન ઊતર્યું. ત્યારે વસિષ્ઠ, ભરત, મંત્રીઓ અને પ્રજાજનોએ રામનું સ્વાગત કર્યું. શત્રુઘ્ને નગરની બહાર શિબિરો ઊભી કરી હતી તેમાં રામે વિશ્રામ કર્યો.*

### સર્ગ -14 સીતાપરિત્યાગ :

*રામનો રાજ્યાભિષેક વિધિ થયો. પછી રામ રાજધાનીમાં પ્રવેશ્યા. રામની સાથે આવેલા વાનર અને રાક્ષસોના મુખ્ય મુખ્ય અતિથિઓ થોડા સમય રોકાયા. સમય જતાં સીતા સગર્ભા બન્યાં. તેમણે રામની પાસે ભાગીરથીના કાંઠા પરના તપોવનના દર્શન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. એ સમયે રામને રાક્ષસરાજ રાવણને ત્યાં રહેલી સીતા વિશે લોકો વિવિધ વાતો કરે છે, તેવી જાણ થઈ. રામે લોકનિંદા સાંભળીને સીતાના ત્યાગનો નિર્ણય લીધો અને લક્ષ્મણને સીતાને જંગલમાં લઈ જઈને વાલ્મીકિના આશ્રમ પાસે ત્યજીને પાછા આવવાની આજ્ઞા કરી. લક્ષ્મણ સીતાને વાલ્મીકિના આશ્રમ પાસે લઈ ગયો અને ત્યાં સીતાને હકીકતની જાણ કરી. સીતાએ આ ઘટનાથી શોકાતુર થઈને રામને સંદેશો મોકલ્યો કે લોકાપવાદથી ડરીને તમે અગ્નિ પરીક્ષાથી શુદ્ધ થયેલી પત્નીનો ત્યાગ કરો છો તે તમને યોગ્ય નથી. સીતાએ સંતાનોને જન્મ આપ્યા પછી શરીર ત્યજવાનો અને બીજા જન્મમાં રામને જ પતિ તરીકે પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. લક્ષ્મણના ચાલ્યા ગયા પછી કરુણ વિલાપ કરતાં સીતાની પાસે વાલ્મીકિ આવ્યા. તેમણે સીતાને પોતાના આશ્રમમાં નિવાસ આપ્યો. સીતાના ત્યાગથી રામ અત્યંત દુઃખી હતાં. તેમણે કઠોર હૈયાથી રાજ્ય કર્યું. અશ્વમેધ યજ્ઞમાં સીતાની સુવર્ણ પ્રતિમા સ્થાપીને યજ્ઞ કર્યો. વાલ્મીકિના આશ્રમમાં સીતાને રામના આ વ્યવહારની જાણ થતાં તેને થોડું સાંત્વન મળ્યું.*

### સર્ગ - 15 શ્રી રામસ્વર્ગારોહણ :

*રામે લવણાસુરનો વધ કરવા શત્રુઘ્નને મોકલ્યો . તે વાલ્મીકિના આશ્રમ પાસેથી પસાર થયો. તે સમયે સીતાએ લવ-કુશને જન્મ આપ્યો . શત્રુઘ્ન લવણાસુરનો વધ કરીને અયોધ્યા પાછો ફર્યો, પણ તેણે સીતાના પુત્રો અંગેની વાત રામને ન જણાવી. રામે  શંબૂકનો વધ કર્યો. પછી તેમણે અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો. ઋષિમુનિઓ સાથે વાલ્મીકિ પણ લવ-કુશ સાથે યજ્ઞમાં ગયા. વાલ્મીકિએ શીખવાડેલા રામાયણનું ગાન લવ-કુશે રામની સમક્ષ કર્યું. વાલ્મીકિએ લવ-કુશને રામના પુત્રો તરીકે સ્વીકાર કરવાનું જણાવ્યું. તેમણે પવિત્ર સીતાનો સ્વીકાર રામ કરે તેવું પણ કહ્યું. રામ પ્રજાજનોને વાંધો ન હોય તો સીતાને સ્વીકારવા તૈયાર થયા, સીતાએ ધરતીને તેના*

*ઉદરમાં સમાવી લેવાની વિનંતી કરી. સીતા ધરતીમાં સમાઈ ગયા પછી રામે રાજ્યનું વિભાજન કરીને તેનો વહીવટ ભાઈઓ તથા પુત્રોને સોંપીને સ્વર્ગમાં પ્રસ્થાન કર્યું.*

**સર્ગ -16 કુમુદવતીપરિણય :**

*રામે કરેલી વહેંચણી મુજબ કુશને દક્ષિણનું રાજ્ય મળ્યું. તેણે કુશાવતી રાજધાની વસાવી. એકવાર કુશને અયોધ્યાની અધિષ્ઠાત્રી દેવીનાં દર્શન થયાં. રામના વૈકુંઠગમન પછી અયોધ્યાની દુર્દશાનો ખ્યાલ તેણે આપ્યો અને અયોધ્યાનો પુનરુદ્ધાર કરવાની વિનંતી કરી. કુશ અયોધ્યા પાછો ફર્યો. તેણે અયોધ્યાનો જીર્ણોદ્ધાર કર્યો. એકવાર જલવિહાર કરતાં કુશનું સોનાનું દિવ્ય કડું કુમુદ નામનો નાગ લઈ ગયો. કુશે ગુસ્સે થઈને ગરુડાસ્ત્રનો પ્રયોગ કર્યો. કુમુદ નાગ કુશને સોનાનું કડું પાછું આપી ગયો. તેણે કુશની સાથે તેની બહેન કુમુદની પરણાવી.*

**સર્ગ-17 અતિથિવર્ણનઃ**

*કુશની રાણી કુમુદવતીએ 'અતિથિ' નામના પુત્રને જન્મ આપ્યો. એક વખત કુશ દુર્જય નામના દૈત્ય સામે યુદ્ધ કરવા માટે ઈન્દ્રની સહાય કરવા ગયો. તેણે દુર્જયનો વધ કર્યો અને તે પણ લડતાં લડતાં વીરગતિ પામ્યો. કુમુદવતી સતી થઈ. કુશના મૃત્યુ બાદ અતિથિ ગાદી પર આવ્યો. તેણે અયોધ્યાની સમૃદ્ધિ અને ભવ્યતામાં વધારો કર્યો.*

**સર્ગ -18 વંશાનુક્રમ :**

*અતિથિએ નિષધ દેશના રાજા અર્થપતિની પુત્રી સાથે લગ્ન કર્યા. તેણે નિષધ નામના પુત્રને જન્મ આપ્યો. અતિથિએ નિષધ યુવાન થયો ત્યારે તેને રાજ્ય સોંપી દીધું. અતિથિ યજ્ઞ, ત્યાગ, દાનપુણ્ય કરતાં કરતાં સ્વર્ગે ગયો. નિષધ પછી ઓગણીસ રાજાઓ થયા. છેલ્લા રાજા ધ્રુવસિંહને સિંહે મારી નાંખ્યો. ધ્રુવસિંહ પછી તેના છ વર્ષના પુત્ર સુદર્શનને ગાદીએ બેસાડવામાં આવ્યો. સુદર્શન યુવાન થતાં પ્રધાનોએ તેનાં લગ્ન કરાવ્યા.*

**સર્ગ -19 અગ્નિવર્ણશૃંગાર :**

*સુદર્શને શત્રુઓનો સંહાર કર્યો અને રાજ્યને સુરક્ષિત બનાવ્યું. તે વૃદ્ધ થયો ત્યારે તેણે પુત્ર અગ્નિવર્ણને ગાદી સોંપી દીધી અને નૈમિષારણ્યમાં ચાલ્યો ગયો. અગ્નિવર્ણ વિલાસી અને ભોગવિલાસમાં મોજ માણનારો રાજા હતો. પ્રજાજનો તેના દર્શન કરવા ઈચ્છે ત્યારે તે અંતઃપુરની બારીમાંથી એક પગ કાઢીને બતાવી દેતો હતો. આમ છતાં તે ઉત્તમ કલાકાર હતો. નર્તકીઓ નૃત્ય કરતી ત્યારે તે મૃદંગ વગાડતો. નૃત્યમાં નાની ક્ષતિ હોય તો પણ તે જાણી લેતો. તે સુરા અને સુંદરીઓના અતિશય સેવનથી દુર્બળ અને રોગી બન્યો. તે અકાળે અવસાન પામ્યો ત્યારે મંત્રીઓએ તેની સગર્ભા રાણીને ગાદી પર બેસાડી. આ રીતે મહાન સૂર્યવંશ એવા રઘુવંશનો અંત આવ્યો. કાલિદાસે રઘુવંશના ભવ્ય ઈતિહાસ, તેનો ગૌરવવંત ઉદય અને છેવટે ભોગ અને વિલાસી રાજા દ્વારા તેના અંતનું સૂચન કરીને મહાકાવ્યનું સમાધાન કર્યું છે.*

### 5.2.1 'રઘુવંશ'નું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકનઃ

*સર્ગબદ્ધતા :- રઘુવંશ 19 સર્ગનું મહાકાવ્ય છે. કવિએ સર્ગોના નામ આપ્યાં છે. સર્ગો એક જ છંદમાં હોવા જોઈએ. સર્ગાન્તે છંદપરિવર્તન આવવું જોઈએ. કેટલાંક વિદ્વાનો માને છે કે 'રઘુવંશ' અપૂર્ણ મહાકાવ્ય છે. કાલિદાસે 'રઘુવંશ'ના બાકીના રાજાઓનું વર્ણન કર્યું નથી. શક્ય છે કે કાલિદાસના અકાળ મૃત્યુથી મહાકાવ્ય અધૂરું રહી ગયું હોય.*

*છંદઃ સામાન્ય રીતે મહાકાવ્યના સર્ગમાં એક જ છંદનો પ્રયોગ થતો હોય છે. સર્ગને અંતે છંદ બદલાય છે. કાલિદાસે આ નિયમનું ઉલ્લંઘન કર્યું છે. તેમણે 'રઘુવંશ'માં એક સર્ગમાં વિવિધ છંદો પ્રયોજ્યા છે, 8-9-11-12-13-19વગેરે સર્ગો તેના ઉદાહરણો છે.*

### રઘુવંશનો મુખ્ય પુરુષાર્થ અને કાલિદાસનો જીવનસંદેશઃ-

*મહાકાવ્યમાં કોઈપણ એક પુરુષાર્થ મુખ્ય અને અન્ય પુરુષાર્થો ગૌણ હોય છે. ગુજરાતી કવિ પ્રજારામ રાવળ કહે છે કે સમગ્ર 'રઘુવંશ'માં 'ધર્મ' પુરુષાર્થ મુખ્ય છે. 'રઘુવંશ'નાં રાજાઓ ધર્મને મુખ્ય ગણતા હતા. ભગવાન રામે ધર્મની સ્થાપના કરવા માટે અને અધર્મનો નાશ કરવા માટે રઘુવંશમાં જ અવતાર ધારણ કર્યો. ધર્મની રક્ષા કરવા માટે પોતાનો જીવ આપીને નંદિની ગાયને બચાવવા માટે તૈયાર થયેલો દિલીપ રાજા ધર્મ પુરુષાર્થનું સૌથી ઉત્તમ ઉદાહરણ છે. દાન - દયા - સત્ય - સર્વપ્રાણીઓની રક્ષા -પોતાના કુળધર્મની રક્ષા, શરણે આવેલાઓનું રક્ષણ કરવું, પ્રતિજ્ઞાપાલન વગેરે ધર્મના અંશો છે. રઘુ રાજા અશ્વમેઘ યજ્ઞના અશ્વનું રક્ષણ કરવા માટે ઈન્દ્ર સાથે યુદ્ધ કરે છે, નિર્ધન હોવા છતાં કુબેર પર ચડાઈ કરીને કૌત્સને સોનામહોરો આપવા તેને રોકી રાખે છે તેમાં તેનો 'દાન' ધર્મ છે. દશરથ અને રામ પ્રતિજ્ઞાપાલન કરીને, આપેલું વચન પાળીને સત્યની પ્રતિષ્ઠા કરે છે. આ રીતે સમગ્ર મહાકાવ્યમાં ધર્મની કીર્તિમય ધજા ફરકે છે. ધીમે ધીમે 'ધર્મ' પુરુષાર્થમાંથી રઘુવંશ ચ્યુત થવા માંડે છે અને અગ્નિવર્ણ રાજા કામના અતિશય સેવનથી મૃત્યુ પામે છે.*

### રઘુવંશના નાયકો :

*કાલિદાસે મહાકાવ્યના લક્ષણમાં ફેરફાર કરીને કોઈ એક રાજાને બદલે સમગ્ર રઘુવંશને નાયક તરીકે રાખે છે. વિશ્વનાથે આ કારણે જ મહાકાવ્યની વ્યાખ્યામાં ફેરફાર કરીને એક જ વંશના ઘણાં રાજાઓ નાયકો હોઈ શકે એવો સુધારો કર્યો છે. રઘુવંશના મોટા ભાગના રાજાઓ ધીરોદત્ત અને ધીરલલિત નાયકોના ગુણ ધરાવે છે. કાલિદાસે રઘુવંશના રાજાઓનું પ્રથમ સર્ગમાં ચિત્રણ કર્યું છે તે મુજબ આ રાજાઓ વિધિપૂર્વક હોમ કરનારા, અતિથિસત્કાર કરનારા, જન્મથી શુદ્ધ, ફળ પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ, સ્વર્ગ સુધી જેમની કીર્તિ વિસ્તરેલી છે તેવા, દાન કરવા માટે ધન એકત્ર કરનારા, ચારેય આશ્રમોનું પાલન કરનારા, યશની કામનાવાળા, માત્ર સંતાન માટે જ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનારા ભવ્ય રાજાઓ છે.દિલીપ, રઘુ, અજ અને રામના ચરિત્રોમાં નાયકોની ભવ્યતાનો ખ્યાલ આવે છે.*

### વર્ણન વૈવિધ્ય :

*મહાકાવ્યમાં નગર, સમુદ્ર વગેરેનાં વર્ણનો હોવા જોઈએ. રઘુવંશના વર્ણનોનો વિચાર કરીએ તો દિલીપ રાજાનું વર્ણન* (1 -12 *થી* 26), *દિલીપ અને સુદક્ષિણાની યાત્રાનું વર્ણન* (36 - 46), *વસિષ્ઠના આશ્રમનું વર્ણન* (48 - 54), *દિલીપ રાજાનું નંદિની ગાય સાથેનું વનમાં ભ્રમણ અને પ્રકૃતિ દ્વારા દિલીપનો સત્કાર* (8 - 20), *ગર્ભવતી સુદક્ષિણાનું વર્ણન* (1 - 11), *રઘુના જન્મનું વર્ણન* (3 - 12*થી* 28),*રઘુના બાળપણ અને યુવાવસ્થાનું વર્ણન* (23 - 35),*રઘુના રાજ્યાભિષેકનું વર્ણન* (4 -1*થી* 11),*શરદઋતુનું વર્ણન* (4 -21 *થી* 32), *રઘુના દિગ્વિજયનું વર્ણન* (4 -35 *થી* 88), *ઈન્દુમતી સ્વયંવર (સર્ગ* - 6), *અજનું દુશ્મન રાજાઓ સાથેનું યુદ્ધ (સર્ગ* - 7), *ઈન્દુમતીના મૃત્યુથી અજનો વિલાપ (સર્ગ* - 8), *વસંતવર્ણન (સર્ગ* 9 - 27 *થી* 45), *દશરથને મૃગયા અને શ્રવણનું મૃત્યુ (સર્ગ* 9 – 63 *થી* 82), *સીતાવિલાપ અને સીતા પરિત્યાગ (સર્ગ* - 14), *પુષ્પક વિમાન દ્વારા યાત્રામાં સમગ્ર ભારતનું વર્ણન (સર્ગ* - 13), *કુશનો જલવિહાર (સર્ગ* - 16), *અગ્નિવર્ણનો શૃંગાર અને ભોગવિલાસ (સર્ગ* - 19).*કાલિદાસના વર્ણનો અલંકાર અને રસયુક્ત, આબેહૂબ ચિત્ર ખડું કરનારા હોય છે.*

### રઘુવંશની આધારસામગ્રી :-

*મહાકાવ્યના નિયમ પ્રમાણે મહાકાવ્યનું કથાનક ઈતિહાસ પર આધારિત હોવું જોઈએ અને સજ્જનોનું ચરિત્ર તેમાં નિરૂપિત થતું હોવું જોઈએ. કાલિદાસે રઘુવંશની શરૂઆતમાં સ્પષ્ટતા કરી છે કે તેમણે પૂર્વે થયેલા વિદ્વાનોની કૃતિઓનો અભ્યાસ કર્યો છે.*

**अथवा कृतवाग्द्वारे वंशेऽस्मिन्पूर्वसूरिभिः ।**

**मणौ वज्रसमुत्कीर्णे सूत्रस्यवास्ति मे गतिः ॥**

*અર્થાત્*

*જેમ વજ્રથી વિંધાયેલ મણિમાં દોરો સહેલાઈથી પ્રવેશી શકે તેમ મારી પૂર્વે થયેલા કવિઓએ વાણી રૂપી દ્વાર બનાવ્યું છે. આથી મારે માટે પણ સૂર્યવંશનું વર્ણન સરળ બન્યું છે. કેટલાક વિદ્વાનો માને છે કે પૂર્વસૂરિભિઃ શબ્દ દ્વારા કાલિદાસે વાલ્મીકિનો ઉલ્લેખ કર્યો છે. મલ્લિનાથ નામના ટીકાકાર નોંધે છે કે,*

**पूर्वैः सूरिभिः वाल्मीकादिभिः कृतवाग्द्वारश्कृतं शमायणादिप्रबन्धरूपा वा वाक् सैव द्वारं प्रवेशो यस्य तस्मिन् ।**

*મલ્લિનાથ આ રીતે સ્પષ્ટ કરે છે કે, કાલિદાસે વાલ્મીકિનું રામાયણ નજર સમક્ષ રાખીને ગ્રંથની રચના કરી છે.*

*શ્રી વા. વી. મિરાશીના મતે કાલિદાસે રઘુવંશના નવથી પંદરમા સર્ગ સુધી રામાયણનો આધાર લીધો છે. એ સિવાયના સર્ગોમાં તેમણે અન્ય ગ્રંથોનો આધાર લીધો હશે.*

**રઘુવંશ અને રામાયણ :**

*વાલ્મીકિ કાલિદાસના પ્રેરણાદાતા છે. રઘુવંશમાં કાલિદાસ વાલ્મીકિ તરફ પોતાનું ધ્યાન સૂચવતાં લખે છે કે -*

**वृत्तं रामस्य वाल्मीकेः कृतिस्तौ किंनरस्वनौ।**

**किं तद्येन मनो हर्तुमलं स्यातां न शृण्वताम्॥ ( १५-६४ )**

*વાલ્મીકિના રામાયણનું ગાન લવ અને કુશે કિન્નર જેવા મધુર કંઠે કર્યું તે સાંભળનારના મનને હરી લે તેવું હતું. આર. કૃષ્ણામાચારીયર માને છે કે, કાલિદાસે રઘુવંશના શીર્ષકની પ્રેરણા પણ વાલ્મીકિ પાસે મેળવી છે. રામાયણમાં રઘુવંશ શબ્દ બે વાર આવે છે.*

**रघुवंशस्य चरितं चकार भगवान्मुनिः( ९-३-९ ) अहं च रघुवंशश्च लक्ष्मणश्च महाबलः( ६-१-११ )**

*અહીં કેટલાક મુદ્દાઓ નોંધપાત્ર છે.*

(1)*કાલિદાસે* 9*થી* 15 *સર્ગ સુધી કરેલા વર્ણન પર રામાયણનો પ્રભાવ છે.*

(2)*રઘુવંશનો તેરમો સર્ગ રામાયણના યુદ્ધકાંડના એકસો ત્રેવીસમા સર્ગ પર આધારિત છે.*

(3)*રઘુવંશનો ચૌદમો અને પંદરમો સર્ગ પણ રામાયણકાળથી પ્રભાવિત છે.*

**કાલિદાસ વાલ્મીકિથી અનેક બાબતોમાં જુદા પણ પડે છે.**

(1)*વાલ્મીકિએ રામને કેન્દ્રમાં રાખીને રામના જન્મથી વૈકુંઠગમન સુધીની ઘટનાઓ વર્ણવી છે. કાલિદાસે સમગ્ર રઘુવંશને વર્ણવ્યો છે.* (2)*રામાયણ બાલકાંડના સિત્તેરમા અધ્યાયમાં (શ્લોક.* 38 *થી* 53)*રઘુને કકુસ્થનો પુત્ર મનાયો છે. કાલિદાસ રઘુના પિતા તરીકે દિલીપને વર્ણવે છે.* (3)*રામાયણમાં રઘુ અને અજ વચ્ચે તેર રાજાઓ થઈ ગયા છે તેવું બતાવાયું છે. રઘુવંશમાં અજને રઘુનો પુત્ર બતાવાયો છે.*

(4)*રામાયણમાં તાપસકુમારને દશરથનું તીર વાગે છે તે સાથે તે દશરથ મૃત તાપસકુમારને માતા-પિતા પાસે લઈ આવે છે. રઘુવંશમાં મૃત્યુ પામ છે. કાલિદાસે શ્રવણના માતા-પિતા સમક્ષ શ્રવણને મરતો બતાવ્યો છે. આથી વધારે કરુણતા ઊભી થાય છે.*

(5)*રામાયણમાં રાવણથી ત્રાસેલા દેવો સૌ પ્રથમ બ્રહ્મા પાસે જાય છે અને તે પછી વિષ્ણુ પાસે જાય છે. કાલિદાસે રઘુવંશમાં દેવોને સીધા જ વિષ્ણુ પાસે જતા બતાવ્યા છે.*

*(6)રામાયણમાં અનેક ઘટનાઓનો વિસ્તાર થયો છે. કાલિદાસે કૈકેયીના વરદાનની ઘટના, રામના વનવાસના પ્રસંગો વગેરે સંક્ષેપમાં રજુ કર્યા છે.*

*સીતાની અગ્નિપરીક્ષાનો ઉલ્લેખ કાલિદાસે* जातवेदो विशुद्धाम् *એટલે કે અગ્નિથી શુદ્ધ થયેલા એમ કહીને કરી દીધો છે. (7)કાલિદાસે ઈન્દ્રના પુત્ર જયંતનો કાગડાના રૂપમાં પંચવટીમાં પ્રવેશ અલગ રીતે બતાવ્યો છે. રામાયણમાં આ પ્રસંગ પણ વિસ્તારથી રજૂ થયો છે. આથી લાગે છે કે કાલિદાસે અન્ય ગ્રંથોનો સહારો લીધો હશે.*

**રઘુવંશનું શીર્ષક :**

*શેક્સપિયરે ભલે એમ કહ્યું હોય કે* "What is in a name *?' પણ શીર્ષક કે કૃતિનું નામ વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. કૃતિનું શીર્ષક આકર્ષક, નાનું, નવીન અનઅસંદિગ્ધ હોવું જોઈએ. આપણે રઘુવંશના શીર્ષકનો વિચાર કરીએ.*

*(1)કાલિદાસે રઘુવંશમાં રઘુકુળના રાજાઓનું વર્ણન કર્યું છે. આ વર્ણનમાં 29રાજાઓનું ચરિત્ર છે. રઘુવંશની શરૂઆત દિલીપથી થતી હોવા છતાં દિલીપનો પુત્ર રઘુ દાનવીર, દિગ્વિજયી આદર્શ રાજા હતો.*

*તુલસીદાસે સાચું કહ્યું છે કે -*

*" રઘુકુળ રીતિ સદા ચલી આઈ*

*પ્રાણ જાય પર બચન ન જાઈ."*

*રામ માટે પણ 'રઘુપતિ રાઘવ રાજારામ','રઘુકુળતિલક' જેવા શબ્દો પ્રયોજાયા છે. આમ, કવિ કાલિદાસે રઘુના વંશનો મહિમા ગાયો છે. તેથી આ મહાકાવ્યને 'રઘુવંશ' નામ અપાયું છે.*

*વ્યાકરણની રીતે જોવા જઈએ, આ શીર્ષક બે રીતે સમજી શકાય.*

*(1)રઘુવંશ: (2)રઘુવંશમ્*

*(1)રઘુવંશ – શ્રીકાલે નામના વિદ્વાનના મતે 'રઘુવંશ' પ્રબંધ કાવ્ય છે. તેથી પ્રબંધને વિશેષ્ય રૂપે લઈએ તો 'રઘુવંશ' એનું વિશેષણ થાય. વિશેષણને વિશેષ્યના લિંગ અને વચન લાગે તેથી 'રઘુવંશ' ઉચિત છે. મલ્લિનાથ પણ* रघुवंश आख्यं प्रबन्धः*એવો શબ્દ પ્રયોજે છે.*

*(2)રઘુવંશમ્ (અ) સામાન્ય રીતે નાટકોના નામો જેમ મહાકાવ્યોનાં નામ પણ નપુંસકલિંગમાં આવે છે. જેમ કે* कुमारसम्भवम् , नैषधीयचरितम् *વગેરે (આ) 'રઘુવંશમ્ શબ્દની વ્યુત્પત્તિ આ રીત થશે -*

**रघोः वंश इति रघुवंशः रघुवंशम् अधिकृत्य कृतं काव्यं इति रघुवंशम् । ( इ ) रघोः वंशः तत्प्रतिपादकं काव्यम्**

*એવો અર્થ પણ અહીં સ્વીકારી શકાય તેમ છે. (ઈ)અહીં 'રઘુવંશ' એટલે રઘુવંશ અને તેને લગતું કાવ્ય 'રઘુવંશમ એમ ઉપચાર તરીકે પણ કાવ્ય શબ્દ નપું.માં વપરાઈ શકે.*

*આ કાવ્યમાં દિલીપરાજાનું વર્ણનવર્ણનવિસ્તારથી વર્ણવાયું છે. પણ તે તો રઘુવંશના પ્રવર્તક તરીકે છે. તેવી જ રીતે અજનું વર્ણન પુત્ર તરીકે છે. ટૂંકમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રઘુ જ બધા રાજાઓ સાથે સંકળાયેલ છે. કાલિદાસે પણ* रघूणामन्वयं वक्ष्ये *એમ કહ્યું છે. કવિએ રામને પણ 'રઘુવંશપ્રદીપ'* ( 14 - 18)*કહેલ છે. આ રીતે 'રઘુવંશ' શીર્ષક સર્વથા ઉચિત છે.*

### 5.2.2 ' રઘુવંશ'માં પ્રકૃતિનિરૂપણ :

*પૃથ્વી ઉપર ભાગ્યે જ કોઈ એવો મનુષ્ય હશે કે જેણે કાલિદાસ જેવું સૂક્ષ્મ અને ચોક્સાઈભર્યું પ્રકૃતિનિરીક્ષણ કર્યું હોય, જો કે તે ચોકસાઈ વૈજ્ઞાનિકની નહિ પણ કવિની હતી. કાલિદાસની કવિતા પૂરેપૂરી માણવા માટે કંઈ નહિ તો માત્ર થોડાંક અઠવાડિયાં તો મનુષ્યે માનવમહેરામણથી દૂરનાં જંગલોમાં અને પર્વતોમાં વિતાવવા જ જોઈએ. વૃક્ષો અને પુષ્પો જીવંત છે એવી ત્યાં પ્રતીતિ થાય છે. કાલિદાસનું પ્રકૃતિજ્ઞાન માત્ર સહાનુભૂતિયુક્ત છે એટલું જ નહિ, તેમાં ખાસ ચોકસાઈ પણ છે.*
"Kalidasa is essentially a poa of nature." - Kunhan Raja.

*પ્રકૃતિ વર્ણનમાં સૂક્ષ્મતા : કાલિદાસના પ્રકૃતિ નિરૂપણમાં એક મહત્ત્વનો ગુણ છે. એ ગુણ છે તે જેવું વર્ણન કરે છે તેની સૂક્ષ્મ વિગતોનો અભ્યાસ. રઘુવંશના દ્વિતીય સર્ગમાં જયારે દિલીપ રાજા નંદિની ગાયની સેવા કરવાનું શરૂ કરે છે ત્યારે ગાયને ઘાસ ખવડાવવું, ગાયને પંપાળવી, ગાય પર બેઠેલી માંખી ઉડાડવી, તે ચરે ત્યારે એને ચરવા દેવી વગેરે વિગતો કાલિદાસની નજર બહાર જતી નથી.*

"*લીલોતરીના દઈ કોળિયા મીઠા, ખંજોળીને, ડાંસ ઉડાડી દૈને,*

*ટોક્યા વિના કૈ, ભમવા દઈને સમ્રાટ સેવે બહુ કાળજીથી". (રઘુ.* 2-5) (*અનુ. પ્રજારામ રાવળ)*

*હરિણીઓનું વર્ણન* 2-11*માં જુઓ -* विलोकयन्त्यो वपुशापुश्क्ष्णां प्रकामविस्तारफलं हरिण्यः ।

*વાંસમાંથી વહેતો મીઠો પવન વાંસળીનો મીઠો મધુર અવાજ કરે છે –*

**स कीचकैर्मारुतपूर्णरन्ध्रः कूजद्भिशपादितवंशकृत्यम्। ( २-१२ )**

*પંચેન્દ્રિયતૃપ્તિ થાય એવાં વર્ણનો : કાલિદાસનાં વર્ણનોમાં એક અન્ય લાક્ષણિકતા છે કે એની કવિતામાં પંચેન્દ્રિયની તૃપ્તિ આપમેળે થાય છે. પ્રકૃતિ આંખ, કાન, નાક, જીભ અને ત્વચાને તૃપ્તિકાર નીવડે છે. ખાસ કરીને કાલિદાસની રંગદ્રષ્ટિ કલ્પનાસભર છે. તેમાં કલ્પનો (ઈમેજીઝ) પણ ભળી જઈને પ્રગટ થાય છે. રઘુ.* 2-15*માં પલ્લવરાગતામ્રાસન્ધ્યા અને સૂર્યની રતુંબડી પ્રભાનું મનોહર વર્ણન છે.*

प्रचक्रमे पल्लवशगताम्रा प्रभा पतङ्गस्य मुनेश्च धेनुः । (*રતુંબડી કૂંપળ શી મુનિની, ધેનુ અને તામ્ર પ્રભાય સૂર્યની - પ્ર. રા.) નાકને તૃપ્તિ થાય એવો એક અનુભવ આ રહ્યો :*

युक्तस्तुषारैर्गिरिनिर्झराणामनोकहाकम्पितपुष्पगन्धी । (२-१३)

*અહીં પવન સાથે આવતી ઝરણાની ઝીણીઝીણી સિકર-શીતળતા અને પુષ્પોની*

*ગંધનો અનુભવ એકસાથે થાય છે. સાંજના વર્ણનમાં કાલિદાસે હૃદયંગમ ચિત્ર પ્રસ્તુત કર્યું છે.*

*ખાબોચિયાથી ઊઠતા વરાહે*

*રહેવાસ-વૃક્ષે મળતા મયૂરે;*

*લીલતરી માંહિ ઢળ્યા મૃગોએ*

*વનો થતાં શ્યામલ ન્યાળતો જતો. (રઘુ.* 2-17)

*વિવિધ રંગી પીંછાવાળા ઊડતા મોર, ખાબોચિયાના ગંદા પાણીમાંથી ઊઠતા કાબર ચિતરા ભૂંડો, લીલોતરીમાં ઢળેલા મૃગો, શ્યામ વનો-કેવી સરસ રંગસૃષ્ટિ છે !*

**ययौ मृगाध्यासितशाद्वलानि**

**श्यामायमानानि वनानि पश्यन् ।**

*પંક્તિઓમાં જાણે અનુપ્રાસ અલંકારને લીધે ગાયની મીઠી મીઠી ઘંટડીઓનો અવાજ પણ સંભળાય છે. શ્રી ઉમાશંકર જોષીએ "કવિતા કાનથી વાંચો" એમ આ કારણે જ કહ્યું હશે ને?*

*ગંગાના ધોધ નજીક ઊગેલું ઘાસ, હિમાલયની ખીણો, લીલાં, કાળાશ પડતાં વનો, રતુંબડાં સૂર્ય કિરણો, ચરતા મૃગો, મંત્રથી નિર્વીર્ય થઈ જતા સર્પો કાલિદાસની સૂક્ષ્મદષ્ટિ દર્શાવે છે. હાથીઓની વૃક્ષોને લમણા ઘસવાની ટેવ,* (2-37)*સાંજ પડતાં ગાય પોતાના વાછરડાંને મળવા ઉતાવળી થાય એ ટેવ,-* दिनावसानोत्सुकबालवत्सा विसृज्यतां धेनुरियं महर्षेः ।*ગુફામાં પડતો શબ્દનો પ્રતિધ્વનિ,* (*રઘુ.* 2-45), *લોધ્રની પાંડુવરણી શોભા આ બધું કાલિદાસની આંખમાં વસે છે, કલમમાં પ્રગટે છે ને શબ્દના કેમેરામાં સજીવ ચિત્ર બની અમરત્વ પામે છે.*

*પ્રકૃતિની સંવેદનશીલતા : કાલિદાસે એક વિશેષ હકીકત પ્રકૃતિ વર્ણનોમાં આપી છે. એ છે પ્રકૃતિની માનવ પ્રત્યેની સંવદેનશીલ સહાનુભૂતિ. કાલિદાસની દૃષ્ટિમાં પ્રકૃતિ જડ કે ઝાડ, પાન, ફૂલ વગેરે જ નથી, પ્રકૃતિ અવાચક અને સ્થૂળ વસ્તુ નથી પ્રકૃતિમાં સહાનુભૂતિ ભરી ચેતના વહી રહી છે. કાલિદાસે માનવસૃષ્ટિના મનોભાવોનો પડઘો પ્રકૃતિમાં પણ પડતો દર્શાવ્યો છે. જગદીશચંદ્ર બોઝે સાબિત કર્યું એ પહેલાં કાલિદાસે કાવ્યની પ્રયોગશાળામાં પ્રકૃતિનો હૃદય ધબકાર સાંભળી લીધો હતો. દિલીપ રાજાને સમ્રાટ તરીકે પ્રકૃતિ તેનું આગમન વનમાં થતાં જ ઓળખી ગઈ, તેથી પ્રકૃતિએ તેનો રાજોચિત સત્કાર કર્યો –*

(1)*પક્ષીઓનું કૂજન જાણે રાજાનો જયજયકાર કરતું હતું.*

(2)*નગરમાં જે પૌર-કન્યાઓ લાજાંજલિથી રાજાનું સ્વાગત કરે એમ વનમાં પવનથી પ્રેરાયેલી લતાઓ પુષ્પવૃષ્ટિ કરીને રાજાને સત્કારતી હતી.*

(3)હરણીઓ રાજાનાં દર્શન કરીને પોતાનાં વિશાળ નેત્રોને સફળ બનાવતી હતી.

(4)વાંસના વનમાંથી પસાર થતો પવન મધુર વાંસળી વગાડતો હતો. જ્યારે સીતાનો ત્યાગ કરીને લક્ષ્મણ જતો રહે છે ત્યારે વિલાપ કરતી સીતા સાથે પ્રકૃતિ પણ દુઃખી થાય છે.

नृत्यं मयूराः कुसुमानि वृक्षा दर्भानुपातान्विजहुर्हरिण्यः । तस्याः प्रपन्ने समदुःखभावमत्यन्तमासीद् रुदितं वनेऽपि ॥(रघु. १४-६९) (મોરલાએ નૃત્ય છોડી દીધું, વૃક્ષોનાં પુષ્પો ખરવા માંડ્યાં, હરણીઓના મુખમાંથી દર્ભના કોળિયા પડી ગયા. સીતાનું સમદુઃખિયું બનીને વનમાં પણ પ્રકૃતિ રડતી હતી.) (રઘુ.14-69 )

પુષ્પકવિમાનમાં બેઠેલા રામ સીતાને કહે છે કે, હે ચંડિ ! તમે વિમાનની બહાર હાથ બહાર કાઢીને વાદળને અડીને જળનો સ્પર્શ કરો છો ત્યારે તમારા હાથની આજુબાજુએ વીજળીથી જાણે વાદળ તમને ચૂડી પહેરાવતું હોય એમ લાગે છે. (રઘુ. 13-21)સૃષ્ટિના આરંભે જ્યારે વરાહે પૃથ્વીને સમુદ્રમાંથી બહાર કાઢી ત્યારે પૃથ્વીએ જાણે વાદળનો ઘૂમટો ઓઢ્યો હોય તેવું લાગતું હતું. (રઘુ. 13-8)

પ્રકૃતિનો અલંકારનિરૂપણમાં ઉપયોગ : કાલિદાસે વિવિધ અલંકારોના ઉપમાનમાં પણ પ્રકૃતિનો વૈવિધ્યપૂર્ણ પ્રયોગ કર્યો છે. અહીં એક વાત નોંધવી જરૂરી છે કે રઘુવંશમાં કાલિદાસે અલંકારોમાં પ્રકૃતિને પ્રયોજતી વખતે સુંદર કલ્પનો આપ્યા છે. જેમકે સિંહનું આ વર્ણન જુઓ –

**अथान्धकारं गिरिगह्वराणां दंष्ट्रामयूखैः शकलानि कुर्वन् । भूयः स भूतेश्वरपार्श्ववर्ती । किंचिद्विहस्यार्थपतिं बभाषे ॥**

દાઢો તણાં ત્યાં કિરણે, ગુફાના અંધાર કેરા કકડા કરંતો એ પાસવાન પ્રભુનો, ફરીથી જરી હસીને નૃપને કહેતો(અનુ. પ્રજારામ રાવળ)

અહીં કાલિદાસે સરસ ઈમેજ આપી છે. એવી જ રીતે અલંકાર દ્વારા પણ પ્રકૃતિનો ઉચિત ઉપયોગ કાલિદાસની વિશેષતા છે. કાલિદાસે હિન્દુસ્તાનની પ્રકૃતિને તેની કૃતિઓમાં અમર બનાવી દીધી છે. ઘણા વિવેચકો વર્ડ્ઝવર્થ સાથે કાલિદાસને સરખાવે છે, પણ અમારા મતે કાલિદાસને વર્ડ્ઝવર્થ સાથે સરખાવવા કરતાં વર્ડ્ઝવર્થને કાલિદાસ સાથે સરખાવવો જોઈએ, કેમકે પ્રકૃતિ વર્ણન સંબંધે કાલિદાસ ઉપમાન બની શકે એમ છે, એ વધુ ચડિયાતા છે માટે. શ્રી રાઈડર કહે છે - "No doubt it is easier for a Hindu with his almost instinctive belief reincarnation to feel that, life from plant to God is truely one, y[a] none even among Hindus, has expressed this feeling with convicing beauty as has Kalidasa." પુનર્જન્મમાં માનતા હિન્દુ માટે એક વનસ્પતિના છોડથી પરમાત્મા સુધીનું જીવન એક જ છે એમ માનવું સહેલું છે, છતાં હિન્દુઓમાં કાલિદાસ જેટલી સુંદરતાથી આ ભાવ કોઈ વ્યક્ત કરી શક્યું નથી."

#### 5.2.3 રઘુવંશની અલંકાર સમૃધ્ધિ

*મહાકવિ કાલિદાસ એટલે ઉત્તમોત્તમ શૈલીનું ગૌરી શિખર. કાલિદાસની વૈદર્ભી શૈલીમાં રસનું ઝરણું અસ્ખલિત રીતે વહે છે. કાલિદાસે સ્વાભાવિકતા, સહજતા, રમણીયતાને આંચ ન આવે એ રીતે અલંકારો પ્રયોજ્યા છે. તેમને અલંકારોનો શોખ પણ છે, કાલિદાસની અલંકાર સમૃદ્ધિની એક લાક્ષણિકતા છે કે એમાં ક્યાંય અર્થનો બાધ થતો નથી, રસક્ષતિ થતી નથી, અલંકારો શોખ બનતા નથી. પાછળથી કાવ્યની ઘોર ખોદનારા, વ્યાકરણની કઠપૂતળીઓ બનીને લખનારા, પંડિત-'કવિ' પદવાંચ્છુઓ કાલિદાસની આ લાક્ષણિકતાને પામી શક્યા નથી.*

उपमा कालिदासस्य - *કાલિદાસે ઉપમા, રૂપક, દીપક, તુલ્યયોગિતા, અપ્રસ્તુતપ્રશંસા, માલોપમા, અનુપ્રાસ, શ્લેષ, યમક, નિદર્શના, અર્થાન્તરન્યાસ, દૃષ્ટાન્ત, સમાસોક્તિ જેવા અલંકારો કાવ્ય-નાટક બંને ક્ષેત્રોમાં પ્રયોજ્યા છે, પણ કાલિદાસની ઉપમાઓએ તેની અજોડતા સિદ્ધ કરી છે. આથી ઉપમા કાલિદાસસ્ય ઉક્તિ રૂઢ થઈ ગઈ છે.*

*કાલિદાસની ઉપમાઓની લાક્ષણિકતા –*

(1)*ટૂંકી અને સંપૂર્ણ વિગતોથી યુંક્ત*

(2) *ઉપમેય તથા ઉપમાનના સર્વ અંગો પ્રત્યે ધ્યાન*

(3) *સંપૂર્ણ ચિત્ર રચવાનો પ્રયત્ન*

(4) *વર્ણ્યવિષયને બારીકાઈથી નીરખવાની આદત*

(5) *ઉપમાનની પસંદગીમાં વિવિધ ક્ષેત્રોનો ઉપયોગ કર્યો છે. પ્રકૃતિ, માનવી, પૃથ્વી, વાસ્તવિક, અવાસ્તવિક, સ્વર્ગ, ભાષા, વ્યાકરણ, શ્રુતિ, કલા, સાહિત્ય, શાસ્ત્રો, ભૂગોળ, ખગોળ, જ્યોતિષ, આયુર્વેદ, ઉપનિષદો વગેરેનો કાલિદાસે કલાત્મક રીતે ઉપયોગ કરીને અલંકારોની રચના કરી છે. કાલિદાસની ઉપમાઓ સર્વશ્રેષ્ઠ છે. આ ઉપરાંત ઉત્પ્રેક્ષા, રૂપક, દીપક, વર્ણાનુપ્રાસ, અર્થાન્તરન્યાસ, પ્રતિવસ્તૂપમા, નિદર્શના, દૃષ્ટાન્ત, અનુમાન, વિભાવના, વિશેષોક્તિ, વિરોધ, અસંગતિ વગેરે અસંખ્ય અલંકારો કાલિદાસ કલાત્મક રીતે પ્રયોજે છે.*

**निदर्शनाः**

**क्वसूर्यप्रभवो वंशः क्वचाल्पविषया मतिः । तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥**

(*રઘુવંશ.* 1-2)

(*સૂર્યથી ઉત્પન્ન થયેલો વંશ ક્યાં ? ક્યાં મારી અલ્પ વિષયો જાણનારી મતિ ? હું તો મોહ ને લીધે નાનકડા હોડકાથી સમુદ્ર તરવાની ઈચ્છા રાખું છું.) અલંકારોના થોડાંક ઉદાહરણો આ રહ્યાં -*

(1)*સમુદ્રમાંથી ચંદ્ર પ્રગટ થાય તેમ દિલીપ ઈક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયો.* (1-12)

(2)*દિલીપ અને સુદક્ષિણા ચિત્રા નક્ષત્ર અને ચંદ્ર જેવા લાગતાં હતાં.*(1 46)

*(3)સિંહ પર પ્રહાર ન કરી શકતો દિલીપ મન્ત્રોષધિથી રૂંધાયેલ શક્તિવાળા નાગ જેવો પોતાના તેજથી બળવા માંડ્યો.* (2-32)

*(4)રતુમડી ગાય પર રહેલો સિંહ ધાતુમય પર્વતની ભૂમિ પર ખીલેલા લોધ વૃક્ષ જેવો લાગતો હતો.* (2-29)

*(5)ગર્ભવતી સુદક્ષિણા રાણી વહેલી સવારના પહોરમાં થોડાક તારાઓવાળી રાત્રી જેવી લાગતી હતી.* (3-2)

*(6)રઘુએ શત્રુની બાણ વર્ષાથી સ્નાન કરીને વિજય મેળવ્યો.* (4-41)

*(7)હરિચંદનના લેપવાળો પાંડ્ય દેશનો રાજા ખભા પર લાંબા લટકતા હાર*

*સાથે શરીર પર અંગરાગ કરીને આવ્યો હતો. તે ઝરણાં નીકળતા પર્વતરાજ જેવો લાગતો હતો. જાણે પર્વત પર સવારના સૂર્યના કિરણો પડતાં હોય ત્યારે પર્વતની જેવી તેની શોભા હતી. (8)સીતાની નિંદા સાંભળીને રામનું હૈયું જેમ તપાવેલા લોખંડ 52 ઘણના ઘા પડે એમ દ્રવિત થઈ ગયું.* (14-33)

*દૃષ્ટાન્તનું ઉદાહરણ :*

**कामं नृपाः सन्तु सहस्रशोऽन्य**

**शजन्वतीमाहुरनेन भूमिम् । .**

**नक्षत्रताशग्रहसङ्कुलापि ज्योतिष्मती चन्द्रम सैवशत्रिः ॥ (રઘુ. 6-22)**

*(સુનંદા ઈન્દુમતીને મગધરાજ પરમતપનો પરિચય આપતાં કહે છે કે હજારો રાજા ભલે રહ્યા, આ રાજાથી પૃથ્વી ને શ્રેષ્ઠ રાજા વાળી કહેવાય છે. જેમ તારાઓ, ગ્રહો, નક્ષત્રો વગેરે ભલે હોય રાત્રી તો ચંદ્રથી જ પ્રકાશવાળી બને છે.* नक्षत्रो *દીપશિખા'*

*કાલિદાસની ઉપમા : કાલિદાસની ઉપમાઓ સર્વશ્રેષ્ઠ રઘુવંશમાં આપતી એક ઉપમાને લીધે કાલિદાસ 'દીપશિખા' કાલિદાસ તરીકે પ્રખ્યાત થયા છે. તે ઉપમા જોઈએ –*

**सञ्चाशिणी दीपशिखेव शत्रौ**

**यं यं व्यतीताय पतिवश सा**

**नशेन्द्र मार्गाट्ट इव प्रपेदे**

**विवर्णभावं स स भूमिपालः ॥ (રઘુવંશ 6-67)**

*(રાત્રે આગળ વધતી મશાલ જેવી પતિને પસંદ કરવા નીકળેલી એ ઈન્દુમાં જે જે રાજા પાસેથી પસાર થઈ જતી તે એ રાજા રાજમાર્ગ પરના ભવનો માફક કળ પડી જતા હતા.)*

*અર્થાન્તરન્યાસ : કાલિદાસ અર્થાન્તરન્યાસ અલંકારમાં જીવનદર્શનને પ્રગટ કરે છે. અંગદેશના રાજાને ઈન્દુમતીએ પસંદ ન કર્યો ત્યારે કવિ કહે છે કે રાજા ઈચ્છવા લાયક*

*હતો, ઈન્દુમતી વ્યક્તિને પારખવા શક્તિમાન હતી છતાં તેને પસંદ ન કર્યો કારણકે લોકોની રુચિ જુદી જુદી હોય છે.*

**नासौ न काम्यो न च वेद सम्यग् द्रष्टुं न सा भिन्नरुचिर्हि लोकः ॥**

*વસિષ્ઠ મુનિ ઈન્દુમતીના મૃત્યથી દુઃખી રાજાને કહેવડાવે છે કે, મરણ તો દેહધારી માણસોની પ્રકૃતિ (સ્વભાવ) છે. જીવન વિકૃતિ (નાશવંત, અનિશ્ચિત) છે.*

(*રઘુ.* 8-87)

**રશનોપમા :**

**आकारसदृशः प्रज्ञः प्रज्ञया सदृशागमः ।**

**आगमैः सदृशारम्भ आरम्भसदृशोदयः॥ (રઘુ. 1-15)**

(*દિલીપની આકૃતિ જેવી બુદ્ધિ હતી, બુદ્ધિ જેવું શાસ્ત્રજ્ઞાન હતું, શાસ્ત્રજ્ઞાન જેવો કાર્યનો આરંભ હતો, આરંભ જેવો કાર્યનો ઉદય થતો હતો.) કાલિદાસના અલંકારોમાં રમણીયતા અને ચમત્કૃતિ બંને છે. આથી આ અલંકારો અલંકારશાસ્ત્રીઓ ઉદાહરણો તરીકે નોંધે છે.*

*મહાકાવ્યનો આરંભ :* *મહાકાવ્યનો આરંભ આશીર્વાદ, નમસ્કાર, વસ્તુ*

*નિર્દેશથી થવો જોઈએ. રઘુવંશનો આરંભ* वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये । जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥*એ રીતે વાણી અને અર્થની જેમ જોડાયેલાં જગતનાં માતા-પિતાને વાણી અને અર્થની પ્રપ્તિ માટે વંદન કરું છું એવું કહીને કવિએ નમસ્કારથી આરંભ કર્યો છે.* रघूणामन्वयं *કહીને કવિ ત્યારબાદ 'હું રઘુવંશનું વર્ણન' કરું છું એમ સૂચવીને વિષય-નિર્દેશ કરે છે.*

**રઘુવંશમાં રસનિષ્પત્તિઃ**

*કાલિદાસે રઘુવંશમાં વિવિધ રસોને નિષ્પન્ન કર્યો છે.* 19*મા સર્ગમાં અગ્નિવર્ણ રાજાના વર્ણનમાં શૃંગાર રસ છે. રઘુ અને ઈન્દ્રનું દ્વન્દ્વ યુદ્ધ (સર્ગ-*3), *રઘુનો દિગ્વિજય (સર્ગ-*4), *અજ અને અન્ય રાજકુમારોનો વિજય (સર્ગ-*7), *રામ અને પરશુરામનો પ્રસંગ (સર્ગ-*11), *રામ રાવણનું યુદ્ધ (સર્ગ-*12) *વગેરે સ્થળે વીર રસ નિષ્પન્ન થયો છે. દિલીપની નિઃસંતાન અવસ્થા (સર્ગ-*1), *અજવિલાપ (સર્ગ-*8), *સીતાત્યાગ(સર્ગ-*14),*સીતાનું પૃથ્વીમાં સમાઈ જવું (સર્ગ-*14), *રામનું સ્વર્ગગમન (સર્ગ-*15)*વગેરે સ્થળોએ કરુણ રસની વ્યંજના છે.*

*રઘુનો બાલ્યકાળ (સર્ગ-*3), *કુશ અને લવની બાલ્યાવસ્થા (સર્ગ-*15)*સુદર્શનનો બાલ્યકાળ (સર્ગ-*18)*વગેરે સ્થળોમાં વાત્સલ્ય રસ છે. પ્રથમ સર્ગમાં વસિષ્ઠના આશ્રમના વર્ણનમાં શાંત રસ, રઘુના વાનપ્રસ્થાશ્રમના વર્ણનમાં (સર્ગ-* 7)*શાંત રસ છે.*

*વિષ્ણુ સ્તુતિ (સર્ગ-8 અને સર્ગ-10)માં ભક્તિરસ છે. ઈન્દુમતીના સ્વયંવરનું વર્ણન (સર્ગ-6), અગ્નિવર્ણ (સર્ગ-19)માં શૃંગાર રસ છે.*

*સિંહ-દિલીપ સંવાદ (સર્ગ-2), રઘુના ખજાનામાં થયેલી સુવર્ણ વૃષ્ટિ (સર્ગ- 5)માં અદ્ભુત રસ છે. આ રીતે રઘુવંશ વિવિધ રસથી સભર મહાકાવ્ય છે.*

**રઘુવંશનું કલ્પાન્તરસ્થાયિત્વ :**

*મહાકાવ્યમાં સર્વ લક્ષણો હોય, પણ તેમાં યુગે યુગે પ્રેરણા આપે તેવાં તત્ત્વો ન હોય તો એ મહાકાવ્ય અમર ન બની શકે. રઘુવંશમાં ચિરંજીવ હોવાનું તત્ત્વ છે,*

*કેમકે -*

(1)*સૂર્યવંશના રજાઓએ ભારતીય સંસ્કૃતિના આદર્શોનું પાલન કર્યું છે. ભારતીય સંસ્કૃતિ ધર્મ અને ત્યાગપ્રધાન છે. રઘુવંશના રાજાઓના વ્યક્તિત્ત્વ અને જીવનચરિત્રમાં ભારતીય સંસ્કૃતિના આદર્શો મૂર્તિમંત છે.*

(2)*દિલીપરાજા ગાયને બચાવવા પોતાની જાત સમર્પીને દયા અને શરણાગતવત્સલતાનો આદર્શ સ્થાપે છે. રઘુ દિગ્વિજય કરીને લખલૂંટ સંપત્તિ ભેગી કરીને સર્વસ્વનું દાન આપી દે છે. તે નિર્ધન હોવા છતાં આંગણે આવેલ અતિથિને સત્કાર કરીને તેને 14 કરોડ સોનામહોરોની વ્યવસ્થા કરી દઈને, દાનવીરતા તથા ગૃહસ્થધર્મ, ક્ષત્રિયધર્મનો આદર્શ સ્થાપે છે. રામ 'રઘુકુલ રીતિ સદા ચલી આઈ પ્રાણ જાય પર બચન ન જાઈ'ના આદર્શને સ્થાપીને પ્રતિજ્ઞાપાલન કરે છે. સીતા તેનો વિના કારણે ત્યાગ કરનાર રામને માટે કહે છે કે -*

**भूयो यथा मे जननान्तरेऽपि**

**त्वमेव भर्ता न च विप्रयोगः ।**

*સીતાનો આ સંદેશો સમગ્ર ભારતીય નારીઓનો આદર્શ છે.*

(3)*કાલિદાસે પ્રથમ સર્ગમાં રઘુવંશના રાજાઓના ગુણો દર્શાવ્યા છે, તેમાં ભારતીય સંસ્કૃતિના ભવ્ય આદર્શો પ્રતિબિંબિત થાય છે.*

(4)*કાલિદાસે અનેક સ્થળોએ વિચારમૌક્તિકો વિખેરીને તેમનું જીવનદર્શન વણી લીધું છે.*आज्ञा गुरूणां ह्यविचारणीया । *જેવાં વાક્યો, રસભરી શૈલી, ચમત્કૃતિવાળા અલંકારો તો આ બધા સાથે છે જ.*

*ઉપસંહાર : રઘુવંશે કાલિદાસની ખ્યાતિ 'દીપશિખા' સમાન સ્થાપી છે.* क इह रघुकारे न रमते *ઉક્તિ પ્રચલિત બની છે. એમ. આર. કાલે નોંધે છે કે,* "It is in the Raghuvamsa as in the Sakuntala that Kalidasa is seen at this best. The poern has been most popular in India from very early times and has evoked an unending chorus of Praisefrom the learned and beginners alike." *રઘુવંશ પર પચાસ જેટલી ટીકાઓ લખાઈ છે. તે તેની લોકપ્રિયતાનો પુરાવો છે. ડૉ. એસ. કે. ડે એ લખ્યું છે કે, "કાલિદાસ અહીં તો એક પુરાણકથા કરે છે, પણ તેની રોમહર્ષણ ચારુતાથી તે આપણને એક નૂતન વાતાવરણમાં લઈ જાય છે, પણ*

*આ સર્વ ઓજસ્વી અને અદ્ભૂત પરિવેશમાં તે સદાય વાસ્તવવાદી બન્યા સિવાય વાસ્તવદર્શી બની રહે છે. પદાર્થો, દ્રશ્યો, પાત્રો, ભાવો, ઘટનાઓ-વિચારો આ બધાં જ રૂપાંતરિત થઈને શાશ્વત કીર્તિ અને કાવ્યશ્રમમાં ગોઠવાઈ જાય છે."*

*ડૉ. જી. સી. ઝાલાના મતે 'કુમારસંભવ એક મહાકાવ્ય તરીકે ગણના અને માન્યતા પામ્યું છે, તે છતાં ભારતીય કાવ્યમીમાંસાની મહાકાવ્યની વ્યાખ્યા અનુસાર 'રઘુવંશ' એ સર્વશ્રેષ્ઠ મહાકાવ્ય છે.' ('મહાકવિ કાલિદાસ' પૃ.*56)

**5.3તમારી પ્રગતિ ચકાસો**

1.*રઘુવંશનો સર્ગવાર સારાંશ લખો.*

2. *રઘુવંશનું એક આદર્શ મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.*

**લેખક : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા, અસોસિએટ પ્રોફેસર,**
**એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ,**

## એકમ : 6 : કુમારસંભવમ્ : પરિચય

### રૂપરેખા

**6.0** ઉદ્દેશો

**6.1** પ્રસ્તાવના

**6.2** કુમારસંભવ' મહાકાવ્યનો સર્ગવાર સારાંશ

**6.3** કુમારસંભવનો મૂળસ્રોત અથવા આધારસામગ્રી

**6.4** કાલિદાસની વસ્તુગ્રથનમાં મૌલિકતા

**6.5** કુમારસંભવની સર્ગસંખ્યા અંગે મતમતાંતર :

**6.6** કુમારસંભવ સાત સર્ગનું મહાકાવ્યઃ

**6.7** કુમારસંભવમાં પ્રકૃતિનિરૂપણ

### 6.0 ઉદ્દેશો

1. *કાલિદાસ દ્વારા રચાયેલા આ બીજા મહાકાવ્યનો પરિચય મેળવવો એ આ એકમનો મુખ્ય ઉદ્દેશ છે.*

2. *રઘુવંશ મહાકાવ્ય કરતા એકદમ જુદી જ ભાત પાડતું એવું આ મહાકાવ્ય હોવાથી તમને કવિઓના કુલગુરુ તરીકે કાલિદાસની ગણના કેમ થાય છે એનો પરિચય થશે.*

3. *પ્રકૃતિને સજીવ પાત્ર તરીકે વર્ણવીને તેમાં માનવ ભાગોનું કેટલું સુંદર આરોપણ કાલિદાસ કરી જાણે છે! એનો પરિચય તમને આ એકમના અધ્યયનથી અચૂક થશે.*

4. *મહાકવિ કાલિદાસના ભવ્ય જીવનદર્શન આ કાવ્યમાં નિરૂપાયેલું હોવાથી સંસ્કૃતના વિદ્યાર્થી તરીકે આનો પરિચય કેળવવો જરૂરી છે. આ એકમના અભ્યાસથી તમને ખ્યાલ આવશે કે, કુમારસંભવ એ સમાજને ઉપકારક થતાં આદર્શ કુટુંબનું કથાનક છે.*

### 6.1 પ્રસ્તાવના

*મહાકવિ કાલિદાસ વિરચિત કુમાર સંભવ એ પાંચ પ્રસિદ્ધ મહાકાવ્યો પૈકીનું એક આદર્શ મહાકાવ્ય છે. તેમાં ભગવાન શિવ તથા દેવી પાર્વતીના વિવાહ અને ત્યારબાદ કુમાર કાર્તિકેયનો જન્મ અને તારકાસુરના વધની કથા આલેખાયેલી છે. કુમારસંભવની સર્ગસંખ્યાની બાબતમાં વિવિધ મત પ્રવર્તે છે. કેટલાક તેને આઠ સર્ગનું તો કેટલાક તેને નવ સર્ગનું મહાકાવ્ય માને છે. કેટલાક વિદ્વાનો સત્તર સર્ગનું કે*

*બાવીસ સર્ગનું પણ ગણે છે. પણ સર્વ મતમતાંતરો છતાં આઠ સર્ગ સુધીનું મહાકાવ્ય મહાકવિ કાલિદાસનું જ છે એમાં કોઈ શંકા નથી.*

## 6.2 'કુમારસંભવ' મહાકાવ્યનો સર્ગવાર સારાંશ

**પ્રથમ સર્ગ :** *કુમારસંભવનો પ્રથમ સર્ગ ઉમોત્પત્તિ અથવા પાર્વતીપ્રાદુર્ભાવ તરીકે ઓળખાય છે. આ સર્ગની મુખ્ય કથાવસ્તુ હિમાલય વર્ણન, પાર્વતીનો જન્મ તથા શિવનું હિમાલય - આગમન છે.*

*પ્રથમ સર્ગમાં સૌપ્રથમ હિમાલય પર્વતનું વર્ણન આવે છે. હિમાલયને પૃથ્વીના માનદંડ સમો દર્શાવી કવિએ તેની ભવ્યતાનું આલેખન કર્યું છે. હિમાલય સદાય બરફથી આચ્છાદિત રહેતો હોવા છતાં બરફ તેના સૌંદર્યને નષ્ટ નથી કરી શકતો. વાદળોથી પણ ઊંચા શિખરો, ગુફામાં ભરાયેલો અંધકાર, પવન દ્વારા વાંસમાંથી નીકળનો કર્ણપ્રિય ધ્વનિ, હાથીઓ, દેવદારુના વૃક્ષો તથા હાથીના ગંડસ્થળ ચીરનારા સિંહોનું વર્ણન હિમાલયની ભવ્યતામાં વધારો કરે છે. હિમાલય મેરુ પર્વતનો મિત્ર છે તથા મેના તેની ધર્મપત્ની છે. સમય પસાર થતા મેના મૈનાક નામના પુત્રને જન્મ આપે છે. પૂર્વજન્મમાં દક્ષ પ્રજાપતિની પુત્રી તથા શિવની પત્ની સતી પતિના અપમાનને સહન ન કરી શકતા પોતાનો દેહ ત્યજી દઈને મેનાના ઉદરમાં પુનર્જન્મ માટે આવે છે. આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ તથા શંખનાદભર્યા વાતાવરણમાં દિવ્ય કાંતિયુક્ત મુખવાળી પુત્રીનો હિમાલયને ત્યાં જન્મ થાય છે. પર્વતની પુત્રી હોવાથી તેનું નામ પાર્વતી રાખવામાં આવ્યું. ચંદ્રની જેમ પાર્વતી પણ દિન-પ્રતિદિન મોટી થવા માંડી. સતીના મૃત્યુ પછી હિમાલયના શિખર પર તપ કરવાના હેતુથી શિવ પધારે છે. શિવજીની સેવામાં હિમાલય પાર્વતી તથા બે સખીને નિયુક્ત કરે છે. ત્યારબાદ પાર્વતી નિયમિત રીતે શિવની પૂજા કરવા જાય છે.*

**દ્વિતીય સર્ગઃ-** *આ સર્ગનું નામ 'બ્રહ્મસાક્ષાત્કાર' અથવા 'બ્રહ્માભિગમન' છે. આ સર્ગનું મુખ્ય કથાનક બ્રહ્મા પાસે ગમન, બ્રહ્માની સ્તુતિ, દેવોની દુર્દશા તથા બ્રહ્માનો ઉપદેશ છે.*

*તારકાસુર નામનો દૈત્ય તપ કરીને બ્રહ્મા પાસેથી વરદાન મેળવે છે. વરદાન મળતા નિરંકુશ બનેલો દૈત્ય દેવોને પરેશાન કરે છે. કારણકે વરદાનથી શક્તિશાળી બનેલા તારકાસુરને દેવો મારી શકે તેમ નથી. તારકાસુરના ત્રાસથી ત્રાસેલા દેવો ઈન્દ્રને આગળ કરીને બ્રહ્માના ધામમાં જાય છે. દેવો બ્રહ્માની સ્તુતિ કરે છે. બ્રહ્મા પોતાના ધામમાં આવેલા દેવોની સ્તુતિ શાંતિથી સાંભળી આવવા માટેનું પ્રયોજન પૂછે છે. દેવતાઓ તારકાસુરના ત્રાસ વિશે બ્રહ્માને જણાવે છે. બ્રહ્મા તેમના પરાભવનું કારણ પૂછે છે ત્યારે દેવોના ગુરુ બૃહસ્પતિ તારકાસુર દ્વારા ત્રણે લોક પર કરતા ત્રાસને વર્ણવે છે તથા દેવો માટે સેનાપતિની રચના કરવા જણાવે છે. તેના ઉત્તરમાં બ્રહ્મા સેનાપતિનું સર્જન કરવાની ના પાડે છે અને કહે છે કે તારકાસુરે મારી પાસેથી જ વરદાન મેળવ્યું છે તેથી હું તેનો વધ કરું એ યોગ્ય નથી. પરંતુ મહાદેવ શિવના વિર્યથી સર્જાયેલ પુત્ર જ તમારો સેનાપતિ બની શકે. આ માટે તમે શિવને પાર્વતી તરફ આકર્ષિત કરો. કારણકે પાર્વતી જ શિવના પુત્રની માતા બનવા યોગ્ય છે. અન્ય*

*કોઈ નહિ. જેમ ચુંબક વડે લોખંડ આકર્ષાય તેમ પાર્વતીના સૌંદર્ય વડે શિવ આકર્ષાય તેમ કરો. આથી, ઈન્દ્ર આ કાર્ય માટે કામદેવને યાદ કર્યો અને કામદેવ હાથ જોડીને ઈન્દ્ર સમક્ષ ઉપસ્થિત થયો.*

**તૃતીય સર્ગ :** *આ સર્ગ 'મદનદહન' અથવા 'મદનનિગ્રહ' ના નામે ઓળખાય છે. કામદેવની ઈન્દ્ર તરફ ગર્વોક્તિ, કામદેવનું તપોભૂમિમાં આગમન, વસંતની પ્રવૃત્તિ અને અંતે શિવ દ્વારા કામદેવનું દહન એ મુખ્ય કથાનક છે. શિવ પાર્વતી તરફ આકર્ષિત થાય એ હેતુથી જ દેવરાજ ઈન્દ્રએ કામદેવને યાદ કર્યો એટલે કામદેવ ઈન્દ્રના દરબારમાં ઉપસ્થિત થયો. ઈન્દ્રએ કામદેવને પોતાની નજીક સ્થાન આપ્યું. આથી, અનુગ્રહિત થયેલા કામદેવે ઈન્દ્રને પોતાને લાયક કામ સોંપવા કહ્યું. ગર્વના મદમાં કામદેવે એવું પણ કહી નાંખ્યું કે આ જગતમાં જે અન્ય કોઈથી પરાજિત ન થાય તેને હું જીતી બતાવું. પછી એ પિનાક ધનુષ્ય ધારણ કરનારા ભગવાન શિવ જ કેમ ન હોય. ઈન્દ્રએ આ તક ઝડપી લઇ કામદેવને ઉમા તરફ શિવને આકર્ષિત કરવાનું કામ સોંપ્યું. ઈન્દ્રની આજ્ઞા મળતા કામદેવ હિમાલયના શિખર પર પહોંચ્યો જ્યાં ભગવાન શિવ તપ કરતા હતા. મિત્રતાના કારણે ઋતુઓનો રાજા વસંત પણ તેનો સહાયક બન્યો. વસંતનું તપોભૂમિ પર આગમન થતાની સાથે જ જડતા તથા શુષ્કતાથી ભરેલી તપોભૂમિ પ્રેમના ભાવોથી વ્યાપ્ત થઈ ગઈ. અકાળે આવેલી વસંત ઋતુએ કામદેવનું કામ સરળ કરી દીધું. ત્યારબાદ કામદેવ પોતાની પત્ની રતિને લઈ તપોભૂમિમાં પ્રવેશ્યો તેથી સમગ્ર તપોભૂમિ પ્રેમની ક્રીડામાં મસ્ત બની ગઈ. નંદીએ ગણોને વશ કર્યા અને શાંતિ જાળવી રાખવા જણાવ્યું, આ સમયે નંદીનું ધ્યાન ચૂકાવી કામદેવ રતિને લઈને સમાધિસ્થલમાં દાખલ થયો. આવા મનમોહક વાતાવરણમાં પણ ધ્યાનમાં મગ્ન એવા યોગીઓના પણ ઈશ્વર શિવને કામદેવે જોયા. શિવનું એ દિવ્ય યોગીરૂપ જોઈને તેને પોતાનું કાર્ય નિષ્ફળ જવાનો ડર લાગ્યો. પરંતુ એટલામાં જ અત્યંત રૂપવતી પાર્વતી કે જે રત્તિને પણ સુંદરતામાં શરમાવે એવી હતી તેણે, નંદીની અનુમતિ મેળવી શિવના સમાધિસ્થાનમાં પ્રવેશ કર્યો. પાર્વતીએ પૂજા માટે શિવને ગ્રામ કરી કમળ કાકડીની માળા શિવને અર્પણ કરી. ભક્તો તરફના વાત્સલ્યને લીધે શિવે પણ તે લેવા હાથ લંબાવ્યો. તકનો લાભ લઈ કામદેવે પોતાના પુષ્પથી બનેલા ધનુષ્ય પર સંમોહન નામનું બાણ ચડાવ્યું. કામદેવની આવી ચેષ્ટાથી યોગીઓના સ્વામી મહાદેવ શિવજી પણ જેમ ચંદ્રના ઉદયથી સમુદ્ર શોભ પામે એમ શોભ પામ્યા અને બિંબકળ જેવા અધરવાળા ઉમાના મુખ પર સાભિલાષ પોતાના ત્રણ નેત્રો ફેરવ્યા. પાર્વતીએ પણ પરિસ્થિતિને સમક લઈ સ્ત્રી સહજ લાને પ્રદર્શિત કરી. પરંતુ શિવજી શકવારમાં જ પોતાના મનમાં થયેલા વિકારને પામી ગયા અને મનને વશમાં લઈ તેમણે ચારેબાજુ નજર ફેરવી ત્યારે બાકા મારવા તત્પર થયેલા કામદેવને જેયો. તપમાં વિઘ્ન આવતા શિવના ત્રીજા નેત્રમાંથી ભયાનક અગ્નિ નીકળ્યો અને ક્ષણવારમાં જ કામદેવને આ અગ્નિએ ભસ્મ કરી નાખ્યો. સ્ત્રીસંગનો ત્યાગ કરવા મહાદેવ પોતાના ભૂત આદિ ગણોની સાથે ક્ષાનો વિલંબ કર્યા વગર અંતર્ધાન થયા. અત્યંત તીવ્ર આઘાતથી રતિ બેભાન બની ગઈ. પાર્વતીએ પોતાના દેહના સૌંદર્યને*

*નિરર્થક ગણ્યું. તેના પિતા હિમાલય આવીને પાર્વતીને બે વિશાળ બાહુઓમાં ઉપાડી ઘરે ચાલ્યા ગયા.*

**ચતુર્થ સર્ગ :** *આ સર્ગનું નામ "રતિવિલાપ' છે.રતિનું આક્રંદ, વસંતની ઉપસ્થિતિ, રતિનો દેહત્યાગ માટે પ્રયત્ન અને અંતે દેવવાણી દ્વારા રિતને આશ્વાસન વગેરે વિષયો ચોથા સર્ગમાં આવે છે. કામના દહનસમયે રતિ બેભાન થઈ ગઈ હતી. જે એકરીતે એના ઉપરનો ઉપકાર જ હતો. કારણકે તે પ્રિય પતિનું દુઃખ નજરોનજર જોઈ ન શકત. પરંતુ જ્યારે તે ભાનમાં આવી ત્યારે તેણે હ્રદયદ્રાવક વિલાપ કર્યો. જ્યારે કામદેવનો મિત્ર વસંત ત્યાં પ્રગટ થાય છે ત્યારે તેનો વિલાપ વધુ તીવ્ર બને છ. દુઃખની પરાકાષ્ઠાએ પહોંચેલી રતિ પતિના માર્ગે મૃત્યુને પામવા માંગે છે અને સતી થવા તૈયાર થાય છે. પરંતુ આકાશવાણી તેને આશ્વાસન આપે છે કે શિવ અને પાર્વતીના વિવાહ બાદ તેનું તેના પતિ સાથે પુનર્મિલન થશે. આથી આકાશવાણીના આધારે રતિ સતી થવાનું માંડી વાળે છે.*

**પાંચમો સર્ગ** *: પાંચમા સર્ગનું નામ ''તપઃફલોદય'' છે.આ સર્ગના મુખ્ય પ્રસંગો માતા મેના દ્વારા માને તપ કરવા જતા અટકાવવી, માનું ઉગ્ર તપ, બ્રહ્મચારીનું તપોવનમાં આગમન તથા ઉંમાનું સ્વાગત, બ્રહ્મચારી દ્વારા શિવની નિંદા, ઉમાનો પ્રત્યુત્તર તથા બ્રહ્મચારીરૂપે શિવજીનું પ્રગટ થવું છે.*

*કામદેવને પોતાની નજર સમય ભસ્મીભૂત થઈ ગયેલો જોઈ પાર્વતીને પોતાનું રૂપ નિરર્થક લાગ્યું અને આથી પાર્વતીએ શિવને તપ હારા પ્રાપ્ત કરવાનો નિર્ણય કર્યો. પાર્વતીની માતા મેનાએ તેને રોકવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો પરંતુ દૃઢ નિશ્ચયાળી પાર્વતી પિતાની અનુમતિ લઈ પાછળથી તેના જ નામથી પ્રસિદ્ધ થનારા શિખર (ગૌરી શિખર) પર ગઈ. ઉનાળામાં તેણે ચારે તરફ અગ્નિ પ્રગટાવી મસ્તક પર રહેલા સૂર્યને અનિમેષ નિહાળી ઉગ્ર પંચાગ્નિ તપ કર્યું. શિયાળામાં હિમ જેવા ઠંડા પાણીમાં કંઠપર્યંત ઊભા રહી તથા ચોમાસામાં વાદળાના ઝાપટા સહન કરી પાર્વતીએ ઉગ્ર તપ કર્યું. કેવળ તૂટેલા પાંદડા ખાઈને તપ કરવું એ અત્યંત ઉગ્ર ગણાય. પરંતુ પાર્વતીએ તો પાંદડા (પર્ણો) પણ ખાવાના છોડી દીધા. આથી પુરાણ વિદોએ તેને 'અપર્ણા' કહ્યાં. ઉમાનાં તપથી પ્રસન્ન થયેલા શિવ પાર્વતીની પરીક્ષા કરવા બ્રહ્મચારીનું રૂપ ધારણ કર તપોવનમાં આવ્યા. પાર્વતીએ તેમનું શ્રદ્ધાપૂર્વક સ્વાગત કર્યું. બ્રહ્મચારી પાર્વતીને આવું ઉગ્ર તપ કરવાનું પ્રયોજન પૂછેછે. પાર્વતીની સખીઓ બ્રહ્મચારીને પાર્વતીનો શિવને પતિ તરીકે મેળવવાનો આશય કહે છે. બ્રહ્મચારી શિવની નિંદા કરે છે અને પાર્વતીને આવી હઠ છોડી દેવા સમજાવે છે. બ્રહ્મચારી શિવને ત્રણ નેત્રોવાળા વિરૂપ, દિગંબર, જેનો જન્મ ખબર નથી તેવા. ઘરડા બળદ પર આરૂઢ થનારા, સ્મશાનમાં રહેનારા તથા પતિ તરીકે અયોગ્ય ક છે. પાર્થની પોતાના પ્રિયતમના અપમાનનો સચોટ દલીલોથી રદિયો આપે છે અને કહે છે કે શિવનું જે પણ સ્વરૂપ હોય એ પ્રેમના રસથી મારા માટે પ્રિય જ છે. આટલુ કહી પાર્વતી ત્યાંથી ચાલી જવા તૈયાર થાય છે. ત્યાં શિવ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે અને પાર્વતીનો હાથ પકડી કહે છે કે, "હું તારા તપથી ખરીદાયેલો દાસ છું."*

**છઠ્ઠો સર્ગ :** *આ સર્ગનું નામ 'ઉમાપ્રદાન'' છે. શિવને પોતાના તપથી પ્રસન્ન થયેલા જોઈ પાર્વતીનો શોક દૂર થાય છે તથા તે પોતાની સખીઓ દ્વારા કહેવડાવે છે કે મારા પિતા પાસે તમે મને કન્યાદાન રૂપે મેળવો. શિવ તથાસ્તુ કહી ત્યાંથી ચાલ્યા જાય છે અને સપ્તર્ષિઓ તથા અરૂંધતીને બોલાવે છે અને પોતાનું માગું નાખવા હિમાલયની પાસે મોકલે છે. સપ્તર્ષિઓ તથા અરૂંધતી હિમાલયના નગર "ઔષધિપ્રસ્થ" પહોંચે છે. ત્યાં હિમાલય તેમનું આદરપૂર્વક સ્વાગત કરે છે. ઋષિઓ તથા અરૂંધતી હિમાલય પાસે શિવ માટે તેની પુત્રીનો હાથ માંગે છે. હિમાલય તથા મેના તેમાં સહમતિ દર્શાવે છે. પાર્વતી પણ માત્ર કમળની પાંખડીઓ ગણી મૌન દ્વારા જ સ્ત્રી સહજ લજ્જા પામી પોતાની અનુમતિ આપે છે. સપ્તર્ષિઓ શુભ મુહૂર્ત નક્કી કરી હિમાલયને લગ્નની તૈયારીઓ કરવા કહે છે. શિવ પાસે પાછા આવી તેઓ ત્રણ દિવસમાં જ લગ્ન લેવાની ખબરઆપે છે. શિવજી આતુરતાપૂર્વક લગ્નની રાહ જોવા માંડે છે.*

**સાતમો સર્ગ :** *આ સર્ગ 'ઉમાપરિણય'' નામે પ્રસિદ્ધ છે.હિમાલય દ્વારા પુત્રીના લગ્નની જોરશોરથી તૈયારીઓ, ઉમાનો શૃંગાર, શિવનો શણગાર, જાનપક્ષની તૈયારીઓ, જાનપ્રસ્થાન તથા ઔષધિપ્રસ્થમાં શિવ-પાર્વતીનું લગ્નગ્રંથિથી જોડાવું એ મુખ્ય કથાનક છે.*

*હિમાલયે પોતાની પુત્રીના વિવાહ માટે આખા "ઔષધિપ્રસ્થ"નગરને સ્વર્ગની જેમ શણગાર્યું. પાર્વતી મંગળ સ્નાનથી વિશુદ્ધ અંગોવાળા બની તથા પાર્વતીને વધૂને શોભે એવો ઉત્તમ શૃંગાર કરવામાં આવ્યો. બીજી બાજુ વર એવા શિવે પણ ભસ્મ, સર્પ, ચંદ્ર વગેરે સામગ્રીથી પોતાનો શણગાર રચ્યો. જાનમાં બ્રહ્મા, વિષ્ણુ, દેવો, સપ્તર્ષિઓ, શિવગણો તથા ભૂતપ્રેતો જોડાયા. શિવે નંદી પર બેસીને જાનપ્રસ્થાન કર્યું. ઔષધિપ્રસ્થ નગરમાં જાનનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. નગરની સ્ત્રીઓ દ્વારા વરરાજાની પ્રશંસા થવા લાગી. શિવના સસરા હિમાલયે જાનનું સામે જઈ સ્વાગત કર્યું. વર અને વધૂના હસ્તમેળાપની તથા વિવાહની વિધિ કરવામાં આવી. અને શિવ-પાર્વતી લગ્નગ્રંથિથી એક થયા.*

**આઠમો સર્ગ :***આ સર્ગ ''ઉમાસુરત વર્ણન''ના નામે પ્રસિદ્ધ છે. શ્વસુર ગૃહે શિવનો નિવાસ, ઉમાની સાથે અનેક સ્થળો પર ભ્રમણ અને પ્રણય ક્રીડાનું વર્ણન આ સર્ગની મુખ્ય ઘટનાઓ છે.*

**સર્ગ નવમો :***આ સર્ગ 'કૈલાસગમન''ના નામે પ્રસિદ્ધ છે. આ સર્ગમાં દેવો અગ્નિને કબૂતરનું રૂપ ધારણ કરીને શિવના મહાલયમાં મોકલે છે. શિવ કબૂતર રૂપે આવેલા અગ્નિ પર પ્રથમ ક્રોધિત થાય છે. પરંતુ અગ્નિ દેવતાઓના કાર્ય માટે આવેલો છે એવું જાણી પોતુ વિર્ય તેમાં સ્થાપિત કરે છે તથા અગ્નિને શાપ આપે છે. અગ્નિ શિવના તેજને સહન કરી શકતો નથી.*

**સર્ગ દસમો :** *આ સર્ગ "કાર્તિકેય ઉત્પત્તિ'ના નામે પ્રસિદ્ધ છે.શિવના તેજને સહન ન કરી શકવાના કારણે અગ્નિ દેવસભામાં ઈન્દ્ર પાસે પહોંચે છે. ઈન્દ્ર શાંત થવા અગ્નિને ગંગા પાસે જવા કહે છે. અગ્નિ શિવનું તેજ ગંગાને આપે છે. ગંગા પણ આ તેજ સહન કરી શકતી નથી. આથી તે સ્નાન માટે આવેલી છ કૃત્તિકાઓને આ તેજ*

*આપે છે. તેનાથી ગર્ભવતી બનેલી કૃત્તિકાઓ તે સહન કરી શકતા બાળકને ત્યાં મૂકીને ચાલી જાય છે.*

**સર્ગ અગિયારમો :** *આ સર્ગ ''બાલક્રીડા'' નામે પ્રસિદ્ધ છે. શિવ અને પાર્વતી વિમાન માર્ગે વિહાર કરતી વખતે પોતાના વીર્યથી ઉત્પન્ન થયેલા બાળકને જુએ છે. છ દિવસના તે પુત્રને છ મુખ છે. શિવ અને પાર્વતી તેમના પુત્રની બાલક્રીડાઓથી આનંદિત થાય છે.*

**બારમો સર્ગ :** *આ સર્ગનું નામ "કુમારાભ્યર્થન'' છે.આ સર્ગમાં દેવો શિવ-પાર્વતી પાસે તેમના પુત્ર કાર્તિકેયને દેવસેનાના સેનાપતિ તરીકે લઈ જવા માટે પ્રાર્થના કરે છે.*

**તેરમો સર્ગ :** *આ સર્ગ "કુમારાભિષેક" ના નામે પ્રસિદ્ધ છે. દેવો કાર્તિકેયનો સેનાપતિ તરીકે અભિષેક કરે છે.*

**ચૌદમો સર્ગ :** *આ સર્ગ "દેવસેનાપ્રયાણ" તરીકે પ્રસિદ્ધ છે. કાર્તિકેયની આગેવાનીમાં દેવો તારકાસુરને મારવા પ્રયાણ કરે છે.*

**પંદરમો સર્ગ :** *આ સર્ગ "દેવાસુરસૈન્યસંઘટ્ટ" નામે પ્રસિદ્ધ છે. આ સર્ગમાં દેવસેના તથા અસુરોની સેના સામસામે યુદ્ધ માટે ગોઠવાય છે.*

**સોળમો સર્ગ :** *આ સર્ગનું નામ "સુરાસુરસૈન્યસંગ્રામ" છે. આ સર્ગમાં દેવો અને દાનવોના યુદ્ધનું વર્ણન છે. સત્તરમો સર્ગ : આ સર્ગ "તારકદૈત્યેશ્વરવધ"ના નામે પ્રસિદ્ધ છે. આ સર્ગમાં કાર્તિકેય પોતાના પરાક્રમો વડે તારકાસુરનો વધ કરે છે.*

**કુમારસંભવનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન -**

*સર્ગબદ્ધતા : કુમારસંભવ* 8 *કે* 17 *સર્ગનું મહાકાવ્ય છે. મહાકવિ કાલિદાસે સર્ગોને નામ આપ્યાં છે.*

*છંદવૈવિધ્યઃ આ મહાકાવ્યમાં ઉપજાતિ, માલિની, અનુષ્ટુપ, વસંતતિલકા, મંદાક્રાંતા, હરિણી, દ્રુતવિલંબિત વગેરે છંદોનો વિનિયોગ થયેલો છે.*

**રસનિરૂપણ :**

*કવિવર કાલિદાસે કુમારસંભવમાં મુખ્ય રસ તરીકે શૃંગારનું આલેખન કર્યું છે અને એની સાથે સાથે વિવિધ અન્ય રસોનું પણ આલેખન કર્યું છે. રસનિરૂપણના ઉદાહરણ મહાકાવ્યમાં નીચે મુજબ છે :*

(1) *શાંતરસ : કાલિદાસે ત્રીજા સર્ગમાં ધ્યાનસ્થ શિવનું સુંદર વર્ણન કર્યું છે. વીરાસનમાં બેઠેલા, શરીરના વાયુઓનું નિયંત્રણ કરનારા શિવને તરંગવિનાના સમુદ્ર કે પવન વિનાના સ્થાનમાં રાખેલા દીવા જેવા સ્થિર કહ્યા છે. આ વર્ણન શાંતરસ ઉત્પન્ન કરે છે.*

(2) *વીરરસ : ત્રીજા સર્ગમાં મહાદેવને બાણ મારવા તત્પર થયેલા કામદેવનું વર્ણન વીરરસ ઉત્પન્ન કરે છે. આ જ સર્ગમાં કામદેવ દ્વારા ઇન્દ્રને પોતાની વીરગાથા*

*કહેવામાં આવે છે. તેમાં પણ વીરરસ ઉત્પન્ન થાય છે. દેવ - અસુર સંગ્રામ તથા કુમાર કાર્તિકેય દ્વારા તારકાસુરના વધમાં વીરરસ નિષ્પન્ન થાય છે.*

(3) *કરુણરસ : પોતાના પતિને શિવના ત્રીજા નેત્રમાંથી નીકળેલા અગ્નિથી ભસ્મ થયેલો જોઈ રતિ છાતીફાટ રુદન કરે છે અને અંતે પતિની પાછળ સતી થવા તૈયાર થાય છે. ચોથો સર્ગ "રતિવિલાપ" ઘેરો કરુણરસ નિષ્પન્ન કરે છે.*

(4) *શૃંગારરસ : આ મહાકાવ્યમાં વિપ્રલંભ અને સંભોગ બન્ને પ્રકારના શૃંગારનું વર્ણન છે. ચોથા સર્ગમાં રતિના વચનો દ્વારા વિપ્રલંભ શૃંગાર રજૂ થાય છે. જ્યારે આઠમા સર્ગમાં શિવ-પાર્વતીનો વિહાર ઉત્તમ શૃંગારનું નિષ્પન્ન કરે છે.*

(5) *હાસ્યરસ : પાંચમા સર્ગમાં આવતી બ્રહ્મચારીની દલીલો સૂક્ષ્મ હાસ્ય નીપજાવે છે.*

(6) *બિભત્સરસ : શિવનો કપાલ, ભસ્મ તથા સર્પોથી કરેલો શણગાર તથા જાનમાં જોડાયેલા ભૂતો વગેરે ગણો બિભત્સરસ ઉત્પન્ન કરે છે.*

(7) *રૌદ્રરસ : ત્રીજા સર્ગમાં પોતાના પર કામદેવ બાણ છોડવા જઈ રહ્યો છે એ જાણી શિવના ત્રીજા નેત્રમાંથી અગ્નિ નીકળે છે અને ક્ષણવારમાં જ કામદેવને ભસ્મ કરી નાખે છે. આમાં રૌદ્રરસનું નિરૂપણ છે.*

(8) *અદ્ભુતરસ : ચોથા સર્ગમાં સતી થવા જઈ રહેલી રતિને આશ્વાસન આપવા આકાશવાણી થાય છે અને રતિ થોડા સમય પછી પોતાના પતિને પ્રાપ્ત કરશે એવું કહેવાય છે. આમાં અદ્ભુતરસ ઉત્પન્ન થાય છે.*

(9) *ભયાનકરસ : કામદેવને પોતાના ત્રીજા નેત્રના અગ્નિથી બાળી નાખનાર શિવ દેવતાઓમાં ભય પેદા કરે છે. ત્રીજા સર્ગમાં શિવનો ક્રોધ ભયાનકરસ પેદા કરે છે.*

*કુમારસંભવનો આરંભ : કાવ્યશાસ્ત્રીઓ માને છે કે મહાકાવ્યની શરૂઆત આશીર્વાદથી, નમસ્કાર કરીને અથવા તો કથાવસ્તુનો નિર્દેશ કરતાં શ્લોકથી થવી જોઈએ.*

**अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराज।**

**पूर्वापरं तोयनिधिं विगाह्य स्थितः पृथिव्यामिव मानदंडः।।( १-१ )***થી થાય છે.*

*આ મહાકાવ્યનું કથાનક હિમાલયની પુત્રી ઉમા સાથે શિવના વિવાહ પર આધારિત હોવાથી કથાવસ્તુના નિર્દેશ દ્વારા કાવ્યનો પ્રારંભ ગણી શકાય.* अस्ति *માં* अ *પ્રથમ છે.* अकारो विष्णु: विज्ञेय:। अ*વિષ્ણુ સ્વરૂપ છે. ઓમ્ કાર એટલે કે પ્રણવમાં પણ* अ *પહેલો છે. માટે મહાકાવ્યનો પ્રારંભ મંગળ વર્ણ* अ *થી થયો ગણાય.*

*દંતકથા મુજબ રાજકુમારીએ કાલિદાસને પ્રશ્ન પૂછવા માટે ત્રણ શબ્દો પ્રયોજ્યા,* 'अस्ति कश्चिद् वाक्-विशेष:' *માં* 'अस्ति *થી કાલિદાસે કુમારસંભવની રચના કરીને એક શબ્દના બદલામાં એક મહાકાવ્ય સર્જીને બતાવ્યું છે.*

*પુરુષાર્થ : મહાકાવ્યનો ઉદ્દેશ્ય તારકાસુરને કાર્તિકેય દ્વારા મારીને દેવોને સ્વર્ગનું રાજ્ય પાછું અપાવવાનો છે. આથી 'અર્થ' પુરુષાર્થ મુખ્ય છે. કેટલાક વિદ્વાનો*

*કુમારસંભવમાં કામનું નિરૂપણ જ પ્રધાન છે એવું માને છે. ઈન્દ્ર કામને પ્રેરે છે ત્યાં અર્થવાસનાની પ્રેરણા છે. શંકરપાર્વતીના તપને ધર્મનું નિરૂપણ ગણવું હોય તો ગણાય, પણ તે માત્ર આનુષંગિક છે. 'કુમારસંભવ' શીર્ષક બતાવે છે તેમ કુમારના સંભવ (જન્મ) માટે શિવ-પાર્વતીનો વિવાહ જરૂરી હોવાથી કામ પુરુષાર્થ મુખ્ય છે, પણ ઈન્દ્રિયરાગ-જન્ય કામ બળી જાય છે. પાર્વતી કઠોર તપ કરીને શિવની પત્નીની યોગ્યતા મેળવે છે, આથી ધર્મથી અવિરુદ્ધ એવો કામ જ સર્વોપરિ છે. કાર્તિકેય - તારકની લડાઈના સર્ગોમાં અર્થ પુરુષાર્થ છે. રતિવિલાપમાં વિપ્રલંભ શૃંગાર છે.*

*કથાનક : કુમારસંભવનું કથાનક પુરાણપ્રસિદ્ધ છે. રામાયણ - મહાભારતને ઈતિહાસ પણ ગણવામાં આવે છે. આથી કથાનક ખ્યાત અને શિવ જેવા 'જગતના પિતા' પર કથા કેન્દ્રિત હોવાથી 'સદાશ્રય' 'સજ્જનાશ્રિત' મહાકાવ્ય છે.*

*નાયક : મહાકાવ્યનો નાયક ' ધીરોદાત્ત' હોવો જોઈએ. ભગવાન શિવ ચતુર, ધીર, ઉદાત્ત, ગુણાન્વિત, દેવોનાય દેવ મહાદેવ છે. ભગવાન શિવનું ભવ્યપાત્ર ત્રીજા સર્ગમાં કાલિદાસ પ્રસ્તુત કરે છે. વ્યાઘ્રચર્મ પર બીરાજમાન, વીરાસનમાં બેઠેલા સર્પવિભૂષિત, રુદ્રાક્ષની માળાવાળા, મૃગચર્મને ધારણ કરનારા, આસપાસ ફેલાતા તેજના કિરણોવાળા મહાદેવ કામદેવને એક જ ક્ષણમાં ભસ્મ કરે છે, તો પાર્વતીના તપથી પ્રસન્ન પણ થાય છે. શિવના ગુણો પણ દિવ્ય છે. કાલિદાસે પાર્વતીનું પણ સુંદર પાત્ર સર્જ્યું છે.*

*વર્ણનકલા : મહાકાવ્યમાં વિવિધ વર્ણનો આવવાં જોઈએ. તે મુજબ કાલિદાસે તેની આગવી અનુપમ વર્ણનકલાથી મહાકાવ્યને શણગાર્યું છે. હિમાલયનું વર્ણન (પ્રથમ સર્ગ), વસંતઋતુ (તૃતીય સર્ગ), મધુપાન (અષ્ટમસર્ગ), સંભોગશૃંગાર (આઠમો સર્ગ), પાર્વતીનું વર્ણન (પ્રથમ સર્ગ), ધ્યાનસ્થ શિવનું વર્ણન (તૃતીય સાર્ગ), પાર્વતીના તપનું વર્ણન (પાંચમો સર્ગ), મંત્રણા અને દૂતપ્રયાણ (છઠ્ઠો સર્ગ), કુમારનો અભ્યુદય (દસ અને અગિયારમો સર્ગ), એમ કાલિદાસે વિવિધ વર્ણનોમાં એમનું નૈપુણ્ય સિદ્ધ કર્યું છે. પાર્વતીના યૌવનના પ્રવેશનું વર્ણન જુઓ –*

**पुष्पं प्रवालोपहितं यदि स्यान्मुक्ताफलं वा स्फुटविद्रुमस्थम् ।**

**ततोऽनुकुर्याद् विशदस्य तस्यास्ताम्रौष्ठपर्यस्तरुचः स्मितस्य ॥(१-४४ )**

*(જો પુષ્પને નવી કૂપળો પર મૂકવામાં આવે અથવા મોતીને નિર્મળ પરવાળા પર પ્રસ્થાપિત કરવામાં આવે તો તે (ઉમા)ના લાલ અધર પર પ્રસરતી કાંતિવાળા નિર્મળ સ્મિતનું તે અનુકરણ કરી શકે.)*

*કામદેવ શિવના તપનો ભંગ કરવા આવ્યો ત્યારે વસંતઋતુનો પ્રવેશ થતાં જ વાતાવરણ શૃંગારિક બની ગયું. તેનું વર્ણન જુઓ -*

**मधु द्विरेफः कुसुमैकपात्रे पयौ प्रिया स्वामनुवर्तमानः ।**

**शृङ्गेण च स्पर्शनिमीलिताक्षीं मृगीमकण्डूयत कृष्णसारः॥ (३-३६ )**

*(પોતાની પ્રિયાને અનુસરતો ભ્રમર પુષ્પના એક જ પાત્રમાં મધુનું પાન કરવા માંડ્યો અને સ્પર્શથી મીંચેલી આંખોવાળી મૃગલીને કાળિયાર શીંગડા વડે ખંજવાળવા માંડ્યો.)*

*જ્યારે બ્રહ્મચારીના વેશમાં રહેલા શિવે પોતાનું ખરું સ્વરૂપ પ્રગટ કર્યું ત્યારે પાર્વતી શરમાઈ ગઈ. એ વખતે પાર્વતી જવું કે ઊભા રહેવું તે નક્કી ન કરી શકી. ત્યારે -*

**तं वीक्ष्य वेपथुमती सरसाङ्गयष्टिर्निक्षेपणाय पदमुद्धृतमुद्वहन्ती ।**

**मार्गाचलव्यतिकराकुलितेव सिन्धुः शैलाधिराजतनया न ययौ न तस्थौ ॥(५-८५ )**

*(તે શિવને જોઈને કંપી ગયેલી પરસેવાથી ભીના દેહવાળી, ડગલું માંડવા માટે ઉપાડેલા પગવાળી તે પર્વતરાજની પુત્રી માર્ગમાં આવેલા પર્વતના અવરોધને લીધે જેમ રસ્તામાં પર્વત આવતાં નદીનો પ્રવાહ મુઝાઈ જાય, તેમ ન તો એ જઈ શકી કે ન તે ઊભી રહી શકી.)આ રીતે કાલિદાસે તેમની વર્ણનકલામાં સૂક્ષ્મતાથી વર્ણન કરીને મહાકાવ્યને સ-રસ બનાવ્યું છે.*

**અલંકારસમૃદ્ધિ :**

*સંસ્કૃત મહાકાવ્યોમાં અલંકારોનું વિશેષ મહત્ત્વ હોય છે. કાલિદાસે અલંકારોનો કલાત્મક ઉપયોગ કર્યો છે. કાલિદાસનો સૌથી મનપસંદ અલંકાર ઉપમા છે. ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અપ્રસ્તુતપ્રશંસા, અર્થાન્તરન્યાસ, વિરોધ, વિભાવના, વિશેષોક્તિ, દૃષ્ટાંત જેવા અસંખ્ય અલંકારો કાલિદાસની કવિતામાં આપોઆપ ગૂંથાઈ જાય છે. કુમારસંભવનો આરંભ જ ઉત્પ્રેક્ષા અલંકારથી થાય છે. હિમાલય જાણે પૃથ્વીનો માનદંડ હોય એવો પૂર્વ અને પશ્ચિમના સમુદ્રમાં પ્રવેશીને વિસ્તરેલો હતો. પાર્વતી જ્યારે વનમાં પ્રવેશે છે ત્યારે સમાધિમાં બેઠેલા શિવ સ્થિર દીવા જેવા લાગતા હતા.* (3,48)

*પાર્વતીને જોઈને શિવનું ધૈર્ય સહેજ વિચલિત થયું, તે વર્ણવતા કવિ શિવને ચંદ્રોદય સમયના સમુદ્ર સાથે સરખાવતાં કહે છે કે -*

**हरस्तु किञ्चित्परिवृत्तधैर्यः चन्द्रोदयारम्भ इवाम्बुराशिः ।**

**उमामुखे बिम्बफलाधरोष्ठे व्यापारयामास विलोचनानि ॥ (३-६७ )**

*(ચંદ્રોદય થતાં ક્ષોભ પામેલા સમુદ્રની જેમ સહેજ બદલાયેલા ધૈર્યવાળા એટલે કે થોડીક ધીરજ ગુમાવેલા ભગવાન શિવે બિંબફળ જેવા હોઠવાળા પાર્વતીના મુખ પર તેમના નેત્રો ફેરવ્યાં.)*

*વનમાં પ્રવેશેલી પાર્વતી પુષ્પોના ગુચ્છવાળી, પાંદડાથી યુક્ત કોઈ વેલી ફરતી હોય તેવી લાગતી હતી. (૩.૫૪) જેમ દિવસે દિવસે ચાંદની વૃદ્ધિ પામતી જાય તેમ પાર્વતીનું સૌંદર્ય પણ વધવા માંડ્યું.* (1,25)

**અતિશયોક્તિ અલંકારનું એક ઉદાહરણ આ રહ્યું-**

*"જો પ્રાણીઓમાં લજ્જા હોત તો પાર્વતીના કેશપાશને જેઈને ચમરી ગાયો તેના કેમળ પૂંછડાના વાળ તરફ તેનો પ્રેમ ઓછો કરી નાખત."* (1,48)

*અર્થાન્તરન્યાસ-અલંકારઃ કુમારસંભવમાં કેટલાક અર્થાન્તરન્યાસ અલંકારો પણ કાલિદાસની કાવ્યકલા સાથે તેનું ગંભીર જીવનદર્શન વ્યક્ત કરે છે:*

(1)एको हि दोषो गुणसन्निपाते निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः। (1-3)*ગુણોના સમૂહમાં એકાદો કોષ હોય તો ચંદ્રમાં કલંક ઢંકાઈ જાય તેમ ઢંકાઈ જાય છે.*

(2)विकारहेतौ सति विक्रीयन्ते येषां न चेतांसि त एव धीराः। (1-59) *વિકારનું કારણ હોવા છતાં જેનું ચિત્ત વિકાર ન પામે તે જ ધીર પુરુષો છે.*

(3)प्रियेषु सौभाग्यफला हि चारुता (૫-૭).*સુંદરતા પ્રિયજનોમાં સૌભાગ્યરૂપી ફળ આપનારી હોય છે.*

(4)क ईप्सितार्थस्थिर निश्चयं मनः पयश्च निम्नाभिमुखं प्रतिपयेत्।(૫-૫) *ઈચ્છિત વસ્તુ તરફ સ્થિર વસ્તુવાળા મનને અને ઢાળ તરફ જતાં પાણીને કોણ રોકી શકે છે.*

(5) न धर्मवृद्धेषु वयः समीक्ष्यते । (5-16)

*ધર્મવૃદ્ધોમાં વય જોવામાં આવતી નથી એટલે કે જે વધારે ધર્મ કરે તે વધારે પૂજ્ય હોય છે.કુમારસંભવમાં અલંકારોની જાણે ખાણ હોય તેમ સમગ્ર સ્થળે જુદા જુદા અલંકારો ગૂંથાયા છે.*

## 6.3 કુમારસંભવનો મૂળસ્રોત અથવા આધારસામગ્રી

नामूलं लिख्यते किञ्चित् नानपेक्षितमुच्यते । *કશું મૂળ વગર લખાતું નથી, અપેક્ષા વગરનું બોલાતું નથી; તો પછી મહાકાવ્ય લખવામાં તો પ્રેરણાની જરૂર પડે જ. વળી મહાકાવ્યનાં લક્ષણોમાં કહેવાયું છે મહાકાવ્ય ઐતિહાસિક સામગ્રીવાળું હોવું જોઈએ. મહાકવિ કાલિદાસને આદિ કવિ વાલ્મીકિ અને મહર્ષિ વ્યાસે ભરપૂર પ્રેરણા આપી છે. આપણે આ સંદર્ભમાં કવિને મળેલી પ્રેરણનું મૂળ તપાસીએ.*

*મહાભારતમાં શિવકથા : મહાભારતના વનપર્વમાં શિવકથા આવે છે.* (1) *મહાભારતના વનપર્વ* (213 *થી* 219 *અધ્યાયો)માં આવતી કથા મુજબ ઈન્દ્ર સેનાપતિ માટે શોધ કરે છે ત્યારે એક સ્ત્રી મદદ માટે બૂમ પાડે છે. ઈન્દ્ર કેશી દાનવને ભગાડી મૂકીને જાણે છે કે તે સ્ત્રી દક્ષની પુત્રી દેવસેના છે. ઈન્દ્ર બ્રહ્મા કહે છે કે આ સ્ત્રીનો પતિ દેવ-સૈન્યનો સેનાપતિ થશે.*

*અગ્નિ સપ્તર્ષિઓની પત્ની પર મોહ પામે છે. અગ્નિની પત્ની સ્વાહા સમર્ષિની પત્નીઓનું રૂપ લઈને અગ્નિ સાથે રમણ કરે છે. આને લીધે કાર્તિકેયનો જન્મ થાય છે. બાળકે ક્રૌંચ પર્વતના શિખરના ભુક્કા બોલાવી દીધા. ઈન્દ્ર તેની સાથે યુદ્ધ કરીને તેને સેનાપતિ બનાવ્યો. કાર્તિકેય દેવસેના સાથે લગ્ન કર્યું અને બ્રહ્માએ તેને શિવપુત્ર તરીકે જાહેર કર્યો. કાર્તિકેયે મહિષાસુરનો નાશ કર્યો.*

(2) *અનુશાસન પર્વમાં (અ.130-133)માં તારકાસુરના વધ માટે દેવોએ બ્રહ્માને પ્રાર્થના કરી. બ્રહ્માએ કાર્તિકેયને શિવના વીર્યથી પેદા થયેલો જણાવ્યો. શિવનું વીર્ય અગ્નિએ, ગંગાએ, તથા કૃતિકાઓએ ધારણ કર્યું હતું.*

(3) *શલ્ય પર્વમાં પણ શિવના વીર્યથી કાર્તિકેયની ઉત્પત્તિ વર્ણવાઈ છે.*

*રામાયણ અને શિવકથા :*

(1) *રામાયણ બાલકાંડમાં (અ.36-37) અગ્નિએ શિવના વીર્યને ધારણ કર્યું હતું તેવું દર્શાવાયું છે.*

(2) *અહીં કાર્તિકેયને અગ્નિ, ગંગા અને કૃતિકાના પુત્ર તરીકે જણાવાયો છે.*

(3) *શિવે શૈલસુતા સાથે લાંબા સમય સુધી વિહાર કરીને પોતાનું વીર્ય અગ્નિમાં સ્થાપ્યું હતું તેવો પણ ઉલ્લેખ છે.*

(4) *અગ્નિ દ્વારા શિવનું વીર્ય ગંગાને આપવું, ગંગા દ્વારા તે તેજ હિમાલયના વનમાં મૂકાવું, કૃતિકાઓ દ્વારા બાળકનો જન્મ વગેરે વિગતો પણ છે.*

(5) *બાલકાંડમાં અન્યત્ર (સર્ગ - 23) મદન-દહનનો પ્રસંગ પણ આવે છે.*

*શિવપુરાણ અને શિવકથા : શિવપુરાણની કથા કુમારસંભવને મળતી આવે છે. શિવપુરાણમાં આ કથા રુદ્રસંહિતા-પાર્વતી ખંડ અંતર્ગત આવે છે. અધ્યાય - 6 પાર્વતીનો જન્મ, અધ્યાય-7 પાર્વતીની બાળલીલા, અધ્યાય-8 નારદ-હિમાલય સંવાદ, અધ્યાય-16 દેવોનું દુઃખનિવેદન, અધ્યાય-18 કામે કરેલા વિકારો, અધ્યાય-19 કામનું દહન, અધ્યાય-22-23 પાર્વતીનું તપ, અધ્યાય 25-26 પાર્વતીની પરીક્ષા, અધ્યાય-36 સપ્તર્ષિઓ દ્વારા શિવનું માગું લઈ જવું, શિવવિવાહ તથા રુદ્રસંહિતા કુમારખંડમાં કાર્તિકેયની ઉત્પત્તિ તથા કાર્તિકેય દ્વારા તારકાસુરનો નાશ વર્ણવ્યા છે. શિવપુરાણ અને કુમારસંભવમાં માત્ર કથાસામ્ય છે તેવું જ નથી, તેના વાક્ય,શ્લોક તથા શબ્દોમાં પણ સામ્ય છે.*

## 6.4 કાલિદાસની વસ્તુગ્રથનમાં મૌલિકતા

*મહાકવિ કાલિદાસે વસ્તુગ્રથનમાં મૌલિકતા દર્શાવેલ છે. જેમ કે ,*

(1) *પાર્વતીના શૈશવનું વર્ણન મૌલિક છે.*

(2) *નારદની ભવિષ્યવાણીની વિગત કાલિદાસને કોઈ પ્રાચીન પૌરાણિક કથામાંથી મળી હશે.*

(3) *તારકાસુરના ત્રાસનું વર્ણન રઘુવંશમાં (10મા સર્ગમાં) આવતા રાવણના ત્રાસના વર્ણન જેવું છે, આવાં વર્ણનો પુરાણોમાં પણ છે.*

(4) *ઈન્દ્ર કામદેવનો સંવાદ કવિની મૌલિક કલ્પના લાગે છે.*

(5) *કાલિદાસે મદન-દહનનો પ્રસંગ કમનીય કાવ્યકલ્પનાઓથી મઢ્યો છે. તથા રામાયણની કથામાં ફેરફાર કરીને તેને શિવ પાર્વતીના લગ્ન પહેલાં યોજ્યો છે.*

*(6) બ્રહ્મચારીનો પ્રસંગ કાલિદાસની કલ્પના લાગે છે. પાર્વતીના તપને વેદવતીના તપ સાથે સરખાવી શકાય. આ કથા રામાયણમાં છે.*

*(7) સપ્તર્ષિઓનું વર્ણન કાલિદાસે કલ્પનાની પાંખે ઊડીને કર્યું છે.*

*(8) આઠમા સર્ગનું સંભોગ વર્ણન કાલિદાસની સર્જકપ્રતિભાનું પરિણામ છે.*

## 6.5 કુમારસંભવની સર્ગસંખ્યા અંગે મતમતાંતર

*કુમારસંભવ કવિ કુલગુરુ કાલિદાસની અમરરચના છે. કુમારસંભવ નિઃસંદેહપણે કાલિદાસે રચ્યું છે, પણ કાલિદાસે આ મહાકાવ્ય કેટલા સર્ગ સુધી લખ્યું છે તે વિશે વિદ્વાનોમાં મતભેદ છે.*

*એક તરફ કેટલાક વિદ્વાનો એવો મત ધરાવે છે કે ૨૨ સર્ગો છે, પરંતુ આ વાત માન્ય નથી. અત્યારે તેના સત્તર સર્ગો મળી આવે છે. વિદ્વાનોનો એક વર્ગ સત્તર સર્ગો સુધી આ મહાકાવ્ય કાલિદાસે જ લખ્યું છે તેવું માને છે.*

*સત્તર સર્ગોનું 'કુમારસંભવ' સ્વીકારનારા વિદ્વાનોની દલીલો :*

*(1) મહાકાવ્યોમાં આઠ કરતાં વધુ સર્ગો હોવા જોઈએ તેવો શાસ્રીય મત છે. માત્ર ઈશાનસંહિતા જ આઠ સર્ગનું મહાકાવ્ય માન્ય રાખે છે. વિશ્વનાથ પણ આઠથી વધારે સર્ગોને માન્ય રાખે છે. જો વિશ્વનાથે આઠ સર્ગનું મહાકાવ્ય જોયું હોય તો તે આવી વ્યાખ્યા ન આપત.*

*(2) જો કવિ કુલગુરુને આઠમા સર્ગ સુધી જ આ મહાકાવ્ય લખવું હોત તો તે આ મહાકાવ્યનું નામ કુમારસંભવને બદલે 'પાર્વતીપરિણય' કે 'શિવવિવાહ' જેવું નામ પસંદ કરત.*

*(3) બીજા સર્ગમાં તારકાસુરના વધ માટે કાર્તિકેયના જન્મની વાતનો ઉલ્લેખ છે જ.*

*(4) આઠમા સર્ગ સુધી કાર્તિકેયના જન્મની વાત આવતી નથી.*

*(5) આઠમા સર્ગના અંતિમ શ્લોકને જોતાં જ એવું લાગે છે કે કાવ્ય અધૂરું છે.*

न तु सुरतसुखेभ्य श्छिन्नतृष्णो बभूव

ज्वलन इव समुद्रान्तर्गतस्तज्जलौघैः ॥ (૮ – ૯૧)*શિવ સુરતસુખમાથી તૃષ્ણારહિત થયા નહિ- આ વાક્ય પરથી સ્પષ્ટ થાય છે કે શિવને સુરતનું સુખ પણ પૂરતું નહોતું મળ્યું તો કાર્તિકેયના જન્મની વાત તો આવે જ ક્યાંથી ? આથી આ મહાકાવ્ય આગળ વધે છે તેવી પણ માન્યતા છે.*

*(6) નારાયણ નામના ટીકાકાર કહે છે કે, કુમારની ઉત્પત્તિનાં બિંદુનો ઉપક્ષેપ સંભોગવર્ણનથી કવિએ કરી દીધો છે. પણ આ મત માન્ય નથી. આઠમા સર્ગનું નામ પણ 'સુરતવર્ણન' છે, કુમારસંભવ નથી. કુમારનો જન્મ અન્ય મનુષ્યો માફક પાર્વતીમાં રેતોધાન (વીર્ય સ્થાપનથી) થયો નથી.*

*(7) કાવ્યનું અંતિમ લક્ષ્ય તારકાસુરનો વધ છે, ઉમાસુરતવર્ણન નથી.*

(8) મલ્લિનાથની આઠ સર્ગો સુધીની ટીકા મળે છે તેનો અર્થ એ નથી કે તેણે ઈરાદાપૂર્વક એ ટીકા અધૂરી રાખી હોય. કોઈ અચાનક બનેલા પ્રસંગો કે સંજોગોને લીધે તેઓ પોતાની ટીકા સમાપ્ત ન કરી શક્યા હોય. પાછળની ટીકા નાશ પામી હોય તેવું પણ બને.

(9) ટીકાકાર સીતારામે 17 સર્ગો સુધી ટીકા લખી છે.

આઠ સર્ગનું મહાકાવ્ય છે એવું માનનારાઓની દલીલો :

(1) મલ્લિનાથ, નારાયણ તથા અરુણગિરિ વગેરે ટીકાકારોએ આઠ સર્ગો સુધી જ ટીકા લખી છે.

(2) મલ્લિનાથે કાલિદાસના બધા કાર્યો પર સંપૂર્ણ ટીકા લખી છે. તે એક કાવ્ય પર અધૂરી ટીકા લખે તે સંભવિત નથી.

(3) આઠમા સર્ગ સુધીમાં કુમારના જન્મની શક્યતા વર્ણવાઈ છે.

(4) સંભવનો અર્થ ઉત્પત્તિ છે એવું નથી. તેનો અર્થ જન્મની શક્યતા પણ થાય છે.

(5)8 સર્ગ સુધી (ચોથા સર્ગ સિવાય) બધા સર્ગોમાં શ્લોકસંખ્યા 60 થી વધુ છે, આઠમા સર્ગ પછી શ્લોકની  સંખ્યા ઓછી છે. જેથી રચના રીતિ અલગ લાગે છે.

(6) 9 થી 17 સર્ગમાં યતિભંગ તથા વ્યાકરણદોષો છે.

(7) 9 થી 17 સર્ગમાં ચ, તુ, હિ જેવા પાદપૂરણ શબ્દોનો પ્રયોગ વધુ પ્રમાણમાં છે. કાલિદાસને આવા શબ્દો ભાગ્યે જ વાપરવા પડે છે.

(8) આલંકારિકોએ 9 થી 11 સર્ગોમાંથી એક પણ શ્લોક ઉદ્ધૃત કર્યો નથી.

(9) કાલિદાસે 8 સર્ગો સુધી કાવ્યરચના કરી પછી વિવેચકોની ટીકાના તેઓ ભોગ બન્યા હોય કારણકે ઉમાશંકર જોશી કહે છે તેમ ઉન્મત્ત શૃંગાર પાસે તેમની કાવ્યકળા શિથિલ થઈને બંધ પડી ગઈ હોય કે કવિના અવસાનને કારણે કૃતિ અધૂરી રહી હોય. દેશ પર આવેલી આફતને લીધે કાવ્ય અધૂરું રહ્યું હોય. દંતકથા કહે છે કે પાર્વતીએ તેનું વિલાસપૂર્ણ વર્ણન કરવા માટે કવિને શાપ આપેલો આથી કવિનું મૃત્યુ થયું હતું.

## 6.6 કુમારસંભવ સાત સર્ગનું મહાકાવ્યઃ

એક એવો મત કે મૂળ કાવ્ય સાત સર્ગનું છે. 8 થી 17 સર્ગો પાછળથી ઉમેરાયેલા છે.

(1) આઠમા સર્ગમાં શિવ-પાર્વતીના ઉદાત્ત ચરિત્રનો તેમના દૈવી ગુણોની સંપત્તિનો સત્યાનાશ વળી ગયો છે.

(2) શિવ-પાર્વતીની શૃંગાર ચેષ્ટાઓનું અભિધાનમાં વર્ણન મહાકવિની શૈલીને બંધ બેસતું નથી.

(3) કાલિદાસની સૂક્ષ્મ આત્મીય પ્રેમની વિભાવના આઠમા સર્ગમાં ઉલટી- દિશામાં વહે છે.

(4) દેહસૌંદર્યમાં રાચતા શિવ-પાર્વતી કાલિદાસનું દર્શન ન હોઈ શકે.

*(5) કેટલાંક શબ્દોના પ્રયોગો 1 થી 7 સર્ગમાં અને આઠમાં સર્ગમાં જે રીતે વપરાયા છે તે પણ આઠમો સર્ગ કોઈ અન્ય કવિની રચના હશે તેમ સૂચવે છે. (6) આઠમાં સર્ગની કલ્પનાઓમાં દરિદ્રતા છે. આવાં અનેક કારણો ડો.ગૌતમ પટેલે રજૂ કર્યા છે.*

*આ રીતે કુમારસંભવ 7 સર્ગ સુધી કે 8 સર્ગ સુધી જ કાલિદાસની રચના છે. સત્તર સર્ગો સુધી આ કાવ્ય પૂર્ણ કરવાનો પ્રયાસ પણ પ્રશસ્ય છે જ. રવીન્દ્રનાથ ટાગોરને પણ સાત સર્ગમાં મહાકાવ્ય પૂરું થઈ જતું લાગ્યું છે.*

## 6.7 કુમારસંભવમાં પ્રકૃતિનિરૂપણ

*કાલિદાસ પ્રકૃતિનો અનેક રીતે ઉપયોગ કરે છે. અલંકારોના ઉપમાન તરીકે, પ્રસંગની પશ્ચાદ્ભૂમિ (back ground) તરીકે, માનવમનના ભાવોમાં સમ-સંવેદના અનુભવતા જીવંત તત્ત્વ તરીકે કવિ પ્રકૃતિને પ્રયોજે છે.*

*પ્રકૃતિ સજીવન પાત્ર તરીકે : કાલિદાસની મોટી લાક્ષણિકતા એ છે કે તેની કૃતિઓમાં પ્રકૃતિ પાત્ર તરીકે આવે છે. કામદેવ મૃત્યુ પામતા મિત્ર વસંત રતિને આશ્વાસન આપે છે. ત્રીજા સર્ગમાં વસંત વિસ્તરણ થતાં દક્ષિણ દિશા ખંડિતા નાયિકા જેમ નિઃશ્વાસ નાખવા લાગી. દોહદ વગર જ અશોક વૃક્ષો ખીલી ઊઠ્યા. અર્ધી ખીલેલી ખાખરાની કળીઓ વસંતે વનસ્થલી પર કરેલા નખક્ષત હતા.*

*પ્રકૃતિમાં માનવભાવોનું આરોપણ : કવિએ પ્રકૃતિમાં પણ માનવભાવોનું આરોપણ કર્યું છે. જેમ કે વસંતના આવિષ્કારથી પશુ-પંખીઓ, વૃક્ષો-વેલીઓ પ્રેમની અસર અનુભવવા માંડ્યા ! ભમરાએ ભમરીના જ પુષ્પરૂપી પાત્રમાં સાથે મધ પીધું. કૃષ્ણસાર મૃગ મૃગલીને પંપાળવા લાગ્યો. વેલીઓએ વૃક્ષોના ગળામાં આલિંગન આપ્યું.*

*પ્રકૃતિ સહૃદયી મિત્ર : કાલિદાસે પ્રકૃતિને માનવીની સહૃદયી મિત્ર બતાવી છે. તે જાણે માનવીના દુઃખે દુઃખી થાય છે, તેના સુખે સુખી થાય છે. રતિ કામદેવના મૃત્યુને લીધે વિલાપ કરે છે, ત્યારે કહે છે "તે અનેક વાર ધનુષ્યની પણછ તરીકે પ્રયોજેલી આ ભમરાઓની હારમાળા કરુણ ધ્વનિયુક્ત ગુંજનથી ભારે શોકવાળી મારી પાછળ રડી રહે છે. (કુમાર 4.75) સર્ગ ૩માં નંદીએ બધાને 'ચંચળતા નહિ' તેવી આજ્ઞા કરી તેની સાથે જ વન સ્થિર થઈ ગયું.*

*અલંકારોમાં ઉપમાન તરીકે પ્રકૃતિ : મોટે ભાગે કાલિદાસ પ્રકૃતિમાંથી જ ઉપમાઓના ઉપમાનો પસંદ કરે છે. આ રીતે રમણીય દશ્યો ઊભાં થતાં જાય છે. દા.ત.*

हरस्तु निर्श्चितपरिवृत्तधैर्यः तेजोदयारम्भ इवाम्बुराशिः ।

*પાર્વતી માટે પણ 'પલ્લવિની લતેવ' એવી યથાર્થ ઉપમા પ્રયોજી છે.*

*પ્રકૃતિની રમ્ય બાજુનું વર્ણન : કાલિદાસે પ્રકૃતિને રમ્ય, સુંદર, માનવીની સહાયક હોય તેવી અનુભવી છે. ભવભૂતિની જેમ કવિને પ્રકૃતિ ક્યારેય ભયાનક કે બિહામણી લાગી નથી.*

*કાલિદાસની કવિતામાં હિંદુસ્તાનની પ્રકૃતિ સજીવ થઈ ઊઠી છે, કાલિદાસ પ્રકૃતિના સૌંદર્યના ઉદ્ગાતા છે.*

*સંધિઓ- મહાકાવ્યમાં નાટકની સર્વસંધિઓ આવવી જોઈએ એવું મનાયું છે. મુખ, પ્રતિમુખ, ગર્ભ, વિમર્શ અને નિર્વહણ આપી પાંચ સંધિઓ છે. હિમાલયને પાર્વતીનો જન્મ, નારદની ભવિષ્યવાણીમાં મુખ સંધિ છે, ત્રીજા સર્ગમાં કામદેવ વસંત વગેરેની ઉપસ્થિતિ, ઈન્દ્ર દ્વારા કામદેવને મોકલાવાતાં કથાવસ્તુને વેગ મળે છે. કામદેવનું દહન થતાં, શિવના ચાલ્યા જવાથી ગર્ભ સંધિ દ્વારા સુખાન્ત વિશે શંકા તથા કથાવસ્તુનો વેગ અવરોધાય છે. પાર્વતીનો દઢનિશ્ચય, ઉગ્ર તપ અને બ્રહ્મચારીના આગમનને લીધે વિમર્શ સંધિ જણાય છે. સપ્તર્ષિઓનું દૂતકર્મ તથા શિવ દ્વારા પાર્વતીના સ્વીકારને લીધે મહાકાવ્ય નિર્વહણ તરફ ગતિ કરે છે. પંચસંધિની દ્રષ્ટિએ 'કુમારસંભવ' સૌથી સફળ મહાકાવ્ય છે.*

### 6.7.1 કુમારસંભવ' મહાકાવ્યનાં શીર્ષકની યથાર્થતા :

*શીર્ષક અથવા કૃતિનું નામ વિશેષ મહત્ત્વ ધરાવે છે. સામાન્ય રીતે સંસ્કૃત સાહિત્યમાં કૃતિનું નામ* (1) *સર્જકના નામ પરથી પડે છે. દા.ત. ભટ્ટીકાવ્ય* (2) *નાયિકાના નામ પરથી પડે છે. રત્નાવલી, પ્રિયદર્શિકા વગેરે* (3) *નાયકના નામ પરથી પડે છે. જેમ કે નૈષધીયરિતમ્*(4) *કૃતિમાં આવતા કોઈ પ્રસંગ પરથી નામ પડી શકે છે. જેમ કે મૃચ્છકટિકમ્.*

(1)कुमारस्य सम्भवः, तम्  अधिकृत्य कृतं महाकाव्यम् कुमारसम्भवम्।*કુમાર = કાર્તિકેયના જન્મને મુખ્ય વિષય બનાવીને કવિએ આ કૃતિ લખી છે. આ અર્થ વ્યાકરણની રીતે ઉચિત છે.*

(2)कुमारस्य सम्भवो  यस्मिन् काव्येએમ *અર્થ કરીએ તો તે બહુવ્રીહિ સમાસ થાય છે.*

(3) *'સંભવ'નો અર્થ 'શક્યતા' એવો કરીએ તો કુમારના જન્મની શક્યતાઓ જેમાં વર્ણવાઈ છે તેવું કાવ્ય એમ પણ અર્થ થઈ શકે.*

*(4) જીવાનંદ નામના ટીકાકાર સંભવના 'ઉત્પત્તિ' અને 'મહિમા' એવા બે અર્થો આપે છે. જેમાં કુમારની ઉત્પત્તિ તથા કુમારનો મહિમા વર્ણવાયો છે, તે મહાકાવ્ય, પરંતુ જો કુમારસંભવને આપણે 7 સર્ગનું કે 8 સર્ગનું માનીએ તો ઉપરનો અર્થ લાગુ ન પડી શકે.*

*આ ઉપરાંત પણ મહાકાવ્યના શીર્ષકને સમજાવવાના અનેક પ્રયત્નો થયા છે. કુમારના જન્મની શક્યતા, શિવપાર્વતીનો સંયોગ, તેમનું ઐક્ય વગેરે સર્વે અર્થો તેનાં ઘટાવી શકાય. મૂળ તો આ મહાકાવ્ય અધૂરું રહ્યું છે. તેથી આ શીર્ષક વિશે ચોક્કસ અનુમાન બાંધવું શક્ય નથી.*

### 6.7.2 કુમારસંભવ મહાકાવ્યનું કલ્પાન્તરસ્થાયિત્વ અને કવિનું જીવનદર્શન :-

*આમ તો કુમારસંભવ ભગવાન શિવ અને જગન્માતા પાર્વતીના દિવ્ય પ્રેમની ગાથા ગાતું મહાકાવ્ય છે. આ મહાકાવ્યમાં પ્રેમનું પવિત્ર માંગલ્યકારી સ્વરૂપ વર્ણવાયું છે.*

માનવીય પ્રેમ તો ભૌતિક આકર્ષણવાળો તથા વાસનામય હોય છે જ્યારે દૈવી પ્રેમ કાર્તિકેયને જન્મ આપીને તેના દ્વારા તારકાસુરનો વધ થાય એવો હેતુસર થવાનાં હતાં. આમ શિવ-પાર્વતીનો વિવાહ સંસારના અનિષ્ટ કે અમંગળના નાશ માટે થવાનો હતો. દક્ષયજ્ઞમાં પોતાનું શરીર ત્યજીને સતીએ પાર્વતીના રૂપે પુનર્જન્મ ધારણ કર્ હતો. આમ પાર્વતી શિવની અર્ધાંગિની બનવા જ સર્જાઈ હતી.

ધર્મથી અવિરુદ્ધ કામનું નિરૂપણઃ જ્યાં સુધી પાર્વતી પોતાના રૂપથી શિવજી મેળવવા માગતી હતી ત્યાં સુધી તેને સફળતા મળી નહીં "निनिन्द रूपं हृदयेन पार्वती" એ રૂપની મનમાં ને મનમાં નિંદા કરી. તેને હવે પોતાના રૂપની નિષ્ફળતા સમજાઈ. તેણે તપ દ્વારા પોતાના રૂપને સફળ બનાવવાનું વિચાર્યું. કવિ ટાગોર કહે છે તેમ આ વખતે ગૌરીએ બાળસૂર્ય જેવાં લાલ વસ્ત્રથી પોતાના કાયા શણગારી નહીં, કાનમાં આમ્રમંજરી કે વેણીમાં નવકર્ણિકાર ખોસ્યા નહીં. તેણે તો કઠોર મૌજી મેખલાથી શરીરે વલ્કલ બાંધ્યું અને ધ્યાનસ્થ થઈને પોતાના અણિયાળાં નેત્રના ખૂણા કાળા પાડી નાખ્યા વસન્તસખા પંચશર મદનનો પરિત્યાગ કરી, કઠોર ક્લેશને જ તેણે પ્રેમનો સહાય બનાવ્યો. (પ્રાચીન સાહિત્ય પૃ. 22-23) જે ઉમાને ત્યજીને શિવ જતાં રહ્યા, તે ઉમાનાં દર્શન સમગ્ર તપોવનમાં તપસ્વીઓ આવવા માંડયાં, "न धर्मवृद्धेषु वयः समीक्ष्यते।" એવું કાલિદાસને કહેવું પડ્યું.

પ્રેમ એટલે આત્માનું સૌંદર્ય : જે શિવ પાર્વતીને ત્યજીને ત્યાંથી જતા રહ્યા હતા એજ શિવ પાર્વતી જ્યારે તપઃપૂત થયાં ત્યારે સ્વયં આવ્યા. ટાગોર લખે છે, "જે ત્રિલોચને વસન્તપુષ્પોથી શણગારેલી ગૌરીને એક મુહૂર્તમાં તરછોડી નાખી હતી તેમણે દિવસની શશિલેખા જેવી કૃશ થઈ ગયેલી ઢીલી, લાંબી, પીળી જટા ધારણ કરેલી, એવી તપસ્વિની આગળ સંશયરહિત, સંપૂર્ણ હૃદયે આત્મસમર્પણ કર્યું. સૌંદર્યથી છકેલા યૌવનને ઝાંખુ પાડી પાર્વતીની આભૂષણરહિત, મનોરથી કાન્તિ નિર્મળ જ્યોતિર્લેખા માફક ઉદય પામી. પ્રાર્થિત (શિવ)ને તે સૌંદર્યે વિચલિત કર્યો નહિં, કૃતાર્થ કરી દીધો. તેની અંદર લજ્જા, આશંકા કે આઘાત- સંક્ષોભ રહ્યો નહીં, તે સૌંદર્યના બંધનને આત્માએ સાદર પસંદ કરી લીધું. તેમાં તેને (શિવને) પોતાનો પરાજય લાગ્યો નહિ. ધર્મે જ્યારે મહાદેવના મનને પાર્વતી તરફ ખેંચ્યું તે પહેલાનાં અપરાધથી ભય પામેલા કામના દિલમાં પણ ઉત્સાહ પ્રગટ્યા.' ધર્મ જ્યાં બે હૃદયને એકત્ર કરે છે ત્યાં મદનનો કોઈ વિરોધ કરતું નથી." (પ્રાચીન સાહિત્ય પૃ.23)
બ્રહ્મચારી શિવની નિંદા કરે છે, શિવ કદરૂપા છે, બેડોળ છે, તે નિર્ધન છે, સ્મશાનમાં રહેનાર છે, વૃદ્ધ આખલા પર બેસનાર છે વગેરે વગેરે પ્રેમને ધન-દોલત, એશ-આરામ કે સુખ સમૃદ્ધિ સાથે શી લેવા દેવા છે ? ટાગોરના શબ્દોમાં પ્રેમના મંત્રબળથી અને જે સૌંદર્ય સૃષ્ટિ કલ્પે છે. તેનો બાહ્ય સૌંદર્યના નિયમ પ્રમાણે ઠીક મેળ બેસી શકતો નથી... ઉમા ઉત્તર દે છે ममात्र भावैकरसं मनः स्थितम् મારું મન તો તેમનામાં જ ભાવૈકરસ થઈ રહેલું છે. " એ (પ્રેમ) રસ અંતરનો રસ છે, તેથી જ તેમાં બીજી ત્રીજી વાત ચાલી શકતી નથી અંતર આ સ્થળે બાહ્ય ઉપર વિજય મેળવે છે. પ્રેમ

*જયારે ધર્મથી સ્વીકૃત થાય છે. धर्माविरुद्धः कामोस्मि- એવું ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે તે મુજબ ધર્મથી અવિરુદ્ધ અને પ્રેમમાં અનન્યતા આત્માનું સૌંદર્ય પ્રગટાવે છે. આમ, કુમારસંભવને કેન્દ્રમાં રાખીને કાલિદાસની પ્રણયવિભાવના સ્પષ્ટ કરીએ તો-*

(1) *પ્રેમ ધર્મથી અવિરુદ્ધ હોવો જોઈએ.*

(2) *પ્રેમ આત્માનું સૌંદર્ય પ્રગટાવે છે.*

(3) *દૈહિક વાસના એ જ પ્રેમ નથી.*

(4) *સ્થૂળ ઉપભોગમાં રાચતો પ્રેમ સ્થાયી નથી.*

(5) *પ્રેમથી વ્યક્તિનું જ નહિ, સમષ્ટિનું પણ કલ્યાણ થાય છે.*

(6) *પ્રેમ ભૌતિક-સુખ, સમૃદ્ધિ, દેહનું સૌંદર્ય, સુખસગવડ કે લોકો શું કહેશે એવું વિચારતો નથી.*

(7) *પ્રેમમાં પ્રણયી વ્યક્તિના ચિત્તની સ્થપાય છે. પ્રેમમાં જીવનની સફળતા પ્રાપ્ત થાય છે.*

(8) *ખરા હૃદયથી કરેલો પ્રેમ સફળતા જ પામે છે અને સંસારમાં માંગલ્ય ફેલાવે છે.*

*ઉપસંહાર - આ રીતે કુમારસંભવ કાલિદાસનું ઉત્તમસર્જન તો છે, પાંચ મહાકાવ્યોમાં પણ તેનું વિશિષ્ટ સ્થાન છે. કાલિદાસની શૈલી, અલંકારો, રસનિરૂપણ, વર્ણન-કલા અને ચિરસ્થાયી જીવનસંદેશ કાવ્યને અમર બનાવે છે. આ મહાકાવ્યમાં કાલિદાસે ભારતીય સંસ્કૃતિના આદર્શોને શબ્દદેહ આપ્યો છે, કુમારસંભવમાં શાશ્વતપ્રેમ, કામપુરુષાર્થ, સમષ્ટિના કલ્યાણની ભાવના છે. કુમારસંભવ એ રીતે વિશ્વ કવિતામાં શ્રેષ્ઠ મહાકાવ્યોમાંનું એક છે.*

## 6.8 તમારી પ્રગતિ ચકાસો

1. *કુમારસંભવમ્ શીર્ષકની યથાર્થતા ચર્ચો.*

________________________________________

2. *કુમારસંભવમ્ નું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.*

________________________________________

**લેખક : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા, અસોસિએટ પ્રોફેસર,**
**એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ,**

# એકમ : 7 : મહાકવિ કાલિદાસનું જીવન

## રૂપરેખા

**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** અન્ય કૃતિઓના ઉલ્લેખો, દંતકથાઓને સહારે કાલિદાસની વાતો

**7.3** મહાકવિ કાલિદાસનો સમય :

**7.4** તમારી પ્રગતિ ચકાસો

## 7.0 ઉદ્દેશો

1. *એકમ પાંચ અને એકમ છ માં તમે જે બે ઉત્કૃષ્ટ કક્ષાના મહાકાવ્યો નો પરિચય કેળવ્યો એના સર્જક કવિકુલગુરુ કાલિદાસનો પરિચય આ એકમમાં પ્રાપ્ત થશે.*

2. *મહાકવિ કાલિદાસ વિશ્વવિખ્યાત મહાકવિ છે, એનો પરિચય તમને આ એકમનો અભ્યાસ કરવાથી થશે.*

## 7.1 પ્રસ્તાવના

*સંસ્કૃત સાહિત્ય મહાકવિ કાલિદાસના યશસ્વી સાહિત્યક પ્રદાનથી સમૃદ્ધ અને ઉજ્જવળ બન્યું છે. સંસ્કૃત સાહિત્યમાં ઉત્તમ મહાકાવ્યો અને શ્રેષ્ઠ નાટકોનું પ્રદાન કરનારા આ મહાકવિએ પોતાને વિશે રઘુવંશમાં અત્યંત નમ્રતાસૂચક વિશેષણો સિવાય બીજો કોઈ ઉલ્લેખ કર્યો નથી. પણ મહાકવિ બાણે કાલિદાસની કવિતા ની પ્રશંસા કરતા કહ્યું છે કે,*

**निर्गतासु न वा कस्य कालिदासस्य सूक्तिषु।**

**प्रीतिर्मधुरसान्द्रासु मञ्जरीष्विव जायते॥**

*મહાકવિ કાલિદાસે સદીઓ સુધી ભારતીય હૃદયોને ડોલાવ્યાં છે અને અન્ય ભાષાઓમાં અનુદિત થયા પછી વિશ્વના વિદ્વાનોએ કાલિદાસની કવિતાને મુક્ત કંઠે વધાવી છે. દુર્ભાગ્યે આપણે કાલિદાસ ક્યારે, ક્યાં અને કેવું, કેટલું જીવન જીવ્યા તે વિશે કશું જ જાણતા નથી.*

## 7.2 અન્ય કૃતિઓના ઉલ્લેખો, દંતકથાઓને સહારે કાલિદાસની વાતો

*(૧) કાલિદાસે પોતાની કૃતિઓમાં માત્ર પોતાનું નામ જ આપ્યું છે. રૂપકોમાં* તે कालिदासग्रथितवस्तुना 'वर्तमान कवेः कालिदासस्य' अल्पविषया मतिः रघुवंश धद्मह्ल मन्दः कविर्यशःप्रार्थी (१–ङ्ग)'

*જેવા ઉલ્લેખો પોતાના વિશે કરે છે. તેમાં તેમની નમ્રતાનો પરિચય મળે છે. અભિજ્ઞાનશાકુંતલમાં* 'बलवत् शिक्षितानाम् '*માં કાલિદાસે પોતાની વિદ્વત્તા બાબત આડકતરો નિર્દેશ કર્યો છે.*

(2) *કાલિદાસ નામ સૂચવે છે કે તેઓ 'કાલિ'ના ઉપાસક હશે. પ્રચલિત દંતકથા મુજબ કાલિદાસ બ્રાહ્મણના પુત્ર હતા. ભરવાડ કે ગાડાવાળા જેવા ગામડિયા માણસે તેને મોટા કર્યા. તેઓ દેખાવડા હોવા છતાં તદ્દન મૂર્ખ હતા. તેઓ જે ડાળ પર બેઠા હોય તે જ ડાળ કાપતા હતા. એક વખત કાશીની વિદ્વાન રાજકુમારી 'વિદ્યોત્તમા'થી પરાજિત કાશીના પંડિતો ત્યાંથી નીકળ્યા તેમણે રાજકુમારીને પાઠ ભણાવવા કાલિદાસને તેમની સાથે લીધા અને તેમના ગુરુ તરીકે રાજકુમારી પાસે રજૂ કર્યા. અગાઉ નક્કી થયા મુજબ કાલિદાસ મૂંગા રહ્યા અને માત્ર હાથના ઈશારાથી ઉત્તરો આપતા રહ્યા. પંડિતોએ રાજકુમારીને કાલિદાસના ઈશારામાં રહેલા તત્ત્વજ્ઞાને સમજાવ્યું. આથી કાલિદાસને વિદ્યોત્તમાએ પસંદ કર્યા. રાજકુમારી પરણીને અંતઃપુરમાં પહોંચી ત્યારે બારીમાં બેઠેલા કાલિદાસે, બહાર નીકળતા ઊંટને જોઈને 'ઉટ્ર' 'ઉટ્ર' બોલ્યાં. એ સમયે 'ઉટ્ર' શબ્દ પ્રાકૃત ભાષાનો શબ્દ હતો. રાજકુમારી કાલિદાસને સંસ્કૃતને બદલે પ્રાકૃતમાં બોલતા સાંભળીને ગુસ્સે થઈ ગઈ. તેણે કાલિદાસને સંસ્કૃતમાં પ્રશ્ન પૂછ્યો,* अस्ति कश्चित् वाग्विशेषः*? કાલિદાસ તેનો ઉત્તર ન આપી શક્યા. આથી રાજકુમારીએ તેને કાઢી મૂક્યા.*

*વિદ્યોત્તમાથી તરછોડાયેલા કાલિદાસ નિર્જન જંગલમાં પહોંચ્યા. તે મંદિર કાલીનું હતું. કાલી માતા અડધી રાત્રે ત્યાં આવ્યાં, 'કોણ છે ?' એમ કાલિદાસે પૂછ્યું, ત્યારે કાલીએ કહ્યું, 'હું કાલી છું' કાલિદાસે કહ્યું, 'હું કાલીનો દાસ છું.' આથી મા પ્રસન્ન થયાં. તેમણે કાલિદાસને વિદ્વાન બનાવ્યા અને કવિત્વ શક્તિ આપી.*

*કાલિદાસે વિદ્યોત્તમાના વાક્યના શબ્દો પરથી કૃતિઓ રચી બતાવી અને રાજકુમારીને ઉત્તર આપ્યો.*

अस्ति - *કુમારસંભવનો*

कश्चित् - *મેઘદૂતનો*

वाग् - *રઘુવંશનો*

विशेष - *ઋતુસંહાર (જો કે ઋતુસંહારની શરૂઆત 'વિશેષ' શબ્દ પરથી થતી નથી.) કેટલાક માને છે કે ,તે કન્યાએ કે રાજકુમારીએ કવિને કાલીની ઉપાસના શીખવી. આ દંતકથા કુન્હનરાજાએ નોંધી છે. મેઘદૂત પરની 'સુબોધિકા' ટીકામાં પણ ઉપર્યુક્ત દંતકથાનો ઉલ્લેખ છે.*

(2) *એક એવી દંતકથા કે રાજકુમારીએ કાલિદાસને કાલીની ઉપાસનાનો માર્ગ બતાવ્યો. આથી કાલિદાસ રાજકુમારીને ગુરુ માનવા માંડયા. રાજકુમારીએ ગુસ્સે થઈને પતિનું સુખ આપનાર કવિને શાપ આપ્યો કે તે જે સ્ત્રીને ચાહશે તેના હાથે તેનું મૃત્યુ થશે.*

(3) *લંકાના રાજા કુમારદાસ કાલિદાસના મિત્ર હતા. તેઓ કુમારદાસને મળવા ગયા. કવિ લંકા પહોંચ્યા ત્યારે રાત્રિ થઈ ગઈ હતી. આથી કવિ વારાંગનાને ત્યાં રાત રોકાયા. તેમણે વારાંગનાના મકાનની ભીંત પર શ્લોકની એક પંક્તિ જોઈ -* कमले कमलोत्पत्ति श्रूयते न तु दृश्यते। (*એક કમળમાં બીજા કમળની ઉત્પત્તિ થાય છે, તેવું સાંભળ્યું છે, પણ એવું દેખાતું નથી.)*

*કાલિદાસે એ પંક્તિ વાંચીને બીજી પંક્તિ લખી નાંખી* बाले! तव मुखाम्भोजे कथमिन्दीवरद्वयम् ॥ *(હે બાલા ! તારા મુખ કમળમાં બે નેત્રરૂપ નીલકમળ ક્યાંથી આવ્યાં ? એટલે તારું મુખ જ કમળ છે. બે આંખો તેનાં પર બીજાં બે કમળ છે.) હવે આ પંક્તિ રાજા કુમારદાસે સમસ્યાપૂર્તિ તરીકે આપેલી હતી. વેશ્યાએ રાજા પાસેથી ઈનામ મેળવવાની લાલચે કાલિદાસને મારી નાખ્યા. બીજા દિવસે કુમારદાસ પાસે તે ગઈ, ત્યારે કુમારદાસ સમજી ગયા તે આવું કવિત્વ કાલિદાસનું જ હોય. તેણે વેશ્યાને ધમકાવી ત્યારે વેશ્યા સાચું બોલી ગઈ. કાલિદાસના વિરહમાં કુમારદાસ પણ મૃત્યુ પામ્યા.*

*ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ માને છે કે, આજે પણ સિંહલ દ્વીપમાં માટર નામના દક્ષિણ પ્રાતમાં કિરિન્દી નદીના કિનારે કાલિદાસનાં અંતિમ સંસ્કાર થયો હતો તે સ્થળ છે.*

(4) *કાલિદાસ વિશેની અનેક કથાઓ ભોજપ્રબંધમાં મળે છે, પણ શક્ય છે કે તે બીજા કોઈ કાલિદાસ હશે, કેમકે ભોજપ્રબંધના કાલિદાસ ભોજના સમકાલીન હતા. તે કૃતિમાં ભવભૂતિ, દંડી, ભારવિ વગેરેને પણ કાલિદાસના સમકાલીન બતાવ્યા છે, જે સમયની દૃષ્ટિએ શક્ય નથી.*

(5) *બંગાળીઓ માને છે કે કાલિદાસનો જન્મ ગડ્ડા સિંગરૂ (મુર્શિદાબાદ જિલ્લો) ગામે થયો હતો. ડૉ. લક્ષ્મીધર કલ્લાના મતે કાલિદાસ કાશ્મીરમાં થયો હતો. પિટર્સન કાલિદાસને વિદર્ભના માને છે. કેમ કે કાલિદાસે મેઘદૂતમાં ઉજ્જૈનને સ્વર્ગના ભૂમિખંડ' તરીકે માન્યું છે. કદાચ આ કવિને વતનપ્રેમ હોઈ શકે.*

*કાલિદાસે સમગ્ર ભારતનું ભ્રમણ કર્યું હતું. તેમણે વેદો, પુરાણો તથા વિવિધ શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું. તેઓ સંગીત, નૃત્ય, નાટ્ય, ચિત્ર વગેરે કલાઓના જ્ઞાતા હતા. તેમને રાજદરબારના વૈભવનો પણ અનુભવ થયો હતો.*

*ડૉ. રાઈડર માને છે કે કાલિદાસને જીવનના દુઃખનો ઓછો અનુભવ થયો હતો. તેઓ નાના બાળકો, સ્ત્રીઓ, ગ્રામીણ લોકો સાથે ભળી જાય તેવા મળતાવડા સ્વભાવવાળા હતા. તેમને પ્રકૃતિ ખૂબ જ ગમતી હતી. રવીન્દ્રનાથ ટાગોરે સાચું જ લખ્યું છે કે, કાલિદાસે જીવનના ઝેરનું પાન પોતે કર્યું અને જે અમૃત મળ્યું તે સંસારને આપી દીધું.*

*કાલિદાસ શિવના ભક્ત હતા. તેમને સંસ્કૃતિના શાશ્વત મૂલ્યોમાં શ્રદ્ધા હતી. તેમનું જીવન ચોક્કસ પ્રસન્ન અને આશાવાદી હશે.*

## 7.3 મહાકવિ કાલિદાસનો સમય

*અનુમાનોમાં બંધાયેલો કવિનો જીવનકાળ : સંસ્કૃત સાહિત્યના પ્રકાશિત નક્ષત્રો જેવા મહાકવિઓ કાળની સીમાઓમાં ક્ષર કે અક્ષર રૂપમાં બંધાયા નથી. ઈતિહાસ માન છે, સમય ચૂપ છે, પુરાવાઓ પ્રાપ્ય નથી ત્યારે વિદ્વાનો પાસે અનુમાનોને આધારે જ કવિનો જીવનકાળ નિશ્ચિત કરવાનો રહે છે.*

*કવિના સમયની ઉત્તરમર્યાદા : મહાકવિ બાણભટ્ટે 'હર્ષચરિત'માં કાલિદાસની કવિતાને આમ્રમંજરીઓ સાથે સરખાવી છે. બાણભટ્ટ હિન્દુસમ્રાટ હર્ષવર્ધનના સમકાલીન કવિ હતા. ઈતિહાસકારો હર્ષનો સમય ઈ.સ. ૬૦૦ થી ૬૫૦ સુધીનો માને છે. બાણભટ્ટ પણ તે સમયમાં થયા છે આથી બાણભટ્ટને કાલિદાસ પરિચિત હોવાને લીધે કાલિદાસ તે પૂર્વે થયા છે તે નિશ્ચિત છે.*

*મંદસોરના શિલાલેખની નોધ : વત્સભટ્ટિ નામના કવિએ કાલિદાસના શ્લોકોનું અનુકરણ મંદસોર ગામે મળેલ શિલાલેખોમાં કર્યું છે. આમ કાલિદાસ ઈ.સ. ની પાંચમી સદી પૂર્વે થઈ ગયા છે જ.*

*કાલિદાસના સમય વિશે બે મુખ્ય વાતો : કાલિદાસના સમય વિશે બે મુખ્ય મત પ્રવર્તે છે. તેમની ભિન્ન ભિન્ન દલીલો છે.*

*ઈ.સ.ની પાંચમી સદી : કાલિદાસ ગુપ્તકાળ દરમિયાન થઈ ગયા તેવું ડૉ.કીથ, ડૉ. મિરાશી, ચંદ્રબલી પાડે, રમાશંકર તિવારી જેવા વિદ્વાનો માને છે. તેમની દલીલો પ્રમાણે :-*

(1) *ચંદ્રગુપ્ત બીજાએ વિક્રમાદિત્ય એવું ઉપનામ ધારણ કર્યું હતું. વિક્રમોર્વશીયમ્ શીર્ષક તથા વિક્રમ' વિશેના ગર્ભિત ઉલ્લેખો આ સાથે જોડાયેલા લાગે છે.*

(2) *પરંપરા પ્રમાણે પણ કાલિદાસ વિક્રમના દરબારમાં કવિ હતા.*

(3) *વિક્રમોર્વશીયમ્  માં ચંદ્રગુપ્ત તેની ભાભી ધ્રુવદેવી સાથે લગ્ન કર્યાનો આડકતરો ઉલ્લેખ છે.*

(4) *ચંદ્રગુપ્તના પુત્ર કુમારગુપ્તના જન્મને વધાવવા કવિએ કુમારસંભવની રચના કરી હતી.*

(5) *મેઘદૂતમાં ઉજ્જૈન તરફનો લેખકનો અનુરાગ છતો થાય છે. ચંદ્રગુપ્તની રાજ્યાની ઉજ્જૈન હતી.*

(6) *રઘુવંશમાં રઘુના દિગ્વિજયના ઉલ્લેખમાં હૂણોનો ઉલ્લેખ છે. રામાયણમાં હૂણોનો ઉલ્લેખ નથી.*

(7) *મલ્લિનાથ નોંધે છે તેમ કાલિદાસે મેઘદૂતમાં દિનાગ અને નિચુલ નામના નૈયાયિકોનો ઉલ્લેખ કર્યો છે, જેઓ ઈ.સ. 450ની આસપાસ થઈ ગયા છે.*

(8) *કાલિદાસે 'ગુપ્ત ધાતુનો ઉપયોગ કર્યો છે જે ગુપ્તવંશ સાથેનો કાલિદાસનો સંબંધ દર્શાવે છે.*

(9) બ્રાહ્મણ ધર્મની ઉન્નતિની પરાકાષ્ઠા ગુપ્ત સમયમાં હતી, જ્યારે કાલિદાસ થયા હશે.

આથી સિદ્ધ થાય છે કાલિદાસ ઈ.સ.ની પાંચમી સદીમાં થયા હતા. ઈ.સ. પૂર્વે પ્રથમ સદી માટેની દલીલો : કાલિદાસ ઈ.સ. પૂર્વે 1લી સદીમાં થયા હતા તેવું લગભગ ભારતીય પરંપરા મુજબ સર્વસ્વીકૃત છે. (1) વિક્રમાદિત્ય વિક્રમસંવતનો રાજા હતો જે ઈ.સ.પૂ. 57માં થયો હતો. (2) વિક્રમસંવતનો સ્થાપક રાજા વિક્રમ સૂર્યવંશી હતા તેથી કાલિદાસે સૂર્યવંશના રાજાઓનું વર્ણન કર્યું છે. (3)રાજા મહેન્દ્રવિક્રમે નિવૃત્ત થઈને વિક્રમાદિત્યને ગાદી આપેલી તેના અનુસંધાનમાં કવિએ વિક્રમોર્વશીયની રચના કરી હતી. (4) રઘુવંશમાં ઉલ્લેખાયેલા પાંડ્યરાજજી ઈ.પૂ. 1લી સદીમાં થયા હતા. (5) શાકુન્તલમાં પશુયજ્ઞ અને બ્રાહ્મણ ધર્મના પ્રભાવના ઉલ્લેખો કવિ ઈ.સ.પૂ. 1લી સદીમાં થયા હતા તેવું દર્શાવે છે. (5) શાકુન્તલમાં વારસા અંગેનો ઉલ્લેખ બૃહસ્પતિસ્મૃતિ પહેલાંનો છે. તે વાત પણ ઉપરોક્ત દલીલને સમર્થન આપે છે. (7) કાલિદાસની કૃતિઓમાં કેટલાક અપાણિનીય પ્રયોગો છે. (8) અશ્વઘોષ પ્રથમ સદીમાં થયો છે. તેણે કાલિદાસની કૃતિઓમાંથી ઘણી પ્રેરણા લીધી છે. (9) અગ્નિમિત્રને નાયક બનાવીને નાટક રચનાર કાલિદાસ અગ્નિમિત્રના સમકાલીન હશે. માલવિકાગ્નિમિત્રનું ભરતવાક્ય આ વાતનું સમર્થન કરે છે.

ઉપસંહાર : ડૉ. રાધાકૃષ્ણન્ બંને પ્રશ્નની દલીલોમાં સરખું વજન જુએ છે, જો કે જ્યાં સુધી કવિ ગુપ્ત વંશમાં થયા છે એ સિદ્ધ ન થાય ત્યાં સુધી ભારતીય પરંપરા પ્રમાણે કવિને ઈ.સ.પૂ. 1લી સદીમાં થયેલા માનવા એ વધારે યોગ્ય છે.

(3) મહાકવિ કાલિદાસની કૃતિઓ

કાલિદાસની મધુર રસથી આર્દ્ર સૂક્તિઓ સાંભળતાં કોના મનમાં આનંદ નથી થતો ?

-મહાકવિ બાણ

રસસિદ્ધ મહાકવિ કાલિદાસના નામે આમ તો લગભગ ૩૫ જેટલી કૃતિઓ મળે છે, ગ્રંથોનું પરીક્ષણ કર્યા પછી સાત ગ્રંથો જ કવિ કુલગુરુએ લખેલા હશે તેવું વિદ્વાનોને લાગ્યું છે. અહીં તેનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવે છે.

(1) ઋતુસંહાર : છ સર્ગોનું આ ખંડકાવ્ય ભારતની છ ઋતુઓ ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, શિશિર અને વસંત ઋતુને વર્ણવે છે. એક વિરહી યુવાન તેની પ્રિયતમાને ઋતુઓનો વૈભવ વર્ણવે છે. ખાસ તો ઋતુઓના આગમનની માનવજીવન પર અને કામીઓના ચિત્ત પર શી અસર પડે છે તે આ કાવ્ય વર્ણવે છે. કાલિદાસની પ્રતિભાનું આ નમણું પરોઢ છે.

(2) મેઘદૂત : પૂર્વમેઘ અને ઉત્તરમેઘ એમ બે વિભાગમાં વહેંચાયેલું આ ખંડકાવ્ય કાલિદાસની ઉત્તમ કૃતિ છે. ધનપતિ કુબેરના શાપથી અલકાનગરીમાંથી નિર્વાસિત થયેલો યક્ષ રામગિરિ પર્વત પર નિવાસ કરે છે. આઠ મહિના પસાર કર્યા પછી અષાઢના પ્રથમ દિવસે મેઘદર્શનથી વ્યાકુળ બનેલો યક્ષ મેઘને દૂત બનાવીને તેની

પ્રિયતમાને સંદેશો પાઠવે છે. અહીં કવિએ રામગિરિથી હિમાલય સુધીના વિવિધ પ્રદેશોના હૃદયંગમ ચિત્રો દોર્યા છે.

(3) કુમારસંભવ : ભગવાન શિવ અને જગતજનની પાર્વતીની કથાને લઈને આવતું આ કાવ્ય આઠ સર્ગ સુધી લખાઈને મહાકવિના હાથે અધૂરું રહ્યું હોય તેમ લાગે છે. તારકાસુરના ત્રાસથી ત્રસ્ત દેવો બ્રહ્માની સ્તુતિ કરે છે. બ્રહ્મા તેનો ઉપાય બતાવે છે કે શિવના વીર્યથી ઉત્પન્ન થયેલ સેનાપતિ જ તેઓનું રક્ષણ કરી શકે તેમ છે, અને પાર્વતી જ શિવના વીર્યને સહન કરી શકે તેવી સમર્થ સ્ત્રી છે. ઈન્દ્રની આજ્ઞાથી કામદેવે સમાધિમાં મગ્ન શિવને પાર્વતી પ્રત્યે આકર્ષવાનો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. કામદેવ શિવના ત્રીજા લોચનના અગ્નિથી બળીને ભસ્મ થઈ ગયો. પાર્વતીએ ઉગ્ર તપ કરીને શિવને પ્રસન્ન કર્યાય, પછી બ્રહ્મચારીના વેશે શિવ પ્રસન્ન થયા અને પાર્વતીની સૂચના મુજબ શિવે સપ્તર્ષિઓ દ્વારા હિમાલય પાસે પુત્રીનું માગું કર્યું. શિવે પાર્વતી સાથે લગ્ન કર્યાં. અહીં 8 સર્ગ પાસે કાવ્યનો અચાનક અંત આવે છે. પછી સત્તર સર્ગનું કાવ્ય ક્ષેપક લખે છે. ડૉ. ગૌતમ પટેલ કહે છે તેમ આ કાવ્ય 'વિવાહયજ્ઞનું મહાકાવ્ય' છે.

4. રઘુવંશ : આ મહાકાવ્ય સંસ્કૃતનું શ્રેષ્ઠ મહાકાવ્ય મનાય છે. રામાયણના આધારે સૂર્યવંશના દિલીપ રાજાથી શરૂ કરીને અગ્નિવર્ણ સુધીના રાજવીઓના ચરિત્રનું વર્ણન આપ્યું છે. નાયકો અહીં અનેક હોવા છતાં કથાનકની એકસૂત્રતા સુંદર જળવાઈ રહે છે.

5. માલવિકાગ્નિમિત્ર : મહાકવિ કાલિદાસની નવનવોન્મેષશાલિની પ્રતિભાનું પ્રથમ નાટ્યસર્જન એવું આ નાટક પાંચ અંકનું છે. શૃંગવંશના રાજા અને પુષ્યમિત્રના પુત્ર અગ્નિમિત્રને નાયક બનાવીને કવિએ માલવિકા નામની સુંદી સાથે તેના પ્રણયનું નિરૂપણ અહીં કર્યું છે.

6. વિક્રમોર્વશીય : પરાક્રમી રાજા પુરૂરવા અને સ્વર્ગની અપ્સરા ઉર્વશીના પ્રેમને રજુ કરતું આ નાટક પાંચ અંકનું છે. પુરૂરવા ઉર્વશીને કેશિ દાનવના હાથમાંથી બચાવે છે. પરિણામે ઉર્વશી તેના પ્રેમમાં પડે છે. ઉર્વશીએ લખેલો પ્રેમપત્ર પુરૂરવાની રાણી ઔશીનરીના હાથમાં આવી જાય છે. પછી છેવટે રાણી પોતે જ પ્રિયાનુપ્રસાદનવ્રતના નિમિત્તે રાજાના પ્રણય માર્ગમાંથી ખસી જાય છે. લગ્ન પછી પુરૂરવા અને ઉર્વશી ગંધમાદન પર્વત પર વિહાર કરવા જાય છે, ત્યાં પુરૂરવા ઉદયવતી નામની વિદ્યાધર કન્યાને જુએ છે. આથી ઉર્વશી રિસાઈને કુમારવનમાં જાય છે. કુમારવન સ્ત્રીઓ માટે નિષિદ્ધ છે. તેથી ઉર્વશી વેલી બની જાય છે. રાજા ઉર્વશીની શોધમા વન-વન ભટકે છે. તે ઉન્માદમાં ઉર્વશીની ભાળ પશુપંખીઓને પૂછે છે. અંતે સંગમનીય મણિની પ્રાપ્તિ થતાં ઉર્વશીનું પુનર્મિલન થાય છે. એ વખતે ઉર્વશીના વિરહનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, પણ નારદે લખેલા સંદેશાથી તેઓનું મિલન કાયમી બને છે.

7. અભિજ્ઞાનશાકુન્તલ : સાત અંકોનું આ નાટક કવિની પરિણત પ્રજ્ઞાનું ફળ છે. અહીં દુષ્યન્ત અને શકુન્તલાની પ્રણયકથા વર્ણવાયેલી છે. મૃગયા રમવા ગયેલો દુષ્યન્ત આશ્રમકન્યા શકુન્તલાને જુએ છે. શકુન્તલા વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી અને કણ્વની પાલક પુત્રી છે. બંને ગાંધર્વ વિવાહથી જોડાય છે. એ વાત ત્રણ અંકો

*સુધી વિસ્તરે છે. ચોથા અંકમાં શકુન્તલા અતિથિ-સત્કાર ન કરવા બદલ દુર્વાસાનો શાપ મેળવે છે. આથી રાજા સ્મૃતિભ્રષ્ટ થયો હોવાથી શકુન્તલાનો સ્વીકાર કરી શકતો નથી. જે દુર્વાસાના શાપનું પરિણામ છે. શકુન્તલાને મેનકા પોતાની સાથે લઈ જાય છે. રાજાને માછીમાર પાસેથી શુન્તલાને આપેલી વીંટી પાછી મળતાં તે વિરહમાં ઝૂરે છે. અંતે શકુન્તલા-દુષ્યન્તનું મારીચના આશ્રમમાં ચિરમિલન થાય છે. જર્મન મહાકવિ ગેટે આ પુસ્તક માથે મૂકીને નાચ્યો હતો.*

## 7.4તમારી પ્રગતિ ચકાસો

1. *કાલિદાસના જીવન વિષયક  દંતકથાઓનો પરિચય આપો.*

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

2. *કાલિદાસના સમય અંગેના મતમતાંતરો વિશે ચર્ચા કરો.*

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

3. *કાલિદાસની કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય કરાવો.*

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

**લેખક : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા, અસોસિએટ પ્રોફેસર,**
**એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ,**

# એકમ : 8 : શિશુપાલવધ મહાકાવ્ય : પરિચય

## રૂપરેખા


**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 શિશુપાલવધ મહાકાવ્યનો સર્ગવાર કથાસાર**

**8.3 શિશુપાલવધ મહાકાવ્યનો મૂળસ્રોત – આધારસામગ્રી :**

**8.4 મૂળકથામાં ભારવિએ કરેલા ફેરફારો :**

**8.5 માઘની મૌલિકતા**

**8.6 પાત્રાલેખન**

**8.7 'શિશુપાલવધ'માં વર્ણનવૈવિધ્યઃ**

**8.8 રસનિરૂપણ**

**8.9 'શિશુપાલવધ'માં સંવાદનિરૂપણ :**

**8.10 અલંકારવૈવિધ્યઃ**

**8.11 છંદનિરૂપણ**

**8.12 ભાષાશૈલી**

**8.13 માઘની વિદ્વત્તા**

**8.14 કલ્પાંતરસ્થાયિત્વ**


## 8.0 ઉદ્દેશો

*1.આ એકમમાં તમને મહાકવિ માઘના શિશુપાલવધ મહાકાવ્યનો પરિચય થશે.*

*2.અલંકૃત મહાકાવ્યનો પરિચય કરાવવા માટે શિશુપાલવધનો પરિચય હોવો જરૂરી છે, આ એકમનો અધ્યયન કરવાથી મહાકાવ્ય રચનાની પદ્ધતિ અને પરંપરામાં શિશુપાલવધ મહાકાવ્યે એક નવી જ કેડી કંડારેલી છે, એ વિશે ની માહિતી પ્રાપ્ત થશે.*

## 8.1 પ્રસ્તાવના

*પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના પંડિત મહાકવિ તરીકે માઘ નું નામ પ્રથમ પંક્તિમાં લેવાય છે. તેઓ ઈ.સ. ની સાતમી સદીમાં થઈ ગયેલા મનાય છે. હાલના રાજસ્થાન રાજ્યનો ભાગ ગણાતા ભિન્નમાલ પ્રદેશમાં તેઓ જન્મ્યા હતા આ પ્રદેશમાં જન્મેલા લોકો શ્રીમાળી તરીકે જાણીતા છે. માઘે શિશુપાલવધમાં દ્વારિકાધીશ શ્રીકૃષ્ણની કથાનું*

*આલેખન કર્યું છે અને ગુજરાતના પ્રસિદ્ધ પર્વત ગિરનારનું પણ અત્યંત મનોહારી વર્ણન કરેલું છે. મહાકવિ માઘની આ એકમાત્ર ઉપલબ્ધ કૃતિ છે.*

## 8.2 શિશુપાલવધ મહાકાવ્યનો સર્ગવાર કથાસાર

**સર્ગ-1 :** *એક દિવસ કૃષ્ણ પોતાના પિતા વસુદેવના ભવનમાં બેઠા હતા ત્યારે તે સમયે તેમણે આકાશમાંથી એમની તરફ આવી રહેલા તેજ:પુંજને જોયું. આ તેજ:પુંજ અન્ય કોઈ નહીં પરંતુ જટાધારી, મુંજમેખલાથી વિભૂષિત, મૃગચર્મ અને ઉત્તરીયથી સમલંકૃત, એક હાથમાં સ્ફટિકની માળા અને બીજા હાથમાં પવનથી ગુંજતા નાદવાળી વીણા ધારણ કરનાર મહર્ષિ નારદ હતા. નારદને પોતાની પાસે આવતા જોઈ કૃષ્ણે ઊંચા આસન ઉપરથી ઊભા થઈ આવકારી નારદની અધ્યર્યાદિથી પૂજા કરી અને સમુચિત આતિથ્ય સત્કાર કરી નમ્ર ભાષામાં તેના આગમનનું કારણ પૂછ્યું. નારદ ભક્તિભાવપૂર્વક કૃષ્ણની સ્તુતિ કરી પોતાના આગમનનું કારણ દેવરાજ ઈન્દ્રનો સંદેશો આપવાનું છે એમ જણાવે છે.*

*નારદ કહે છે કે "દુષ્ટોનો સંહાર કરી પૃથ્વીનો ભાર હળવો કરવા આપે જન્મ લીધો છે. અત્યારે આ શિશુપાલ જગતને ભારે ત્રાસ આપી રહ્યો છે. પૂર્વજન્મમાં હિરણ્યકશિપુ નામ ધારણ કરી તેણે ઈન્દ્ર સહિત સમસ્ત દિક્પાલોને દાસ બનાવી દેવલોક ઉપર ભ્રમ પેદા કર્યો હતો. ત્યારે આપે નૃસિંહ રૂપે અવતાર લઈ તેનો સંહાર કર્યો. આ પછી શિશુપાલ રાવણરૂપે પૃથ્વી ઉપર આવ્યા અને જગતને ત્રાસ આપવા માંડ્યો. ત્યારે આપે રામાવતાર ધારણ કરી તેનો વધ કર્યો. આજે આ શિશુપાલ આ ધરતી ઉપર ફરીવાર જન્મ લઈ જગત ઉપર ભારે દુરાચાર વર્તાવી રહ્યો છે. તેથી આ દુષ્ટનો નાશ કરી પૃથ્વીને હળવી બનાવો. " એવો ઈન્દ્રનો સંદેશો આપી નારદ કૃષ્ણની વિદાય લે છે.*

**સર્ગ - 2:** *ઈન્દ્રનો સંદેશો સાંભળી કૃષ્ણ વ્યાકુળ બને છે. એક તરફ કૃષ્ણને યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનું આમંત્રણ મળ્યું છે, તો બીજી તરફ શિશુપાલ ઉપર આક્રમણ કરવું પણ જરૂરી બને છે. આ સંજોગોમાં કૃષ્ણ બલરામ અને ઉદ્ધવની સલાહ લે છે. બલરામ શ્રીકૃષ્ણનું કથન સાંભળી પોતાનો પ્રતિભાવ આપે છે અને અનેક પ્રકારની યુક્તિ અને દૃષ્ટાન્ત દ્વારા "શિશુપાલનો વધ કરવો એ જ ઉચિત છે." એમ કહી આક્રમણ કરવાની સલાહ આપે છે. બલરામને સાંભળ્યા બાદ શ્રીકૃષ્ણ ઉદ્ધવનો અભિપ્રાય લે છે, ત્યારે ઉદ્ધવ તર્કપૂર્ણ વિવિધ યુક્તિઓ દ્વારા કહે છે કે, બલરામની યુક્તિ અત્યારની પરિસ્થિતિમાં સાનુકૂળ નથી. તેથી યુધિષ્ઠિરના યજ્ઞમાં જવું વધારે ઉચિત છે. શ્રીકૃષ્ણને પણ બલરામ કરતાં ઉદ્ધવની સલાહ વધારે યોગ્ય લાગે છે. તેથી તે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનો સંકલ્પ કરે છે.*

**સર્ગ - 3 :** *ઉદ્ધવનો અભિપ્રાય અને સલાહ સાંભળી શ્રીકૃષ્ણ યુદ્ધનો વિચાર માંડીવાળી યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવા તૈયાર થાય છે. કિંમતી આભૂષણો પહેરીને તથા કૌમોદકી ગદા, નન્દક તલવાર, શાર્ઙ્ગ ધનુષ્ય, પાંચજન્ય શંખ તેમજ ગરુડના ચિહ્નથી અંકિત રથમાં બિરાજમાન થઈ કૃષ્ણ હસ્તિનાપુર તરફ પ્રયાણ કરે છે. શ્રીકૃષ્ણની*

*વિદાય વખતે કૃષ્ણના દર્શન માટે નગરજનોની જે ભીડ જામે છે તેનું કવિએ સુંદર વર્ણન કર્યુ છે. દ્વારિકાનગરી છોડીને કૃષ્ણ ઘેરા લીલા રંગના પાંદડાવાળી વનરાજીમાં પ્રવેશ કરે છે. યાદવસેના સમુદ્રને પાર કરે છે. આ સાથે ત્રીજો સર્ગ પૂર્ણ થાય છે.*

**સર્ગ - 4 :***ચતુર્થ સર્ગમાં કૃષ્ણ માર્ગમાં આવેલ વિવિધ પ્રકારના ધાતુઓથી યુક્ત વિન્ધ્યાચલ પર્વત જેવો ઊંચો, જેના પર ખીલેલી લતાઓ ઉપર ભમરાઓ ગુંજન કરતા હતા તેવા અનેક શિખરોથી યુક્ત, નાના નાના પર્વતોની હારમાળાઓ દ્વારા પૃથ્વીને ઘેરતો ઊંચા શિખરવાળો એવા રૈવતક પર્વતને જૂએ છે. એના શિખરો અનેક મૂલ્યવાન રત્નોથી યુક્ત હતા. તેના ઉપર ખીલેલા વિવિધ પુષ્પો ઉપર ભમરાઓ ગુંજન કરી રહ્યા હતા. મુક્ત રીતે હરણાંઓ વિચરી રહ્યાં હતાં. કમળયુક્ત, સરોવરથી યુક્ત, તમાલ અને તાડના વૃક્ષોવાળા એવા તે પર્વતનું સુંદર નિરૂપણ છે.*

**સર્ગ - 5 :***સૂતપુત્ર દારુક પાસેથી રૈવતક પર્વતની સમૃદ્ધિ વિશે સાંભળી કૃષ્ણ ત્યાં રહેવાની ઇચ્છા વ્યક્ત કરે છે. કૃષ્ણની વિશાળ સેના રૈવતક પર્વત તરફ પ્રયાણ કરે છે. મદોન્મત ગજરાજ, ઊંટ, ઘોડા, રથ તથા પાયાદળ વગેરે બધા જ ત્યાં રોકાય છે. બીજા કેટલાક રાજાઓ શ્રીકૃષ્ણના ગરુડ ધ્વજવાળા શિબિર પાસે પોતાની શિબિરો લાવે છે. ઉનાળાનો સમય હોઈ કેટલાક સૈનિકો વૃક્ષોની છાયામાં વિરામ કરે છે. સેનાની સાથે ગણિકાઓ પણ હતી. તેઓ નવા નિવાસસ્થાનોમાં થાકેલા સૈનિકોનો વિવિધ રીતે ઉપચાર કરતી હતી. તો વળી છાવણીમાં આરામ કરતા રાજાઓની વૈતાલિકો પ્રશસ્તિ કરી રહ્યા હતા.*

**સર્ગ - 6 :***છઠ્ઠા સર્ગમાં શ્રીકૃષ્ણ રૈવતક પર્વત ઉપર વિહાર કરવોની ઈચ્છા વ્યક્ત કરે છે, ત્યારે બધી ઋતુઓ કૃષ્ણની સેવામાં ઉપસ્થિત થાય છે. જેમ કે વસંતના નવપલ્લવો, કોયલનો ટહુકો, ભમરાઓનો ગુંજારવ વગેરેથી રમણીઓ કામોન્મત્ત બની. ઉનાળાની ગરમીના કારણે વેલીઓ કરમાઈ જાય છે. મલય પવન વાવા લાગે છે. પલાશનો પુષ્પસમુહ દાવાગ્નિ જેવો ભાસે છે. વર્ષાઋતુમાં વીજળીરૂપી આંખોના પલકારા મારતી વાદળોની હારમાળા રૈવતક પર્વત ઉપર સવાર થઈ જાય છે. મેઘ ગર્જના સાંભળીને કામાતુર સ્ત્રીઓ પ્રિયતમને મળવા અધીરી બને છે. શરદઋતુમાં હંસોનો મધુર સ્વર સંભળાય છે. સપ્તપર્ણના પુષ્પગુચ્છોની સુવાસથી વાયુ કામોત્તેજક લાગે છે. હેમંતઋતુમાં પવન શીતળ લાગે છે. આ ઋતુમાં પ્રિયંગુલતાનાં પુષ્પો ખીલી ઊઠે છે. આ પ્રકારના વર્ણન સાથે આ સર્ગ સમાપ્ત થાય છે.*

**સર્ગ - 7 :***રૈવતક પર્વત ઉપર છ ઋતુઓની શોભા જોઈ શ્રીકૃષ્ણ પોતાના અનુચરો સામે વિહાર કરવા લાગે છે. યાદવો વનમાં પોતાની પ્રિયતમાઓ સાથે વિહાર કરે છે. પ્રેમીઓ પ્રિયતમાઓ સાથે મધુર પ્રેમાલાપ કરે છે. સ્ત્રીઓ વૃક્ષનાં પલ્લવો અને ફૂલો વડે કાનનો શણગાર કરે છે.*

**સર્ગ - 8 :***આઠમા સર્ગમાં વનવિહાર કરીને થાકેલી રમણીઓ જળાશય તરફ પ્રયાણ કરે છે. ત્યારે માર્ગના વૃક્ષો તેમને પોતાની છાયા દ્વારા શીતળતા અર્પે છે. નદી પાસે પહોંચેલી કેટલીક સ્ત્રીઓ પોતાના પ્રિયતમનો હાથ પકડીને પાણીમાં પ્રવેશ કરતી*

*હતી, તો વળી કેટલીક ધીમે પગલે પાણીમાં આગળ વધતી હતી. મોર- ઢેલ, હંસ- હંસી, ચક્વાક-ચક્વાકી વગેરે પક્ષીયુગલ પણ કામોતેજક જણાતાં હતાં. એવા વાતાવરણમાં આ સુંદરીઓ પોતાના પ્રિયતમ સાથે જલક્રીડા કરે છે અને આ રીતે જલક્રીડા કરીને લોકો પાછા ફરે છે. આમ સૂર્યાસ્ત સાથે આઠમો સર્ગ પૂરો થાય છે.*

**સર્ગ - 9 :***સૂર્યાસ્ત થતાં રમણીઓ પોતાના નિવાસ તરફ આવે છે અને રતિક્રીડા માટે ઉત્કંઠિત બને છે. પક્ષીઓ પોતાના માળામાં પાછા ફરે છે. દિશાઓ રાતી થઈ જાય છે, કમળો બીડાઈ જાય છે. સંધ્યા સમયનું આકાશનું રક્તવર્ણી દૃશ્ય સુંદર શોભા ધારણ કરે છે. ચક્વાક યુગલ વિખૂટાં પડે છે, અંધકાર સમસ્ત સંસારને ઘેરી વળે છે, ચંદ્રોદય થતાં સુંદરીઓ શૃંગાર સર્જે છે અને પ્રિયતમને સત્કારતી રમણીઓ પ્રિયતમના બાહુપાશમાં જકડાઈ જાય છે. આમ તેઓ પોતાના પ્રિયતમ સાથ રતિક્રીડા કરવા તત્પર બને છે.*

**સર્ગ-10 :***દશમા સર્ગમાં રતિક્રીડા અને મદ્યપાનનું વર્ણન આવે છે. પોતાની પ્રિયતમાઓનું માન દૂર કરવા પ્રિયતમ મદિરાના બહાના હેઠળ પ્રેમનું પાન કરાવે છે. મદ્યપાન કરતી વખતે પ્રેમીઓ મદ્ય કરતા પણ વધારે સ્વાદિષ્ટ રમણીઓના ઓષ્ઠનું પાન કરે છે. પ્રિયતમાના અધરોષ્ઠ પરનો લાક્ષારંગ દૂર થઈ જાય છે. મદિરાના નશાના કારણે સ્ત્રીઓનાં અંગો અપ્રકટ વિલાસને પ્રગટ કરે છે. મદિરાપાનથી તેમની રતિક્રીડાની ઈચ્છા પ્રબળ બને છે. કોઈ પ્રેમી પ્રિતયમાના શીતળ નેત્રોને ચુંબન કરે છે તો વળી કોઈ પ્રેમી પ્રિયતમાના નાડાનું બંધન ખોલવામાં વ્યસ્ત છે. આમ અનેક રીતે કામક્રીડા કરતાં યુવક- યુવતી રાત્રી પસાર કરે છે.*

**સર્ગ - 11:***સવાર થતાં ભાટ - ચારણો મધુર ગીત દ્વારા શ્રીકૃષ્ણને જગાડે છે. ઝાંખા દેખાતા ધ્રુવના તારાની ઉપર સપ્તર્ષિમંડલ ચમકે છે. કૂકડાઓ તારસપ્તકમાં બોલવા લાગે છે. વૈતાલિકો મધુરગાન દ્વારા રાજાઓને જગાડી રહ્યા છે. સવાર થતાં ઘોડાઓ ઘાસ ખાવા લાગે છે, ચંદ્ર અસ્તાચળ તરફ પ્રયાણ કરે છે. વહેલી સવારમાં માલતીના પુષ્પોની સુવાસથી યુક્ત પવન વાઈ રહ્યો છે. સૂર્યોદય થઈ રહ્યો છે. ગણિકાઓ રાજાઓની શિબિરોમાંથી બહાર નીકળે છે. પ્રિયતમને મળવા આવેલી અભિસારિકાઓ પોતાના નિવાસસ્થાન તરફ પાછી ફરે છે. રાત્રિનો વિયોગ અનુભવતી ચક્વાકી પોતાના પ્રિયતમ ચક્વાક પાસે આવે છે. પક્ષીઓ કલરવ કરવા લાગે છે યજ્ઞશાળામાં અગ્નિ પ્રગટી રહ્યો છે. વેદપાઠી બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરે છે. તપસ્વીઓ મંત્રજાપ કરે છે. આમ આ સર્ગમાં કવિએ પ્રભાતનું અત્યંત મનોરમ વર્ણન કર્યું છે.*

**સર્ગ - 12:***સૂર્યોદય થયા પછી કૃષ્ણ પોતાની યાદવસેના સાથે આગળ વધે છે. રાજાઓ શ્રીકૃષ્ણને અનુસરે છે. આ સર્ગમાં કવિએ ગોપાંગનાઓનું, યમુના નદી તથા આ નદીને પાર કરી રહેલા સૈનિકોનું રોચક વર્ણન કર્યું છે. પ્રસ્થાન કરતી વખતે શ્રીકૃષ્ણ પોતાનો પાંચજન્ય શંખ વગાડે છે. સેનાએ ઉડાડેલી ધૂળ ચારેબાજુ છવાઈ જાય છે. રથોના ચાલવાથી અને હાથીઓના પગલાંથી તૂટી ગેલી જમીન સપાટ થઈ જાય છે.*

*ગામડાંઓમાંથી પસાર થતી સેનાને ગામડાંની સ્ત્રીઓ અનિમેષ નયને જુએ છે. શ્રીકૃષ્ણ ગોચરભૂમિમાં ઊભેલા ગોવાળોને જૂએ છે. ક્યાંક હરણાંઓના સમૂહને ખેતરમાં ચરતાં જોઈને વ્યાકુળ બનેલી સ્ત્રીઓ મંદ મંદ હાસ્ય વેરતા શ્રીકૃષ્ણને જૂએ છે. હાથી વાદળોને દાંતની ટોચથી ચીરી રહ્યા છે અને રસ્તાના વૃક્ષોને ઉખેડી રહ્યા છે. ઉન્નત સ્તનોવાળી વનવાસી સ્ત્રીઓ આંબળાના વનમાં બેસી શ્રીકૃષ્ણને જોઈ રહી છે. પાસેથી પસાર થતી સેનાને જોઈને પણ ડર ન અનુભવતા સિંહો સૂઈ રહ્યા છે. આમ શ્રીકૃષ્ણની સેના અનેક દુર્ગમ વિસ્તારો, નદીઓ, નગરો વગેરેને પાર કરી હસ્તિનાપુર તરફ પ્રયાણ કરે છે.*

**સર્ગ- 13 :***આ સર્ગમાં ધર્મરાજ યુધિષ્ઠિરને હસ્તિનાપુર આવી રહેલા કૃષ્ણના આગમનની જાણ થાય છે. યુધિષ્ઠિર પોતાના ભાઈઓ સાથે શ્રીકૃષ્ણનું સ્વાગત કરે છે. શ્રીકૃષ્ણ રથમાંથી નીચે ઉતરી યુધિષ્ઠિરને દંડવત્ પ્રણામ કરે છે અને બંને એકબીજાને ભેટે છે. યાદવસ્ત્રીઓ અને પાંડવ સ્ત્રીઓ પણ પરસ્પર એકબીજાને ભેટે છે. શ્રીકૃષ્ણ ઈન્દ્રપ્રસ્થ તરફ પ્રયાણ કરે છે ત્યારે યુધિષ્ઠિર પોતે ઘોડાની લગામ પકડે છે. ભીમ ચામર ઢોળે છે. અર્જુન છત્ર પકડે છે. નકુલ અને સહદેવ શ્રીકૃષ્ણની પડખે ઊભા રહે છે. આમ શ્રીકૃષ્ણ જુદા જુદા પ્રવેશદ્વારોથી યુક્ત એવા ઈન્દ્રપ્રસ્થમાં પાંડવો સાથે પ્રવેશ કરે છે. નગરની કેટલીક સ્ત્રીઓ કૃષ્ણને જોવા ટોળે વળે છે. સભાભવનમાં જલ અને સ્થળની ભ્રાન્તિ થાય છે. આમ આ સર્ગમાં યુધિષ્ઠિરની મહાસભાનું સુંદર વર્ણન છે.*

**સર્ગ -14 :***આ સર્ગમાં યુધિષ્ઠિર શ્રીકૃષ્ણની સ્તુતિ કરી રાજસૂય યજ્ઞના આરંભ માટે સંમતિ માંગે છે. શ્રીકૃષ્ણના આગમનથી કાર્ય વિઘ્નરહિત બનતાં યુધિષ્ઠિર સંતોષની લાગણી પ્રગટ કરે છે. શ્રીકૃષ્ણ યજ્ઞની શરૂઆત કરે એવી યુધિષ્ઠિરની ઈચ્છા વ્યક્ત કરે છે, તે શ્રીકૃષ્ણ પાસે કર્તવ્યનું શિક્ષણ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. શ્રીકૃષ્ણ રાજસુએ યજ્ઞ માટે યુધિષ્ઠિર બધી રીતે યોગ્ય છે એવો પોતાનો મત આપે છે. શ્રીકૃષ્ણની સહાયથી યુધિષ્ઠિર યજ્ઞારંભમાં પ્રવૃત્ત થાય છે, પુરોહિતો યજ્ઞનું અનુષ્ઠાન કરાવે છે. અહીં યજ્ઞનું સુંદર વર્ણન આવે છે. રાજસૂય યજ્ઞ પૂરો થતાં યુધિષ્ઠિર અર્ઘ્યદાન અંગે ભીષ્મની સલાહ લે છે. ભીષ્મપિતામહ સ્નાતક, ગુરુ, બન્ધુ, પુરોહિત, જમાઈ અને રાજાને અર્ઘ્યને પાત્ર ગણી શકાય એવો મત આપે છે અને આ સભામાં સમસ્ત ગુણોના ભંડાર, શત્રુનાશક એવા શ્રીકૃષ્ણ જ અર્ઘ્યના અધિકારી છે એમ કહે છે. બધા રાજાઓ પણ ભીષ્મના વિચારને સમર્થન આપે છે અને તે મુજબ યુધિષ્ઠિર શ્રીકૃષ્ણની પ્રથમ પૂજા કરે છે.*

**સર્ગ -15 :***શ્રીકૃષ્ણને મળેલા આવા સન્માનથી સભામાં બેઠેલા શિશુપાલને અત્યંત ગુસ્સો આવે છે અને અત્યંત ઉત્તેજિત થઈને યુધિષ્ઠિર પોતાના પ્રિયજનને ગુણવાન માને છે, તેમનો કૃષ્ણ પ્રત્યે વિશેષ પ્રેમ હોવાને લીધે અપૂજિતની પૂજા કરી છે, જે રાજા નથી એવા કૃષ્ણને રાજોચિત પૂજાની ભેટ કૂતરા દ્વારા આહૂતિ આપવા યોગ્ય છે. યુધિષ્ઠિરે કૃષ્ણની પૂજા કરીને પોતાની અસત્યતા પ્રગટ કરી છે, જો તેમને કૃષ્ણ વિશેષ પૂજનીય લાગતા હતા તો પછી બીજા રાજાઓને શા માટે બોલાવ્યા? આ નિમંત્રણ તેમનું અપમાન કરવા બરાબર છે. આ વૃદ્ધભીષ્મ આ સભામાં બુદ્ધિ ગુમાવીને કઈ*

*રીતે મનસ્વી બન્યા ? અર્ધ્યપાત્રોમાં શ્રીકૃષ્ણ કેવા સ્નાતક છે? એમ કહી યુધિષ્ઠિર અને ભીષ્મને ઠપકો આપે છે. શિશુપાલ શ્રીકૃષ્ણની પણ અનેક રીતે નિંદા કરે છે, અનેક કટુવચનો સંભળાવે છે, અનેક મર્મભેદ કટાક્ષો કરે છે. શિશુપાલની કઠોર વાતોથી કૃષ્ણ ક્ષુબ્ધ ન થયા. કારણ કે પ્રતિજ્ઞાથી બંધાયેલા કૃષ્ણે શિશુપાલના આ અપરાધને સો અપરાધની અંદર માન્યો. શિશુપાલે કરેલા શ્રીકૃષ્ણના અપમાનથી ભીષ્મ વધારે ગુસ્સે થાય છે. શ્રીકૃષ્ણ મનમાં શિશુપાલના આ અપરાધોને ગણે છે. શિશુપાલ અત્યંત ગુસ્સે થઈને યજ્ઞસભા છોડી પોતાની શિબિરમાં ચાલ્યો જાય છે અને યુદ્ધની ઘોષણા કરે છે. અનેક અમંગલના એંધાણ સાથે આ સર્ગની સમાપ્તિ થાય છે.*

**સર્ગ - 16 :***આ સર્ગમાં યુદ્ધનું આહ્વાન લઈને શિશુપાલનો દૂત કૃષ્ણ પાસે આવે છે અને દ્વિઅર્થી શબ્દોમાં શિશુપાલનો સંદેશો આપે છે. શ્રીકૃષ્ણના ઈશારાથી સાત્યકિ શિશુપાલના દૂતના વચનોનો જવાબ આપે છે. સાત્યકિ દૂતની વાણીને વિષયુક્ત અન્ન જેવી અનર્થકારી બતાવે છે. સાત્યકિ દૂતને જણાવે છે કે જો શિશુપાલ સંધિની ઈચ્છા રાખતો હોય તો યુદ્ધની તૈયારી કેમ કરે છે? જો યુદ્ધ થશે તો અનર્થ થશે. શિશુપાલે 100 અપરાધો પૂર્ણ કર્યાં છે હવે તે ચોક્કસ દંડ ભોગવશે. ત્યારે શિશુપાલનો દૂત સાત્યકિનાં વચનોનો જવાબ આપી શિશુપાલ વડે થનારા યુદ્ધની ચેતવણી આપે છે. આ સાથે આ સર્ગ પૂરો થાય છે.*

**સર્ગ - 17 :***શિશુપાલના દૂતનાં ગંભીર વચનો સાંભળી કૃષ્ણની સભા સંક્ષોભ પામે છે. ત્યાં ઉપસ્થિત અનેક રાજાઓમાં ગુસ્સો ફેલાય જાય છે. બલરામ અટ્ટહાસ્ય કરે છે. સાત્યકિના પિતામહ શિનિ ગુસ્સામાં જમીન પર પગ પછાડે છે. પાતાલ લોકમાં નાગોનો સમૂહ ભયભીત બને છે. જો કે બધા રાજાઓ ગુસ્સે થયા હોવા છતાં કૃષ્ણ શાંત રહે છે. ઉદ્ધવજી પણ કૃષ્ણને અનુસરે છે, શિશુપાલના દૂતની વિદાય પછી કૃષ્ણનું સૈન્ય યુદ્ધની તૈયારી કરે છે. શ્રીકૃષ્ણ શસ્ત્રો સજી વિકરાળરૂપ ધારણ કરી પોતાની ચતુરંગી સેના સાથે યુદ્ધ માટે પ્રયાણ કરે છે.*

**સર્ગ - 18 :** *આ સર્ગમાં કૃષ્ણ તથા શિશુપાલના સૈન્ય વચ્ચે તુમુલ યુદ્ધ ખેલાય છે. બન્ને પક્ષના સૈનિકો એકબીજાને જીતવાના નિર્ધાર સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે. યુદ્ધમાં લોહીની નદીઓ વહે છે. પક્ષીઓના સમૂહ માંસ ખાવાની ઈચ્છાથી આકાશમાં ઊડે છે. જાણે કે આખું રણમેદાન શરીરનું નિર્માણ કરનાર વિધાતાનું સૃષ્ટિ નિર્માણ સ્થળ ન હોય તેવું પ્રાણીઓના અંગોથી વ્યાપેલું હતું.*

**સર્ગ –19 :** *અહીં બલરામ અને નરકાસુરના પુત્ર વેણુદારી વચ્ચેનું યુદ્ધ, રુક્મણિના ભાઈ રૂક્મિનું કૃષ્ણના પક્ષપાતી પૃથુના હાથે મૃત્યુ, પ્રદ્યુમ્ને બતાવેલી બહાદુરી, પ્રદ્યુમ્નના પરાક્રમથી દેવતાઓનું પ્રસન્ન થઈ પુષ્પવૃષ્ટિ કરવી, પ્રદ્યુમ્નના વિજયથી શિશુપાલનો ક્રોધ બમણો થવો, પ્રદ્યુમ્નની સામે ધસી જવું. યાદવસેનાનું શિશુપાલની સેના પર તૂટી પડવું. ભયંકર યુદ્ધ, શિશુપાલ વડે પોતાનું સૈન્ય અવરોધાયેલું જોઈ શ્રીકૃષ્ણનું જાતે યુદ્ધ માટે તૈયાર થવું વગેરે પ્રસંગોનું વર્ણન આવે છે.*

**સર્ગ -20** **:**આ સર્ગમાં શ્રીકૃષ્ણનું પરાક્રમ જોઈને શિશુપાલ અત્યંત ક્રોધિત બને છે અને યુદ્ધ માટે શ્રીકૃષ્ણને પડકાર ફેંકે છે બંને વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. શિશુપાલ ધનુષ્યની પણછ ખેંચી ભીષણ ટંકાર કરે છે અને ધનુષ્યમાંથી બાણોની વર્ષા કરે છે. શિશુપાલના બાણો મર્મભેદી હોવા છતાં કૃષ્ણને કોઈ હાનિ પહોંચાડી શકતાં નથી. શિશુપાલ ભુજંગાસ્ત્રનો પ્રયોગ કરી હજારો સાપ પેદા કરે છે, ત્યારે કૃષ્ણ ગરુડાસ્ત્ર ફેંકી તેનો સામનો કરે છે. શિશુપાલે અગ્નિ-શસ્ત્રનો પ્રયોગ કરતાં શ્રીકૃષ્ણ પર્જન્યાસ્ત્રનો પ્રયોગ કરી તેને ડામી દે છે. આમ શિશુપાલ વડે પ્રયોગ કરાયેલા બધા જ પ્રયત્નોને શ્રીકૃષ્ણ નિષ્ફળ બનાવે છે અને અંતે પોતાના સુદર્શન ચક્રવડે શિશુપાલના શરીરને મસ્તક વગરનું બનાવી દે છે. શિશુપાલના શરીરમાંથી ઉત્પન્ન થયેલું તેજ શ્રીકૃષ્ણના દેહમાં વિલીન થઈ જાય છે. અને આ સાથે આ મહાકાવ્યનો અંત આવે છે.

## 8.3 શિશુપાલવધ મહાકાવ્યનો મૂળસ્રોત– આધારસામગ્રી :

મહાકવિ માઘે 'શિશુપાલવધ' મહાકાવ્યની રચના માટે મુખ્યત્વે મહાભારતમાંથી પ્રેરણા લીધી છે. મહાભારતના સભાપર્વના અધ્યાય 33થી 45 માં આ મહાકાવ્યની કથા મળે છે. આ ઉપરાંત શ્રીમદ્ભાગવદ્ પુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ તથા અગ્નિપુરાણ વગેરેમાં પણ શિશુપાલવધની કથા મળે છે. મહાકવિ માઘે વિવિધ ગ્રંથોમાંથી પ્રેરણા લઈને પ્રસ્તુત મહાકાવ્યની રચના કરી છે એમ લાગે છે, પરંતુ કવિએ આવા ગ્રંથોનો આધાર લઈ તેમાં કયા કયા ફેરફારો કર્યા? તેમાં મૌલિક સર્જન કયું ? વગેરે પ્રશ્નો ચર્ચાનો વિષય રહ્યા છે. આમ છતાં કવિએ જે ગ્રંથોનો આધાર લઈ પોતાની રચના કરી છે તેનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે.

**મહાભારત અન્તર્ગત શિશુપાલના વધની કથા :**

મહાભારતના સભાપર્વ અધ્યાયય 33 થી 45 માં કથા આવે છે તે મુજબ એકવાર નારદમુનિ મય દાનવ દ્વારા નિર્મિત પાંડવોની સભામાં ઉપસ્થિત થાય છે. યુધિષ્ઠિર નારદનું સ્વાગત કરી વિનમ્રતાપૂર્વક નારદને પૂછે છે કે નારદે આવી સભા બીજે ક્યાંય જોઈ છે ખરી ? ત્યારે જવાબમાં નારદ અનેક રાજાઓ, દેવતાઓ અને દેવરાજ ઈન્દ્રની સભાનું વર્ણન કરે છે. નારદે રાજા હરિશ્ચન્દ્રના વિષયમાં વાત કહેતાં યુધિષ્ઠિર નારદને પોતાના પિતા પાંડુને પિતૃલોકમાં જોવાનું કહે છે. ઉત્તરમાં નારદ યુધિષ્ઠિરને સમસ્ત પૃથ્વીને જીતવા રાજા હરિશ્ચન્દ્રની જેમ રાજસૂય યજ્ઞ કરવા અને પાંડુની પણ આ ઈચ્છા છે એમ જણાવે છે.

નારદની વિદાય પછી યુધિષ્ઠિર પોતાના ભાઈઓ સાથે રાજસૂય યજ્ઞ સંદર્ભે પરામર્શ કરી, તેમની અને બ્રાહ્મણો તથા અન્ય રાજાઓની અનુમતિ મેળવી શ્રીકૃષ્ણ પાસે દૂત મોકલે છે. યુધિષ્ઠિરના આમંત્રણને માન આપી શ્રીકૃષ્ણ ઈન્દ્રપ્રસ્થ આવે છે. યુધિષ્ઠિર શ્રીકૃષ્ણનો યજ્ઞ સંબંધી અભિપ્રાય લે છે. શ્રીકૃષ્ણ જરાસંધને મારીને તેમણે વશ કરેલા રાજાઓને મુક્ત કરાવ્યા વગર યજ્ઞ પૂર્ણ થશે નહિ એમ કહે છે. આથી ભીમ, અર્જુન અને શ્રીકૃષ્ણ જરાસંઘને જીતવા મગધ તરફ પ્રયાણ કરે છે અને ભીમ વડે જરાસંઘનો વધ થતાં યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞની તૈયારી કરે છે. ધૌમ્ય પુરોહિત યજ્ઞની બધી

*સામગ્રીઓ એકત્રિત કરે છે. યુધિષ્ઠિર યજ્ઞમાં પધારેલા બધા રાજાઓનો સત્કાર કરી યજ્ઞસભામાં પ્રથમ અર્ઘ્ય માટે ભીષ્મની સલાહ લે છે. ભીષ્મ શ્રીકૃષ્ણની અર્ઘ્ય માટે પસંદગી ઉતારે છે. સહદેવ વિધિપૂર્વક શ્રીકૃષ્ણ માટે અર્ઘ્યદાન કરે છે. ત્યારે ત્યાં સભામાં હાજર શિશુપાલ તેનો વિરોધ કરે છે અને ભીષ્મ તેમજ યુધિષ્ઠિરને ફૂટકારીને શ્રીકૃષ્ણને પણ ફટકારવાની શરૂઆત કરે છે. ભીષ્મનું અપમાન કરી શિશુપાલ સભા છોડી જાય છે. યુધિષ્ઠિર શિશુપાલ પાસે જઈ ભીષ્મની વાત માન્ય રાખવા સમજાવે છે, પરંતુ સહદેવ ગુસ્સે થાય છે અને "જે કૃષ્ણની પૂજાનો વિરોધ કરશે તેના મસ્તક ઉપર હું પગ મૂકીશ." એવો પોતાનો નિર્ણય જાહેર કરે છે. આ શ્રીકૃષ્ણના સુદર્શન ચક્ર વડે તેનો શિરચ્છેદ થાય છે અને ત્રણ જન્મ પૂરા થતાં શિશુપાલ શ્રી હરિના સારુપ્યને પામે છે.*

*વિષ્ણુપુરાણઃ વિષ્ણુપુરાણના ચોથા અધ્યાયના* 13*મા અધ્યાયમાં શિશુપાલવધ અંગેની કથા નિરૂપાયેલી છે. દમઘોષ અને શ્રુતશ્રવાને શિશુપાલ નામે પુત્ર જન્મ્યો. તે પૂર્વજન્મમાં દૈત્યરાજ હિરણ્યકશિપુ હતો. તેનો ત્રાસ વધી જતાં જગતના સ્વામીએ નૃસિંહનું સ્વરૂપ ધારણ કરી તેનો સંહાર કર્યો. બીજીવાર તે દશાન રાવણરૂપે પૃથ્વી ઉપર આવ્યો ત્યારે ભગવાને રામાવતાર ધારણ કરી તેનો વધ કર્યો અને અત્યારે તે ચેદીરાજ દમઘોષના પુત્ર શિશુપાલરૂપે જન્મ્યો છે. અંતે ભગવાન શ્રીકૃષ્ણના હાથે તેનો અંત આવ્યો.*

*અગ્નિપુરાણ : અગ્નિપુરાણ* 4 *થી* 12 *અધ્યાયમાં પણ આડકતરી રીતે શિશુપાલ અંગેની કથાનો ઉલ્લેખ મળે છે.*

*બ્રહ્મવૈવર્તપુરાણ : આ પુરાણના અધ્યાય* 113 *માં શિશુપાલવધ કથાનો ઉલ્લેખ છે. અહીં શ્રીકૃષ્ણના હાથે શિશુપાલનો વધ થયા પછી શિશુપાલનો આત્મા શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે અને પોતે કરેલા અપરાધ બદલ ક્ષમા યાચે છે.*

*આમ, શિશુપાલવધની કથા મહાભારત તેમજ પુરાણગ્રંથોમાં મળી આવે છે. જો કે પુરાણોનો રચનાકાળ નિશ્ચિત ન હોઈ પુરાણગ્રંથોમાં પ્રાપ્ત થતી આ કથા કદાચ માઘ પછીની પણ હોવાનો સંભવ છે, પરંતુ મહાભારતમાં આવતી શિશુપાલવધની કથા જોતાં મહાકવિ માઘે મહાભારતનો વિશેષ આધાર લીધો હશે એમ નિઃશંકપણે માની શકાય તેમ છે. કવિએ તેમાં કેટલાક ફેરફારો કરીને કથાવસ્તુને ઓપ આપવાનો પ્રયત્ન કર્યો છે. જે નીચે પ્રમાણે છે.*

## 8.4 મૂળકથામાં ભારવિએ કરેલા ફેરફારો

1. *મહાભારત તેમજ શ્રીમદ્ ભાગવતમાં શિશુપાલ શ્રીકૃષ્ણની નિંદા યજ્ઞસભામાં જ કરે છે, જ્યારે માઘના શિશુપાલવધ મહાકાવ્યમાં શિશુપાલ રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણનું અપમાન કરીને સભાની બહાર નીકળી જાય છે.*
2. *મહાકાવ્યમાં શિશુપાલ શિબિરમાં જઈ પોતાની સેનાને સજ્જ કરી કૃષ્ણ પાસે દૂત મોકલે છે. તે દૂત દ્વિઅર્થી શબ્દોમાં પ્રિય અને અપ્રિય વાત કરે છે. ત્યાર પછી*

*બંને સેના વચ્ચે યુદ્ધ થાય છે. છેલ્લે કૃષ્ણ અને શિશુપાલ વચ્ચે યુદ્ધ થાય છે. જેમાં શ્રીકૃષ્ણના હાથે શિશુપાલનો વધ થાય છે.*

3. *માઘે શ્રીકૃષ્ણને એક દેવ તરીકે નહિ, પરંતુ સંસારના એક લોકોત્તર પુરુષ તરીકે રજૂ કર્યો છે.*
4. *રાજસૂય યજ્ઞમાં અર્ધ્યના અધિકારીના પ્રશ્નને ખૂબ મહત્ત્વ અપાયું છે. શ્રીકૃષ્ણને પૂજાનો અધિકારી બનાવતાં તે શિશુપાલની નિદાનો ભોગ બને છે. બન્ને વચ્ચે ટપાટપી થાય છે. યુદ્ધ થાય છે અને શ્રીકૃષ્ણ દ્વારા શિશુપાલનો શિરચ્છેદ થાય છે. મહાકવિ માઘે આ કથામાં થોડો ફેરફાર કર્યો છે, માઘે શિશુપાલના દૂત પાસે શ્લેષપૂર્ણ શબ્દોમાં વાતો કરાવીને પછી યુદ્ધ મેદાનમાં શ્રીકૃષ્ણ દ્વારા શિશુપાલનો વધ કરાવ્યો છે.*
5. *મહાભારતમાં શ્રીકૃષ્ણને અર્ધ્યદાન આપવા અંગે સહદેવ પ્રસ્તાવ મૂકે છે તે વખતે શિશુપાલ અને ભીષ્મ વચ્ચે સંઘર્ષ થાય છે. શિશુપાલ અને ભીષ્મ વચ્ચે સંઘર્ષ થાય છે. શિશુપાલ શ્રીકૃષ્ણનું યુદ્ધ માટે આહ્વાન કરે છે. શિશુપાલની માતા સાત્વતીને શ્રીકૃષ્ણએ શિશુપાલના સો અપરાધ માફ કરવા માટે આપેલા વચનની શ્રીકૃષ્ણ રાહ જુએ છે. જ્યારે પ્રસ્તુત મહાકાવ્યમાં શિશુપાલ શ્રીકૃષ્ણનું અપમાન કરીને આ સ્થળ છોડી જાય છે. અહીં કવિ દૂત દ્વારા બંને સેના વચ્ચેના યુદ્ધનું મંડાણ કરે છે. શિશુપાલ સમાધાન માટેની બધી જ કોશિશને વિફળ બનાવે છે, જે યુદ્ધને અનિવાર્ય બનાવે છે.*
6. *મહાભારતમાં યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ અંગે માત્ર એક જ પંક્તિમાં વર્ણન છે, જ્યારે મહાકવિ માઘે તેનો વિસ્તાર કર્યો છે.*
7. *મહાભારત અને શ્રીમદ્ભાગવત મુજબ શિશુપાલનો વધ યજ્ઞસભામાં જ થાય છે, જ્યારે કવિએ તેનું મૃત્યુ રણમેદાનમાં કરાવ્યું છે.*

## 8.5 માઘની મૌલિકતા

*શિશુપાલવધ મહાકાવ્યમાં મહાકવિ માઘે જે મૌલિક ઉમેરાઓ કર્યા છે તેની માત્રા પણ વિશેષ છે. મહાકવિ માઘે ભગવાન શ્રીકૃષ્ણના જીવન અને શિશુપાલવૃત્તાન્ત અંગેનો એક નાનકડો પ્રસંગ લઈને તેમાં કેટલાક મૌલિક ઉમેરાઓ કરીને આ મહાકાવ્યની રચના કરી લેખક તરીકેની વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે.*

*પ્રથમ સર્ગમાં મહાકવિએ નારદ અને શ્રીકૃષ્ણ વચ્ચેની મુલાકાતમાં નાટ્યાત્મક ચિત્ર ઊભું કર્યું છે. બીજા સર્ગમાં શ્રીકૃષ્ણ દ્વારા બલરામ અને ઉદ્ધવની સલાહ લેવાનો પ્રસંગ એ કવિનું મૌલિક સર્જન છે. આ માટે માઘે ભારવિના કિરાતાર્જુનીયમ્ મહાકાવ્યની પ્રેરણા લીધી હશે એમ લાગે છે.*

*ત્રીજા સર્ગથી શરૂ કરી તેરમા સર્ગ સુધીમાં કવિએ અનેક પ્રકારનાં વર્ણનો રજૂ કર્યાં છે. ભારતની છ ઋતુઓ, યાત્રાવર્ણન, જલક્રીડા, પાનક્રીડા, સંધ્યા, ચંદ્રોદય, સૂર્યોદય, નગર, સમુદ્ર, પર્વત, દૂતપ્રેષણ, યુદ્ધ વગેરે વર્ણનો કવિની પોતાની કલ્પના છે. પાંડવો તેમજ શિશુપાલવ વચ્ચેના સંદેશાનું આદાન-પ્રદાન શિશુપાલનું યજ્ઞસભામાં નહિ, પરંતુ રણમેદાનમાં યુદ્ધ અને તેનો વધ વગેરે માઘનું મૌલિક પ્રદાન છે.*

આમ, મહાકવિ માઘ પ્રતિભાશાળી કવિ છે તે તેમની આ રચના ઉપરથી જણાઈ આવે છે. કવિએ મહાભારત તથા પુરાણગ્રંથોમાંથી કથાનો આધાર લઈ તેમાં યોગ્ય સુધારા વધારા તેમજ મૌલિક ઉમેરાઓ કરીને 'શિશુપાલવધ' મહાકાવ્યની રચના કરી કવિ તરીકેની મહાનસિદ્ધિ પ્રાપ્ત કરી છે.

## 8.6 પાત્રાલેખન

આ મહાકાવ્યમાં પાત્રોની સંખ્યા અલ્પ છે. કારણ કે એનું કથાવસ્તુ સંક્ષિપ્ત હોવાથી પાત્રોને વિશેષ અવકાશ મળ્યો નથી. શ્રીકૃષ્ણ અને શિશુપાલ એ આ મહાકાવ્યનાં પ્રધાન પાત્રો છે. બાકીનાં નારદ, ભીષ્મ, બલરામ, ઉદ્ધવ, યુધિષ્ઠિર, સાત્યકિ વગેરે પાત્રો પ્રસંગોપાત ઉપસ્થિત થયાં છે.

શ્રીકૃષ્ણ : શિશુપાલવધ મહાકાવ્યનો નાયક છે. શ્રીકૃષ્ણ એ દૈવીચરિત્રથી યુક્ત હોવા છતાં અને કવિએ તેનો ઈશ્વરરૂપે સ્વીકાર કર્યો હોવા છતાં તેમને માનવીય ગુણોથી યુક્ત ચિતરવાનો પ્રયત્ન કર્યો છે. માઘ શ્રીકૃષ્ણને જગતના સર્વોપરિ તરીકે માને છે. શ્રીકૃષ્ણ મધુરભાષી, શિષ્ટાચારી, સંયમી, સૌજન્યશીલ અને ઉદારભાવનાવાદી છે. નિર્ભીક છે. ઈન્દ્રનો સંદેશો લઈને આવેલા નારદજીનું તેણે કરેલું સ્વાગત તેનો શિષ્ટાચાર બતાવે છે. શિશુપાલ અનેક રીતે તેનું અપમાન કરતી હોવા છતાં પણ તે ધૈર્ય રાખે છે. પ્રથમ સર્ગમાં મિત્રધર્મ અને શત્રુવધ જેવા દ્વન્દ્વમાં ધર્મસંકટમાં મુકાયેલા તે પોતાના વડીલોની સલાહસૂચન પણ લે છે. સજ્જનોના મિત્ર એવા તે આદર્શ રાજા છે. શ્રીકૃષ્ણમાં નિયંત્રણ કરવાની અદમ્યશક્તિ છે. તે જગતની રક્ષા કરવા શક્તિમાન છે. એની વાણીમાં સંસ્કારિતા છે. જે નારદ સાથેના સંભાષણમાં જોઈ શકાય છે. તે રોગ અને શત્રુને સમાન ગણી તેનો સમૂળો નાશ કરવા ઈચ્છે છે. યુદ્ધભૂમિમાં શિશુપાલ સાથે અપ્રતીમ પરાક્રમ દર્શાવતા તેનામાં એક કુશળ યોદ્ધાનાં પણ દર્શન થયા વગર રહેતાં નથી. સુદર્શન ચક્રને યાદ કરતાં જ તરત જ હાજર થઈ જાય એવો અલૌકિક પ્રભાવ પણ તેમનામાં રહેલો છે.

શિશુપાલઃ એ આ મહાકાવ્યનો પ્રતિનાયક છે. તે અહંકારી, ઈર્ષ્યાળુ, ઘમંડી, ક્રોધી, અન્યાય કરનાર તથા અપશબ્દો બોલવામાં બેજોડ છે. એનું જીવન ઈર્ષ્યા અને દ્વેષથી ભરેલું છે. તે દમઘોષ અને સાત્વતીનો પુત્ર છે. શિશુપાલમાં ક્રોધની સાથે ગંભીરતા પણ રહેલી છે. રાજનીતિજ્ઞ છે. તે અપશબ્દો બોલે છે, પણ સાથે તે એટલો જ વાક્પટુ પણ છે. તેનુ શૌર્ય પ્રશંસાને પાત્ર છે. શ્રીકૃષ્ણ જેવા મહાપુરુષ સાથે બાથ ભીડનાર વ્યક્તિ પણ એટલી જ વિદ્વાન અને વીર હોય એ કવિએ શિશુપાલના પાત્ર દ્વારા રજૂ કર્યું છે.

નારદ : ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવે છે. ઈન્દ્રનો સંદેશો લઈને તે દ્વારિકામાં શ્રીકૃષ્ણ પાસે આવે છે. તેની દેહાકૃતિ ગૌરવર્ણની છે, પિંગલવી જટા, પીળી મુંજની મેખલા અને કાળિયાર મૃગના ચામડાને તેણે ધારણ કરી છે. શ્રીકૃષ્ણ નારદને સૂર્ય જેવા તેજસ્વી અને અજ્ઞાનના અંધકારને દૂર કરનારા તેમજ

શ્રુતિઓના અક્ષયનિધિ તરીકે ઓળખાવે છે. નારદ કુશળનીતિજ્ઞ અને વાપટુ છે. ચતુરાઈપૂર્વક તે ઈન્દ્રનો સંદેશો શ્રીકૃષ્ણને આપે છે. એટલું જ નહિ, શિશુપાલના વધમાં પણ નારદજીની પ્રેરણા જ મહત્ત્વની બની રહે છે.

ભીષ્મ : રાજસૂય યજ્ઞ વખતે યુધિષ્ઠિર અર્ઘ્યપ્રદાન અંગે ભીષ્મની સલાહ લે છે. તે પણ શ્રીકૃષ્ણના ભક્ત છે. તે શ્રીકૃષ્ણને માત્ર મનુષ્ય તરીકે નહિ, પરંતુ દૈત્યોનું દમન કરનાર પરમાત્મા તરીકે ઓળખાવે છે. ભીષ્મ મર્યાદાપ્રિય મહાપુરુષ, શાસ્ત્રોના પ્રકાંડ પંડિત, મહાનયોદ્ધા છે.

યુધિષ્ઠિર : શ્રીકૃષ્ણ પ્રત્યે અપાર શ્રદ્ધા રાખનારો ભક્ત છે. તેનામાં રહેલ વિનમ્રતા અને આદરભાવ અજોડ છે. શ્રીકૃષ્ણના આગમન સમયે યુધિષ્ઠિર પોતે શ્રીકૃષ્ણના રથની લગામ પકડી રાખીને શ્રીકૃષ્ણને આવકારે છે. તે ધર્મજ્ઞ છે. તેની વાણીમાં મધુરતા અને આંખોમાં સ્નેહ છે. યુધિષ્ઠિર શ્રીકૃષ્ણના મહિમા વિશે પરિચિત હોવા છતાં અર્ઘ્યદાન સમયે ભીષ્મની સલાહ લે છે. સભા છોડીને ચાલી નીકળેલા શિશુપાલને તે મનાવવા પ્રયત્ન કરે છે.

બલરામ : શત્રુઓના પરમ શત્રુ છે. મહાકવિ માઘે આ મહાકાવ્યમાં બલરામને એક વીર યોદ્ધા તરીકે ચિતર્યા છે. શ્રીકૃષ્ણ રાજાઓની મુક્તિ અને યુધિષ્ઠિરના યજ્ઞ સંદર્ભે બલરામની સલાહ લે છે. સ્પષ્ટપણે પોતાનો વિચાર રજૂ કરે છે અને શત્રુઓનો વધ કરવાને સમર્થન આપે છે. તે નમ્રતાને દોષપૂર્ણ માને છે. શત્રુની સાથે વેર લેતી વખતે તેઓ મિત્રના કાર્યની પણ ચિંતા કરતા નથી, તે અત્યંત આવેગશીલ છે.

ઉદ્ધવને ધીર, ગંભીર, સત્યવક્તા અને કુશળ રાજનીતિજ્ઞ તરીકે કવિએ નિરૂપ્યો છે. કૃષ્ણએ પૂછેલા અભિપ્રાય સંદર્ભે તે બલરામની સલાહની અવગણના કરીને શ્રીકૃષ્ણને દ્વન્દ્વાત્મક રીતે સમજાવી યુધિષ્ઠિરના યજ્ઞમાં જવાની સલાહ આપે છે. તેના વિચારો બલરામથી જુદા છે. તેનામાં વિદ્વત્તા અને ચતુરાઈનાં દર્શન થાય છે. નિરાભિમાની અને રાજનીતિના અઠંગ અભ્યાસી છે. તેમની વાણીમાં ગાંભીર્ય છે. અહીં તે સામાન્ય એક વડીલ તરીકે રજૂ થયા છે..

શિશુપાલનો દૂત શિશુપાલ જેવો જ અહંકારી, પ્રિય અને અપ્રિય બોલનારો છે. તે યુધિષ્ઠરને દ્વિઅર્થી શબ્દોનો પ્રયોગ કરી તિરસ્કારે છે અને શ્રીકૃષ્ણને યુદ્ધ માટે આહ્વાન કરે છે.

સાત્યકિ શિનિનો પૌત્ર અને શ્રીકૃષ્ણનો દૂત છે. શિશુપાલે મોકલાવેલા દૂતને તે શ્રીકૃષ્ણ તરફથી જવાબ આપે છે. દૂતને આપેલા ઉત્તરમાં તેનામાં રહેલી કુશળ રાજનીતિનાં દર્શન થાય છે.

## 8.7 'શિશુપાલવધ'માં વર્ણનવૈવિધ્ય

શિશુપાલવધ મહાકાવ્યમાં માઘે અનેક પ્રકારનાં વર્ણનો આપીને મહાકાવ્યને રોચક બનાવ્યું છે. તેમનાં વર્ણનો જીવંત અને પ્રભાવશાળી છે. જો કે તેમણે કાલિદાસ જેટલી ચીવટ રાખી નથી. મોટાભાગનાં વર્ણનોમાં કૃત્રિમતા જણાય છે. પર્વત, વન, ઋતુઓ,જલક્રીડા, મદ્યપાન, રતિક્રીડા, સૂર્યાસ્ત, ચંદ્રોદય, પ્રભાત, યુદ્ધ વગેરેનું

વર્ણન માઘની કુશળતાનો પરિચય આપે છે. રૈવતક પર્વતના વર્ણનમાં તેમણે કરેલી નવી કલ્પનાના કારણે વિવેચકોએ પ્રસન્ન થઈને તેમને ઘન્ટાઃ નું બિરુદ આપ્યું છે. તેમણે કરેલું દ્વારિકાનગરી અને ઈન્દ્રપ્રસ્થનું વર્ણન તેમજ પ્રકૃતિનું કરેલું વર્ણન રોચક છે. પ્રથમ સર્ગમાં દ્વારિકાનગરી તરફ આવી રહેલા નારદનું વર્ણન પણ રમણીય છે. ઉદય પામી રહેલા સૂર્યનું વર્ણન પ્રસ્તુત પ્રકૃતિ અને અપ્રસ્તુત માનવીય સંબંધોની અનુભૂતિ કરાવે છે. રૈવતક પર્વતની હાથી સાથે અને સૂર્ય અને ચન્દ્રની કરેલી ઘંટ સાથેની તુલના અત્યંત રમણીય છે. રૈવતક પર્વત પરથી વહી રહેલી નદીના વર્ણનમાં કવિ વાત્સલ્યની અનુભૂતિ કરાવે છે. સૂર્યાસ્ત સમયે બીડાતી કમળલતાના વર્ણનમાં પ્રિયતમના વિયોગથી પીડાતી પ્રિયતમાનું ચિત્ર ઊભું કર્યું છે. પ્રભાતના વર્ણનમાં કવિએ પોયણાં અને કમળોના સમૂહ તથા ઘુવડ અને ચક્રવાક યુગલના વર્ણનમાં જીવનના સુખ અને દુઃખની ઘટમાળ અંગે પણ ઈશારો કર્યો છે.

પ્રકૃતિનાં વર્ણનો ઉપરાંત મહાકવિ માઘ શબ્દચિત્રો દોરવામાં પણ એટલાં જ પ્રવીણ છે. જેની પ્રતીતિ આપણને 19મા સર્ગમાં થાય છે. અહીં ફક્ત કવિએ એક કે બે વર્ણનો જ પ્રયોગ કર્યો છે. યુદ્ધના વર્ણનમાં પણ માઘ સિદ્ધહસ્ત કવિ છે. પ્રકૃતિવર્ણનમાં કવિ પૌરાણિક પ્રસંગો પ્રયોજીને સુંદર ચિત્ર ઉપસાવે છે. જેમ કે, "જેમ પ્રલય સમયે વિષ્ણુ પોતાની શ્રી (લક્ષ્મી)ને ધારણ કરી સમુદ્રની વચ્ચે બિરાજે છે તેમ આ સૂર્ય ક્ષણ માત્રમાં બધા તારાઓનો સંહાર કરી પોતાની શ્રી(શોભા) સાથે ક્ષીરસાગર જેવા આકાશમાં બિરાજે છે."

## 8.8 રસનિરૂપણ

માઘના શિશુપાલવધ મહાકાવ્યનો પ્રધાન રસ વીર છે. શૃંગાર વગેરે ગૌણ રસ તરીકે આવે છે. ઉત્સાહ એ વીરરસનો સ્થાયીભાવ છે. રૌદ્ર તથા ભયાનક એ તેના સહાયક છે. પ્રસ્તુત મહાકાવ્યમાં માઘે શ્રીકૃષ્ણ અને શિશુપાલના પ્રસંગમાં વીરરસનું નિરૂપણ કર્યું છે. પ્રથમ સર્ગમાં શિશુપાલના વધ માટેનો શ્રીકૃષ્ણનો ઉત્સાહ વીરરસને સૂચવે છે. 15મા સર્ગમાં શિશુપાલની કૃષ્ણનિન્દા, અન્ય રાજાઓને ઉશ્કેરણી, ઘમંડી વચનો તેમજ 16મા સર્ગમાં શિશુપાલના દૂતનાં અપ્રિય વચનો વીરરસના ઉદ્દી પનનું કામ કરે છે. અઢાર, ઓગણીસમા અને વીસમા સર્ગમાં શ્રીકૃષ્ણ અને શિશુપાલ વચ્ચેના યુદ્ધમાં કવિએ વીરરસને વાચા આપી છે. આ મહાકાવ્યના 15મા સર્ગમાં રૌદ્રરસનો સ્થાયીભાવ ક્રોધનાં દર્શન થાય છે. આ મહાકાવ્ય વીરરસ પ્રધાન હોવા છતાં શૃંગારરસનું પણ એટલું જ પ્રાધાન્ય છે. કવિએ વિપ્રલંભ શૃંગાર કરતાં સંભોગ શૃંગારને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. માઘે નાયક – નાયિકાઓની ચેષ્ટાઓ, વનવિહાર, કામક્રીડા, જલક્રીડા વગેરેનું અમર્યાદ રીતે વર્ણન કર્યું છે. તેમણે શૃંગારના નિરૂપણમાં કોઈ પણ પ્રકારની મર્યાદા રાખી નથી. ઋતુઓના વર્ણનમાં પણ કવિએ પ્રણયને મહત્ત્વ આપ્યું છે. માઘ યુવતિઓના અંગોના લાવણ્યવર્ણન દ્વારા સૌંદર્યનું આકર્ષણ સર્જે છે. માઘે આ મહાકાવ્યના છઠ્ઠા અને સાતમા સર્ગમાં શૃંગારનું વિશેષ વર્ણન કર્યું છે. શૃંગારના વિભાવ, અનુભાવ વગેરેનું ચિત્રણ પણ માઘે એટલી જ કુશળતાથી કર્યું છે. જેમ કે સૂર્યાસ્ત અને ચંદ્રોદય એ શૃંગારના ઉદ્દીપન વિભાવ છે.

*મદ્યપાન તથા રતિક્રીડાના વર્ણનમાં કવિએ શૃંગારરસના અનુભાવ તથા સંચારી ભાવનું રમણીય વર્ણન કર્યું છે. સાથે સાથે યુદ્ધના વર્ણનમાં લાશોનું લોહી પીનાર તથા માંસ ખાનારા શિયાળના વર્ણનમાં બીભત્સ રસના સ્થાયી ભાવ જુગુપ્સાનું પણ વર્ણન કર્યું છે.*

## 8.9 'શિશુપાલવધ'માં સંવાદનિરૂપણ

*મહાકવિ માઘે શિશુપાલવધ મહાકાવ્યમાં સંવાદોથી નાટકીય તત્ત્વનું આકર્ષણ પેદા કર્યું છે. જેમ મહાકવિ કાલિદાસે રઘુવંશ, કુમારસંભવ વગેરે કૃતિઓમાં દિલીપ- સિંહ, રઘુ-ઈન્દ્ર, રઘુ-કૌત્સ જેવા સંવાદો યોજીને કાવ્યને રમણીય બનાવ્યું છે. તેમ મહાકવિ માઘે પણ આ મહાકાવ્યમાં શ્રીકૃષ્ણ-નારદ સંવાદ, શિશુપાલનો દૂત અને સાત્યકિ વચ્ચેનો સંવાદ, શિશુપાલ અને ભીષ્મ વચ્ચેનો સંવાદ, શ્રીકૃષ્ણ - યુધિષ્ઠિર સંવાદ પ્રયોજી પોતાની કુશળતા પ્રતિપાદિત કરી છે. પ્રથમ સર્ગમાં કૃષ્ણ અને નારદ વચ્ચેના સંવાદમાં શ્રીકૃષ્ણના ઉન્નત વ્યક્તિત્વની ઝાંખી થાય છે. નારદને શ્રીકૃષ્ણે પૂછેલો પ્રશ્ન શ્રીકૃષ્ણનું બુદ્ધિચાતુર્ય પ્રગટ કરે છે. નારદ શ્રીકૃષ્ણને તેમના અવતારીપણાની યાદ આપી શિશુપાલનો વધ કરવાની સલાહ આપે છે. શ્રીકૃષ્ણમાં વિશ્વકલ્યાણની ભાવના દેખાય છે.*

*બલરામ અને ઉદ્ધવજીના સંવાદમાં પરસ્પર વિરોધ પ્રગટ થાય છે. બલરામ આવેગશીલ અને કર્તવ્યનિષ્ઠ જ્યારે ઉદ્ધવ શાંત અને વિચક્ષણ રાજનીતિજ્ઞ તરીકે તરી આવે છે. શિશુપાલના દૂત અને સાત્યકિ વચ્ચેના સંવાદમાં કવિએ સંધિ અને વિગ્રહની ચર્ચા કુશળતાપૂર્વક કરી છે. શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદમાં સ્વામી અને સેવક, ભગવાન અને ભક્તનો સંબંધ દષ્ટિગોચર થાય છે. શિશુપાલ અને ભીષ્મ વચ્ચેના સંવાદમાં ભીષ્મનો ક્રોધ ધ્યાનાકર્ષક બની રહે છે.*

## 8.10 અલંકારવૈવિધ્ય

*મહાકવિ માઘે શિશુપાલવધ મહાકાવ્યમાં પ્રચુર માત્રામાં અલંકારોનો પ્રયોગ કર્યો છે. આ મહાકાવ્યના પ્રથમ અને દ્વિતીય સર્ગમાં કવિએ ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અર્થાન્તરન્યાસ, દૃષ્ટાન્ત, સમાસોક્તિ શ્લેષ વ્યતિરેક વગેરે અનેક અર્થાલંકારોનો પ્રયોગ કર્યો છે. એક, બે કે ચાર વર્ણથી આખો શ્લોક પૂર્ણ કરવાની માઘની નિપુણતા બતાવે છે.*

*એ જ રીતે એકાક્ષરબંધ, સર્વતોભદ્ર, ગોમુત્રિકા, મુરજબન્ધ, પ્રતિલોમાનુલોમ, ગૂઢચતુર્થ વગેરે ચિત્રબંધોનો પ્રયોગ કરવામાં કવિની વિચક્ષણ પ્રતિભાનાં દર્શન થાય છે. પ્રથમ સર્ગમાં નારદને બલરામ સાથે સરખાવતી આર્થી ઉપમા ઉત્તમ નમૂનો છે. (શિશુ 1-6)જેમાં માઘનો જીવનનો અનુભવ પ્રતિબિમ્બત થયો છે. તેવાં અર્થાન્તરન્યાસ અલંકારના અનેક ઉદાહરણો જોવા મળે છે. તેમજ "બહુ ઊંચુ અને પ્રજ્ઞાબળરૂપી પ્રધાન મૂળવાળું ઉત્સાહરૂપી વૃક્ષ કરથી ગ્રાહ્ય એવી વૃદ્ધિ પામેલી પ્રભુશક્તિને ઉત્પન્ન કરે છે." રૂપક અલંકારનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. ટૂંકમાં માઘની શૈલી અલંકૃત શૈલી છે. તેનો આપણને પરિચય થયા વગર રહેતો નથી.*

## 8.11 છંદનિરૂપણ

*મહાકવિ માઘે શિશુપાલવધ મહાકાવ્યમાં 22 જેટલાં છંદોનો પ્રયોગ કર્યો છે. પ્રથમ સર્ગના કુલ 75 શ્લોકોમાં 1 થી 73 શ્લોકો વંશસ્થ છંદમાં,74મા શ્લોકમાં પુષ્પિતાગ્રા અને 75મા શ્લોકમાં શાર્દૂલવિક્રીડિત છન્દ આવે છે. બીજા સર્ગમાં 118 શ્લોકોમાં 1 થી 115 શ્લોક અનુષ્ટુપ અને 119મા ઔપચ્છન્દસિક,117મા દ્રુતવિલંબિત અને 118મા શ્લોકમાં માલિની છંદ છે. ત્રીજા સર્ગમાં ઉપજાતિ અને રુચિરા છંદનો પ્રયોગ, ચોથા સર્ગમાં ઉપજાતિ, વસંતતિલકા, માલિની, પૃથ્વી,વંશસ્થ વગેરે અનેક છન્દો આવે છે. પાંચમા સર્ગમાં વસંતતિલકાનો સુંદર પ્રયોગ છે. સાતમા સર્ગમાં પુષ્પિતાગ્રા છન્દ આવે છે. આઠમામાં પ્રહર્ષિણી, નવમામાં પ્રમિતાક્ષરા, દસમા સર્ગમાં સ્વાગતા, અગિયારમા સર્ગમાં માલિની છન્દ, બારમા સર્ગમાં ઉપજાતિ, તેરમા સર્ગમાં મંજુભાષિણી, ચૌદમા સર્ગમાં રથોદ્ધતા, પંદરમામાં ઉદ્ગતા, સોળમા સર્ગમાં વૈતાલીય છન્દ, સત્તરમા સર્ગમાં રુચિરા, અઢારમા સર્ગમાં શાલિનીછંદ, ઓગણીસમો સર્ગ અનુષ્ટુપ છંદમાં તો વીસમો સર્ગ ઔપચ્છન્દસિક છન્દથી યુક્ત છે. આમ માઘે બાવીસ જેટલા છન્દોનો પ્રયોગ કરીને આ મહાકાવ્યને વૈવિધ્યસભર બનાવ્યું છે.*

## 8.12 ભાષાશૈલી

*માઘ સંસ્કૃત ભાષાના પ્રખર વિદ્વાન છે. માઘ પ્રસંગને અનુરૂપ ભાષાનો પ્રયોગ કરી જાણે છે. તેમણે વિવિધપાત્રોના મંતવ્યો દ્વારા પોતાના ભાષાવિષયક વિચારો સંકેતમાં દર્શાવ્યા છે. સુભાષિત પ્રકારની સરળ રચનાઓ કરી શકે છે. ઓજસગુણવાળી સમાસબદ્ધ રચના કરવામાં માઘ સિદ્ધહસ્ત કવિ છે. વ્યાકરણશાસ્ત્રના પણ તેઓ જ્ઞાતા છે. જે નીચેના ઉદાહરણ દ્વારા જણાય છે.*

**सन्तमेव चिरमप्रकृतत्वादप्रकाशितमदिद्युतदंगे।**

**विभ्रमं मधुमदः प्रमदानां धातुलीनमुपसर्ग इवार्थम्॥ ( १०-१५ )**

*માઘના મતે ભાષા અર્થગૌરવવાળી હોવી જોઈએ. શ્રીકૃષ્ણ પોતાનો મત આપવા અર્થપૂર્ણ વાણી અપનાવે છે, ઉદ્ધવજી અર્થગૌરવવાળી અને સત્યવાણી ઉચ્ચારે છે. બલરામના મતે પોતાની વૃદ્ધિ અને પારકાની હાનિ આ બે જ રાજનીતિ છે. કુશળ પુરુષો એને અપનાવે છે. શત્રુનો સમૂળગો નાશ કર્યા સિવાય સ્વમાની પુરુષો ઉદય પામતા નથી.*

*મહાકવિ માઘ માટે* माघे सन्ति त्रयो गुणाः। *એવી પ્રસિદ્ધ પંક્તિ છે. આ ઉક્તિ પ્રમાણે વિચારીએ તો કાવ્યની બાબતમાં મહાકવિ કાલિદાસ ઉપમા, ભારવિ અર્થગૌરવ અને દંડી પદલાલિત્યના કારણે વિશિષ્ટ સ્થાન પામ્યા છે, પરંતુ કવિ માઘમાં તો આ ત્રણેય ગુણોનો સમન્વય છે.*

**उपमा कालिदासस्य भारवेरर्थगौरवम्।**

**दण्डिनः पदलालित्यं माघे सन्ति त्रयो गुणाः॥**

*મહાકવિ માઘે શિશુપાલવધ મહાકાવ્યમાં અપ્રચલિત શબ્દોનો પણ પ્રયોગ કર્યો છે. જેમકે* व्रततीततीः(लताव्यूहान्), विष्टरे (आसने), किनाशः(यमः), प्रसेदुषः(प्रसन्नस्य)*વગેરે શબ્દો કવિની વિદગ્ધતાનો પરિચય કરાવે છે અને એટલે જ માઘ માટે* नवसर्गगते माघे नवशब्दो न विद्येत। *અર્થાત્ માઘના નવસર્ગો પૂરા કરતા કોઈ નવો શબ્દ અજાણ્યો રહેતો નથી એવી ઉક્તિ પ્રચલિત બની છે. શિશુપાલવધ મહાકાવ્યમાં મહાકવિ માઘે વ્યાકરણ વિષયક શબ્દો પણ પ્રચુર માત્રામાં પ્રયોજ્યા છે જેમ કે,* पर्यपूपुजत, अभिन्यवीविशत्, क्रियासमभिहारे*વગેરે શબ્દો માઘના પાંડિત્ય અને ભાષાસૌષ્ઠવને અલંકૃત બનાવે છે. માઘને અલંકૃત શૈલી પસંદ છે. તેની શૈલી ધીર અને ગંભીર છે. માઘની શૈલીમાં ચઢાણ અને ઉતરાણ જોવા મળે છે. તેની કવિતા વિદ્વત્તાના ભારથી દબાયેલી લાગે છે. ભારવિનું અર્થગૌરવ તેમજ દંડીનું પદલાલિત્ય માઘમાં જોવા મળે છે. માઘમાં કલા, કલ્પના અને અભિવ્યક્તિ સ્પષ્ટ તરી આવે છે. શિશુપાલવધ મહાકાવ્યમાં માઘે પ્રણય સંબંધી સ્થળોએ માધુર્ય અને સૌંદર્યને ભરપુર સ્થાન આપ્યું છે. માઘે 'ગૌડી' શૈલીનો પ્રયોગ કર્યો છે. આમ, સંસ્કૃત સાહિત્યના પ્રયોગશીલ કવિઓમાં મહાકવિ માઘ ગૌરવપૂર્ણ સ્થાન પામ્યા છે એમ નિર્વિવાદ કહી શકાય.*

## 8.13 માઘની વિદ્વત્તા

*માઘ સમર્થ વિદ્વાન કવિ હતા. તેઓ અનેક શાસ્ત્રોમાં પારંગત હતા. તેના સંદર્ભો નીચે મુજબ છે :*

*મીમાંસા - શિશુ.* 14-20 *શ્લોકમાં યુધિષ્ઠિર યજ્ઞનું વિવેચન કરે છે તેમાં— વેદ અને મીમાંસાનો સંદર્ભ છે. એ જ રીતે તેઓ શિશુ.* 14-21, 14-22 *પણ ઋત્વિજોના યાગ અંગે સંદર્ભ આપે છે.*

*વ્યાકરણ - શિશુ.* 1-15*માં માઘનું 'લકાર'નું જ્ઞાન દેખાય છે. ઉદાત્ત સ્વર એક પદમાં અન્ય સ્વરોને અનુદાત્ત કરે છે. (શિશુ.*7-95)*ઉપસર્ગો ધાતુના ગૂઢ અર્થને પ્રગટ કરે તેમ મદિરાના પદે પ્રમદાઓના વિલાસોને પ્રગટ કર્યા. (શિશુ.*10 15)

*જ્યારે પાણિનિ વ્યાકરણ સમરાંગણ હોય ત્યાં પણ સર્વ શબ્દ નિપાતિત મનાય છે. (શિશુ.* 19-75)

*સાંખ્ય : શિશુ* 1-32*માં મોક્ષપથનો ઉલ્લેખ છે. શિશુ*-14-60*માં બ્રહ્મ રૂપે કૃષ્ણ 'અદ્વૈત' એવા બુદ્ધિને અગોચર પરમતત્વરૂપે નિરૂપાયા છે.*

*બૌદ્ધદર્શન : બૌદ્ધ દર્શનના પાંચ સ્કન્ધો દ્વારા સહાય-સાધનો વગેરે સિદ્ધિપંચાગનો ઉલ્લેખ શિશુ* 2-28*માં છે.*

*જ્યોતિષઃ શિશુ* 13-22*માં ચન્દ્રની બન્ને બાજુએ (બીજા અને બારમા સ્થાને) સૂર્ય સિવાયના ગ્રહો હોય તો 'દુરુધરા' યોગ થાય છે તેવો ઉલ્લેખ માઘનું જ્યોતિષ જ્ઞાન બતાવે છે.*

*સંગીત : શિશુ 1-10, 11-1 માં માઘના સંગીતજ્ઞ હોવાની પ્રતીતિ થાય છે. આ ઉપરાંત રાજનીતિ (સર્ગ-2)કાવ્યશાસ્ત્રના (20-86)આયુર્વેદ (સર્ગ- 2)કામશાસ્ત્ર (સર્ગ-10)પુરાણ (2-107, 14-68, 14-86) હસ્ત્યશ્વ શાસ્ત્ર (સર્ગ-5)ના પણ ઉલ્લેખો છે. આમ માઘ વિદ્વાન કવિ હતા.*

## 8.14 કલ્પાંતરસ્થાયિત્વ

*શિશુપાલવધ એ મહાકવિ માઘનું અમર સર્જન છે. એની સાહિત્ય કલા સર્વાંગ સુંદર છે અને એટલે જ માઘ નિશ્ચિત રીતે પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં પ્રથમ હરોળમાં સ્થાન પામનારા મહાકવિ છે.*

*ઉપસંહાર : મહાકવિ માઘ સમક્ષ તેમના પુરોગામી આલંકારિકોએ રજૂ કરેલાં મહાકાવ્યનાં લક્ષણો હતાં જ એટલે એમણે એ સર્વ લક્ષણોનો તલસ્પર્શી અભ્યાસ કર્યા પછી પોતાના શિશુપાલવધ મહાકાવ્યને એક દ્રષ્ટાંત રૂપ મહાકાવ્ય બનાવવાનો સભાન પ્રયાસ કર્યો છે. એમણે મોટેભાગે દંડીએ દર્શાવેલાં મહાકાવ્યનાં લક્ષણોને વિશેષ કરીને ધ્યાનમાં લીધા છે એવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.*

## 8.15 તમારી પ્રગતિ ચકાસો.

1.*શિશુપાલવધ મહાકાવ્યનો સર્ગવાર સારાંશ લખો.*

______________________________________________________

2.*શિશુપાલવધ મહાકાવ્યનું સાહિત્યિક મૂલ્યાંકન કરો.*

______________________________________________________

**લેખક : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા, અસોસિએટ પ્રોફેસર,**
**એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ,**

## એકમ : 9 : માઘ : પરિચય

### રૂપરેખા

**9.0 ઉદ્દેશો**

**9.1 પ્રસ્તાવના**

**9.2 મહાકવિ માઘનું જીવન**

**9.3 મહાકવિ માઘનો સમય**

**9.4 તમારી પ્રગતિ ચકાસો.**

### 9.0 ઉદ્દેશો

1.*પંડિત યુગના ત્રણ પંડિત કવિઓ અંતર્ગત મહત્ત્વના કવિ માઘનો તમને પરિચય થવો અત્યંત જરૂરી છે. આ એકમ દ્વારા તમને સુપેરે એમનો પરિચય પ્રાપ્ત થશે.*

2.*સંસ્કૃત વિવેચન સાહિત્યમાં માઘની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે એનો પરિચય પણ આ એકમ દ્વારા થશે.*

### 9.1 પ્રસ્તાવના

*શ્રેષ્ઠ પાંચ મહાકાવ્યોમાં જેને આદરપૂર્વક સ્થાન મળ્યું છે તેવાં 'શિશુપાલવધ' મહાકાવ્યના રચયિતા માઘ સંસ્કૃત સાહિત્ય જગતમાં ગૌરવપૂર્ણ સ્થાન પામ્યા છે. માઘના પ્રશંસકો તેને* काव्येषु माघः *કહીને બિરદાવે છે. એક પ્રશંસકે માઘની પ્રશસ્તિ કરતાં નોંધ્યું છે કે,*

**उपमा कालिदासस्य भारवेरर्थगौरवम्।**

**दण्डिनः पदलालित्यं माघे सन्ति त्रयो गुणाः।।**

*એટલે કે,"મહાકવિ કાલિદાસ ઉપમાથી ભારવિ અર્થગૌરવથી અને દંડી પદલાલિત્યથી સંસ્કૃત સાહિત્યમાં ગૌરવપૂર્ણ સ્થાન પામ્યા છે તો માઘમાં આ ત્રણેય ગુણ રહેલા છે."*

*માઘ એ પ્રકાંડ પંડિત કવિ, સંસ્કૃત ભાષામાં શબ્દભંડોળ અને વ્યાકરણની વિશિષ્ટતાઓના જ્ઞાતા, દર્શનશાસ્ત્ર અને વિવિધ વિદ્યાશાખાઓના પ્રખર અભ્યાસી છે. માઘ વિષે સત્ય હકીકત મેળવવા કોઈ ચોક્કસ પુરાવાનો અભાવ છે છતાં ભોજપ્રબંધ, પ્રબંધ ચિંતામણિ, પ્રભાવકચરિત વગેરેમાં જે કેટલીક વિગતો મળે છે તેના આધારે તેમના જીવન તથા સમય અંગે ચર્ચા કરવાનો પ્રયત્ન થયો છે.*

## 9.2 મહાકવિ માઘનું જીવન

*'ભોજપ્રબંધ'માં મહાકવિ માઘ વિશે જે હકીકત મળે છે તે મુજબ માઘ ગુજરાતના વતની હતા. યુવાવસ્થા દરમિયાન ગુજરાતમાં દુકાળ પડ્યો ત્યારે માઘનો સ્વભાવ દાનેશ્વરી હોઈ દુષ્કાળ પીડિત લોકોને પોતાની બધી સંપત્તિ વહેંચી દીધી અને દરિદ્ર બની ગયો. દરિદ્ર બનેલો માઘ 'कुमुदवनम्' વાળા શ્લોક સાથેનો એક પત્ર લઈને પત્નીને રાજા ભોજ પાસે મોકલે છે. રાજા ભોજે માઘને આજીવિકા ચલાવવા ત્રણ લાખ આપ્યા પણ રસ્તામાં માઘની દાનવીરતાની પ્રશંસા કરતા ભિક્ષુકો માઘની પત્નીને ઘેરી વળ્યા અને માઘની પત્નીએ રાજા ભોજ પાસેથી મળેલી બધી રકમ ભિક્ષુકોને આપી દીધી. પત્નીને ખાલી હાથે પાછી ફરેલી જોઈ અને કારણ જાણી માઘ અત્યંત રાજી થયો. માઘ પહેલાં ધનાઢ્ય હશે, પરંતુ તેની દાનવીરતાના કારણે તે નિર્ધન બની ગયો હશે. રાજા ભોજ પણ તેની સંપન્નાવસ્થામાં તેની મહેમાનગતિ માણતા હતા. માઘના મૃત્યુ સમયે રાજા ભોજ મૌન ધારણ કરી સો બ્રાહ્મણો સાથે સ્મશાને ગયા હતા. પોતાના પતિનાં બાકીનાં કાર્યો પૂર્ણ કરવાની જવાબદારી રાજા ભોજને સોંપી માઘની પત્ની માઘની ચિતામાં જ સતી થઈ.*

*મેરુતુંગાચાર્યાના પ્રબંધચિતામણિમાં માઘ વિશે જે ઉલ્લેખ મળે છે તે મુજબ માઘ 'શ્રીમાલ'ના વતની હતા. જ્યોતિષીઓ માઘ પૂર્વાવસ્થામાં ધનાઢ્ય બનશે, પરંતુ ઉત્તરાવસ્થામાં તે નિર્ધન બની જશે અને પગે સોજા આવીને મૃત્યુ તેનું મૃત્યુ થશે એવી આગાહી કરી હતી. માઘે દાન અને ભોગ દ્વારા પિતાના ધનનો યોગ્ય ઉપયોગ કર્યો. પરંતુ જીવનના અંતિમ તબક્કામાં તે અત્યંત દરિદ્ર બની ગયો. પોતાના નગરમાં પણ રહેવાનું મુશ્કેલ જણાતાં તેણે રાજા ભોજની નગરી તરફ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચી માઘે પોતાનું મહાકાવ્ય પત્ની દ્વારા રાજાભોજ પાસે પહોંચાડ્યું. માઘની પત્નીની દરિદ્ર અવસ્થા જોઈને રાજા ભોજ આશ્ચર્ય પામ્યા. કારણ કે પહેલાં માઘ દ્વારા આમંત્રિત થયેલા રાજા ભોજને માઘના ઘેર સર્વ પ્રકારના સુખનો અનુભવ થયો હતો.*

*રાજાભોજે જ્યારે માઘનું મહાકાવ્ય 'શિશુપાલવધ' ઉઘાડ્યું ત્યારે રાજાની નજર* "कुमुदवनमपश्रि श्रीमदम्भोजखण्डम्*વાળા પ્રભાત નું વર્ણન દર્શાવતા શ્લોક ઉપર પડી. કાવ્યની ચમત્કૃતિ અને શબ્દની ઔચિત્યતાથી પ્રસન્ન થેલા રાજાએ માઘની પત્નીને પ્રચુર પ્રમાણમાં રૂપિયા આપ્યા. પાછા ફરતી વખતે માઘની પત્નીને ભિક્ષુકો ઘેરી વળ્યા. આથી તેણે રાજા ભોજ પાસેથી મળેલ રકમ યાચકોને આપી દીધી. આમ જ્યોતિષીઓની ભવિષ્યવાણી અનુસાર માઘના પગે સોજા આવ્યા અને દરિદ્રાવસ્થામાં તેનું અવસાન થયું. માઘના મૃત્યુથી ભોજને અત્યંત દુઃખ થયું. ભોજે શ્રીમાળનું નામ 'ભિન્નમાલ' રાખ્યું.*

*મુનિ જિનવિજયજીએ 'પુરાતન પ્રબંધસંગ્રહ' માં માઘ વિશે કેટલીક વિગતો આપી છે.*

*જ્યોતિષીઓએ માઘના જન્મ સમયે એવી આગાહી કરી હતી કે માઘ 84 વર્ષની ઉંમરે અને પગમાં સોજા આવીને મૃત્યુ પામશે. માઘનો જન્મ 'શ્રીમાલ' માં થયો. એમના પિતાનું નામ કુમુદ પંડિત કે દત્ત હતું. પિતાએ માઘના જીવનમાં ધનનો અભાવ ન*

*આવે એ માટે બધી વ્યવસ્થા કરી હતી. યુવાવસ્થામાં અભ્યાસ દરમિયાન માઘ કાવ્ય લખીને પોતાના પિતાને બતાવતો, પરંતુ પિતાને તેનાથી સંતોષ થતો ન હતો. છેવટે માઘે 'શિશુપાલવધ' મહાકાવ્યની રચના કરી, પણ તે રચના અન્યની હોવાનું કહીને પિતાને બતાવી. જયારે માઘના પિતા આ કાવ્ય જોઈ પ્રસન્ન થયા ત્યારે માઘે તે કાવ્ય પોતાનું સર્જન હોવાનું જણાવ્યું. માઘના આ પ્રકારના કપટપૂર્ણ વ્યવહારથી પિતા ગુસ્સે થયા અને માઘને શાપ આપ્યો કે "હવે પછી ભવિષ્યમાં તું આનાથી સારી કાવ્યરચના કરી શકીશ નહિ." આ રચનાથી માઘે વિદ્વાનોમાં સન્માન પ્રાપ્ત કર્યું. પિતાના મૃત્યુ પછી માઘ વિલાસી બની ગયા. આમ તેમની એકમાત્ર રચના 'શિશુપાલવધ' સિવાય બીજી કોઈ કૃતિ આપણને મળતી નથી.*

*એકવાર માઘ રાજા ભોજનો અતિથિ બન્યો, ત્યારે ભોજના આતિથ્ય સત્કારથી માઘને સંતોષ ન થયો. આથી માઘે ભોજને પોતાના ઘરે આમંત્રણ આપ્યું. માઘે ભોજનો ભવ્ય આદરસત્કાર કર્યો. માઘના મહેલના આંગણામાં 'જલ' હોવાનો ભ્રમ પેદા થતો હતો. તેનો વૈભવ કોઈ ધનાઢ્ય વ્યક્તિને પણ શરમાવે તેવો હતો. આ દૃશ્ય જોઈ રાજા ભોજ પણ આશ્ચર્યમાં પડી ગયાં, પરંતુ દાનેશ્વરી વૃત્તિ અને વિલાસપૂર્ણ જીવનશૈલીના કારણે માઘ વૃદ્ધાવસ્થામાં નિર્ધન બની ગયા. ત્યારે 'શિશુપાલવધ' મહાકાવ્યની રચના જોઈને રાજાભોજે માઘને ત્રણ લાખનું દાન આપ્યું. જે પત્નીએ યાચકોને ભેટ ધરી દીધું હતું. સિદ્ધર્ષિના 'પ્રભાવકચરિત' નામના પ્રબંધમાં માઘ વિશે જે વિગતો મળે છે તે આ પ્રમાણે છે. વર્મલાત નામના રાજા ભીનમાલ નામના રાજ્યમાં રાજય કરતા હતા. તેમના મંત્રીનું નામ સુપ્રભદેવ હતું. સુપ્રભદેવને દત્ત અને શુભશંકર નામે બે પુત્રો હતા. તેમાં દત્તનો પુત્ર તે માઘ. તેની માતાનું નામ બ્રાહ્મી હતું. દત્તનો બાળપણનો મિત્ર રાજા ભોજ હતો. ઉપરોક્ત ત્રણે પ્રબંધોના અભ્યાસ દ્વારા માઘ અને ભોજ બંને એક જ યુગમાં થઈ ગયાનો પ્રથમદર્શીય પુરાવો મળે છે. જો કે માઘે પોતાની રચના 'શિશુપાલવધ' મહાકાવ્યમાં રાજા ભોજનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી, પણ માઘની પત્ની રાજા ભોજ પાસે જે 'શિશુપાલવધ' કાવ્ય લઈને ગઈ હતી તેમાં 'અંભોજ' શબ્દમાં રહેલો 'ભોજ' નો આડકતરો ઉલ્લેખ થઈ ગયો છે.*

**कुमुदवनमपश्रि श्रीमदम्भोजखण्डं । त्यजति मुदमुलूकः प्रीतिमाश्चचक्रवाकः ।**
**उदयमहिमरश्मिर्याति शीतांशुरस्तं हतविधिलसितांनाही विचित्रोविपाकः ॥**

**(શિશુપાલવધ -11-64)**

*આ શ્લોકમાં પ્રાતઃકાળના વર્ણનરૂપે ભોજનો આડકતરો ઉલ્લેખ અને દરિદ્રતાના કારણે માઘની થયેલી દુર્દશાનો ખ્યાલ આવે છે. રાજા ભોજ માઘની બદલાયેલી આર્થિક પરિસ્થિતિ જોઈ માઘની પત્ની દ્વારા 'હી' પદના ઉલ્લેખ માત્રથી વાત સમજી ગયા અને દયાર્દ્ર બની માઘને ત્રણ લાખ રૂપિયા આપી દીધા. કદાચ માઘની દાનવીરતા જોઈને અને માઘની સમૃદ્ધ જીવનશૈલી ટકાવી રાખવાના આશયથી જ રાજા ભોજે આટલી માતબર રકમ આપી હશે એમ માની શકાય.*

*મહાકવિ માઘે પોતાના 'શિશુપાલવધ' મહાકાવ્યમાં* कविवंशख्याति *અંગે જે શ્લોકો રજૂ કર્યા છે તે તેમના જીવન અંગે કેટલીક ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે.*

सर्वाधिकारी सुकृताधिकारः श्रीवर्मलाख्यस्य बभूव राज्ञः।

असक्तदृष्टिर्विरजाः सदैव देवोऽपरः सुप्रभदेवनामा ॥१॥

कालेमिति तथ्यमुदक्पथ्यं तथागतस्येव जनः सचेताः।

विनानुरधात्स्वहितेच्छयैव महीपतिर्यस्व वचश्चकार ॥२॥

तस्याभवद्दत्तक इत्युदात्तः क्षमी मृदुर्धर्मपरस्तनूजः।

यं वीक्ष्यं वैयासमाजातशत्रोर्वचो गुणग्राहीजनैः प्रतीये ॥३॥

सर्वेण सर्वाश्रय इत्यनिन्द्यमानन्दभाजा जनितं जनेन ।

यश्चं द्वितीय स्वयमद्वितीयो मुख्यः सतां गौणमवाप नाम ॥४॥

श्रीशब्दरम्यकृतसर्गसमाप्तिलक्ष्म लक्ष्मीपते श्चरितकीर्तनमात्र चारु ( चारुमाद्य )।

तस्यात्मजः सुकविकीर्तिदुराशयादः काव्यंव्यधत्त शिशुपालवधाभिधानम् ॥५॥

*આ શ્લોકો માઘ વિશે પ્રમાણભૂત કહી શકાય તેવી માહિતી આપે છે. માઘના દાદાનું નામ સુપ્રભદેવ અને પિતાનું નામ દત્તક કે કુમુદપંડિત હતું. આ દત્તક કે કુમુદપંડિતના પુત્ર માઘે 'શિશુપાલવધ' નામના મહાકાવ્યની રચના કરી. પ્રસ્તુત કાવ્યનાં અંતમાં* "इति श्री भिन्नमालव वास्तदव्यदत्तकसूनोमहा वैयाकरणस्य माघस्य कर्ता शिशुपालवध महाकाव्य।"

*અર્થાત્ "દત્તકના પુત્ર, ભિન્નમાલના વતની તેવા વ્યાકરણશાસ્ત્રના જ્ઞાતા એવા માઘે શિશુપાલવધ મહાકાવ્યની રચના કરી છે."*

*આમ, ભોજપ્રબંધ, પ્રબંધચિંતામણિ, પ્રભાવકચરિત વગેરે ગ્રંથોના આધારે મહાકવિ માઘ અને રાજા ભોજ વચ્ચે ગાઢ સંબંધ રહ્યો હશે એમ લાગે છે. ક્યારેક મહાકવિ માઘને ભોજના બાળમિત્ર તરીકે તો ક્યારેક ભોજના દરબારના આશ્રિત કવિ તરીકે રજૂ કરવાનો પ્રયત્ન થયો છે.*

## 9.3 મહાકવિ માઘનો સમય

*ઈતિહાસને સંસ્કૃત સાહિત્યની નબળી કડી કહી છે. કારણ કે સંસ્કૃત કવિઓના જીવન, સમય તથા તેમના સર્જન વિશે કોઈ ચોક્કસ, આધારભૂત કહી શકાય તેવી માહિતી મળતી નથી. અન્ય સંસ્કૃત કવિઓની જેમ મહાકવિ માઘના સમય વિશે પણ ચોક્કસ માહિતી આપણી પાસે નથી. છતાં તેમની રચના 'શિશુપાલવધ'ના આધારે કેટલીક હકીકત મળે છે તેના આધારે તેમનો કાલનિર્ણય તારવવાનો પ્રયત્ન થયો છે.*

*'શિશુપાલવધ' મહાકાવ્યના શ્લોક 19-120માં મહાકવિ માથે પોતાના વિશે આડકતરો ઉલ્લેખ કર્યો છે. જેમાં કવિના જીવન, સમય તથા મહાકાવ્ય લખવા પાછળનો ઉદ્દેશ પ્રગટ થયો છે. આ શ્લોકમાં કવિએ* 'माघकाव्यमिदं' *અને 'શિશુપાલવધઃ' શબ્દનો પ્રયોગ કર્યો છે. સાથે સાથે ગુર્જર પ્રતિહાર રાજાનો પણ નિર્દેશ છે. પ્રતિહારે ઈ.સ. 755 થી 800 સુધી ભીનમાલ, કનૌજ અને માળવામાં શાસન કર્યું હતું. માઘ પ્રતિહાર*

*રાજા મિહિર ભોજના શાસનકાળ દરમિયાન થઈ ગયા. તેથી માઘનો જન્મ ઈ.સ. 744 થી 800 ની વચ્ચે થયો હશે એમ કેટલાક માને છે.*

*સંસ્કૃત સાહિત્યના સુપ્રસિદ્ધ આલંકારિક વામન (ઈ.સ. નવમી સદી) અને આનંદવર્ધન (ઈ.સ. 850) માઘનાં કેટલાંક પદ્યોનો પોતાના ગ્રંથોમાં ઉલ્લેખ કરે છે. વામન તુલ્યયોગિતા અલંકારની ચર્ચા વખતે શિશુપાલવધનો શ્લોક (શિશુ. 3-53)ટાંકે છે અને આનંદવર્ધન ધ્વન્યાલોકમાં માઘનો ઉલ્લેખ (5-26)કરે છે.*

*આ ઉપરથી એમ ચોક્કસ કહી શકાય કે માથ વામન અને આનંદવર્ધન પહેલાં એટલે કે માઘ ઈ.સ. 850 પહેલાં થઈ ગયાં હશે.*

*નવમી સદીમાં થઈ ગયેલા દક્ષિણ ભારતના રાજા અમોઘવર્ષ (ઈ.સ. 814)ના સભાકવિ નૃપતુંગે દંડીના કાવ્યાદર્શના આધારે કન્નડ ભાષામાં લખાયેલ 'કવિરાજમાર્ગ' માં મહાકવિ માઘનો ઉલ્લેખ કર્યો છે. એના આધારે માઘ નવમી સદી પહેલાં થઈ ગયા એ નિશ્ચિત છે.*

*શિશુપાલવધ મહાકાવ્યના બીજા સર્ગમાં માઘ રાજનીતિ વિષયક એક શ્લોક (શિશુ. 2-112)રજૂ કરે છે -*

**अनुत्सूत्रपदन्यासा सद्वृत्तिः सनिबन्धना । शब्दविधेव नो भाति शजनीतिश्पस्पशा ॥**

*ઉપર્યુક્ત શ્લોકમાં મહાકવિ માઘે વ્યાકરણગ્રંથો, વૃત્તિ-કાશિકાવૃત્તિ સાથે* न्यास *શબ્દનો પ્રયોગ કર્યો છે. મલ્લિનાથે કાશિકાવૃત્તિનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. ચીની યાત્રી ઈત્સિંગ કાશિકાવૃત્તિના લેખક તરીકે વામન અને જયાદિત્યનો ઉલ્લેખ કરે છે, પરંતુ 'ન્યાસ' નામના ગ્રંથની રચના કરનાર જિનેન્દ્રબુદ્ધિનો ઉલ્લેખ કરતા નથી. જિનેન્દ્રબુદ્ધિના આ ગ્રંથની રચના લગભગ ઈ.સ. 700ની છે. ઈત્સિંગ જિનેન્દ્રબુદ્ધિનો ઉલ્લેખ કરતો નથી. ઈત્સિંગ ઈ.સ. 695માં ભારતથી પાછા ફર્યા, એના આધારે એમ માની શકાય કે ઈત્સિંગને જિનેન્દ્રબુદ્ધિના આ 'ન્યાસ' નામના ગ્રંથની ખબર ન હતી. આ સંજોગોમાં માઘને જિનેન્દ્ર પછી એટલે કે આઠમી સદીમાં થેલા માનવા પડે, પરંતુ છઠ્ઠી સદીમાં થઈ ગયેલા બાણભટ્ટે હર્ષચરિતમાં 'ન્યાસ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે.* कृतगुरुपदन्यासा इव व्याकरणेऽपि । - हर्षचरित. *તેથી માઘ જિનેન્દ્ર પહેલાં લગભગ ઈ.સ. 650 થી 675 ની વચ્ચે થઈ ગયા હશે એમ માનવામાં કોઈ વાંધો નથી.*

*શિશુપાલવધની હસ્તપ્રતોમાં માઘના પિતામહ સુપ્રભદેવને રાજા વર્મલાતના મંત્રી તરીકે બતાવાયા છે. ડૉ કિલહોર્નને રાજસ્થાનના વસંતગઢમાંથી 'વર્મલાત' રાજાનો એક શિલાલેખ મળ્યો. જેનો સમય લગભગ ઈ.સ. 625 નો છે. એના આધારે માઘને ઈ.સ.650 થી 700 માં થઈ ગયાનું માની શકાય.*

## 9.4 તમારી પ્રગતિ ચકાસો.

1.*મહાકવિ માઘના જીવન અને સમય વિશે નોંધ લખો.*

**લેખક : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા, અસોસિએટ પ્રોફેસર,**
**એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ,**

## એકમ : 10 : નૈષધીયચરિતમ્ પરિચય

### રૂપરેખા


**10.0 ઉદ્દેશો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 'નૈષધીયચરિતમ્' ની આધારસામગ્રી : મૂળ સ્રોત**

**10.3 શ્રીહર્ષે 'નૈષધ'માં કરેલાં ફેરફારો**

**10.4 'નૈષધીયચરિતમ્નો સર્ગશઃ સારાંશ :**

**10.5 'નૈષધીયચરિતમ'નું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન**

**10.6 ' નૈષધીયચરિતમ'માં રસવૈવિધ્ય**

**10.7 'નૈષધીયચરિતમ'માં છંદનિરૂપણ :**

**10.8 નૈષધે પદલાલિત્યમ્ - નૈષધમાં પદલાલિત્યઃ**

**10.9 नैषधे अर्थगौरवम् । - નૈષધમાં અર્થગૌરવ**

**10.10 નૈષધમાં અલંકારનિરૂપણઃ**

**10.11 नैषधं विद्वद्- औषधम् । - 'નૈષધ' તો વિદ્વાનોનું ઔષધ !**

**11.0 ઉપસંહાર**

**10.11 તમારી પ્રગતિ ચકાસો.**


### 10.0 ઉદ્દેશો

*1.પાંચ મહાકાવ્યો અંતર્ગત પંડિત યુગમાં રચાયેલા 'નૈષધીયચરિતમ્' મહાકાવ્યનો પરિચય કરાવવો એ આ એકમનો મુખ્ય ઉદ્દેશ છે.*

*2.આ નૈષધ કાવ્યની રચના થતાં જ ભારવિ અને માઘ નિસ્તેજ થઈ ગયા હતા એવી પંક્તિ પ્રચલિત બની હતી, તો એવા કયા કાવ્યતત્ત્વોને કારણે આ મહાકાવ્યની પ્રતિષ્ઠા બની એનો પરિચય તમને આ એકમ દ્વારા થશે.*

### 10.1 પ્રસ્તાવના

*શ્રીહર્ષ અને એમના મહાકાવ્યની સૌથી વધુ પ્રતિષ્ઠા પંડિત યુગના ત્રણ પંડિત કવિઓમાં થયેલી જોવા મળે છે એટલું જ નહીં પણ આ મહાકાવ્યની રચના થતાંની સાથે જ ભારવિ અને માઘ જેવા મહાકવિઓ તેજ વિનાના થઈ ગયા એવી પંક્તિ પણ પ્રચલિત બની ગઈ હતી.*

*નિષધ દેશનો રાજા 'નૈષધ' અર્થાત્ રાજા નળ. 'ચરિતમ્' એટલે નળનું દમયંતી સાથેના વિવાહ સુધીનું જીવનચરિત્ર. તેના જીવનવિષયક ચરિતનું આલેખન તે 'નૈષધીયચરિત' કે 'નૈષધચરિત'.*

*શ્રીહર્ષે મહાકાવ્ય માટે 'નલકથા' પસંદ કરી, તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે. કારણ કે આ નલકથા અમૃતથી પણ અધિક આહ્લાદક છે. આ કથા વાણીને પણ પવિત્ર કરનારી હોવાનું કવિએ (સર્ગ-1, શ્લોક-3)માં સૂચવ્યું છે. પુણ્યશ્લોક એવા નળરાજાની મધુર કથા કયા માણસનું મન નથી મોહતી ? મનુષ્યની તો વાત બાજુએ રહી, પણ નિષધ દેશના મહાપ્રતાપી અધીશ્વરની કથાનું સેવન કરનારા દેવોને પણ અમૃત ફીક્કું લાગે છે.*

## 10.2 'નૈષધીયચરિતમ્' ની આધારસામગ્રી : મૂળસ્રોત

*'નૈષધચરિત' મહાભારતપ્રસિદ્ધ નલકથા પર નિર્ભર મહાકાવ્ય છે. સંસ્કૃતમાં નલવિષયક અનેક કાવ્યો નાટકો રચાયેલાં છે, 'નલચરિત', 'નલભૂમિપાલ રૂપક', 'નલયાદવ રાઘવપાંડવીય', 'નલવર્ણનકાવ્ય', 'નલાનંદ', 'નલોદય' આદિ અનેક નલકથાવિષયક રચનાઓ છે. સમગ્ર ભારતમાં જેમ સંસ્કૃતમાં તેમ પ્રાદેશિક ભાષાઓમાં પણ નળકથાનું આકર્ષણ કાવ્યસર્જકોને ખૂબ રહ્યું છે.*

**મહાભારત અન્તર્ગત નલકથા**

*શ્રીહર્ષે નૈષધમાં જે નળકથા-ભાગ નિરૂપ્યો છે, તેનો આધાર મહાભારતના વનપર્વના 27 અધ્યાયોમાં આવતી નલકથાના શરૂઆતના માત્ર 6 અધ્યાયોના 158 શ્લોકો છે. આમ, મહાભારતના 'નલોપાખ્યાન'નો ચોથો ભાગ પોતાના મહાકાવ્યના સર્જન માટે શ્રીહર્ષે પસંદ કર્યો છે. તે જોઈએ છે.*

*બ્રહ્મમુનિ દ્વારા યુધિષ્ઠિરને નલકથાનું શ્રવણઃ નલોપાખ્યાન મહાભારતમાં બ્રહ્મમુનિ યુધિષ્ઠિરને કહે છે. તે મુજબ નિષધના રાજા વીરસેનના પુત્રો હતા- નલ અને પુષ્કર તો પેલીબાજુ વિદર્ભરાજા ભીમને ત્રણ પુત્રો અને ચોથી દમયંતી નામની પુત્રી.*

*હંસ દ્વારા પ્રેમસંદેશ અને સ્વયંવરનું આયોજન : એક રાજહંસ નળ અને દમયંતીના પ્રેમસંદેશનો વાહક બને છે. દમયંતીના સ્વયંવરનું આયોજન થાય છે. તેમાં દમયંતી વડે દેવોનો પણ અસ્વીકાર કરી નળને વરમાળા પહેરાવે છે. દેવો વડે આશીર્વાદ અપાય છે. દમયંતીના સ્વયંવરમાં કલિને વિલંબ થતાં તેની ઈચ્છા અપૂર્ણ રહેતાં તે ઈર્ષ્યાને કારણે નળ-દમયંતીના પ્રેમનો વિચ્છેદ કરવાનો નિર્ણય કરે છે.*

**કલિનો ઈર્ષ્યાથી પ્રેરિત થઈ નળના શરીરમાં પ્રવેશ :**

*નળ-દમયંતીને છૂટા પાડવાની ઈચ્છાથી કલિનળના દેહમાં પ્રવેશે છે. તે તેના ભાઈ પુષ્કર સાથે દ્યૂતમાં પરાજિત થઈ દમયંતી સાથે વનવાસ ભોગવે છે.*

*બે પુત્રો સાથે નળ-દમયંતી વનમાં આવે છે. કલિ પક્ષીરૂપે આવી એકવાર આ દંપતીના વસ્ત્રો લઈ જતો રહે છે.*

*નિરાશ નળ દ્વારા દમયંતીને પિતા પાસે મૂકવાનો નિર્ણય : નળ વનમાં પડતી મુશ્કેલીઓને કારણે પત્નીને તેના પિતાના ઘરે મૂકવાનો નિર્ણય કરે છે પણ દમયંતી તેમ કરવા ઈચ્છતી નથી. એકવાર દમયંતીને સૂતી મૂકીને નળ ક્યાંક જતો રહે છે. કમનસીબે એક શિકારી એકલી દમયંતી પર દૃષ્ટિ કરે છે. દમયંતી તેને શાપ અપાતા તે મરણ પામે છે.*

*દમયંતીનું 'ચેદિ' દેશમાં આગમન : વનવાસ દરમિયાન કેટલાક મુનિઓ ભવિષ્ય ભાખે છે કે નળ-દમયંતીનું પુનર્મિલન જરૂર થશે. એ પછી દમયંતી વિચરતા સમુદાય સાથે સુબંધુ રાજાના 'ચેદિ' દેશમાં આવી ચડે છે.*

*નલનું બાહુકમાં રૂપાંતરઃ દમયંતીને છોડી નયેલ નળ દાવાનળનો સામનો કરતાં એક કર્કોટક નામના નાગને બચાવે છે. પણ નાગ તેને અચાનક કરડવાથીતી કદરૂપો બની જાય છે.*

*આથી નળને પેલો નાગ 'બાહુક' એવું નામ રાખવાનું કહે છે. અને અયોધ્યામાં રાજા ઋતુપર્ણને ત્યાં જતાં રહેવા અનુરોધ કરે છે. નાગ દ્વારા નળને એક વસ્ત્રની જોડ આપવામાં આવે છે, જે પહેરવાથી નળ પોતાની મૂળ અવસ્થામાં સમય આવ્યે પ્રાપ્ત થઈ શકશે. નળ નાગના આદેશ અનુસાર રાજા ઋતુપર્ણ ને ત્યાં અશ્વશાળાના અશ્વાધ્યક્ષ તરીકે નિયુક્તિ પાત્ર છે.*

*રાજા ભીમ દ્વારા નળ-દમયંતી શોધ : બીજીબાજુ દમયંતીના પિતા ભીમ તે બંનેની શોધખોળ આદરે છે. દમયંતીની ભાળ મળી જાય છે. 'બાહુક' વિશે જાણીને ભીમના દૂતોને શંકા પડી છે. ભીમ આ વિશે સાંભળીને દમયંતીની બનાવટી સ્વયંવરનું આયોજન કરે છે આ બાજુ રાજા ઋતુપર્ણ આ સ્વયંવરમાં જવા બાહુકને શીઘ્રથી શીઘ્ર પહોંચાડવા આદેશ કરે છે. કલિ નળના શરીરમાંથી બહાર નીકળે છે. ઋતુપર્ણને વિધર્મમાં આવેલો જોઈ ભીમ આશ્ચર્ય અનુભવે છે. બાહુકના હાથે બનેલી રસોઈથી તે નળ જ છે એમ સાબિત થાય છે, અને આમ બંને પુત્રો સહિત નળ દમયંતીનું મિલન થાય છે.*

*નળ દ્વારા પોતાના રાજ્યની પુનઃ પ્રાપ્તિ : નળ વિદર્ભમાં એક મહિનો રહી પોતાના રાજ્યમાં પાછો ફરી પુનઃ એકવાર પુષ્કર સાથે દ્યૂત રમી પોતે વિજય પામી ચાર વર્ષ પછી પોતાનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરે છે અને એમ બાકીનું જીવન હર્ષોલ્લાસથી પસાર કરે છે.*

## 10.3 શ્રીહર્ષે 'નૈષધ'માં કરેલાં ફેરફારો

*મહાભારતની નલ-દમયંતી વિષયક મૂળકથામાં શ્રીહર્ષે જે મહત્ત્વપૂર્ણ પરિવર્તનો કર્યા તે આ પ્રમાણે છે.*

(1)*નલચરિત્રનું ઊર્ધ્વીકરણઃ 'મ.ભા.'માં નલ દ્વારા હંસ સમક્ષ શરત મૂકવામાં આવે છે કે તે તેનો દૂત બની દમયંતી પાસે જાય. પણ 'નૈષધ'માં આવી કોઈ શરત નથી નળ હંસે કરેલા વિલાપથી તેની પ્રત્યે દયાભાવવાળો બની તેને મુક્ત કરે છે.*

(2)હંસોના સમૂહ નહીં પણ એક જ હંસ : મ.ભા.માં હંસોનો સમૂહ કુંડિનપુર નગરમાં દમયંતી સમક્ષ બતાવ્યો છે, જ્યાં દમયંતી એમાંના એક પાછળ દોડે છે, જ્યારે 'નૈષધ'માં એક જ હંસ દમયંતી તરફ જાય છે.

(3)પુત્રીના પ્રણયભાવની જાણ : મૂળકથામાં રાજા ભીમને દમયંતીની સખીઓ દ્વારા તેના મનોભાવોની જાણ થાય છે, જ્યારે 'નૈષધ'માં દમયંતીને કામાવસ્થામાં આવેલી મૂર્છાને કારણે ભીમને સીધી જ ખબર પડે છે.

(4)દેવોના આગમનવિષયક અંતર : મ.ભા.માં દમયંતી વિશે મુનિ નારદ ઈન્દ્રને કહી રહ્યા હોય છે ત્યારે અગ્નિ આદિ દેવો ત્યાં આવી ચડે છે. જ્યારે 'નૈષધમાં નારદ મુનિના ગયા બાદ ઈન્દ્ર પૃથ્વી ઉપર આવે છે ત્યારે અગ્નિ આદિ દેવોને આવતાં દર્શાવ્યાં છે.

(5)મ.ભા.ની કથામાં નળ-દમયંતીના વિવાહ બાદ ઘણા સમય પછી કલિનું આગમન થાય છે, જ્યારે 'નૈષધ'નાં નળ-દમયંતીના વિવાહ પછી તરત જ કલિનું આગમન થાય છે અને ત્યાં તો બંનેને રતિક્રીડા કરતાં જુએ છે.

(6)મ.ભા.માં નળને પ્રત્યેક દેવ બબ્બે વરદાન આપે છે. પણ અહીં 'નૈષધમાં ઈન્દ્ર ચાર અને અગ્નિ ત્રણ વરદાન આપે છે.

(7)મૂળકથામાં નળને દમયંતીના અન્તઃપુરમાં જવા દેવો કહે છે, પણ તેમાં કેવી રીતે જવું એ વિશે તે મૂંઝવણ અનુભવે છે, છેવટે નળ પોતાની ઓળખાણ પ્રગટ કરે છે, જ્યારે 'નૈષધ'માં દમયન્તીને ચતુરાઈપૂર્વક નળનું નામ જાણી લેતી બતાવાઈ છે અને આમ અચાનક નામ જાહેર થઈ જતાં નળને દેવકાર્યમાં વ્યવધાન આવવાથી પશ્ચાત્તાપ કરતો બતાવાયો છે.

## 10.4 'નૈષધીયચરિતમ્'નો સર્ગશઃ સારાંશ :

સર્ગ-1 - મહાન પુણ્યશ્લોક રાજા નળના કામણગારા રૂપનું વર્ણન

- દમયંતીના મનમાં નળ પ્રત્યેનો અનુરાગ
- દમયંતીને મેળવવાની નળ રાજાની ઈચ્છા
- નળના વનવિહારનું વર્ણન
- નળ વડે સરોવર અને રાજહંસનું દર્શન સુવર્ણ હંસનું ગ્રહણ અને તેનું આક્રંદ, અંતે મુક્તિ

સર્ગ-2 -સુવર્ણ હંસ દ્વારા નળ પ્રત્યે આભારની લાગણી

- રાજા નળનું કંઈક પ્રિય કરવા હંસની ઈચ્છા
- દમયંતીનું હંસે કરેલું વર્ણન
- ત્રૈલોક્ય સુંદરી દમયંતી સાથે નળનો મેળાપ કરાવવાની હંસની ઈચ્છા
- ઈન્દ્રાદિ દેવોને પણ દમયંતીને પામવાની ઈચ્છા
- હંસના પ્રસ્તાવથી પ્રસન્ન નળનો ઉત્તર
- કામપીડિત નળની ઉક્તિઓ

- *હંસની ઈચ્છાને નળનું અનુમોદન*
- *કુંડિનપુર નગર તરફ હંસનું ઉડ્ડયન ત્રણેય લોકના સારભૂત કુંડિનપુરનું હંસે કરેલ વર્ણન. કંસ દ્વારા દમયંતીનું દર્શન*

*સર્ગ-3 – સુવર્ણ અને દમયંતી દ્વારા પકડવાનો પ્રયત્ન.*

- *દમયંતી સમક્ષ હંસ દ્વારા નળના પરાક્રમ અને ઐશ્વર્યનું વર્ણન .*
- *દમયંતી અને હંસ વચ્ચે સંવાદ*

*સર્ગ-4-દમયંતીની કામસંતપ્ત અવસ્થા*

- *પિતા ભીમસેન વડે દમયંતીનો સ્વયંવર રચવાનું આયોજન*

**સર્ગ-5 -સ્વયંવરમાં આવવા ઈન્દ્રાદિ દેવોની તૈયારી**

- *માર્ગમાં રાજા નળ સાથે દેવોનો મેળાપ,*
- *દૌત્યકર્મ કરવા નળને દેવોનો પ્રસ્તાવ*
- *નળની વિમાસણ અને પ્રસ્તાવનો સ્વીકાર*

*સર્ગ-6 - નળનું દમયંતીના અંતઃપુરમાં આગમન -ઈન્દ્ર સાથે વિવાહ માટે દમયંતીનો ઈન્કાર*

*સર્ગ-7 - દેવદૂત નળ દ્વારા દમયંતીનું દર્શન અને દમયંતીના દેહલાલિત્યનું વર્ણન.*

*સર્ગ-8 દમયંતી સમક્ષ નળનું પ્રગટ થવું અને દેવદૂતકાર્ય ઈન્દ્રાદિ દેવોની કામપીડિત અવસ્થાનું વર્ણન*

*સર્ગ-9 - દેવદૂતનો પોતાનો પરિચય મેળવવા દમયંતીની જિજ્ઞાસા,દમયંતી - નળનો રુચિકર સંવાદ*

*સર્ગ-10 – દમયંતીના સ્વયંવર સમારોહનું વર્ણન*

*સર્ગ-11-12 -સ્વયંવરમાં દેવી સરસ્વતી દ્વારા દેવો, રાક્ષસો, ગંધર્વો, વિદ્યાધર, યક્ષ, વાસુકિ અને પૃથ્વી પરના રાજાઓનો પરિચય.*

*સર્ગ-13 - દમયંતી સામે એક જેવા પાંચ નળની ઉપસ્થિતિ અને દમયંતીની મૂંઝવણ.*

*સર્ગ-14 - દમયંતી વડે દેવોની સ્તુતિ પ્રસન્ન દેવોએ પ્રગટ કરેલું સ્વરૂપ.*

- *નળનું દમયંતી વડે વરણ*

*સર્ગ-15 -નળ-દમયંતીના વિવાહમહોત્સવ પૂર્વેની તૈયારીઓ*

*સર્ગ-16 -દમયંતીના ભાઈ દમનકે કરેલું જાનૈયાઓનું સ્વાગત*

- *વિવાહમહોત્સવની ઉજવણી*
- *પુત્રી દમયંતીનો વિદાયપ્રસંગ વિદર્ભની રાજધાનીમાં વરવધૂનું સ્વાગત*

સર્ગ-17 -કલિપ્રસંગ

- દેવો દ્વારા ચાર્વાકોના મતનું ખંડન, વૈદિકમતનું પ્રતિપાદન
- કલિ દ્વારા નળ પાસેથી પત્ની અને રાજ્ય પડાવી લેવાની પ્રતિજ્ઞા

સર્ગ-18 નળ-દમયંતીની રતિક્રીડાનું વર્ણન

સર્ગ-19 સુમધુર પ્રભાતે વૈતાલિકોએ કરેલું કર્ણપ્રિય ગાન

સર્ગ-20 દમયંતીનો સખીઓ સાથે આનંદ-પ્રમોદ

- રાજાની નળની દિનચર્યાનું વર્ણન

સર્ગ-21 રાજા નળે કરેલું દેવોનું પૂજન-અર્ચન

- મધ્યાહ્ન પૂજન અને સંધ્યાપૂજનનું વર્ણન

સર્ગ-22 રાજા નળ વડે સંધ્યા, અંધકાર અને ચંદ્રોદયનું વર્ણન

આમ, આ 22 સર્ગના વિશાળ ફલક ઉપર આકારિત મહાકાવ્ય નળની સમગ્ર જીવનને આવરી લેતું દર્શાવાયું નથી પણ નળના જીવનનો પૂર્વાર્ધ જ વર્ણવે છે. ડૉ. કેશવ નારાયણ વાટવે જેવા વિવેચકોનો અભિપ્રાય છે કે, નવદંપતીના જીવનમાં વિઘ્ન ઊભું કરવાની કલિની પ્રતિજ્ઞા પૂર્ણ થતી બતાવવા નળના જીવનને ઉત્તરાર્ધ જરૂરી છે. શ્રીહર્ષે તે વિભાગ રચ્યો હશે, જે હાલમાં પ્રાપ્ત થતો નથી અથવા તો કોઈ કારણે તે ન પણ રચાઈ શક્યો હોય.

જો કે, પ્રસ્તુત મત સાથે કીથ, ચંડિકાપ્રસાદ શુક્લ આદિ વિદ્વાનો સંમત થતા નથી. તેઓને મતે 'નૈષધચરિત' સંપૂર્ણ કાવ્ય જ છે. કારણ કે કવિએ પોતે જ નળના શૃંગારપોષક જીવનના અંશનું જ નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરેલી હોવાથી 22મા સર્ગે મહાકાવ્ય પૂર્ણ થાય એ યોગ્ય જ છે.

## 10.5 'નૈષધીયચરિતમ'નું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

સંસ્કૃત અલંકાર શાસ્ત્રીઓએ મહાકાવ્યનાં જે જે લક્ષણો દર્શાવ્યા છે, તે બધાં જે - તે મહાકાવ્યમાં હોય જ એવું જરૂરી નથી અને એથી કાંઈ કાવ્ય દૂષિત પણ બનતું નથી એનું કારણ એ છે કે અલંકારશાસ્ત્રીઓએ પણ તેમની નજર મહાકાવ્યને ધ્યાનમાં રાખીને આ લક્ષણો રચ્યાં છે. 'નૈષધ'માં મહાકાવ્યના ઘણાં લક્ષણો મળી આવે છે, તેથી તેને પંચમહાકાવ્યોમાં સ્થાન પ્રાપ્ત થયું છે. જેમ કે-

(1)સર્ગ : 'નૈષધ'માં 22 સર્ગો છે. કુલ 2804 શ્લોકો છે. દરેક સર્ગને અંતે ભાવિ કથાનકનું સૂચન છે. દરેક સર્ગમાં આવતા કથાવસ્તુ મુજબ સર્ગનું નામકરણ થયેલું છે.

(2)આરંભ : 'નૈષધ'નો આરંભ કથાવસ્તુના નિર્દેશથી યુક્ત નાન્દીશ્લોકથી થયો છે. જેમાં જણાવ્યું છે કે નળ-દમયંતીની કથા અમૃતથી પણ અધિક સુંદર અને મધુર છે.

(3)શીર્ષક : 'નૈષધ'નું શીર્ષક નિષધ દેશના રાજા નળને લગતું છે. અહીં નળના પૂર્વજીવનનું આલેખન છે.

*(4)વસ્તુ : આ મહાકાવ્યનું કથાવસ્તુ મહાભારતના વનપર્વના 'નલોપાખ્યાન'માં આવતાં 182 શ્લોકોમાંથી લીધેલું છે. આમ, આ મહાકાવ્યનો ઉદ્‌ગમ ઐતિહાસિક ગ્રંથમાંથી થયો છે.*

*(5)નાયક : 'નૈષધ'નો નાયક રાજા નળ ધીરોદાત્ત છે. ધીરોદાત્ત તરીકે સર્વ ગુણો તેનામાં દર્શાવાયાં છે.*

*(6)વર્ણનો : 'નૈષધ'માં ઉદ્યાન, વિરહાવસ્થા, અશ્વ, દમયંતી, કુંડિનપુર, અંતઃપુર, પ્રભાત, સંધ્યા, ચંદ્રોદય વગેરે વર્ણનો કવિએ ઔચિત્ય સાથે કર્યા છે.*

*(7)રસ : આ મહાકાવ્યનો મુખ્ય રસ શૃંગાર છે, શૃંગારના પણ બંને પ્રકારો વિયોગ અને સંયોગનું નિરૂપણ અહીં છે. દમયંતીની વિરહાવસ્થામાં તે જોઈ શકાય છે. તો વળી ગૌણ રસ તરીકે અન્ય રસોનો વિનિયોગ પણ શ્રીહર્ષે કરેલો છે. જેમ કે - હંસની ઉક્તિમાં કરુણ, કલિ અને દેવોના સંવાદમાં હાસ્ય રસ, તો નળના વર્ણનમાં વીર રસનો વિનિયોગ દર્શાવાયો છે.*

*(8)અલંકાર : 'નૈષધ'માં શબ્દાલંકાર, અર્થાલકાર બંનેનો ઉપયોગ ખૂબ સફળ રીતે શ્રીહર્ષે કર્યો છે.*

*(9)વૃત્ત (છંદ) : આ મહાકાવ્યમાં 19 વૃત્તો કવિએ પ્રયોજ્યાં છે. સાત સર્ગોમાં ઉપજાતિ છંદ છે તો સાથે સાથે વંશસ્થ, અનુષ્ટુપ, વસંતતિલકા, દ્રુતવિલંબિત, હરિણી, પૃથ્વી, દોધક આદિ છંદોનો પ્રયોગ શ્રીહર્ષે કર્યો છે.*

*(10)ચતુર્વર્ગફલપ્રાપ્તિ : આ મ.કા. માં આમ તો ધર્મ, અર્થ, કામ એ ત્રણ પુરુષાર્થો તો છે જ પણ તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ ક્યાંક મોક્ષ પણ પ્રતીકાત્મક રીતે સૂચવાયો છે.*

*(11)કલ્પાન્તરસ્થાયિત્વ: 'નૈષધ'માં આ લક્ષણો પણ યથાર્થ નીવડે છે. કારણ કે તેની રચનાના આટલા વર્ષો પછી પણ એ ચિરકાલીન પ્રતિષ્ઠા પામ્યું છે.* उदिते नैषधे काव्ये क्व माघः क्व च भारविः। *જેવું વિધાન સૂચવે છે કે આ મહાકાવ્ય વિદ્વદ્‌જનોમાં ખૂબ પ્રસિદ્ધિ પામ્યું છે.*

*આમ, 'નૈષધીયચરિત' મહાકાવ્યનાં સર્વ લક્ષણોથી સભર છે. અને તેથી જ તે પંચમહાકાવ્યમાં વિશેષ સ્થાન પામ્યું છે.*

## 10.6 'નૈષધીયચરિતમ'માં રસવૈવિધ્ય

नैषधीयचरितम् शृंगार अमृत – शीतगुः ।

*શ્રીહર્ષનું નૈષધીચરિત શૃંગાર રસનું મહાકાવ્ય છે. શબ્દોનો સુંદર વિન્યાસ તથા દેવો, મનુષ્ય અને તિર્યક્યોનિના મનોભાવોનો સમુચિત સંન્નિવેશ કરી શ્રીહર્ષે સહૃદયીઓના મનને હરી લીધું છે. શ્રીહર્ષે શૃંગારસનું વર્ણન કરવામાં ખૂબ સહૃદયતા દાખવી છે. કવિએ પોતે જ પોતાના આ મહાકાવ્યને "શૃંગાર-અમૃત-શીતગુ:" અર્થાત્ "શૃંગારરૂપી અમૃત માટેનો ચંદ્ર" કહ્યું છે, તે સર્વથા યોગ્ય જ છે.*

*શ્રીહર્ષે રસોના પ્રવાહથી નૈષધને સતત રસસભર બનાવ્યું છે. શૃંગારરસના સંભોગ પક્ષનું ચિત્રણ નળ-દમયંતીના સમાગમમાં પૂર્ણરૂપે કર્યું છે, તો વિયોગપક્ષને દમયંતીની દૃષ્ટિએ ચોથા સર્ગમાં વ્યાપકરૂપે વર્ણવ્યો છે. દમયંતીની કરુણ અવસ્થાનું એક માર્મિક વર્ણન જોઈએ.*

**इयमनङ्गशशावलिपन्नगक्षतविसाशिवियोगविषाशा।**

**शशिकलेव खशांशुकशर्दिता करुणनीरनिधौ निदधौ न कम् ॥ ( ४.३३ )**

*અહીં કવિ કહે છે, દમયંતીને કામદેવના બાણરૂપી સર્પોએ ડંખ દીધો, જેથી વિયોગરૂપી વિષ ફેલાઈ જવાથી તેની વ્યાકુળ કરી દીધી. આથી સુંદરી દમયંતીની દશા સૂર્યના કિરણોથી સંતપ્ત ચંદ્રકલા જેવી થઈ ગઈ, આવી તેને જોઈને કોણ કરુણાસાગરમાં ન ડૂબી જાય ?*

*શૃંગારની સાથે કવિએ ગૌણરસ એવાં વીરરસનું આલેખન સર્ગ 1, 4અને 5માં દેવો અને કવિના વર્ણનમાં સુંદર રીતે કર્યું છે. રૌદ્ર રસની વ્યંજના જોવા મળે છે. તો વળી નળના હાથે પકડાયેલા હંસના દયનીય શબ્દોમાં કરુણરસની જમાવટ કવિએ બરાબર કરી છે.*

## 10.7 'નૈષધીયચરિતમ'માં છંદનિરૂપણ

*શ્રીહર્ષે આ મહાકાવ્યમાં મુખ્યપણે ઈન્દ્રવજાના પ્રકારનો ઉપજાતિ નામનો છંદ વિશેષરૂપે પ્રયુક્ત કર્યો છે, વંશસ્થ, વસંતતિલકા, સ્વાગતા શ્લોક જેવા છંદો કવિએ સફળ રીતે પ્રયોજ્યા છે.*

*આ ઉપરાંત દ્રુતવિલંબિત, રથોદ્ધતા, હરિણી, વૈતાલીય તેમજ પુષ્પિતાગ્રા માલિની, શિખરિણી, સ્રગ્ધરા અને મન્દાક્રાન્તા પણ સુંદર રીતે પ્રયોજ્યા છે. ક્યાંક પૃથ્વી, તોટક અને દોધક પણ જોવા મળે છે.*

## 10.8 નૈષધે પદલાલિત્યમ્ - નૈષધમાં પદલાલિત્ય

*શ્રીહર્ષનું આ મહાકાવ્ય તેના પદલાલિત્યને માટે પ્રસિદ્ધ છે. આ સંદર્ભે શ્રી બલદેવ ઉપાધ્યાય નોંધે છે કે,* ''संस्कृत भाषा पर श्री हर्ष का इतना प्रभुत्व है कि उचित शब्द आप ही आप अनायास जुटे चले आते है। पदशर्य्या इतनी सुन्दर बन पाई है कि एक पद के हेर फेर से कविता कामिनी के रूप को विकृत होने का भय लगा हुआ है।''(संस्कृत साहित्य. का इतिहास पृ. १७३)

*શ્રીહર્ષની કવિતા લલિતપદો દ્વારા સહૃદયોના હૃદયોને હરી લેનારી છે. એમણે લલિતપદની રચના કરવા માટે પ્રસાદ અને માધુર્ય એ બે ગુણોનું સંયોજન કર્યું છે. શ્રીહર્ષના પદલાલિત્યને લીધે કાવ્યમાં સંગીતાત્મકતા અને લયાત્મકતાનો સમ્યક્*

*વિનિયોગ થઈ જાય છે. લલિતપદાવલિઓથી યુક્ત નાદ-સૌંદર્ય બક્ષતો એક શ્લોક જોઈએ-*

**न का निशि स्वप्नगतं ददर्श तं जगाद**

**गोत्रस्खलिते च का न तम् ।**

**तदात्मताध्याधवा रते च का चकार वा**

**न स्वमनोभवाद्भवम् ॥ (नै. १/३० )**

*'નૈષધ'ના* 11*મા સર્ગમાં વસન્તતિલકા છંદમાં પદલાલિત્યના અનેક દષ્ટાંતો જોવા મળે છે. એમાંથી એક જોઈએ તો—-*

**लोकेश-केशव-शिवानपि यश्चकार शृङ्गार-सान्तर- भृशान्तर - शान्त - भवान्**
**पञ्चेन्द्रियाणि जगतामिषु - पञ्चकेन संक्षोभयन् वितनुतां वितनुर्मुदं वः ॥**

## 10.9 नैषधे अर्थगौरवम् । - નૈષધમાં અર્થગૌરવ

*મહાકવિ ભારવિની જેમ શ્રીહર્ષ પણ અર્થાન્તરન્યાસનો પ્રયોગ કરવામાં ખૂબ કુશળ છે. નૈષધની કેટલીક પ્રસિદ્ધ અર્થગૌરવયુક્ત ઉક્તિઓ જોઈએ* – (1)*ભાગ્યવાન વ્યક્તિને ભોગની સામગ્રી ક્યાં નથી મળતી* (1/102) (2) ब्रुवते हि फलेन साधवो, न तु कण्ठेन निजोपयोगिताम्। (२ - ४८) अर्थात् *સજ્જન પોતાની ઉપયોગીતા ફળથી પ્રગટ કરે છે, કંઠ (કરીને) નહીં.* (3)पित्तेन दूने रसने सितापि तित्तायते हंसकुलावतंसा। *અર્થાત્ હે હંસશ્રેષ્ઠ ! પિત્તથી દૂષિત થયેલી જીભ ઉપર ખાંડ પણ તીખી લાગે છે.* (४) प्रतीक्षते जातु न कालमार्तिः । (३ - ९१) अर्थात् દઃ૫

*દુ:ખ સમયની રાહ જોતું નથી.* (५) कर्म कः स्वकृतमत्र न भुङ्क्ते। (५-६) अर्थात् *કયો માનવી પોતે કરેલાં કર્મો ભોગવતો નથી?*

## 10.10 નૈષધમાં અલંકારનિરૂપણઃ

*શ્રીહર્ષે 'નૈષધ'માં અલંકારોનો વિનિયોગ ખૂબ સ્વાભાવિક રીતે કર્યો છે, જાણે સમગ્ર મહાકાવ્ય અલંકારમય જ બની રહ્યું હોય એમ લાગે છે. શ્લેષ અલંકાર તો સર્વત્ર વિદ્યમાન છે જ સાથે સાથે ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, વ્યતિરેક, વિરોધાભાસ, વિભાવના, વિશેષોક્તિ આદિ અલંકારો સમગ્ર મહાકાવ્યમાં વિખરાયેલા પડ્યા છે.*

*વક્રોક્તિ સંપ્રદાયનો સવિશેષ પ્રભાવ શ્રીહર્ષ પર હોય એવું લાગે છે. વક્રોક્તિપૂર્ણ એક શ્લોકમાં કવિ કહે છે કે, આકાશમાં તારાઓ કામદેવના બાણ જેવા લાગે છે કે જે દેવો અને અપ્સરાઓ માટે છોડવામાં આવ્યાં છે. કામદેવને "પંચશર"-પાંચ બાણોવાળો કહેવાય છે. તેમાં પંચ શબ્દ ખરેખર પ્રપંચ કે વિસ્તારનો વાચક છે. જેમ કે,-*

**मोहाय देवाप्सरसां विमुक्तास्ताराः शराः पुष्पशरेण शङ्के ।**

**पञ्चास्यवत् पञ्चशरस्य नाम्नि, प्रपञ्चवाची खलु पञ्चशब्दः ॥**

(નૈષધ. ૨૨/૧૮)

*આવું જ એક બીજું ઉદાહરણ જોઈએ તો, જ્યારે દમયંતીને હંસ પોતાની ઈચ્છા પ્રગટ કરવા વીનવે છે કે, જો લંકાપુરી જવાની ઈચ્છા હોય તો પણ તું કહે હું તારી ઈચ્છા પૂરી કરીશ, ત્યારે દમયંતી શ્લેષયુક્ત વાક્યનો પ્રયોગ કરે છે. જેમ કે-*

*અર્થાત્*

**चेतो न लङ्कामयते मदीयम् ।'**

*"મારું ચિત્ત લંકા તરફ જતું નથી." આ સિવાય અન્ય બે અર્થ આ વાક્યમાંથી નિષ્પન્ન થાય છે, જેમ કે, –*

૧. चेतो नलं कामयते मदीयम् । अर्थात्

*મારું ચિત્ત નળની કામના કરે છે અને*

૨. चेतोऽनलं कामयते मदीयम् । अर्थात्

*જો નળ નહીં મળે તો મારું ચિત્ત અગ્નિની ઈચ્છા રાખે છે. (હું બળી મરીશ) આ સભંગ અને અભંગ શ્લેષ અલંકારના શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય એવા છે.*

## 10.11 नैषधं विद्वद्- औषधम् । - 'નૈષધ' તો વિદ્વાનોનું ઔષધ !

*શ્રીહર્ષ મૂલતઃ કવિ પછી, પહેલાં એક પ્રકાંડપંડિત અને દાર્શનિક હોય એવું લાગે છે. નૈષધનો 17મો સર્ગ આખો દાર્શનિકતાથી ઓતપ્રોત છે, અન્ય સર્ગોમાં પણ એવા કેટલાક શ્લોકો ચોક્કસ મળે છે, જેમાં કવિએ પોતાની દાર્શનિકતાનો પરિચય આપ્યો હોય. શ્રી કુપ્પુસ્વામી શાસ્ત્રી પણ નૈષધચરિતને 'ઔષધપાક' કહે છે. શ્રીહર્ષ સ્વયં પોતાના કાવ્યની કઠોરતાથી સભાન છે જ, કારણ કે એણે જાણી જોઈને કાવ્યમાં દુર્બોધતા મૂકી છે. તેનું કારણ આપતાં કવિ પોતે લખે છે કે, "પોતાને વિદ્વાન માનનારા અને ગુરુપરંપરાનો અનાદર કરી હઠીલી વૃત્તિથી આ કાવ્યને વાંચનાર ખલ (વાસ્તવિક ભાવ સમજ્યા વિના બીજાની ઉક્તિને દોષયુક્ત બતાવનાર) પુરુષ અહીં ખેલ ખેલી ન જાય તે માટે આ કાવ્યમાં મેં ક્યાંક ક્યાંક હેતુપૂર્વક તથા પ્રયત્નપૂર્વક ગ્રંથિઓ ઊભી કરી છે. શ્રદ્ધાપૂર્વક ગુરુની સેવા કરીને જેમણે આવી ગાંઠો ઉકેલી છે તેવા સજ્જનો જ આ મહાકાવ્યની રસલહરીમાં ડૂબી આનંદ મેળવી શકશે."*

*શ્રીહર્ષ સ્વયં અદ્વૈત વેદાંતી હતા, માટે બીજાં દાર્શનિક મતોને પૂર્વપક્ષ તરીકે મૂકી તેનું ખંડન કરી તેમની મજાક પણ ઉડાવી છે – વ્યંગ્યનો ઉપયોગ કરીને. એક દૃષ્ટાંત જોઈએ. વૈશેષિક દર્શન તમસૂ એટલે અંધકારને પણ દસમું દ્રવ્ય ગણે છે. આ સંદર્ભે શ્રીહર્ષ ધારદાર વ્યંગ્ય કરતાં કહે છે કે -*

**ध्वान्तस्य वामोरु विचारणायां वैशेषिकं चारुमतं मतं मे ।**

**औलूकमाहुः खलु दर्शनं तत्क्षमं तमस्तत्त्वनिरुपणाय ॥ ( २२ / ३६ )**

*અર્થાત્ – "અંધકારના સ્વરૂપનું નિરૂપણ કરવામાં વૈશષિક મત યોગ્ય જ છે. કારણ કે આ મતને ઔલૂકદર્શન (કણાદનું વૈશેષિક દર્શન = ઘુવડની આંખો) કહે છે. આથી, અંધકારના તત્ત્વનું નિરૂપણ કરવામાં વૈશેષિકો જ સક્ષમ છે."*

*આમ, 'નૈષધીયચરિતમ્'માં અનેક સ્થળે શ્રીહર્ષની વિલક્ષણ વિદ્વત્તા અને અપૂર્વ કાવ્યકલાનો મણિકાંચનસંયોગ જોવા મળે છે. આ કાવ્ય અનેક વિદ્યાઓ અને*

*શાસ્ત્રોના જ્ઞાનનો એક બૃહત્કોષ બની ગયું છે તેથી તે ખરેખર વિદ્વાનો માટે ઔષધનું કામ કરતું હોવાથી 'વિદ્વદ્ - ઔષધમ્ કહેવાય છે.*

## 11.0 ઉપસંહાર

*આમ, 'નૈષધીયચરિતમ્ જેવા 'ચરિત્રપ્રધાન' મહાકાવ્ય રચીને શ્રીહર્ષ સમાજની સામે એક મહાન આદર્શ નાયક અને આદર્શ નાયિકાનું ચરિત્ર રજૂ કરવું. એ એક રચના-પ્રયોજન તો છે જ સાથે સાથે શ્રીહર્ષ જીવનમાં ધર્મ, અર્થ અને કામનું સુંદર સંતુલન રાખવાનો સંદેશ પણ આપી જાય છે. 'નૈષધ' 'શૃંગારનો વાગ્ - વિલાસ' તરીકે ઓળખાતું હોવા છતાં તેમાં અર્થ, ધર્મ તથા મોક્ષના ઉપાયને પણ સમાન મહત્ત્વ મળ્યું છે અને એ રીતે 'નૈષધ' વડે પૂર્ણ આદર્શ જીવનની પ્રતિષ્ઠાની આકાંક્ષા શ્રીહર્ષે સેવી છે.*

## 10.11 તમારી પ્રગતિ ચકાસો.

1. *'નૈષધીયચરિતમ્' નું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.*

______________________________

2. *'નૈષધીયચરિતમ્'નો સર્ગવાર સારાંશ લખો.*

______________________________

4. *નૈષધનું પદલાલિત્ય અને નૈષધના અર્થગૌરવ વિશે નોંધ લખો.*

______________________________

**લેખક : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા, અસોસિએટ પ્રોફેસર,**
**એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ,**

# એકમ : 11 : શ્રીહર્ષઃ પરિચય

## રૂપરેખા


**11.0 ઉદ્દેશો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 શ્રીહર્ષનું જીવન**

**11.3 શ્રીહર્ષના જીવન વિષયક લોકશ્રુતિઓઃ (દંતકથાઓ)**

**11.4 શ્રીહર્ષનો સમય**

**11.5 શ્રીહર્ષની કૃતિઓ**

**11.6 તમારી પ્રગતિ ચકાસો.**


## 11.0 ઉદ્દેશો

1.*એકમ 10માં પંડિત યુગના મહત્ત્વપૂર્ણ મહાકાવ્યનો પરિચય પ્રાપ્ત કર્યો એ ‘નૈષધીયચરિતમ્’ મહાકાવ્યના સર્જક મહાકવિ શ્રીહર્ષનો પરિચય તમને આ એકમમાં થશે.*

2.*ભારતમાં શ્રીહર્ષ નામના અનેક મહાનુભાવો થઈ ગયા તેમાંથી આ મહાકાવ્યના સર્જક શ્રીહર્ષ કોણ હતા અને ક્યાંના હતા એ વિશેની મહત્ત્વપૂર્ણ માહિતી તમને આ એકમમાં થશે.*

## 11.1 પ્રસ્તાવના

*સંસ્કૃતની કમનીય કાવ્યસુંદરીના પાંચ પ્રાણ સમા પાંચ મહાકાવ્યોમાં નૈષધીયચરિત’ તેના કાવ્યસૌષ્ઠવને કારણે અપ્રતિમ સ્થાન પામ્યું છે. મહાકવિ કાલિદાસ પછી જે કલાવાદી કવિઓ આવ્યાં તેમાં શ્રીહર્ષ શ્રેષ્ઠ પુરવાર થયા છે. કાલિદાસ પછી કાવ્યમાં પાંડિત્યના પ્રદર્શનની પ્રવૃત્તિ વધતી ગઈ. આ પ્રવૃત્તિ ભારવિ અને માઘ પછી શ્રી હર્ષમાં આવી ત્યારે તો એ જાણે એની ચરમસીમા પર પહોંચી ગઈ. પ્રાચીન પંડિતોએ ’નૈષધ’ને ઉચ્ચ દરજ્જાનું સન્માન આપીને જાહેર કર્યું કે -*

तावद् भा भारवेर्भाति यावन्माघस्य नोदयः । उदिते नैषधेकाव्ये क्वमाघः क्व भारविः ॥

*તાત્પર્ય એ છે કે, આ મહાકાવ્યની રચના થતા ભારવિ અને માઘ નિસ્તેજ થઈ ગયા.*

## 11.2 શ્રીહર્ષનું જીવન

**11.2.1 શ્રીહર્ષનું નામ :** *’નૈષધીયચરિત’ના રચયિતાના નામમાં પ્રારંભે જે ’શ્રી’ પદ આવે છે તે આદરવાચક પદ નથી. એટલે કે કવિનું નામ ’હર્ષ’ અને એની આગળ*

*'શ્રી' એમ ઉમેરેલું નથી. 'શ્રીહર્ષ' એમ આખું એક જ નામ છે. કવિએ પોતે જ કાવ્યમાં પોતાનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે –*

**श्री श्रीहर्षकवेः कृतिः......**

**11.2.2 શ્રીહર્ષનાં માતા-પિતાઃ** *આ મહાકાવ્યમાં કવિની એક વિશેષતા એ રહી છે કે, તેમણે પ્રત્યેક સર્ગને અંતે અને કાવ્યને અંતે આપેલા ચાર શ્લોકોમાં પોતાનો પરિચય આપ્યો છે. જેના પરથી જણાય છે કે, તેમના પિતાનું નામ 'શ્રીહીર' અને* માતા નામ 'भाम देवी' હતું. (श्रीहीरः सुषवे जितेन्द्रियत्वयं मामल्लदेवी च यम्)*શ્રીહીર કાશીના રાજા ગઢવંશના વિજયચંદ્રની રાજસભાના પંડિત હતા. પિતાની જેમ જ શ્રીહર્ષની પણ કાન્યકુબ્જની રાજસભામાં ખૂબ માન મળતું હતું. શ્રીહર્ષને તો કનોજના રાજા પાસેથી બે તાંબૂલ એટલે પાનનાં બીડા અને આસન મળતાં. કવિએ પોતેજ 'નૈષધ'માં એવો ઉલ્લેખ કર્યો છે કે –*

ताम्बूलद्वयमासनं च लभते यः कान्यकुब्जेश्वरात्।

**11.2.3 શ્રીહર્ષનું નિવાસસ્થાન :** *કવિના નિવાસ સ્થળ વિશે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. શ્રી ભટ્ટાચાર્ય શ્રીહર્ષને બંગાળના માને છે, ટીકાકાર ચાંડૂ પંડિત કવિને વારાણસી (કાશી)ના નિવાસી માને છે. તો વળી કેટલાક વિદ્વાનો શ્રીહર્ષને કાશ્મીરના નિવાસી હોવાના પ્રમાણો રજૂ કરે છે. પંચમહાકાવ્યોના તલસ્પર્શી અધ્યેતા ડૉ.વાટવે કવિને કનોજના વતની હોવાનું જણાવે છે.*

## 11.3 શ્રીહર્ષના જીવન વિષયક લોકશ્રુતિઓઃ (દંતકથાઓ)

*રાજસભામાં શ્રીહર્ષના પિતાનું અપમાન અને શ્રીહર્ષ દ્વારા અપમાનનો બદલો વાળવાનું વચનઃ શ્રી ચાંડૂ પંડિત નામના ટીકાકાર મુજબ શ્રીહીર કાશીના રાજા વિજયચંદ્રના સભાપંડિત હતા. તેમને ઉદયન પંડિત નામના નૈયાયિકે શાસ્ત્રાર્થમાં હરાવ્યા હતા. આ પરાજયનું દુઃખ સહન કરી શકાયા, તેઓ મરણાસન્ન સ્થિતિમાં હતા ત્યારે તેમણે શ્રીહર્ષને પોતાના વિરોધી પંડિતને હરાવી મનને શાંતિ આપવા જણાવ્યું. શ્રીહર્ષે તેમણે એ પ્રમાણે કરી બતાવવા વચન આપ્યું.*

*શ્રીહર્ષ દ્વારા અનેક શાસ્ત્રોનો ગહન અભ્યાસઃ ત્યારબાદ વેદ, ન્યાય, વ્યાકરણ, જ્યોતિષ, વેદાંતાદિ દર્શનશાસ્ત્રો, મંત્રશાસ્ત્ર, યોગ, સંગીત, ગણિત વગેરે શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો.*

*ભગવતી પરામ્બા ત્રિપુરંસુંદરીની ઉપાસના દ્વારા અપ્રતિમ પાંડિત્યની પ્રાપ્તિઃ શ્રીહર્ષ ગુરુપ્રદત્ત ચિંતામણિ મંત્રનું અનુષ્ઠાન ગંગાના ઘાટે એક વર્ષ સુધી કર્યું, ફલતઃ પરામ્બા ત્રિપુરાસુંદરીએ પ્રસન્ન થઈ તેમને અદ્વિતીય વિદ્વત્તા અને પાંડિત્યનું વરદાન પ્રદાન કર્યું.*

*શ્રીહર્ષના પ્રખર વૈદુષ્યને કારણે પ્રગટેલી કવિતાઓને કોઈ સમજી શકતું ન હતું. એમણે પુનઃ તપશ્ચર્યા આદરી. ભગવતીએ પ્રગટ થઈ કહ્યું, 'અડધી રાત્રે માથાને*

*પલાળી અને દહીં પીજે.' શ્રીહર્ષે એ પ્રમાણે જ કર્યું. અને તેના ફલસ્વરૂપે તેમનું પ્રકાંડ પાંડિત્ય થોડું ઓછું થવાથી લોકો તેમની રચેલી કવિતાને સમજતા થયા.*

*વિજયચન્દ્રની સભામાં શ્રીહર્ષ ગયા અને સભામાં જતાંની સાથે જ રાજાની સ્તુતિ કરતો એક સુંદર શ્લોક ગાયો -*

**"गोविन्दनन्दनतया 'च वपुः श्रिया च**

**मास्मिन्नृपे कुरुत कामधियं तरुण्यः । अस्त्रीकशेति जगतां विजये स्मरः स्त्री -**

**इस्त्री गतः पुनश्नेन विधीयते स्त्रीः ॥"**

*અર્થાત્ 'હે તરુણીઓ !'' તમે ગોવિંદના પુત્ર અને સુંદર સુશોભિત અંગવાળા એવા આ રાજાને કામદેવ ન સમજશો. કારણ કે કામદેવનો સંસારને જીતવા માટે સ્ત્રીઓને શસ્ત્ર બનાવે છે, પરંતુ આ રાજા (યુદ્ધમાં) (શસ્ત્રધારી)પુરુષોને પણ સ્ત્રીઓની જેમ અસહાય કરી દે છે."*

*રાજાને પ્રસન્ન કરી પોતાના પિતાના પોતાની કવિત્વ અને પાંડિત્ય સ્વીકાર્યો. શ્રીહર્ષની શ્રેષ્ઠતા ઘોષિત થઈ.*

*એક દંતકથા શ્રીહર્ષને મમ્મટાચાર્યના ભાણેજ દર્શાવે છે અને મામાએ ભાણેજના 'નૈષધકાવ્ય'ને સર્વ પ્રકારના સાહિત્ય-દોષોથી પૂર્ણ હોવાનું કહ્યું.*

*અન્ય એક દંતકથા અનુસાર જયન્તચંદ્રની ભોગપત્ની બનેલી એક 'કલાભારતી' તરીકે ઓળખાતી સુરૂપવતી સૂહવદેવીએ 'નરભારતી' તરીકે ઓળખાતા શ્રીહર્ષનો દ્વેષને કારણે ઉપહાસ કરવા લાગ્યા. આથી અકળાઈને કવિએ ગંગાઘાટે જઈ ઋષિજીવન ગાળવાનું શરૂ કર્યું.*

### 11.3.1 'નૈષધીયચરિત'ની રચના વિષયક દંતકથા :

*ટીકાકાર ચાંડૂ પંડિત મુજબ, "શ્રીહર્ષે પોતાના પિતા શ્રીહીરને અપમાનિત કરનાર પંડિત ઉદયનાચાર્યના મતોનું ખંડન કરવા 'ખંડનખંડખાદ્ય'ની રચના કરી પોતાના પ્રતિદ્વન્દ્વીને ઉત્તર આપ્યો અને એ રીતે પોતાના પિતાના પરાજયનો બદલો લીધો પરંતુ પછીથી એમને લાગ્યું કે, આ રચનામાં માત્ર શુષ્ક તર્કો જ છે, તેથી લોકોની પ્રશંસા એને બહુ નહીં મળે, માટે તેમણે સહૃદયી લોકોને પ્રસન્ન કરવા અનેક રસોથી પરિપૂર્ણ 'નૈષધીયચરિત' નામના મહાકાવ્યની રચના કરી.*

*આમ, શ્રીહર્ષ ઉત્તમ કોટિના દાર્શનિક જ નહીં પણ શ્રેષ્ઠ કવિ પણ હતા.*

## 11.4 શ્રીહર્ષનો સમય

*શ્રીહર્ષ કાન્યકુબ્જ નરેશ જયચન્દ્રની સભામાં વિદ્યમાન હતા. 11મી અને 12મી સદીમાં આ વંશનું ઉત્તરભારતમાં ખૂબ નામ હતું. આ બધા કનૌજના રાજા તરીકે ઓળખાતા પરંતુ સમય જતાં આ રાજવીઓએ કાશીને પોતાની રાજધાની બનાવી. જયચંદ્ર કાશીમાંથી પોતાના વિશાળ સામ્રાજ્ય પર શાસન કરતા હતા. તેના પિતા વિજયચન્દ્રે ઈ.સ. 1156થી લઈ તેણે તથા ઈ.સ. 1193 સુધી રાજ્ય કર્યું હતું.*

આથી કવિ શ્રીહર્ષનો સમય વિજયચંદ્ર તથા જયચંદ્રના સભાપંડિત હોવાને કારણે બારમી સદીનો ઉત્તરાર્ધ સિદ્ધ થાય છે.

## 11.5 શ્રીહર્ષની કૃતિઓ

વર્તમાન સમયમાં શ્રીહર્ષની માત્ર બે જ કૃતિઓ પ્રાપ્ત થાય છે. (1)નૈષધીયચરિત અને (2)ખંડનખંડખાદ્ય. જો કે, શ્રીહર્ષે અન્ય અનેક કૃતિઓના રચયિતા હતા. રાજશેખરે 'પ્રબંધકોશ'માં શ્રીહર્ષને નામે સૌથી વધુ કૃતિઓના કર્તા તરીકે ઉલ્લેખ કરેલો છે.

શ્રીહર્ષે પોતે 'નૈષધીયચરિત'માં કુલ 8 કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે.

1. સ્થૈર્યવિચાર પ્રકરણ
2. વિજયપ્રશસ્તિ
3. ખંડનખંડબાદ્ય
4. ગૌડોર્વીશપ્રશસ્તિ
5. અર્ણવવર્ણન
6. છિન્દપ્રશસ્તિ
7. શિવશક્તિસિદ્ધિ
8. નવસાહસાંકચરિત

જો કે, 'ખંડનખંડખાદ્ય'માં શ્રીહર્ષે પોતે 'ઈશ્વરાભિક સન્ધિ' નામના એક બીજા ગ્રંથનો ઉલ્લેખ પણ કર્યો છે. આમ, શ્રીહર્ષે કુલ 10 કૃતિઓની રચના કરેલી છે. તે નિઃશંક છે. પ્રસ્તુત કૃતિઓનો સ્વલ્પ પરિચય આ પ્રમાણે છે.

(1)સ્થૈર્યવિચાર પ્રકરણ : આ એક દાર્શનિક ગ્રંથ છે, તેમાં શ્રીહર્ષે બૌદ્ધોના ક્ષણિકવાદનું ખંડન કરી સંસારના 'સ્થૈર્યનું પ્રતિપાદન કર્યું છે. અત્યારે આ ગ્રંથ પ્રાપ્ત થતો નથી.

(2)વિજયપ્રશસ્તિ : આ ગ્રંથમાં જયચંદ્રના પિતા વિજયચન્દ્રની પ્રશસ્તિ છે, એમ કેટલાક માને છે. કેટલાક કનોજના પ્રતિહારવંશના રાજા વિજયપાલ સાથે આ 'વિજય'નું તાદાત્મ્ય સ્થાપવાનો પ્રયાસ કરે છે.

(3)ખંડનખંડખાદ્ય : આ ગ્રંથ અત્યારે ઉપલબ્ધ છે તેમાં ન્યાયદર્શનના સિદ્ધાંતોનું ખંડન કરી અદ્વૈત વેદાંતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(4)ગૌડોર્વીશ કુલ પ્રશસ્તિઃ આ ગ્રંથ હાલમાં અપ્રાપ્ય છે. શીર્ષકને આધારે એવું અનુમાન વિદ્વાનો કરે છે કે કોઈ ગૌડદેશીય (અર્થાત બંગાળી) રાજાની પ્રશસ્તિ તેમાં હશે. આચાર્ય મહાવીર પ્રસાદ દ્વિવેદીનું એવું અનુમાન છે કે, કનોજના રાજાની સભામાંથી ગૌડનરેશે પ્રાર્થના કરતાં, કનોજના રાજાએ પોતાના મિત્ર ગૌડરાજાને ત્યાં શ્રીહર્ષને મોકલ્યા હોય અથવા તો કનોજના રાજાનું નિધન થતાં શ્રીહર્ષે સ્થળાંતર કરી ગૌડદેશના રાજાને ત્યાં આશ્રય લીધો હોય એવું બને. કનોજથી ગૌડ દેશ સુધી સ્થળાંતર કરતી વખતે સમુદ્ર નજરે ચડયો હોય અને તેનું વર્ણન કરવાનું મન થતાં અર્ણવવર્ણન કૃતિ લખતા પ્રેરાયા હોય અને ગૌડની પણ પ્રશસ્તિ કરી હોય.

*(5)અર્ણવવર્ણન : પ્રાયઃ આ ગ્રંથમાં સમુદ્રની સુંદરતાનું વર્ણન હોવું જોઈએ. કેટલાકને મતે શ્રીહર્ષે ગૌડદેશમાં રહીને સમુદ્રને જોઈને પ્રાકૃતિક સૌંદર્યથી પ્રેરાઈ આ ગ્રંથ લખ્યો હશે.*

*(6)છિન્દપ્રશસ્તિ : આ ગ્રંથ પણ ઉપલબ્ધ નથી. અહીં છોન્દ' નામના કોઈ રાજાનું પ્રશંસાત્મક વિવરણ શ્રીહર્ષે કર્યું હશે એવું ઓફેટનું માનવું છે.*

*(7)શિવશક્તિ સિદ્ધિ : કેટલાક વિદ્વાનોને મતે શિવ અને શક્તિનું વર્ણન કરતી કોઈક તાંત્રિક રચના હશે. આ શીર્ષક પરથી કેટલાક વિદ્વાનો અહીં શક્તિપૂજાનો સંકતે પણ જુએ છે.*

*(8)નવસાહસાંકચરિત ચમ્પૂ : આ એક ચમ્પુકાવ્ય છે. 'સાહસાંક' નામની ઉપાધિ ધરાવતા ઘણા રાજાઓ થઈ ગયા છે, એટલે કેટલાક આ ગૌડ દેશનો રાજા તે જ આ સાહસાંક છે એમ માને છે, તો ગોપીનાથને મતે આ કાશીનરેશ છે અને ઈશાનદેવને મતે એ વિક્રમાદિત્ય છે.*

*(9)ઈશ્વરાભિસંધિ : આ ગ્રંથનો ઉલ્લેખ શ્રીહર્ષે 'ખંડનખંડખાદ્ય'માં પાંચવાર કર્યો છે. અહીં અનિશ્વરવાદીઓના મતનું ખંડન શ્રીહર્ષે કર્યું હોવું જોઈએ. આ એક દાર્શનિક ગ્રંથ હશે.*

*(10)નૈષધીયરચિત : આ કૃતિનો સવિશેષ પરિચય અહીં આગળ આપવામાં આવ્યો છે.*

## 11.6 તમારી પ્રગતિ ચકાસો.

*1.શ્રીહર્ષના જીવનનો સવિસ્તૃત પરિચય કરાવો.*

*2.શ્રીહર્ષની કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય આપો.*

**લેખક : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા, અસોસિએટ પ્રોફેસર,**
**એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ,**

# વિભાગઃ 3 : કિરાતાર્જુનીય સર્ગ - 1

(5)અર્ણવવર્ણન : પ્રાયઃ આ ગ્રંથમાં સમુદ્રની સુંદરતાનું વર્ણન હોવું જોઈએ. કેટલાકને મતે શ્રીહર્ષે ગૌડદેશમાં રહીને સમુદ્રને જોઈને પ્રાકૃતિક સૌંદર્યથી પ્રેરાઈ આ ગ્રંથ લખ્યો હશે.

(6)છિન્દપ્રશસ્તિ : આ ગ્રંથ પણ ઉપલબ્ધ નથી. અહીં છોન્દ' નામના કોઈ રાજાનું પ્રશંસાત્મક વિવરણ શ્રીહર્ષે કર્યું હશે એવું ઓફેટનું માનવું છે.

(7)શિવશક્તિ સિદ્ધિ : કેટલાક વિદ્વાનોને મતે શિવ અને શક્તિનું વર્ણન કરતી કોઈક તાંત્રિક રચના હશે. આ શીર્ષક પરથી કેટલાક વિદ્વાનો અહીં શક્તિપૂજાનો સંકતે પણ જુએ છે.

(8)નવસાહસાંકચરિત ચમ્પૂ : આ એક ચપ્પુકાવ્ય છે. 'સાહસાંક' નામની ઉપાધિ ધરાવતા ઘણા રાજાઓ થઈ ગયા છે, એટલે કેટલાક આ ગૌડ દેશનો રાજા તે જ આ સાહસાંક છે એમ માને છે, તો ગોપીનાથને મતે આ કાશીનરેશ છે અને ઈશાનદેવને મતે એ વિક્રમાદિત્ય છે.

(9)ઈશ્વરાભિસંધિ : આ ગ્રંથનો ઉલ્લેખ શ્રીહર્ષે 'ખંડનખંડખાદ્ય'માં પાંચવાર કર્યો છે. અહીં અનિશ્વરવાદીઓના મતનું ખંડન શ્રીહર્ષે કર્યું હોવું જોઈએ. આ એક દાર્શનિક ગ્રંથ હશે.

(10)નૈષધીયરચિત : આ કૃતિનો સવિશેષ પરિચય અહીં આગળ આપવામાં આવ્યો છે.

## 11.6 તમારી પ્રગતિ ચકાસો.

1.શ્રીહર્ષના જીવનનો સવિસ્તૃત પરિચય કરાવો.

2.શ્રીહર્ષની કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય આપો.

**લેખક : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા, અસોસિએટ પ્રોફેસર,**
**એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ,**

# એકમ : 12: ભારવિ પરિચય

## રૂપરેખા


**12.0 ઉદ્દેશ્ય**

**12.1 પ્રસ્તાવના**

**12.2 ભારવિનું જીવન**

**12.2.1 સમય**

**12.2.2 કૃતિઓ**

**12.3 મહાકવિ ભારવિની કાવ્ય પ્રતિભા**

**12.4 તમારી પ્રગતિ ચકાસો.**


## 12.0 ઉદ્દેશ્ય

- *વિદ્યાર્થીઓ સંસ્કૃત કવિ ભારવિ વિશે જાણે.*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃત દંતકથાઓ વિશે જાણે.*
- *વિદ્યાર્થીઓ ભારવિના સમય વિશે જાણે.*
- *વિદ્યાર્થીઓ ભારવિના સાહિત્યસર્જનને જાણે.*
- *વિદ્યાર્થીઓ ભારવિના કાવ્યકૌશલ્ય વિશે જાણે.*

*વિદ્યાર્થીઓ ભારવિની રચનાશૈલીની વિવિધતા અને વિશિષ્ટતા વિશે જાણે.*

## 12.1 પ્રસ્તાવના

*સંસ્કૃતકાવ્યરૂપી આકાશ અનેક કવિતારકોથી સતત ચમતું રહ્યું છે. તેમાં વાલ્મીકિ, વ્યાસ, ભાસ, કાલિદાસ, ભારવિ વગેરે અનેક કવિઓ પોતાની રચનાઓથી આજે પણ સંસ્કૃત સાહિત્યરૂપી આકાશમાં અજવાળું ફેલાવી રહ્યા છે. તેઓ સંસ્કૃત સાહિત્યને શોભાવી રહ્યા છે. આ કવિઓએ પોતાના જીવન પરિચય કરતાં પોતાની રચનાઓને જ મહત્ત્વ આપ્યું છે એટલે સંસ્કૃતના અનેક મહાકવિઓના જીવન વિશે આપણે પ્રમાણભૂત માહિતી મેળવી શકતા નથી. મહાકવિ ભારવિના જીવનના વિશે પણ કંઈક આવું જ છે. આમ છતાં કેટલાક ગ્રંથો, શિલાલેખો, દંતકથાઓ વગેરેના આધારે તેના વિશે કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે. તેનો આધાર લઈને ભારવિના જીવન, સમય અને સાહિત્યસર્જન વિશે નીચે મુજબ માહિતી મળે છે.*

## 12.2 ભારવિનું જીવન

*મહાકવિ ભારવિએ પોતાના જીવન વિશે પોતાના ગ્રંથમાં કોઈ પરિચય આપ્યો નથી, આથી તેના પહેલાં થઈ ગયેલા અને તેના પછી થઈ ગયેલા કવિઓ,આચાર્યો વગેરેએ*

*કરેલા ઉલ્લેખોના આધારે તેના જીવન વિશે કેટલીક માહિતી મળે છે. ભારવિ વિશે કેટલીક દંતકથાઓ પણ પ્રવર્તે છે. તેના આધારે પણ ભારવિના જીવન વિશે કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે.*

*એક દંતકથા અનુસાર ભારવિના પિતાનું નામ શ્રીધર હતું અને માતાનું નામ સુશીલા હતું. પિતા વ્યાકરણના મહાન પંડિત હતા. ભારવિ પણ તેના પિતાની જેમ જ વિદ્વાન હતા. પિતાની જેમ તેની વિદ્વત્તા પણ ચારે બાજુ પ્રસિદ્ધ થઈ હતી. આમ છતાં તેના પિતા તેને વારંવાર ટોકતા હતા. આ બાબત ભારવિને ગમતી ન હતી, તેથી તે મનોમન પિતા પ્રત્યે આક્રોશ અનુભવતા હતા.*

*ભારવિએ એક વખત એક ઘટના નિહાળી. એક રાત્રે તેના માતાપિતા પુત્ર ભારવિ વિશે વાતચિત કરતા હતા. ભારવિની માતા પોતાના પતિને કહેતી હતી કે આપણો પુત્ર વિદ્વાન હોવા છતાં તમે તેને શા માટે ઠપકો આપતા રહો છો ? આપણા પુત્રની બધી જ જગ્યાએ કીર્તિ ફેલાયેલી છે. આમ છતાં તમે તેને ટોક્યા જ કરો છો. તે વખતે પતિએ જવાબ આપતા કહ્યું કે આપણો પુત્ર મહાન વિદ્વાન છે એ હું જાણું છું. આમ છતાં વિદ્વાનોમાં પણ અદ્વિતીય બની રહે તે માટે હું નાની નાની ભૂલો માટે પણ તેની ટીકા કરું છું. મને તેના પ્રત્યે અપાર પ્રેમ છે. તેથી જ હું તેને આ પ્રમાણે કહું છું. તે વિદ્વાનોમાં ક્યારેય પાછો ન પડે તે જ મારો હેતુ છે. માતાપિતાની આ વાત ભારવિ છુપાઈને સાંભળી રહ્યા હતા. તેણે તરત જ પોતાના પિતા પ્રત્યે અપાર શ્રદ્ધા ઉત્પન્ન થઈ. તે પિતાને સામે આવીને કહેવા લાગ્યા કે પિતાજી મને માફ કરો. મારી તમારા માટે ગેરસમજ હતી. મેં આપનો અપરાધ કર્યો છે. તેનું હું પ્રાયશ્ચિત કરવા ઈચ્છું છું.*

*પુત્રનું ભલું ઈચ્છતા પિતાએ તેને કહ્યું કે પ્રાયશ્ચિત માટે તારા સસરાના ઘરે છ માસ સુધી રહેવા જા. ત્યારબાદ ભારવિ પોતાના સસરાને ત્યાં રહેવા માટે જાય છે. પાંચ છ દિવસ પછી સસરાને ખ્યાલ આવે છે કે જમાઈ તો અહીં લાંબા સમય સુધી રહેવાના છે, એટલે પછીથી તેની આગતા સ્વાગતામાં પરિવર્તન થાય છે. તેને હવે ગાયો ચરાવવા જેવી કામગીરી આપવામાં આવે છે. ભારવિ તો જંગલમાં પણ ગાયો ચરાવતા ચરાવતા કાવ્યસર્જન કરતા રહે છે.*

*એક વખત ભારવિની પત્નીને ધનની જરૂર પડે છે. તે પોતાના પતિ પાસે આવે છે. ભારવિ પત્નીને આર્થિક મદદ કરવા માટે એક પદ્ય રચીને આપે છે.*

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम्।

*ભારવિની પત્ની પણ આ પદ્ય લઈને એક વાણિયાની પત્ની પાસે જાય છે. વાણિયાની પત્ની આ પદ્યને પોતાની પાસે રાખે છે અને સમય આવ્યે તેનું મૂલ્ય ચૂકવશે એમ કહે છે. ત્યારબાદ તે આ પદ્યને પોતાના શયનખંડમાં લટકાવી દે છે.*

*વાણિયાણીનો પતિ કેટલાક વર્ષો સુધી વેપાર માટે બહાર ગયો હોય છે. સમય જતા વાણિયાણીનો પતિ વિદેશથી પાછો આવે છે. વાણીયાણી ગર્ભવતી હોય છે ત્યારથી જ તે ગયો હતો. તે પાછો આવ્યો ત્યારે પોતાના શયનખંડમાં પત્ની સાથે કોઈ પુરુષ સૂતેલો જોયો. આ જોઈને તેને ક્રોધ આવ્યો. તેણે મ્યાનમાંથી તલવાર કાઢી અને*

*મારવા માટે તૈયાર થયો. તેને તલવાર ઊંચી કરી તે વખતે જ વાણિયાણીએ લટકાવેલ સુભાષિતનો સ્પર્શ થયો. વાણિયાએ પાછળ ફરીને જોયું તો તેમાં લખેલું હતું*

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम्।

*વાણિયાએ તેનો અર્થ સમજી તરત જ પોતાની પત્નીને જગાડી. પત્નીએ પતિને જોઈને તરત જ સાથે સૂતેલા પોતાના પુત્રને કહ્યું કે પિતાજીને પ્રણામ કર. વાણિયો તરત જ સમજી ગયો કે આ તો તેનો જ પુત્ર છે. શયનખંડમાં લગાડવામાં આવેલ સુભાષિતના કારણે વાણિયો અનિષ્ટ કરતા અટકી ગયો હતો. તેને આ પદ્યનું મહત્ત્વ સમજાયું. બીજે દિવસે વાણિયાની પત્નીએ ભારવિની પત્નીને બોલાવીને એક લાખ સુવર્ણ મુદ્રાઓ આપી. તેણે કહ્યું કે તારા આ પદ્યથી મારા પુત્રના પ્રાણ બચી ગયા છે. આ દંતકથાની જેમ અન્ય દંતકથાઓ પણ પ્રચલિત છે.*

*દંડી વિરચિત અવંતીસુંદરી કથામાં ભારવિના જીવન વિશે થોડો પ્રકાશ પાડવામાં આવ્યો છે. દંડીએ પોતાના જીવન વિશે માહિતી આપી છે. તે અનુસાર તે ભારવિના પ્રપોત્ર હતા. ભારવિના પૂર્વજો ગુજરાતના અનંતપુર નામના સ્થળે રહેતા હતા. ત્યારબાદ તેઓ દક્ષિણ ભારતમાં ચાલ્યા ગયા હતા. તેમાં લખ્યું છે તે અનુસાર ભારવિનું નામ દામોદર હતું. આતપત્ર ભરવિ તેની ઉપાધિ હતી. તે ગુણિયલ, મેધાવી, વિદ્વાન અને વાણી પર પ્રભુત્વ ધરાવનાર હતા. તેના પિતાનું નામ નારાયણ સ્વામી હતું.*

*ભારવિને વિષ્ણુવર્ધન નામના રાજા સાથે મિત્રતા હતી. એક વખત તેની સાથે તે શિકાર કરવા માટે નીકળે છે પરંતુ કંઈ જ શિકાર મળતો નથી. તે ભૂખથી વ્યાકુળ થઈ જાય છે. આ વખતે રાજાના આગ્રહથી ભારવિને પણ માંસ ભક્ષણ કરવું પડે છે. પછી પ્રાયશ્ચિત કરવા માટે તે તીર્થાટન કરવા માટે નીકળી પડે છે. માર્ગમાં દુર્વિનીત નામના રાજાની સાથે પરિચય થાય છે. પછી તે તેના આશ્રયમાં રહે છે. કહેવાય છે કે દુર્વિનીતે ભારવિના કિરાતાર્જુનીયના 15માં સર્ગ પર ટીકા લખી છે. સિંહવિષ્ણુ નામના રાજા દુર્વિનીતના સગા થતા હતા. ભારવિએ નૃસિંહાવતાર વિષ્ણુની સ્તુતિ કરી છે તેમાં વ્યંજનાથી સિંહવિષ્ણુની પણ સ્તુતિ કરવામાં આવેલી છે. આથી રાજા સિંહવિષ્ણુએ ભારવિને પોતાના રાજ્યમાં આદરપૂર્વક બોલાવી લીધા હતા.*

*ભારવિને ત્રણ પુત્રો હતા. તેમાં મનોરથ નામના વચલા પુત્રને ચાર પુત્ર હતા. તેમાંથી સૌથી નાનો પુત્ર વીરદત્ત હતો. તેનો પુત્ર દંડી હતો. આમ, દંડી ભારવિનો પૌત્ર હતો.*

### 12.2.1 સમય

*મહાકવિ ભારવીએ પોતાના ગ્રંથ કિરાતાર્જુનીયમાં સમય અંગે પણ કંઈ નિર્દેશ કર્યો નથી તેથી અન્ય કેટલાક પ્રમાણોના આધારે ભારવીનો સમય નક્કી કરી શકાય તેમ છે.*

*મહાકવિ બાણભટ્ટે હર્ષચરિતના પ્રારંભમાં અનેક કવિઓનો ઉલ્લેખ કર્યો છે. તે કાલિદાસ, ભાસ, વ્યાસ, પ્રવરસેન વગેરેનો ઉલ્લેખ કરે છે પરંતુ ભારવિનો ઉલ્લેખ*

*કરતા નથી. બાણના સમયમાં ભારવીની કીર્તિ એટલી ફેલાયેલી નહીં હોય તેથી જ તેનો ઉલ્લેખ થયેલો નથી. બાણ હર્ષવર્ધનના સભાપંડિત હતા. હર્ષવર્ધનનો સમય ઈ.સ.606-648 માનવામાં આવ્યો છે, તેથી બાણ સાતમી સદીમાં થઈ ગયા છે. તેણે ભારવિ જેવા મહાન કવિનો ઉલ્લેખ કર્યો નથી. દક્ષિણ ભારતમાં બીજાપૂરમાં ઐહોલ ગામના એક જૈન મંદિરમાં આવેલા શિલાલેખમાં ભારવિના નામનો ઉલ્લેખ છે.* स विजयतां रविकीर्तिःकविताश्रितकालिदासभारविकीर्तिः। *આ પ્રશસ્તિલેખમાં રવિકીર્તિ નામના કોઈ જૈન કવિ પોતાને ભારવિ અને કાલિદાસ જેવો યશસ્વી ગણાવે છે. આ લેખનો સમય ઈ.સ. 634નો છે.ભારવિ ગંગવંશના રાજા દુર્વિનીતના આશરે રહ્યા હતા. દુર્વિનીતના ગુમરેદ્દીપુરના તામ્રલેખથી ખ્યાલ આવે છે કે તેણે કિરાતાર્જુનીયના અઘરા ગણાતા 15માં સર્ગ પર ટીકા લખી હતી. આ તામ્રલેખનો સમય ઈ.સ.584નો છે.*

*પાણિનિના અષ્ટાધ્યાયીના* प्रकाशनस्थेयाख्ययोश्च(१/३/२३) *સૂત્રની વ્યાખ્યામાં વામન તથા જયાદિત્યે પોતાની કાશિકાવૃત્તિમાં કિરાતાર્જુનીયના ત્રીજા સર્ગના 14મા શ્લોકનો અંશ* ...संशय्य कर्णादिषु तिष्ठते यः। *ઉદ્ધૃત કરેલ છે. કાશિકાવૃતિનો સમય ઈ.સ. 660નો છે.*

*આમ, ઉપર્યુક્ત પ્રમાણોના આધારે ભારવિનો સમય ઈ.સ.550થી ઈ.સ.610 સુધીનો માનવો વધારે યોગ્ય લાગે છે.*

### 12.2.2 કૃતિઓ

*કિરાતાર્જુનીય નામની એકમાત્ર કૃતિ ભરવિના નામે મળી આવે છે. તેમાં ભગવાન શંકર કિરાતના રૂપે આવે છે અને અર્જુનની પરીક્ષા કરે છે. અર્જુન અને કિરાતના યુદ્ધનો પ્રસંગ આ મહાકાવ્યમાં વર્ણવાયો છે. આ મહાકાવ્યમાં* 18*સર્ગ અને* 1040 *શ્લોકો છે. તેનો નાયક અર્જુન છે અને મુખ્ય રસ વીર છે.*

*આ કાવ્ય ઉપરાંત પણ કેટલાક પદ્યો ભારવિના નામે મળી આવે છે, પરંતુ તે કિરાતાર્જુનીયમાં જોવા મળતા નથી, આથી કહી શકાય કે ભારવિએ અન્ય કૃતિઓની રચના પણ કરી હશે પરંતુ તે રચનાઓ આજે કાળની ગર્તામાં લુપ્ત થઈ ગઈ છે અથવા તો પ્રકાશિત થવાની પ્રતીક્ષામાં છે.*

*આમ, ભારવિના જીવન, સમય વિશે આછેરો પરિચય પ્રાપ્ત થાય છે. તેની એકમાત્ર કૃતિ કિરાતાર્જુનીય પ્રાપ્ત છે અને પ્રસિદ્ધ છે.*

## 12.3 મહાકવિ ભારવિની કાવ્ય પ્રતિભા

*મહાકવિ ભારવિ સંસ્કૃતક કવિઓમાં લબ્ધપ્રતિષ્ઠિત કવિ છે. તેણે કિરાતાર્જુનીય નામની એક માત્ર કૃતિ દ્વારા સંસ્કૃત સાહિત્યમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કિરાતાર્જુનીયમાં કવિની કાવ્ય પ્રતિભા પદે પદે જોઈ શકાય છે. આ કાવ્યને કેન્દ્રમાં રાખીને કવિની કેટલીક વિશેષતાઓનો આસ્વાદ કરીએ.*

**1.કથાવસ્તુની ગૂંથણી**

*મહાકવિ ભારવિએ અર્જુન અને કિરાતના વેશમાં રહેલા ભગવાન શંકરને કેન્દ્રમાં રાખીને 18 સર્ગોમાં કિરાતાર્જુનીય મહાકાવ્યની રચના કરી છે. મહાભારતમાંથી કથાવસ્તુ લઈને કવિએ પોતાની આગવી પ્રતિભાથી આ કાવ્યનું સર્જન કર્યું છે. અહીં તપોનિષ્ઠ વીર અર્જુન દિવ્ય અસ્ત્રો પ્રાપ્ત કરે છે. ભગવાન શંકર સહિત દેવોનો કૃપાપાત્ર બને છે. આ મુખ્ય કથાનકને અનેક પ્રસંગોમાં ગૂંથીને કવિએ અદ્વિતીય કાવ્યની રચના કરી છે. આ કાવ્યની પ્રબુદ્ધજનોમાં પ્રસિદ્ધ થયું છે. મહાકવિએ મહાભારતના મૂળકથાનકમાં જરૂરી ફેરફારો કરીને અથવા તો જરૂર જણાય ત્યાં મૌલિક પ્રસંગોને નિરૂપીને કાવ્યમાં ક્યાંય કચાસ ન રહે એવો પ્રયત્ન કર્યો છે. આમ, વસ્તુગૂંથણી સુંદર છે.*

**2.પાત્રનિરૂપણ કૌશલ**

*કિરાતાર્જુનીય કાવ્યનું પાત્રાલેખન પણ પ્રભાવક છે. કવિએ ભીમ, યુધિષ્ઠિર, દ્રૌપદી, અર્જુન, કિરાતના રૂપમાં રહેલ ભગવાન શંકર, ઈન્દ્ર વગેરે પાત્રો મૂળકથામાંથી લીધા છે તો સૂયોધન, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ વગેરે પાત્રો સૂચિત છે. કવિ વનેચર, કિરાતનો દૂત વગેરે પાત્રોનું મૌલિક સર્જન કર્યું છે. આ પાત્રો મૂળ મહાભારતની કથામાં નથી પરંતુ કવિએ તેનો કથાવસ્તુના સંદર્ભમાં અને કાવ્યકલાને ધ્યાનમાં રાખીને નવસર્જન કર્યું છે. મૂળ મહાભારતના પાત્રોની પ્રસ્તુતિમાં પણ કવિએ જરૂર જણાયું ત્યાં ફેરફાર કર્યા છે. જેમકે મહાભારતનો ભીમ અહીં ઉદ્ધત અને અવિચારી જંગલી જણાતો નથી પરંતુ કુશળ રાજનીતિજ્ઞ જણાય છે. વનેચરનું પાત્ર મૌલિક છે. આદર્શ દૂતની પ્રતીતિ કરાવે છે. સાથે સાથે રાજનીતિના નિરૂપણ માટે ઉપકારક બને છે. કવિએ પાત્રોના બાહ્ય વ્યક્તિત્વ કરતા આંતરિક વ્યક્તિત્વને ઉપસાવવાનો અહીં પ્રયત્ન કર્યો હોય તેમ જણાઈ આવે છે. જેમકે દ્રૌપદીના સૌંદર્યનું વર્ણન કરતી વખતે કવિએ તેના આંતરિક વ્યક્તિત્વને સારી રીતે વર્ણવ્યું છે. કવિએ પાત્ર નિરૂપણમાં મનોવિજ્ઞાનિક ભાવોને સરસ રીતે નિરુપિત કર્યા છે.*

*મલ્લીનાથ લખે છે તે અનુસાર કિરાતાર્જુનીયનો નાયક અર્જુન છે. પ્રતિનાયક રુપે કિરાતના વેશમાં રહેલા ભગવાન શંકર છે. આ મહાકાવ્યમાં ઈન્દ્ર, યક્ષ, અપ્સરાઓ વગેરે દિવ્ય પાત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આમ છતાં તેઓ પણ માનવ ભાવથી ભરેલા પાત્રો છે.*

*આમ, બ્રહ્માની સૃષ્ટિની માફક કવિએ કિરાતાર્જુનીયમાં પણ વિવિધતા ભરેલી પાત્ર સૃષ્ટિ છે.*

**3.રસનિષ્પત્તિ**

*કાવ્યમાં રસ પ્રાણરૂપ હોય છે. સાહિત્યદર્પણકાર વિશ્વનાથ મહાકાવ્યમાં રસનિરુપણ વિશે લખે છે કે*

**शृङ्गारवीरशान्तानामेकोङ्गी रस इष्यते।**

**अङ्गानि सर्वेऽपि रसाः ...॥**

અર્થાત્ મહાકાવ્યમાં શૃંગાર, વીર કે શાંતમાંથી કોઈ પણ એક રસ મુખ્ય હોવો જોઈએ. અન્ય રસો ગૌણ રૂપે નિરૂપાયેલા હોવા જોઈએ. ટીકાકાર મલ્લિનાથ લખે છે તેમ કિરાતાર્જુનીય મહાકાવ્યમાં વીરરસ મુખ્ય છે. શૃંગાર, રૌદ્ર, શાંત વગેરે રસો ગૌણ રૂપે નિરૂપાયેલા છે. વીરરસના મુખ્ય ચાર પ્રકારો પાડવામાં આવે છે. તેમાંથી યુદ્ધવીર અને ધર્મવીર આ કાવ્યમાં પ્રધાનપણે નિરુપાયેલ છે. દાનવીર અને દયાવીરનું નિરૂપણ સ્પષ્ટ રીતે જોવા મળતું નથી. બીજા સર્ગમાં ભીમ અને દ્રૌપદીની ઉક્તિઓ વીર રસથી ભરેલી છે. શાંતિનો માર્ગ અપનાવના યુધિષ્ઠિરને ભીમ વીરતા ભરેલા વચનો કહે છે

**मदसिक्तमुखैर्मृगाधिपः करिभिर्वर्तयते स्वयं हतैः ।**

**लघयन्खलु तेजसा जगन्न महानिच्छति भूतिमन्यतः॥ किरातार्जुनीयम्,२/१८**

અર્થાત્ સિંહ સ્વયં મારેલા મદસિક્ત હાથીઓથી પોતાનું જીવન ચલાવે છે. પોતાના ક્ષાત્રતેજથી જગતને તુચ્છ સમજતો વીરપુરુષ વગરપરાક્રમે બીજા પાસેથી સમૃદ્ધિ ઈચ્છતો નથી. કવિએ તેરમાં અને ચૌદમાં સર્ગમાં યુદ્ધનું વર્ણન કરતી વખતે પણ વીર રસનું સુંદર રીતે નિરુપણ કર્યું છે. કવિએ શૃંગાર રસનું પણ યથા અવસરે આકર્ષક વર્ણન કર્યું છે. કવિ અપ્સરાઓના સૌંદર્ય વર્ણનમાં, તેઓની જલક્રીડાઓમાં, પ્રણયકેલીઓમાં, વનવિહારમાં વગેરે સ્થાનોમાં શ્રૃગારરસ સતત વહેતો રાખ્યો છે. કવિએ શૃંગાર રસનું વર્ણન કરતા સંતોષ અનુભવ્યો ન હોય તેમ અપ્સરાઓના વર્ણનમાં લગભગ ત્રણ જેટલા સર્ગો રચી દીધા છે. અપ્સરાઓના જલવિહારનું વર્ણન કરતાં કવિ લખે છે -

**विरहस्य पाणौ विधृते धृताम्भसि प्रियेण वध्वा मदनार्द्रचेतसः।**

**सखीव काञ्ची पयसा घनीकृता बभार वीतोच्चयबन्धमंशुकम् ॥ किरातार्जुनीयम्,८/५१**

જલવિહાર વખતે કોઈ નાયિકા હાથમાં પાણી લઈને નાયકને ઉડાડવા ઈચ્છે છે ત્યારે નાયક હસીને તેનો હાથ પકડી લે છે. નાયકને રોમાન્સ થાય છે. તેથી શિથિલ થયેલ ગાંઠવાળું અધોવસ્ત્ર સખી હોય તેમ પાણીથી ચોટેલા કંદોરાએ પકડી રાખ્યું છે. કવિએ અપ્સરાઓના વર્ણનમાં પણ શૃંગાર રસનું ભરપૂર નિરૂપણ કર્યું છે. કવિ રૌદ્ર, અદભુત વગેરે અન્ય રસોનું પણ યથાયોગ્ય નિરૂપણ કરે છે. મહાકાવ્ય રસભાવપૂર્ણ હોય છે તે મુજબ આ કાવ્ય પણ વિવિધ ભાવોથી યુક્ત અને રસોથી તરબોળ છે.

**4.સંવાદકલા**

કોઈપણ કાવ્યમાં સંવાદ જીવંતા લાવે છે. મહાકાવ્યમાં પણ કવિઓ સંવાદોનો સમન્વય કરીને કાવ્યને ઉર્જાપૂર્ણ બનાવતા હોય છે. કિરાતાર્જુનીય મહાકાવ્યમાં પણ કવિએ વિવિધ સંવાદોનું સંયોજન કરી કાવ્યને પ્રભાવક બનાવ્યું છે. આ કાવ્યના આરંભના બે સર્ગોમાં વનેચર, દ્રોપદી, ભીમ અને યુધિષ્ઠિરના સંવાદો આવે છે. તે રાજનીતિની ચર્ચા સાથે પાત્રોની લાક્ષણિકતાઓને પણ રજૂ કરે છે. જેમકે યુધિષ્ઠિરને યુદ્ધ કરવા માટે પ્રેરતી દ્રૌપદીની ઉક્તિ ઉર્જા પૂર્ણ છે -

**भवन्तमेतर्हिमनस्विगर्हिते विवर्तमानं नरदेव वर्त्मनि ।**

**कथं न मन्युर्ज्वलयत्युदीरितः शमीतरुं शुष्कमिवाग्निरुच्छिखः॥**

**किरातार्जुनीयम्,१/३२**

*અહીં દ્રૌપદી કહે છે કે હે રાજન ! આવી અવસ્થામાં સ્વાભિમાની પુરુષો વડે નિંદિત માર્ગમાં રહેલા તમને જેમ સુકાયેલા સમી વૃક્ષના ઝાડને ઊંચી જ્વાળાવાળો અગ્નિ બાળી નાખે તેમ તમને વધેલો ક્રોધ કેમ બાળતો નથી ? દ્રૌપદી યુધિષ્ઠિરને એમ પણ કહે છે કે શાંતિને જ મહત્ત્વ આપતા ઈચ્છતા હો તો વનમાં જઈને હોમ કરવા લાગો. છેલ્લે તે વિજય અને સમૃદ્ધિની શુભકામનાઓ પણ આપે છે. આ પ્રકારના સંવાદોથી આપણને પાત્રોની ચારિત્રિક વિશેષતાઓની સાથે કાવ્યની જીવંતતા પણ દેખાઈ આવે છે. પ્રથમ સર્ગમાં આવતો વનેચર પોતાના વચનો દ્વારા પોતાની નિશ્ચલતા, સ્વામિભક્તિ, રાજનીતિજ્ઞતા વગેરે વિશેષતાઓને વ્યક્ત કરે છે. ભીમની ઉક્તિઓમાં પણ વીરતા, ઉદ્વિજ્ઞતા વગેરે તેમજ દ્રૌપદીની ઉક્તિમાં મનોવ્યાથા, પ્રતિશોધની ભાવના, સ્વાભિમાન વગેરે વિશેષતાઓના દર્શન થાય છે. કવિએ અન્ય સર્ગોમાં પણ આ પ્રકારના સંવાદોની રચના કરી છે. તેમાં અર્જુન અને ઈન્દ્રનો સંવાદ, અર્જુન અને કિરાતના દૂતનો સંવાદ વગેરે ધ્યાનાકર્ષક છે. આમ, કવિએ નિરૂપેલા સંવાદો કાવ્યને આકર્ષક બનાવે છે. સંવાદો રસપ્રદ, નાવિન્યપૂર્ણ, ઓજયુક્ત અને જીવંત છે.*

**5.વર્ણનકલા**

*મહાકવિ વર્ણન કરવામાં પણ કુશળ છે. કવિ વર્ણનોમાં શબ્દચિત્ર પ્રસ્તુત કરે છે. જે તે પ્રસંગ, પરિસ્થિતિ, પાત્ર કે પ્રકૃતિને પ્રત્યક્ષ કરાવે છે. મહાકાવ્યમાં કરવામાં આવતું વર્ણન વૈવિધ્યપૂર્ણ હોવું જોઈએ તે અનુસાર કિરાતાર્જુનીયમાં પણ વર્ણનો વિવિધતાઓથી ભરેલાં છે. જેમકે કવિએ કરેલું સુયોધનના સુશાસનનું વર્ણન જાણે કે આપણે નજરે નિહાળતા હોય તેવું લાગે છે. કવિએ હિમાલયપર્વત, શરદઋતુ વગેરેના વર્ણનો પણ એવી રીતે કર્યા છે કે જાણે આપણે પણ અર્જુનની સાથે જ જે તે સ્થળ પર પહોંચી ગયા હોય તેમ લાગે છે. અપ્સરાઓ અને ગંધર્વોની જલક્રીડા વગેરેનાં વર્ણનો તો ખૂબ જ ધ્યાનાકર્ષક છે. કવિએ કરેલા ગંધર્વ અને અપ્સરાઓની વિલાસચેષ્ટાઓના વર્ણનોમાં કવિની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ અને માનવભાવોને ઓળખવાની ક્ષમતા જણાઈ આવે છે. ગોચરભૂમિમાંથી પાછી ફરતી ગાયોનું વર્ણન અત્યંત સ્વાભાવિક છે -*

**उपारताः पश्चिमरात्रिगोचरादपारयन्तः पतितुं जवेन गाम् ।**

**तमुत्सुकाश्चक्रुरवेक्षणोत्सुकं गवां गणाः प्रस्नुतपीवरोधसः॥ किरातार्जुनीयम्,४/१०**

*સાંજના સમયે પાછી ફરીથી ગાયો પોતાના આંચળના ભારથી ઝડપથી ચાલી શકતી નથી. પોતાના વાછરડા માટે અત્યંત ઉત્કંઠિત હોવાથી તેઓના આંચળમાંથી દૂધ ઝરી રહ્યું છે. આ પ્રકારના વર્ણનો કરી કવિ મનને પ્રફુલિત કરી દે છે. કવિ આપણી સમક્ષ*

*ગ્રામ્યજીવન અને આશ્રમજીવન પ્રગટ કરે છે. આમ, કિરાતાર્જુનીયમાં કવિએ કરેલાં વર્ણનો મનોહર અને રસપ્રદ છે. તેમાં કવિની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને મનોભાવોને ઓળખવાની કલાના દર્શન થાય છે. આમ, વર્ણનકલામાં પણ કવિ સિદ્ધહસ્ત છે.*

**6. પ્રકૃતિચિત્રણ**

*મહાકાવ્યમાં સૂર્યોદય, ચંદ્રોદય, સંધ્યા, રાત્રી, પર્વત વગેરેના વર્ણનો જોવા મળે છે. મહાકવિ ભારવીએ પણ કિરાતાર્જુનીયમાં મહાકાવ્યના લક્ષણો અનુસાર વર્ણનો કર્યા છે. કવિએ આ કાવ્યમાં વૈવિધ્યસભર વર્ણનો વડે પ્રકૃતિનો આસ્વાદ કરાવ્યો છે. તેણે કરેલું હિમાલય પર્વતનું વર્ણન કાલિદાસના કુમારસંભવના હિમાલય વર્ણનનું સ્મરણ કરાવે છે. કવિએ નવમાં સર્ગમાં સંધ્યા, સૂર્યોદય, સૂર્યાસ્ત, ચંદ્રોદય વગેરેનું વર્ણન કર્યું છે તે પણ ખૂબ જ આકર્ષક છે. કવિએ 10માં સર્ગમાં છ ઋતુઓનું વર્ણન કર્યું છે તે મનોહર છે. તે પ્રકૃતિના સુંદર વર્ણન કરે છે.*

**उत्फुल्लस्थलनलिनीवनादमुस्माद्धूतः सरसिजसम्भवः परागः।**

**वात्याभिर्वियति विवर्तितः समन्तादाधत्तेकनकमयातपत्र लक्ष्मीम् ॥**

**किरातार्जुनीयम्,५/३९**

*તેના આ પ્રસિદ્ધ શ્લોકના આધારે તેને આતપત્ર ભારવિની ઉપાધિ આપવામાં આવી છે. વિકસિત કમલિનીઓમાંથી વંટોળિયાએ ઉડાડેલ પદ્મપરાગ આકાશમાં વર્તુળાકાર ફરે છે ત્યારે સોનાના છત્રની શોભાને ધારણ કરે છે. કવિએ ચોથા સર્ગમાં કરેલ શરદ ઋતુનું વર્ણન પણ પ્રભાવોત્પાદક છે. કવિએ શરદઋતુમાં પણ મેઘધનુષ્યની કલ્પના કરી પોતાની પ્રગલ્ભ વિચાર શક્તિની પ્રતીતિ કરાવી છે.*

*વિવેચકો જણાવે છે તેમ ભારવિનું પ્રકૃતિવર્ણ કાલિદાસ જેવું ઉત્કૃષ્ઠ ન હોવા છતાં અલંકૃત શૈલીની ઉદ્ભવના કરનાર કવિઓમાં અગ્રેસર છે. તેના વર્ણનો કલ્પનાવૈભવથી મંડિત, મૌલિક અને આકર્ષક છે. કવિએ પ્રકૃતિના ચિત્રને શબ્દો વડે આપણી સમક્ષ પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો છે. અલંકૃત મહાકાવ્યની દષ્ટિએ કિરાતાર્જુનીયના આ વર્ણનો કવિના કાવ્યકૌશલ્યના પરિચાયક છે.*

**7. અલંકારવૈભવ**

*મહાકાવ્ય વિવિધ શબ્દાલંકારો અને અર્થાલંકારોથી શોભતું હોય છે. કિરાતાર્જુનીયમાં પણ કવિએ અનેક શબ્દાલંકારો અને અર્થાલંકારોનો પ્રયોગ કર્યો છે. કવિએ ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, નિદર્શના, કારણમાલા, અર્થાતરન્યાસ, સમાસોક્તિ વગેરે અર્થાલંકારો અને યમક, શ્લેષ જેવા શબ્દાલંકારોનો પ્રયોગ કર્યો છે. કવિએ અર્થાંતરન્યાસનો સવિશેષ પ્રયોગ કરેલ છે. કવિ બીજા અલંકારોની સાથે સાથે શ્લેષનો પણ સુંદર પ્રયોગ કરે છે. જેમકે પ્રથમ સર્ગમાં દ્રૌપદી કહે છે-*

**गुणानुरक्तामनुरक्तसाधनः कुलाभिमानी कुलजां नराधिपः ।**

**परैस्त्वदन्यः क इवापहारयेन्मनोरमामात्मवधूमिव श्रियम॥ किरातार्जुनीयम्,१/३१**

*અહીં રાજલક્ષ્મી અને પત્ની બંનેને માટે સમાન વિશેષણો પ્રયોજીને કવિએ ઉપમા મિશ્રિત શ્લેષ અલંકારનો સુંદર પ્રયોગ કર્યો છે. કવિનો ઉપમા અલંકારનો પ્રયોગ પણ આકર્ષક છે. તેના શબ્દાલંકારનું સૌંદર્ય પણ પ્રભાવપૂર્ણ છે. તેણે યમક અને શ્લેષનો ચમત્કારપૂર્ણ પ્રયોગ કર્યો છે. કવિએ પાંચમાં સર્ગમાં હિમાલય પર્વતનું વર્ણન કરતી વખતે યમકનો સુંદર પ્રયોગ કર્યો છે-*

**पृथुकदम्बकदम्बकशजितं ग्रथितमालतमालवनाकुलम् ।**

**लघुतुषाश्तुषाश्जलश्च्युतं धृतसदानसदाननदन्तिनम् ॥ किशतार्जुनीयम्,५/९**

*અર્થાત્ હિમાલય પર્વત મોટા કદંબ પુષ્પના સમૂહ વડે શોભતો હતો. હારબંધ તમાલના વનોથી વીંટળાયેલો હતો. નાના નાના ઝાકળબિંદુને વહાવતો હતો અને મદઝરતા મુખવાળા હાથીઓને ધારણ કરતો હતો. આ પદ્યમાં કવિએ* कदम्ब कदम्ब, तमाल तमाल, तुषाश तुषाश, सदान सदान*શબ્દોનો પ્રયો,, કર્યો છે. આમ, સાર્થક અને નિરર્થક શબ્દોની સમાનક્રમથી આવૃત્તિ થવાથી અહીં યમક અલંકાર બન્યો છે. કવિએ ચિત્રાલંકારનો પણ પ્રયાસસાધ્ય પ્રયોગ કર્યો છે. કવિ એક જ વર્ણનો ઉપયોગ કરીને પણ પદ્ય રચી શકે છે. જેમકે*

**न नोननुन्नो नुन्नोनो नाना नानानना ननु ।**

**नुन्नोऽनुन्नो ननुन्नेनो नानेना नुन्ननुन्ननुत् ॥ किशतार्जुनीयम्,१५/१४**

*આ પદ્યમાં કેવળ* न*વર્ણનો પ્રયોગ કરીને કવિએ વીરતાનું વર્ણન કર્યું છે. આમ, કવિએ વિવિધ શબ્દાલંકારનો પ્રયોગ કરીને પણ પોતાની અલંકાર કુશળતા વ્યક્ત કરી છે. જોકે અલંકારોના વધારે પડતા પ્રયોગના કારણે કાવ્યનું બાહ્ય સૌંદર્ય ચોક્કસ વધે છે પરંતુ આંતરિકસૌંદર્ય, ભાવસૌદર્ય ઓછું થઈ જાય છે.*

## 8.છંદોનું સંગીત

*કિરાતાર્જુનીય મહાકાવ્યમાં છંદોનું સંગીત સતત સંભળાય છે. કવિએ આ કાવ્યમાં અનુષ્ટુપ, વંશસ્થ, વૈતાલીય, ઉપજાતિ, પુષ્પિતાગ્રા, પ્રહર્ષિણી, સ્વાગતા, ઉદ્ગાતા, માલિની, શાલિની વગેરે અનેક છંદોનો પ્રયોગ કરી પોતાનું છંદપ્રભુત્વ દર્શાવ્યું છે. મહાકાવ્યના લક્ષણ અનુસાર પ્રત્યેક સર્ગમાં એક છંદનો પ્રયોગ કરી અને અંતે છંદપરિવર્તન કરવું જોઈએ. વળી, કોઈ એકાદ સર્ગમાં પણ કવિ છંદવૈવિધ્ય લાવવા માટે અનેક છંદોનો પ્રયોગ કરી શકે છે. મહાકાવ્યના છંદ અંગેના લક્ષણોનું પણ કિરાતાર્જુનીયમાં પાલન થયેલું જોઈ શકાય છે. કવિએ અનુષ્ટુપ, ઉપજાતિ, દ્રુતવિલંબિત જેવા પ્રસિદ્ધ છંદોનો પ્રયોગ તો કર્યો જ છે, સાથે સાથે ચંદ્રિકા, મત્તમયૂર, જલોદ્ધગતિ જેવા અપ્રચલિત છંદોનો પણ પ્રયોગ કર્યો છે. કવિના વંશસ્થ છંદની પ્રવીણતા જોઈને પ્રસન્ન થયેલ ક્ષેમેન્દ્રે સુવૃતતિલકમાં કહ્યું છે કે -*

**वृत्तच्छत्रस्य सा कापि वंशस्थस्य विचित्रता ।**

**प्रतिभा भाश्वेर्येन सच्छायेवाधिकी कृता॥**

*કવિ પ્રસંગને અનુરૂપ છંદોનો પ્રયોગ કરે છે. જેમકે રાજનીતિના વર્ણનમાં વંશસ્થ છંદ યોગ્ય છે. તેથી પ્રથમ સ્વર્ગમાં રાજનીતિ વર્ણન હોવાથી વંશસ્થ છંદનો પ્રયોગ કર્યો છે. આમ, કિરાતાર્જુનીયમાં છંદ નિરૂપણ પણ પ્રશંસનીય છે.*

**9.સુક્તિઓની સુષમા**

*કિરાતાર્જુનીયમાં કવિએ અનેક જગ્યાએ સૂક્તિઓ આપીને કાવ્યને સદુપદેશગમ્ય બનાવ્યું છે. કવિએ પ્રયોજેલી કેટલીક સૂક્તિઓ આજે પણ સુભાષિત રૂપે પ્રચલિત થયેલી છે. જેમકે*

हितंमनोहारि च दुर्लभं वचः । किशतार्जुनीयम्,१/४

(*હિતકારક અને મનોહર વાણી દુર્લભ હોય છે.*)

न हि प्रियं प्रवक्तुमिच्छन्ति मृषा हितैषिणः। किशतार्जुनीयम्,१/२

(*હિતેચ્છુ લોકો ખોટું હોય તેવું પ્રિય બોલવા ઈચ્છતા નથી.*)

विचित्ररूपाखलु चित्तवृतयः। किशतार्जुनीयम्,१/३७

(*મનોવૃત્તિઓ વિચિત્ર રૂપવાળી હોય છે.*)

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम्। किशतार्जुनीयम्,२/३०

(*એકાએક વિચાર્યા વગર કોઈ પણ કામ કરવું જોઈએ નહીં. આ પ્રકારનો અવિવેક આપત્તિઓનું મોટું મૂળ છે.*)

वसन्ति हि प्रेम्णि गुणा न वस्तुनि । किशतार्जुनीयम्,८/३५

(*ગુણો પ્રેમમાં રહેલા છે, વસ્તુમાં નહીં.*)

*આમ, કિરાતાર્જુનીય અનેક સદુક્તિઓથી ભરેલું કાવ્ય છે. આ કાવ્યમાં કવિ રામાયણ, મહાભારત, પુરાણ વગેરેમાં વ્યક્ત થયેલ વિચારોનું પ્રતિબિંબ પાડતી સૂક્તિઓ નિરૂપે છે તો ક્યાંક કવિએ પોતાના અનુભવના નીચોડ રૂપે સૂક્તિઓ સર્જે છે. માનવભાવનાનું આલેખન કરતી સૂક્તિઓ પણ કવિએ પ્રયોજી છે. તેમાં તેની મનોવિજ્ઞાનક સૂઝ દેખાય છે. કવિએ કિરાતાર્જુનીયરૂપી બાગમાં સૂક્તિરૂપી પુષ્પોની સુવાસ સર્વત્ર ફેલાવી છે.*

**10. રીતિનિરૂપણ**

*રીતિ સિદ્ધાંતના પ્રવર્તક આચાર્ય વામન કાવ્યનો આત્મા રીતિને ગણાવે છે. તેના મતે વિશિષ્ટ પદરચના રીતિ છે. આ વિશેષતા ગુણના કારણે આવે છે. આચાર્ય વામને રીતિના વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એમ ત્રણ પ્રકારો પાડ્યા છે. રીતિને આચાર્ય આનંદવર્ધન સંઘટના કહે છે. દંડી જેવા આચાર્યો માર્ગ એવું નામ આપે છે.*

*કિરાતાર્જુનીયમાં વૈદર્ભી રીતિનાં માધુર્ય, પ્રસાદ જેવા ગુણો જોવા મળે છે તો ગૌડી રીતિનો ઓજસ્ ગુણ પણ ઊડીને આંખે વળગે તેવો છે. કવિએ સમકાલીન*

*સાહિત્યસર્જનને ધ્યાનમાં રાખીને કિરાતાર્જુનીયની રચના કરી છે તેથી તેમાં વૈદર્ભી રીતિની ઋજુતા પણ છે અને ગૌડી શૈલીની કઠીનતા પણ છે. કવિએ કાવ્યને સમયને અનુરૂપ અલંકૃત કર્યું છે. ભાવને અનુરૂપ ભાષાનો પ્રયોગ કર્યો છે. અનેક સનાતન સત્યોથી કાવ્યને શણગાર્યું છે. કવિએ કેટલાક અપ્રચલિત શબ્દોનો પ્રયોગ પણ કર્યો છે. તેનાં પાંડીત્યનું પ્રદર્શન આપણી નજર સમક્ષ આવ્યા વગર રહેતું નથી. આમ, કવિએ આ કાવ્યમાં યોજેલ રચનારીતિ તત્કાલીન સમયને અનુરૂપ છે.*

### 11. રાજનીતિનું નિરૂપણ

*મહાકવિ ભારવિએ અનેક રાજાઓનો આશરો પ્રાપ્ત કર્યો હતો તેથી તે રાજનીતિથી સુપરિચિત હતા. તેનું રાજનીતિનું જ્ઞાન કિરાતાર્જુનીયમાં પણ જોવા મળે છે. કવિએ પ્રારંભમાં રચેલા બંને સર્ગો (પ્રથમ અને દ્વિતીય સર્ગ)માં તો રાજનીતિ સ્પષ્ટ પણે વર્ણવાયેલી છે. પ્રથમ સર્ગના વર્ણનમાં યુધિષ્ઠિર દુર્યોધનની રાજનીતિને જાણવા માટે ગુપ્તચરને મોકલે છે. તે દુર્યોધનની રાજ્યવ્યવસ્થા જાણી પાછો ફરે છે અને કહે છે કે -*

**क्रियासु युक्तैर्नृप चारचक्षुषा न वञ्चनीयाः प्रभवोऽनुजीविभिः।**

**अतोऽर्हसि क्षन्तुमसाधु साधुवा हितं मनोहारि च दुर्लभं वचः॥ किशतार्जुनीयम्,१/४**

*ગુપ્તચરો રાજાના નેત્ર હોય છે. તેના વડે રાજાઓ મુશ્કેલીથી જાણી શકાય તેવા રહસ્યોને પણ જાણી શકે છે. તેથી તેઓ વફાદાર, નિર્ભય અને બુદ્ધિશાળી હોવા જોઈએ. યુધિષ્ઠિરનો ગુપ્તચર વનેચર પણ પોતાના સ્વામી પ્રત્યે વફાદારી ધરાવે છે એટલે જ તે તેને હિતકારક વચનો કહે છે. ગુપ્તચરે કહેલી વાતોમાં દુર્યોધનની શાસનવ્યવસ્થા, રાજકુશળતા, પ્રજાવત્સલતા, શત્રુ પ્રત્યેની નીતિ વગેરેનો પરિચય મળે છે. આ વર્ણનમાં રાજાઓના કર્તવ્યાકર્તવ્ય અંગેના નિર્દેશો પણ જોવા મળે છે. અહીં સ્પષ્ટ રીતે રાજનીતિ વર્ણવાયેલી છે. તે કવિના રાજનીતિના જ્ઞાનની નીપજ છે.*

*રાજા અને સેવકોના સામંજસ્યને વ્યક્ત કરતું એક અન્ય ઉદાહરણ પણ ધ્યાન આકર્ષક છે -*

**स किंसखासाधु न शास्ति योऽधिपं हितान्न यः संशृणुते स किंप्रभुः।**

**सदाऽनुकूलेषु हि कुर्वते रतिं नृपेष्वमात्येषु च सर्वसम्पदः॥**

*જે સેવક રાજાને સાચું કહેતો નથી અને જે રાજા હિતકારક સાંભળતો નથી ત્યાં સમૃદ્ધિ આવતી નથી. જ્યાં રાજાઓ અને તેના સેવકો, અમાત્યો અનુકૂળ હોય ત્યાં જ બધી સમૃદ્ધિ રહે છે. આમ, રાજાઓ અને તેના અમાત્યો, મંત્રીઓ, દૂતો વગેરેમાં અનુકૂળતા, એકતા અને સમર્પણભાવ હોવો જોઈએ તેમ કહ્યું છે. ભારવિએ સામ, દામ, દંડ, ભેદ વગેરે ઉપાયો તથા સંધિ, વિગ્રહ વગેરે રાજ્યના અંગોનો યથાર્થ રીતે નિર્દેશ કર્યો છે. રાજાએ સહનશીલતા, ધૈર્ય, ક્રોધ વગેરે સમયને અનુરૂપ ધારણ કરવા જોઈએ તેમ પણ વિવિધ ઉક્તિઓના માધ્યમથી કહ્યું છે.*

*વનેચર, ભીમ, દ્રૌપદી, યુધિષ્ઠિર વગેરેની ઉક્તિઓમાં ઉત્તમ રાજ્યવ્યવસ્થા માટેનું સુંદર માર્ગદર્શન રહેલું છે. રાજનીતિનું આ નિરૂપણ કવિના રાજાઓ સાથેના ઘનિષ્ઠ સંબંધનું પરિણામ છે. કવિએ રાજનીતિના ગ્રંથોનું ઊંડું અધ્યયન પણ કર્યું હોય તેમ લાગે છે. તેણે ક્યાંક સ્પષ્ટરૂપે રાજનીતિના સિદ્ધાંતો આપ્યા છે તો ક્યાંક કોઈક પ્રસંગના માધ્યમથી રાજનીતિને સૂચિત કરી છે. આમ, આ કાવ્યમાં રાજનીતિનું સુંદર નિરૂપણ થયું છે.*

**12.ભારવિનું અર્થગૌરવ**

उपमा कालिदासस्य भारवेरर्थगौरवम्। *એમ કહીને કાલિદાસના ઉપમા અને ભારવિના અર્થગૌરવની પ્રશંસા કરવામાં આવી છે. મહાકવિ ભારવિના કિરાતાર્જુનીયમાં શબ્દ અને અર્થનું અદ્ભુત સંયોજન થયેલું છે. કવિ થોડામાં ઘણું કહી દેવાની કલા ધરાવે છે. તેણે શબ્દોને પોતાના પાત્રોના મુખમાં મૂકીને પોતાની કાવ્યકલાની આ વિશેષતાને વ્યક્ત કરી છે. જેમકે, પ્રથમ સર્ગમાં વનેચરની ઉક્તિમાં કવિએ પોતાના કાવ્યની કમાલ બતાવતા કહ્યું છે કે*

**ससौष्ठवौदार्यविशेषशालिनीं विनिश्चितार्थामिति वाचमाददे। किरातार्जुनीयम्,१/३**

*અર્થાત્ શબ્દની સમર્થતા અને અર્થની સંપત્તિથી વિશેષ રીતે શોભતી ચોક્કસ અર્થવાળી વાણી વનેચરે કહી. ભારવિના કાવ્યમાં આ પણ વિશેષતા જોવા મળે છે.*

*કવિએ બીજા સર્ગમાં યુધિષ્ઠિરની ઉક્તિમાં સિદ્ધિ માટેનું સુંદર સુભાષિત આપ્યું છે.*

**शुचि भूषयन्ति श्रुतं वपुः प्रशमस्तस्य भवत्यलङ्क्रिया ।**

**प्रशमाभरणं पराक्रमः स नयापादितसिद्धिभूषणः॥ किरातार्जुनीयम्,२/३२**

*અર્થાત્ શાસ્ત્રજ્ઞાન શરીરને શણગારે છે. તેનો અલંકાર પ્રસમ એટલે કે ક્રોધનો અભાવ છે. તે પ્રસમનું પણ આભુષણ પરાક્રમ છે અને પરાક્રમને વિવેકથી પ્રાપ્ત થયેલી સિદ્ધિ શણગારે છે. આમ, કવિ નાનકડા સુભાષિતમાં ઊંડો અર્થ વ્યક્ત કરે છે. કવિએ અનેક જગ્યાએ અલ્પશબ્દોમાં રાજનીતિ, વ્યવહારનીતિ વગેરેનું નિરૂપણ કર્યું છે. અર્થગૌરવના સંદર્ભમાં કવિના જ શબ્દોમાં કહીએ તો -*

**स्फुटता न पदैरपाकृता न च न स्वीकृतमर्थगौरवम्।**

**रचिता पृथगर्थता गिरां न च सामर्थ्यमपोहितं क्वचित्॥ किरातार्जुनीयम्,२/२७**

*રાજનીતિ સંદર્ભે પોતાનો મત દર્શાવતા ભીમને સમજાવતા આ પદ્યમાં યુધિષ્ઠિર કહે છે કે તારી વાણીએ પદોની સ્પષ્ટતા તોડી નથી. અર્થનું ગૌરવ નથી સ્વીકાર્યું એમ પણ નથી. વાણીમાં એકબીજાથી સ્વતંત્ર અર્થો રહેલા છે. પદોએ સાપેક્ષ સ્વભાવ છોડ્યો નથી અર્થાત્ વાણી સ્ફૂટ અર્થવાળી, અર્થગૌરવયુક્ત, સાર્થક અને પરસ્પર પૂર્વાપર સંદર્ભવાળી છે. આ રીતે ભારવિએ અનેક જગ્યાએ પોતાના કાવ્યની વિશેષતા વર્ણવી છે, ભારવિના અર્થગૌરવની અનેક વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે. કિરાતાર્જુનીયના ટીકાકાર મલ્લીનાથ સ્વયં લખે છે કે -*

**नाश्किेलफलसम्मितं वचो भाश्वेः सपादे तद्विभज्यते।**

**स्वादयन्तु श्सगर्भनिर्भशं साश्मस्य श्सिका यथेप्सितम् ॥**

*જેમ નાળિયેરની કાચલી કઠોર હોય છે પરંતુ તેને તોડવાથી અંદર મધુર પાણી અને સ્વાદિષ્ટ કોપરું પ્રાપ્ત થાય છે તેમ ભારવિની વાણીમાં પણ ઊંડે જઈએ તેમ સુંદર અર્થો પ્રાપ્ત થાય છે. સરસ કાવ્યનો આસ્વાદ થાય છે.*

*ઉપસંહાર*

*આમ, કિરાતાર્જુનીયમાં મહાકવિ ભારવિની કાવ્યકલા સોળેય કળાએ ખીલી હોય તેમ જણાય છે. કવિએ પુરાતન કથામાં નવા પ્રાણ પૂર્યા છે. રસવૈવિધ્યથી કાવ્યને આસ્વાદ્ય બનાવ્યું છે. માનવ સમાજનું પ્રતિનિધિત્વ કરતા પાત્રોથી સ્વાભાવિકતાનું ચિત્રણ કરવાનો પ્રયાસ થયો છે. અલંકાર અને છંદ કાવ્યની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. વર્ણનો વિવિધ પ્રસંગોને પ્રત્યક્ષ કરાવી આપે છે. રચનારીતિની વ્યવસ્થા કલાત્મક છે. પુરોગામી અને અનુગામી કવિઓ વચ્ચે સમન્વય સાધક કવિ તરીકે ભારવિ ઉપસી આવે છે. ખરેખર, કિરાતાર્જુનીય ભારવિની અદ્ભુત કૃતિ છે.*

## 12.4 તમારી પ્રગતિ ચકાસો.

*નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.*

1. *મહાકવિ ભારવિના જીવન, સમય અને સાહિત્યસર્જન વિશે વિસ્તૃત નોંધ લખો.*

2. *મહાકવિ ભારવિની કાવ્યશૈલીની સમીક્ષા કરો.*

3. *કિરાતાર્જુનીયમાં નિરુપિત રાજનીતિને વર્ણવો.*

4. भाश्वेर्र्थगौश्वम् – *ઉક્તિની સાર્થકતાની સમીક્ષા કરો.*

**લેખક : ડૉ. ડાહ્યાલાલ મોકરિયા આસિસ્ટન્ટ પ્રોફેસર,**

**શ્રી સોમનાથ સંસ્કૃત યૂનિવર્સિટી, વેરાવલ.**

# એકમ : 13 : કિરાતાર્જુનીય પરિચય

## રૂપરેખા


**13.0 ઉદ્દેશ્ય**

**13.1 પ્રસ્તાવના**

**13.2 સંસ્કૃતસાહિત્ય**

**13.1.1 સંસ્કૃત સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ**

**13.2.2 મહાકાવ્યનું સ્વરૂપ**

**13.2.3 કિરાતિર્જુનીયનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન**

**13.3 કિરાતાર્જુનીયનું કથાવસ્તુ**

**13.4 કિરાતાર્જુનીય મહાકાવ્યનો મૂળસ્રોત – મહાભારત**

**13.5 કિરાતાર્જુનીયની રચના માટે સ્વીકારવામાં આવેલ મૂળકથાનક**

**13.6 કિરાતાર્જુનીયમાં કવિએ કરેલાં પરિવર્તનો અને મૌલિક પ્રસંગો**

**13.7 તમારી પ્રગતિ ચકાસો.**


## 13.0 ઉદ્દેશ્ય

1. *વિદ્યાર્થીઓ કિરાતાર્જુનીયનો પરિચય પ્રાપ્ત કરે.*
2. *વિદ્યાર્થીઓ સાહિત્યના સ્વરૂપને જાણી, કાવ્યના સ્વરૂપને સમજે.*
3. *વિદ્યાર્થીઓ મહાકાવ્યના લક્ષણોને જાણે.*
4. *વિદ્યાર્થીઓ કિરાતાર્જુનીયની મહાકાવ્ય તરીકે સમીક્ષા કરતા શીખે.*
5. *વિદ્યાર્થીઓ કિરાતાર્જુનીય મહાકાવ્યના સારાંશને જાણે.*
6. *વિદ્યાર્થીઓ કિરાતાર્જુનીય મૂળગ્રંથને જાણે અને તેમાં કવિએ કરેલા પરિવર્તનોને સમજે.*

## 13.1 પ્રસ્તાવના

*ભગવાને અદ્ભુત સૃષ્ટિનું સર્જન કર્યું છે. તેમાં વૈવિધ્યતાની વણઝાર છે. પ્રત્યેક જીવ કોઈને કોઈ વિશેષતાવાળો છે. જડ પદાર્થોમાં પણ ઈશ્વરે મનોહરતા અને ઉપકારકતા મન મુકીને ભરી દીધી છે. બધા જ જીવોમાં મનુષ્યને સર્જીને તો કમાલ કરી દીધી છે. મનુષ્ય સંપૂર્ણપણે સર્વતોગામી સુખ પ્રાપ્ત કરે તે માટે જાણે કે બધી જ સુવિધાઓ કરી આપી છે. મનુષ્યને તો વિશેષ બુદ્ધિ આપીને નવસર્જન કરવાની તક પણ આપી છે. આજે મનુષ્યએ પ્રાપ્ત કરેલા વિવિધ આવિષ્કારોમાં કાવ્ય પણ આગવું સ્થાન ધરાવે છે.*

પ્રાચીનકાળથી કવિઓ કાવ્યનું સર્જન કરતા આવ્યા છે. આપણી પ્રચીનતમ ભાષા સંસ્કૃત છે. સંસ્કૃતસાહિત્યમાં અનેક કવિઓએ કાવ્યરચનાઓ કરીને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. મહાકવિ ભારવિ પણ સંસ્કૃત સાહિત્યકારોમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. તેનું કિરાતાર્જુનીય સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ પંચમહાકાવ્યોમાં સ્થાન પામ્યું છે. આ કાવ્ય ભારવિનો કીર્તિસ્તંભ છે.સંસ્કૃતસાહિત્ય,કાવ્યજગત અને તેમાં કિરાતાર્જુનીયનું સ્થાન - આ બિંદુઓનો આ એકમમાં વિચાર કરવામાં આવ્યો છે.

## 13.2 સંસ્કૃતસાહિત્ય

સંસ્કૃતભાષાને દેવોની ભાષા કહેવામાં આવી છે. આ ભાષામાંથી જ જગતની મોટાભાગની ભાષાઓ જન્મી છે. તેને બધી જ પ્રાંતીય આર્યભાષાઓની જનની કહેવામાં આવી છે. હાલમાં પણ બોલાતી અનેક ભાષાઓમાં સંસ્કૃતના અનેક તત્સમ કે તદ્ભવ શબ્દો સીધી રીતે ઊતરી આવ્યા છે. ભારતમાં બોલાતી મોટાભાગની ભાષાઓના લગભગ સિત્તેર ટકા જેટલા શબ્દો સંસ્કૃત ભાષા સાથે સંબંધ ધરાવે છે. સંસ્કૃતભાષાની રચના વૈજ્ઞાનિક છે. તેથી તો વિશ્વના વિદ્વાનોએ સ્વીકાર્યું છે કે કમ્પ્યુટરમાં ઉપયોગમાં લઈ શકાય તેવી સૌથી અનુકૂળ ભાષા જો કોઈ હોય તો તે સંસ્કૃતભાષા છે. સંસ્કૃતભાષાનું શબ્દભંડોળ વિશાળ છે. આ ભાષાના પ્રત્યેક શબ્દ ચોક્કસ અર્થ ધરાવે છે, આથી અર્થની સ્પષ્ટતા માટે પણ સંસ્કૃત ભાષા જ સૌથી વધારે યોગ્ય છે. તેમાં એક સમાન અર્થને વ્યક્ત કરતા અનેક શબ્દો છે. બીજી ભાષાઓ કરતા સંસ્કૃત ભાષામાં સમાનાર્થી શબ્દો પણ અનેક જોવા મળે છે. આ ભાષાના પ્રત્યેક શબ્દ તેના ચોક્કસ અર્થને વ્યક્ત કરે છે. શબ્દનિર્માણ કરવાની પદ્ધતિ તેમજ શબ્દ નિર્માણની ચોક્કસ પ્રક્રિયા અંગે પણ સંસ્કૃતભાષાના વિદ્વાનો વૈજ્ઞાનિક વિચારો રજૂ કર્યા છે. સંસ્કૃત ભાષાની વર્ણમાલા પણ વૈજ્ઞાનિક છે. સંસ્કૃતભાષાના કેટલાક વર્ણોના ઉચ્ચારણ કરવાની અસમર્થતાના કારણે આજે કેટલીક ભાષાઓમાંથી સંસ્કૃતના વર્ણો લુપ્ત થઈ ગયા છે અથવા એક વર્ણએ બીજા વર્ણનું સ્થાન લીધું છે. સંસ્કૃતભાષા લોકભાષામાંથી બહાર નીકળી જવાના પરિણામે આ સ્થિતિ આવી પડી છે. આજે પણ સંસ્કૃતભાષા લોકભાષા બને તે માટેના પ્રયત્નો થઈ રહ્યા છે.

સંસ્કૃત સાહિત્ય ખૂબ જ પ્રાચીન છે. સંસ્કૃત સાહિત્યનો પ્રાચીનતમ ગ્રંથ ઋગ્વેદ છે. વેદસંહિતા, આરણ્યક, બ્રાહ્મણગ્રંથ અને ઉપનિષદસાહિત્યમાંથી ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ, વિજ્ઞાન વગેરેનો ઊંડો પરિચય પ્રાપ્ત થાય છે. ભારતવર્ષનો ભવ્ય ઈતિહાસ વૈદિક સાહિત્યમાં સચવાયેલો છે. વૈદિકસાહિત્ય પછી પુરાણો, રામાયણ, મહાભારત વગેરે ગ્રંથોમાં પણ ભારતની ભવ્યતાના દર્શન થાય છે. કાવ્યશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, સ્મૃતિશાસ્ત્ર વગેરેમાં ભારતીય ઋષિઓ, મુનિઓ, મહાત્માઓ, ચિંતકો વગેરેના સંશોધનપૂર્ણ વિચારોના દર્શન થાય છે.

સાહિત્ય સમાજનું દર્પણ છે. કોઈપણ સમાજ તેના સાહિત્યમાં પ્રતિબિંબિત થતો જ હોય છે. સાહિત્યકાર સમાજથી અલિપ્ત રહીને સાહિત્યનું સર્જન કરી શકતો નથી. સંસ્કૃત સાહિત્યમાં પણ તત્કાલી સમાજનું ચિત્ર જોવા મળે છે. કેટલીક વખત મહામુનિઓએ સ્પષ્ટ રીતે તો કેટલીક વખત અસ્પષ્ટ રીતે (સાંકેતિક સંદર્ભમાં)

*સમાજને દર્શાવતા હોય છે. પુરાણોમાં પણ વૈદિકસાહિત્યનો ભવ્યવારસો સંગ્રહાયેલો જોવા મળે છે. તેમાં પણ વેદોના વિચારોને કથાના માધ્યમથી રજૂ કરવામાં આવ્યા છે. આ વિચારોમાં ક્યાંક સાંકેતિકરૂપે આખ્યાનના માધ્યમથી કથનીય વિષય રજૂ કરવામાં આવેલ છે. તો ક્યારેક સ્પષ્ટરૂપે પણ રજૂ થયેલા છે. વિવિધ ચરિત્રોના વર્ણનોથી ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારની ભવ્યતાને પણ વર્ણવવામાં આવી છે. સંસ્કૃતસાહિત્યમાં પ્રસ્તુતિકરણની વિવિધતા દ્વારા આદર્શ માનવજીવનપદ્ધતિને પણ રજૂ કરવામાં આવી છે.*

*સંસ્કૃત સાહિત્યમાં મનોરંજનને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. મનોરંજનના માધ્યમથી પણ માનવ જીવનનો ઉમદા સંદેશ વ્યક્ત કરવામાં આવ્યો છે. મનોરંજનને રજૂ કરતું સંસ્કૃત કાવ્યસાહિત્ય અદ્ભુત છે. સાહિત્ય શબ્દનો વ્યુત્પતિજનક અર્થ જાણવો પણ રસપ્રદ છે.* संहतियोः (शब्दार्थयोः ) भावः साहित्यम्। *અર્થાત્ જે રચનામાં શબ્દ અને અર્થ પ્રતિસ્પર્ધા કરવાની સાથે પરસ્પરને ઉપકારક બને તેને સાહિત્ય કહેવામાં આવે છે. કહેવાનો ભાવ એવો છે કે કવિ જે અર્થ રજૂ કરવા માંગતા હોય તેને વ્યક્ત કરવા માટે શબ્દ સંપૂર્ણપણે સમર્થ હોય છે, એટલું જ નહીં, અર્થ પણ ઔચિત્યપૂર્ણ ભાવ વ્યક્ત કરે છે. સાહિત્ય શબ્દનો અભિપ્રાય દર્શાવતાં આચાર્ય કુંતક લખે છે કે -*

**साहित्यमनयोः शोभाशालितां प्रति काप्यसौ ।**

**अन्युनानतिरिक्तत्वमनोहारिण्यवस्थितिः ॥ वक्रोक्तिजीवितम्, १/१७**

*અર્થાત્ કાવ્યના સૌંદર્યાધાન માટે શબ્દ અને અર્થની રહેલી એકસરખી મનોહારી સ્થિતિને કાવ્ય કહેવામાં આવે છે. આમ, શબ્દ અને અર્થનો સુભગ સમન્વય જેમાં હોય તેને સાહિત્ય કહેવામાં આવે છે.*

*સંસ્કૃતમાં પ્રાચીનકાળથી અત્યાર સુધી અનેક કાવ્યો રચાયા છે અને હજુ પણ સંસ્કૃતકાવ્યરચનાનો પ્રવાહ ચાલુ જ છે. કાવ્યનું લક્ષણ પણ અનેક આચાર્યએ આપેલ છે. કવિના કર્મને કાવ્ય કહેવામાં આવે છે.* शब्दार्थौ संहितौ काव्यम् । *એમ કહીને આચાર્ય ભામહે શબ્દ અને અર્થના મંજુલ સામંજસ્યને કાવ્ય કહ્યું છે.* रमणियार्थप्रतिपादकः शब्दः काव्यम् । *એમ કહીને આચાર્ય જગન્નાથે રમણીય અર્થ પ્રતિપાદન કરનારા શબ્દને કાવ્ય કહ્યું છે. કાવ્યમાં રમણીય અર્થનું શબ્દ દ્વારા પ્રતિપાદન થયેલું હોય છે. આ રમણીયતા ગુણ, અલંકાર, રસ, રીતિ વગેરેના સુંદર, સુભગ, સાર્થક સમન્વયથી આવે છે.*

### 13.1.2 સંસ્કૃત સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ

*સંસ્કૃત સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિના અનેક રહસ્યો પ્રસ્તુત થયેલા છે. વૈદિકસાહિત્યને આપણે સર્વાંગ સંપૂર્ણ સાહિત્ય કહી શકીએ તેટલું વિશાળ છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ - એમ ચાર વેદસંહિતાઓ અસ્તિત્વમાં આવી છે. તેમાં સંસ્કૃત કાવ્યસાહિત્યના મૂળ જોઈ શકાય છે. આ સંહિતાઓમાંથી પણ પ્રાચીન એવી ઋગ્વેદસંહિતાના અનેક સૂક્તોમાં કાવ્યત્ત્વ રજૂ થયેલું જોઈ શકાય છે. ઋગ્વેદના ઉષાસૂક્તોમાં ઊર્મિ કાવ્યનો આનંદ છલકાય છે, તો પુરુરવા-*

ઉર્વશીસુક્તમાં પુરાકથાને રજૂ કરવામાં આવી છે. એટલું જ નહીં, વેદોના સૂક્તોમાં અલંકાર, રીતિ, રસ વગેરેનું પણ નિરૂપણ થયેલું જોવા મળે છે. સંહિતાઓ પછી બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદોમાં તો કાવ્યતત્ત્વ સ્પષ્ટપણે જોઈ શકાય છે.પુરાણોમાં પણ કાવ્યતત્ત્વ ભરેલું છે. પુરાણોમાં એક રીતે તો કાવ્યના માધ્યમથી જ કથાઓ, સ્તુતિઓ, ચરિત્રો વગેરેનું વર્ણન થયેલું જોઈ શકાય છે.

રામાયણ અને મહાભારત આર્ષ મહાકાવ્યો છે. ભારતીય સંસ્કૃતિના દ્યોતક ગ્રંથો છે. આદિકવિ વાલ્મીકિ દ્વારા અનાદિકાળથી ચાલી આવતી રામાયણની કથાને કાવ્યદેહ આપવામાં આવ્યો છે. આ કાવ્ય માટે यावत् चन्द्रदिवाकरौ ...જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર રહેશે ત્યાં સુધી ટકી રહે છે એવું કહી તેની અક્ષુણ્ણતા અને લોકપ્રિયતાને વ્યક્ત કરવામાં આવી છે. મહાભારતમાં માનવ વ્યવહારોનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. यदिहास्ति तत् सर्वत्र यन्नेहास्ति तन्न कुत्रचित् અને यन्न भारते तन्न भारतेએમ કહીને મહાભારતની સર્વાંગ સંપૂર્ણતા અને સર્વશ્રેષ્ઠતાને રજૂ કરવામાં આવી છે. પરવર્તી કવિઓ પણ રામાયણ અને મહાભારતની કથામાંથી કથાવસ્તુ પસંદ કરી પોતાના કાવ્યોની રચના કરતા આવ્યા છે. કાલિદાસ, ભાસ, શ્રીહર્ષ, ભારવિ, ભવભૂતિ, માઘ વગેરે કવિઓએ રામાયણ અથવા મહાભારતમાંથી કથાતંતુને પસંદ કરી અદ્વિતીય કાવ્યો રચ્યાં છે. આધુનિક કવિઓ પણ રામાયણ અને મહાભારતના કથાવસ્તુને પોતાની સર્જકપ્રતિભાથી શણગારી નૂતન કાવ્યના રૂપમાં આપણી સામે પ્રગટ કરે છે.

સંસ્કૃત સાહિત્યમાં નાટક, પ્રકરણ, નાટિકા વગેરે દશ્યકાવ્યો તેમજ મહાકાવ્ય, ખંડકાવ્ય, કથા, આખ્યાયિકા વગેરે શ્રવ્યકાવ્યોનું સારા પ્રમાણમાં ખેડાણ થયું છે. અશ્વઘોષ, કાલિદાસ, ભાસ, ભવભૂતિ વગેરે અનેક કવિઓના કાવ્યો ચિરસ્થાયી બન્યા છે. સંસ્કૃત કાવ્યસાહિત્યમાં પણ મહાકાવ્યોએ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે

### 13.2.2 મહાકાવ્યનું સ્વરૂપ

कवेः इदं काव्यम् અનુસાર કવિના સર્જનને કાવ્ય કહેવામાં આવે છે. સંસ્કૃત કવિઓએ વૈવિધ્યપૂર્ણ અનેક કાવ્યોનું સર્જન કર્યું છે. આ કાવ્યોને મુખ્ય બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છેઃ (1)દશ્યકાવ્ય અને (2)શ્રવ્ય કાવ્ય. જે કાવ્ય સાંભળવાની સાથે સાથે જોઈ શકાય અથવા તેનો અભિનય કરી શકાય છે તેવા કાવ્યને દશ્યકાવ્ય કહેવામાં આવે છે. દશ્યકાવ્ય અને શ્રવ્યકાવ્ય બંનેને વાંચવાથી આનંદ મળે છે. દશ્યકાવ્યના પણ બે પ્રકારો પાડવામાં આવે છેઃ (1)રૂપક અને (2)ઉપરૂપક. સંસ્કૃતસાહિત્યશાસ્ત્રીઓએ રૂપકના મુખ્યત્વે દશ પ્રકારોને સ્વીકાર્યા છે. તેમાં નાટક, પ્રકરણ, ભાણ, પ્રહસન, વ્યાયોગ, વિથી, અંક, ઈહામૃગ, સમવકાર અને ડીમનો સમાવેશ થાય છે. ઉપરૂપકના પણ અઢાર જેટલા પ્રકારો પાડવામાં આવ્યા છે. તેમાં નાટિકા, પ્રકરણિકા, ભાણિકા, કાવ્ય, ઉલ્લાપ્ય, સંલાપક, પ્રેખણ, વગેરેનો સમાવેશ થાય છે. શ્રવ્યકાવ્ય સાંભળીને આનંદ મેળવી શકાય તેવું કાવ્ય છે. શ્રવ્ય કાવ્યના પણ સંસ્કૃત આચાર્યોએ મુખ્ય ત્રણ પ્રકારો પાડ્યા છેઃ (1)ગદ્ય (2)પદ્ય અને (3)ચમ્પૂ. ગદ્યકાવ્ય છંદોબદ્ધ હોતું નથી. કવિ પોતાના વિચારોને ગદ્યાત્મક રીતે રજૂ કરે છે.

તેનાથી ભાવકને આનંદ મળે છે. ગદ્યકાવ્યના કથા અને આખ્યાયિકા એવા બે પ્રકારો પ્રસિદ્ધ છે. કેટલાક આચાર્યો અન્ય પ્રકારો પણ વર્ણવે છે. પદ્યકાવ્ય છંદોબદ્ધ હોય છે. આ ગેય કાવ્ય છે. પદ્ય કાવ્યના પણ મહાકાવ્ય, ખંડકાવ્ય અને મુક્તકાવ્ય એમ ત્રણ પ્રકારો પડે છે. મહાકાવ્ય મોટું કાવ્ય છે. તેમાં કોઈના જીવનચરિત્ર વગેરેને સવિસ્તર કાવ્યાત્મકરૂપે વર્ણવવામાં આવે છે. ખંડકાવ્યમાં કોઈ એક ખંડ કે ભાગને કાવ્યદેહ આપવામાં આવે છે. મુક્તકકાવ્ય સ્વતંત્ર સુભાષિત જેવું હોય છે. તેમાં કોઈ એક શ્લોકમાં કવિ પોતાના વિચારોને વ્યક્ત કરી દે છે. ચંપૂકાવ્યમાં ગદ્ય અને પદ્યનું મિશ્રણ હોય છે.

સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓએ નાટક વગેરે કાવ્યોના સ્વરૂપની સવિસ્તર ચર્ચા કરી છે, તેમ મહાકાવ્યના સ્વરૂપની પણ સ્પષ્ટતા કરી છે. રામાયણ અને મહાભારત આર્ષ મહાકાવ્યો છે. આ મહાકાવ્યોમાંથી કથાવસ્તુ લઈને અનેક કવિઓએ ઘણા મહાકાવ્યોની રચના કરી છે. તે બધાં મહાકાવ્યોના આધારે વિવિધ સમયે થયેલા આચાર્યએ મહાકાવ્યના લક્ષણો આપ્યા છે. ઈશાનસંહિતા, અગ્નિપુરાણ, કાવ્યાદર્શ, કાવ્યાલંકાર, સરસ્વતીકંઠાભરણ, સાહિત્યદર્પણ, કાવ્યનુશાસન વગેરે ગ્રંથોમાં મહાકાવ્યના સ્વરૂપને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન થયેલો છે. આચાર્ય વિશ્વનાથે સાહિત્યદર્પણમાં મહાકાવ્યના લક્ષણો આપ્યાં છે. તેમાં મોટાભાગના આચાર્યોના મત સમાવિષ્ટ થઈ જાય છે. આચાર્ય વિશ્વનાથ સાહિત્યદર્પણમાં મહાકાવ્યના લક્ષણો આપતા લખે છે કે -

**सर्गबन्धो महाकाव्यं तत्रैको नायकः सुरः।**

**सद्वंशः क्षत्रियो वापि धीरोदात्त गुणान्वितः।**

**एकवंशभवा भूपाः कुलजा बहवोऽपि वा॥**

**शृङ्गारवीरशान्तानामेकोऽङ्गीरस इष्यते।**

**अङ्गानिसर्वेऽपि रसाः सर्वे नाटकसन्धयः॥**

**इतिहासोद्भवं वृत्तमन्यद्वा सज्जनाश्रयम्।**

**चवारस्तस्य वर्गाः स्युस्तेष्वेकं च फलं भवेत् ॥**

**आदौ नमस्क्रियाशीर्वा वस्तु निर्देश एव वा।**

**क्वचिन्निन्दा खलादीनां सतां च गुणकीर्तनम् ॥**

**एकवृत्तमयैः पद्यैरवसानेऽन्यवृत्तकैः।**

**नातिस्वल्पा नातिदीर्घाः सर्गा अष्टाधिका इह॥**

**नानावृतमयः क्वापि सर्गः कश्चन दृश्यते।**

**सर्गान्ते भाविसर्गस्य कथायाः सूचनं भवेत्॥**

**सन्ध्यासूर्येन्दुरजनीप्रदोषध्वान्तवासराः।**

**प्रातर्मध्याह्नमृगयाशैलर्तुवनसागराः॥**

**सम्भोगविप्रलम्भौ च मुनिस्वर्गपुराध्वराः।**

**रणप्रयाणोपयममन्त्रपुत्रोदयादयः।**

**वर्णनीया यथायोगं साङ्गोपाङ्गा अमी इह ॥**

**कवेर्वृत्तस्य वा नाम्ना नायकस्येतरस्य वा**

**नामास्य सर्गोपादेयकथया सर्गनाम तु॥** **साहित्यदर्पणम्,6/315-325**

*આચાર્ય વિશ્વનાથે મહાકાવ્યના વિસ્તારથી લક્ષણો આપ્યા છે. આ લક્ષણો નીચે મુજબ વિભાગો કરીને સમજી શકાય તેમ છે.*

**(1) સ્વર્ગબદ્ધતા**

*મહાકાવ્ય સર્ગબદ્ધ હોવું જોઈએ. મહાકાવ્યનું કથાવસ્તુ લાંબુ હોય છે, તેથી તેના વિભાગો પાડવામાં આવે છે. આ વિભાગોને સર્ગ કહેવામાં આવે છે. મહાકાવ્યમાં સર્ગોની સંખ્યા પણ નક્કી કરવામાં આવી છે. વિશ્વનાથ કહે છે તે મુજબ મહાકાવ્યમાં ઓછામાં ઓછા આઠ સર્ગો હોય છે. કેટલાક આચાર્યો એમ પણ કહે છે કે મહાકાવ્યમાં વધુમાં વધુ ત્રીસ સર્ગો હોવા જોઈએ. ત્રીસથી વધારે સર્ગો રચવા જોઈએ નહીં. વળી, સર્ગોમા શ્લોકસંખ્યા પણ નક્કી કરવામાં આવી છે. પ્રત્યેક સર્ગમાં ત્રીસથી ઓછા શ્લોકો હોવા જોઈએ નહીં અને બસોથી વધારે શ્લોકો હોવા જોઈએ નહીં.*

**(2) શીર્ષક**

*મહાકાવ્યના લક્ષણો આપતી વખતે અંતે આચાર્ય વિશ્વનાથ લખે છે કે મહાકાવ્યનું શીર્ષક કવિના નામના આધારે, વિષયવસ્તુના આધારે, નાયકના નામના આધારે અથવા કોઈ અન્ય વ્યક્તિના નામના આધારે આપવું જોઈએ. મહાકાવ્યમાં આવતા સર્ગોનું પણ નામકરણ કરવું જોઈએ. સર્ગમાં આવતાં કથાવસ્તુના આધારે સર્ગનું નામ આપવામાં આવે છે.*

**(3) કથાવસ્તુ**

*મહાકાવ્યના કથાવસ્તુ અંગે પણ સ્પષ્ટતા કરતાં કહેવામાં આવ્યું છે કે તે ઈતિહાસપ્રસિદ્ધ હોવું જોઈએ. જો તે ઈતિહાસપ્રસિદ્ધ ન હોય તો કોઈક સજ્જનના ચરિત્રને વર્ણવતું હોવું જોઈએ. લોકપ્રસિદ્ધ સત્પુરુષના ચરિત્રને વર્ણવતું કથાવસ્તુ મહાકાવ્યમાં હોય છે.*

**(4) મહાકાવ્યનો આરંભ**

*મહાકાવ્યના આરંભ વિશે પણ કહેવામાં આવ્યું છે કે નમસ્કાર, આશીર્વાદ કે મુખ્ય કથાના નિર્દેશથી તેની શરૂઆત કરવી જોઈએ. કોઈ દેવતા વગેરેને નમસ્કારાત્મક પદ્યની રચના કરીને અથવા મંગલકામનાઓ સાથે મહાકાવ્યનો પ્રારંભ કરવામાં આવે છે અથવા કથાવસ્તુના નિર્દેશથી મહાકાવ્યનો આરંભ થતો હોય છે.*

**(5) નાયક**

*મહાકાવ્યમાં ધીરોદાત્ત ગુણોવાળો, ઊંચા કુળમાં જન્મેલો કોઈ ક્ષત્રિય નાયક હોય છે. કોઈ દેવ પણ મહાકાવ્યનો નાયક બની શકે છે. જો મહાકાવ્યમાં એક કરતાં વધારે નાયકો હોય તો તે એક જ કુળમાં ઉત્પન્ન થયેલા રાજાઓ હોવા જોઈએ.*

**(6) રસ**

*કાવ્યમાં રસ પ્રાણભૂત હોય છે. મહાકાવ્ય વિશે પણ કહેવામાં આવ્યું છે કે શ્રૃંગાર, વીર કે શાંતમાંથી કોઈ પણ એક રસ મુખ્યરૂપે નિરૂપવો જોઈએ. અદ્ભુત, રૌદ્ર, હાસ્ય વગેરે અન્ય રસોને મુખ્યરસ તરીકે નિરૂપી શકાય નહીં. મહાકાવ્યમાં શૃંગાર, વીર અને શાંતમાંથી એક રસને મુખ્ય સ્વીકાર્યા બાદ બીજા રસો ગૌણરૂપે નિરૂપવામાં આવે છે.*

**(7) સંધિઓ**

*મહાકાવ્યમાં મુખ, પ્રતિમુખ, ગર્ભ, વિમર્શ અને નિર્વહન એમ પાંચ નાટ્યસંધિઓનો વિનોયોગ યથાસ્થાને કરવો જોઈએ.*

**(8) સજ્જનપ્રશંસા – દુર્જનનિંદા**

*મહાકાવ્યમાં કથાનક લાંબુ હોય છે. તેમાં અનેક વ્યક્તિઓના ચરિત્રો પ્રગટ થતા હોય છે. તેમાં સજ્જન વ્યક્તિઓના ગુણોનું કથન કરીને તેની પ્રશંસા કરવામાં આવે છે તેમજ દુર્જન વ્યક્તિઓ કે જેઓ ખલપાત્ર હોય છે તેઓની નિંદા પણ કરવામાં આવે છે.*

**(9) વર્ણન**

*મહાકાવ્યમાં વર્ણનોનું વૈવિધ્ય જોવા મળે છે. તેમાં સૂર્યોદય, ચંદ્રોદય, સંધ્યા, પ્રાતઃકાળ, રાત્રી મધ્યાહ્ન, ઋતુ, વન, પર્વત, નદી, સમુદ્ર વગેરેનું વર્ણન કરવામાં આવે છે. તેમાં નગર, સ્વર્ગ, વિવાહ, પુત્રોત્સવ, સંયોગ અને વિયોગ વગેરેનું વર્ણન પણ કરવામાં આવે છે. મહાકાવ્યમાં પ્રસંગો અનુસાર કથાનકને ધ્યાનમાં લઈને કવિઓ વર્ણન કરતા હોય છે. આ વર્ણનનો મહાકાવ્યને ઉપકારક હોય છે.*

**(10) છંદ**

*મહાકાવ્ય છંદોબદ્ધ હોય છે. કવિ કોઈ એક છંદને પસંદ કરીને સંપૂર્ણ સર્ગની રચના કરે છે. તે સર્ગના અંતે છંદપરિવર્તન પણ કરતા હોય છે. ક્યારેક પોતાનું છંદપ્રભુત્વ દર્શાવવા માટે કવિ એકાદ સર્ગમાં અનેક છંદોનો વિનયોગ પણ કરે છે. કવિએ પ્રસંગ અનુસાર છંદ પસંદ કરવા જોઈએ. પ્રસિદ્ધ કવિઓ પ્રસંગને અનુરૂપ છંદ પ્રયોજતા હોય છે.*

**(11) ફલકથન**

*મહાકાવ્યમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચતુર્વિધ પુરુષાર્થોમાંથી કોઈ પણ એક પુરુષાર્થને ફલશ્રુતિરૂપે પ્રસ્તુત કરવો જોઈએ.*

*સંસ્કૃત આચાર્યોએ મહાકાવ્યના સ્વરૂપ અંગે મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા કરી છે. તેના આધારે કિરાતાર્જુનીયનુ મૂલ્યાંકન કરીએ.*

### 13.2.3 કિરાતિર્જુનીયનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

*આપણે આગળ મહાકાવ્યના સ્વરૂપ વિશે માહિતી મેળવી છે. તે લક્ષણોના આધારે કિરાતાર્જુનીયનું મૂલ્યાંકન નીચે મુજબ કરી શકાય.*

**1. સર્ગબદ્ધતા**

*કિરાતાર્જુનીયનું સર્ગોમાં વિભાજન થયેલું છે. આ મહાકાવ્યમાં કુલ* 18 *સર્ગો આવેલા છે. મહાકાવ્યના લક્ષણ અનુસાર સર્ગની સંખ્યા* 8 *થી વધારે અને* 30*થી ઓછી છે. એટલું જ નહીં, પ્રત્યેક સર્ગમાં શ્લોક સંખ્યા પણ પ્રમાણસર છે. આ મહાકાવ્યમાં પ્રથમ સર્ગમાં* 46 *શ્લોકો છે. ચતુર્થ સર્ગમાં સૌથી ઓછા* 38 *શ્લોકો છે. તેવી જ રીતે અગિયારમો સર્ગ સૌથી મોટો છે. તેમાં* 81 *શ્લોકો છે. આમ, સર્ગમાં શ્લોકસંખ્યા નિયમ અનુસાર* 30*થી ઓછી નથી અને* 200*થી વધારે નથી.*

**2. શીર્ષક**

*આ કાવ્યના કથાનક અનુસાર અર્જુન દિવ્ય અસ્રો મેળવવા માટે તપશ્ચર્યા કરે છે ત્યાં ભગવાન શંકર કિરાતનું રૂપ લઈને આવે છે. ત્યારબાદ બંને વચ્ચે યુદ્ધ થાય છે. તે આ કાવ્યનો મુખ્ય વર્ણ્યવિષય છે, તેથી તેના આધારે કવિએ "કિરાતાર્જુનીય" એવું શીર્ષક આપ્યું છે. આ કાવ્યોનો નાયક અર્જુન છે અને પ્રતિનાયકરૂપે કિરાતના રુપમાં ભગવાન શંકર છે. આમ, બંનેના નામ પરથી આ મહાકાવ્યનું શીર્ષક આપવામાં આવેલું છે.* किरातार्जुनीयम् - किरातरूपधारी महादेवः। अर्जुनः तृतीयः पाण्डवः। किरातश्च अर्जुनश्च किराताजुनौ तावधिकृत्य कृतं काव्यं किरातार्जुनीयम्। *કિરાત અને અર્જુનને કેન્દ્રમાં રાખીને રચવામાં આવેલું કાવ્ય કિરાતાર્જુનીય છે.*

**3. કથાવસ્તુ**

*કિરાતાર્જુનીયનું કથાવસ્તુ ઐતિહાસિક ગ્રંથ મહાભારતમાંથી લેવામાં આવ્યું છે. મહાભારતના વનપર્વના અર્જુનનાભિગમ પર્વના* 27*માં અધ્યાયથી પ્રારંભ કરીને કૈરાત પર્વના* 41*માં અધ્યાય સુધીની કુલ* 15 *અધ્યાયોમાં નિરૂપાયેલી મહાભારતની કથાને કવિએ કિરાતાર્જુનીયમાં પસંદ કરી છે. આમ, મહાકાવ્યના લક્ષણ અનુસાર આ કાવ્યનું કથાવસ્તુ ઈતિહાસ પ્રસિદ્ધ છે.*

**4. પ્રારંભ**

*કિરાતાર્જુનીય કાવ્યના પ્રારંભે યુધિષ્ઠિરનો ગુપ્તચર વનેચર આવે છે અને કૌરવોની રાજ્યલક્ષ્મીની માહિતી આપે છે. પ્રથમ સર્ગના પ્રથમ શ્લોકમાં કવિ લખે છે કે*

**श्रियः कुरूणामधिपस्य पालनीं प्रजासु वृत्तिं यमयुङ्क्त वेदितुम् ।**

**स वर्णिलिङ्गी विदितः समाययौ युधिष्ठिरं द्वैतवने वनेचरः ॥१॥**

*આમ, કાવ્યનો પ્રારંભ વસ્તુનિર્દેશથી થયો છે. અહીં* श्रीः *શબ્દ માંગલિક છે. શ્રી દેવતા વાચક શબ્દ છે. તેનો અર્થ લક્ષ્મી થાય છે.*

**5. નાયક**

*કિરાતાર્જુનીયનો નાયક પાંડુપુત્ર અર્જુન છે. તે પ્રસિદ્ધ ક્ષત્રિય વંશમાં જન્મેલો છે. તે ઉદાત્ત ગુણોવાળો છે. તે અત્યંત ગંભીર અને પરાક્રમી છે. આત્માશ્લાઘાથી રહિત અને દૃઢવ્રતી છે. આમ, તે ધીરોદાત્ત નાયકના લક્ષણો ધરાવે છે.*

**6. રસ**

*કિરાતાર્જુનીય કાવ્યનો મુખ્ય રસ વીર છે. શૃંગારરસ ગૌણરૂપે નિરૂપાયેલો છે. આ ઉપરાંત અદ્ભુત, રૌદ્ર વગેરે રસો પણ ગૌણરૂપે સ્થાન પામ્યા છે.*

**7. સંધિઓ**

*કિરાતાર્જુનીયમાં મુખ, પ્રતિમુખ, ગર્ભ, વિમર્શ અને નિર્વહણ - એમ પાંચેય નાટ્યસંધિનો સુભગ સમન્વય થયેલો છે.*

**8. સજ્જન-પ્રશંસા અને દુર્જન-નિંદા**

*કિરાતાર્જુનીયમાં કવિએ સજ્જનોની પ્રશંસા કરી છે અને દુર્જનોની નિંદા પણ કરી છે. દુર્યોધન જેવા કપટી લોકોની અને કપટી રાજાઓની નિંદા કરેલ છે, તો યુધિષ્ઠિર જેવા સજ્જનોની તેમાં પ્રશંસા પણ થયેલી જોઈ શકાય છે.*

**9. છંદ**

*કિરાતાર્જુનીય કાવ્યમાં છંદોવૈવિધ્ય જોવા મળે છે. કવિએ પ્રત્યેક સર્ગમાં યોગ્ય છંદનો પ્રયોગ કર્યો છે. જેમ કે પ્રથમ સર્ગમાં વંશસ્થ છંદનો પ્રયોગ થયો છે તથા સર્ગના અંતે પુષ્પિતાગ્રા અને માલિની છંદ વપરાયેલા છે. કવિએ મહાકાવ્યના નિયમ અનુસાર સર્ગાન્તે છંદ પરિવર્તન પણ કર્યું છે. કવિએ પોતાનું છંદપ્રભુત્વ દર્શાવવા માટે અઢારમાં સર્ગમાં દ્રુતવિલંબિત, રથોદ્ધતા, પ્રમિતાક્ષર, પ્રમુદિતવદના, શાલિની, મત્તમયૂર ,વંશસ્થ વગેરે છંદનો પ્રયોગ કર્યો છે.*

**10. વર્ણન**

*કિરાતાર્જુનીયમાં વર્ણનવૈવિધ્ય પણ જોવા મળે છે. કવિએ પર્વત, ઋતુ, સૂર્યોદય, ચંદ્રોદય, સંધ્યા, જલક્રીડા, યુદ્ધ વગેરેના વર્ણનો સુંદર રીતે કર્યા છે. જેમકે ચોથા સર્ગમાં હિમાલયપર્વતનું વર્ણન, છઠ્ઠા સર્ગમાં સ્વર્ગનું વર્ણન, નવમાં સ્વર્ગમાં સંધ્યા, રાત્રી, ચંદ્રોદય, પ્રભાત વગેરેના વર્ણનો કર્યા છે. કવિએ કરેલા આ વર્ણનો અત્યંત આકર્ષક છે. તેણે દેવાંગનાઓનું વર્ણન પણ શૃંગારરસપૂર્ણ કર્યું છે. અર્જુનને મોહિત કરવા માટે છ ઋતુઓનું એક સાથે ઉપસ્થિત થવાનું વર્ણન અદ્ભુત છે. કવિએ તેરમાં સર્ગમાં શિવસેનાનું રણમાં પ્રયાણ તથા 15માં સર્ગથી 18માં સર્ગ સુધી યુદ્ધનું વર્ણન વીરરસથી ભરેલું છે. કવિએ આવશ્યકતા અનુસાર જરૂરી વર્ણનો કર્યા છે. આમ, કવિએ કરેલા વર્ણન મહાકાવ્યના લક્ષણોને અનુરૂપ છે.*

**11. ફલકથન**

*કિરાતાર્જુનીય કાવ્યમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચતુર્વિધ પુરુષાર્થોનું યથા અવસર સંકેત થયેલ છે. આમ છતાં દિવ્ય અસ્ત્રોની પ્રાપ્તિરૂપ અર્થ પુરુષાર્થ મુખ્યરૂપે વર્ણવવામાં આવેલ છે.*

*આમ, કિરાતાર્જુનીય કાવ્યમાં મહાકાવ્યના મોટાભાગના બધા જ લક્ષણો જોવા મળે છે. કવિએ પોતાની આગવી શૈલીથી આ કાવ્યને અલંકૃત કરેલ છે. તેથી તો પ્રસિદ્ધ પંચમહાકાવ્યમાં કિરાતાર્જુનીયને સ્થાન મળ્યું છે. બૃહદ્ત્રયીમાં કિરાતર્જુનીયનું આગવું સ્થાન છે. મહાકવિ માઘ અને મહાકવિ હર્ષના મહાકાવ્યો પર પણ કિરાતાર્જુનીયનો પ્રભાવ પડેલો જોવા મળે છે. આમ, કિરાતાર્જુનીય એક આદર્શ મહાકાવ્ય છે.*

## 13.3 કિરાતાર્જુનીયનું કથાવસ્તુ

*મહાકવિ ભારવિએ મહાભારતમાંથી કથાવસ્તુ પસંદ કરીને કિરાતાર્જુનીય મહાકાવ્યની રચના કરી છે. આ મહાકાવ્ય 18 સર્ગમાં વિભાજિત થયેલું છે. પ્રત્યેક સર્ગનો સારાંશ નીચે મુજબ છે.*

**સર્ગ -1**

*કૌરવો અને પાંડવો દ્યૂત રમે છે. તેમાં પરાજિત થયેલા પાંડવો દ્વૈતવનમાં રહેવા માટે આવે છે. આ વખતે યુધિષ્ઠિર દુર્યોધનની નીતિ-રીતિ, આચાર- વ્યવહાર વગેરે જાણવા એક ગુપ્તચરને મોકલે છે. આ ગુપ્તચર બધું જાણીને યુધિષ્ઠિર સામે ઉપસ્થિત થાય છે. ત્યાંથી આ મહાકાવ્યોનો પ્રારંભ થાય છે.*

*આ સર્ગમાં કુલ 46 શ્લોકો છે. ગુપ્તચર યુધિષ્ઠિરને જણાવે છે કે સ્વામીનું કલ્યાણ કરવા ઈચ્છતા સેવકે જેવી હકીકત હોય તેવી જ વર્ણવી જોઈએ. આથી હું પણ આપને દુર્યોધનના વ્યવહાર અંગે જેવું છે તેવું જ કહું છું. ગુપ્તચર વનેચર દુર્યોધનની સુંદર શાસન વ્યવસ્થા, રાજ્યસમૃદ્ધિ વગેરેનું યથાર્થ વર્ણન કરે છે. દુર્યોધન સામ, દામ, દંડ, ભેદ વગેરે ઉપાયોનો સમજપૂર્વક ઉપયોગ કરે છે. બીજા રાજાઓ પણ તેને આધીન થઈ ગયા છે. તે પ્રજાપ્રિય બની ગયો છે. સૈનિકો પ્રાણના ભોગે પણ તેને વિજય અપાવવા માટે ઉત્સુક છે. આમ, દુર્યોધનની રાજનીતિની કુશળતાને વર્ણવીને વનેચર ચાલ્યો જાય છે પછી યુધિષ્ઠિર આ વિગત દ્રૌપદી તેમ જ ભાઈઓને કહી સંભળાવે છે. આ સાંભળી દ્રૌપદી ખૂબ દુઃખી થાય છે અને યુધિષ્ઠિરને યુદ્ધ કરવા પ્રેરે છે. તમારે અત્યારે જ યુદ્ધ કરવું જોઈએ એમ કહી વિવિધ દૃષ્ટાંતો પણ આપે છે. શત્રુઓની સમૃદ્ધિને સાંભળીને તેમજ તેઓ દ્વારા કરવામાં આવેલા અપમાનોને યાદ કરીને દ્રૌપદી યુધિષ્ઠિરનો યુદ્ધોત્સાહ વધારવા પ્રયત્ન કરે છે. તે જણાવે છે કે તમારા જેવા બુદ્ધિમાનને સ્ત્રીએ ઉપદેશ આપવો જોઈએ નહીં. આમ છતાં તીવ્રમનોવ્યાથા મને બોલવા માટે પ્રેરી રહી છે. પાંડવોની દુર્દશા વર્ણવી તે યુધિષ્ઠિરને કહે છે કે હવે તમે ધૈર્ય અને સંયમનો ત્યાગ કરીને દુર્યોધનને વળતો જવાબ આપો.*

## સર્ગ - 2

*આ સર્ગમાં 59 શ્લોકો છે. અહીં મુખ્યત્વે ભીમ અને યુધિષ્ઠિરનો સંવાદ છે. દ્રૌપદીના વચનોને સમર્થન આપતા ભીમ કહે છે કે આપણે યુદ્ધ અવશ્ય કરવું જોઈએ. તે યુધિષ્ઠિરને કહે છે કે કાદવમાં ફસાયેલા હાથીની જેમ તમારી બુદ્ધિ પણ કુંઠિત થઈ ગઈ છે. તેથી આપ ઉચિત નિર્ણય કરી શકતા નથી. તે અર્જુન વગેરે ભાઈઓને યુદ્ધમાં પરાક્રમ દર્શાવવાનો અવસર આપવાનું કહે છે. શાંતિને છોડીને યુદ્ધ દ્વારા કીર્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ સૂચવે છે.*

*યુધિષ્ઠિર પણ ભીમને વળતો જવાબ આપે છે કે સંધિ અને યુદ્ધમાં સૂક્ષ્મ નીતિઓ જરૂરી હોય છે. એકાએક કોઈપણ નિર્ણય લેવો જોઈએ નહીં. નીતિ, શાંતિ, દાન, દક્ષતા વગેરે ગુણોવાળા પણ દુર્ભાગ્યના કારણે દુર્ગતિ પ્રાપ્ત કરતા હોય છે. આ પ્રકારના સમયે ધૈર્ય ધારણ કરી રાખવું જોઈએ. જીતેન્દ્રિય વ્યક્તિઓ પાસે જ લક્ષ્મી આવે છે. કામ, ક્રોધ વગેરેને વશ થયેલા વ્યક્તિ પાસે સમૃદ્ધિ આવતી નથી. બનાવટી ક્ષમા-સંપન્ન દુર્યોધનને જીતવા માટે અત્યારે ક્ષમાનો જ આશરો લેવો જોઈએ. યુધિષ્ઠિરના વચન પૂર્ણ થયા ત્યારે મહર્ષિ વેદ વ્યાસનું આગમન થાય છે અને બધા પ્રસન્ન થાય છે.*

## સર્ગ-3

*આ સર્ગમાં 60 શ્લોકો છે. વ્યાસના વર્ણનથી આ સ્વર્ગનો પ્રારંભ થાય છે. યુધિષ્ઠિરે વ્યાસ મુનિને આવવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું કે તમારા ગુણોથી આકર્ષાયને દુર્યોધન જેવા દુર્જનના વિનાશ માટે અને તમારી જીત માટે હું મંત્રોપદેશ આપવા માટે આવ્યો છું. વ્યાસજી યુદ્ધને અપહાર્ય ગણાવે છે. અર્જુન તપ કરીને ઈન્દ્ર પાસેથી અસ્ત્ર પ્રાપ્ત કરે એમ પણ કહ્યું. મહર્ષિ વ્યાસે તત્કાલ ઉપસ્થિત યક્ષ વડે લઈ જવાયેલા સ્થળ પર અસ્ત્ર પ્રાપ્તિ માટે તપ કરવા ઉપદેશ આપ્યો.વિરહવ્યાકુળ પરિવારજનોને છોડીને અર્જુન તપશ્ચર્યા માટે નીકળી પડે છે.*

## સર્ગ-4

*આ સર્ગમાં 38 શ્લોકો છે. મુખ્યત્વે શરદઋતુનું વર્ણન છે. શરદઋતુમાં પૃથ્વી નાયિકા જેવી લાગે છે. માછલીઓ, ગાયો, બળદો વગેરે કમનીય લાગે છે. કવિએ માનવ પર પડતા શરદઋતુના પ્રભાવનું મનોરમ્ય ચિત્ર પ્રસ્તુત કર્યું છે. યક્ષની વાતો સાંભળતો અર્જુન હિમાલય પર્વતનું દર્શન કરે છે.*

## સર્ગ - 5

*પાંચમો સર્ગ 52 શ્લોકોમાં રચાયેલો છે. આ સર્ગમાં મુખ્યત્વે હિમાલય પર્વતનું વર્ણન છે. ખૂબ ઊંચા હિમાલય પર્વતના કટિભાગમાં વિચરણ કરતા સૂર્યના કારણે તે એક તરફ પ્રકાશિત બનીને ગજચર્મથી વીંટળાયેલ ભગવાન શંકર પોતાનું અટ્ટહાસ્ય કરતા હોય તેવો લાગે છે. હિમાલય પર્વતની અદ્વિતીય શોભાનું અવલોકન કરતા અર્જુન સમક્ષ યક્ષ હિમાલયની દિવ્યતાને વર્ણવે છે. હિમાલય પર્વત યક્ષ, દેવ, ગંધર્વ વગેરેથી સેવાતો રહે છે. તેના પર સાક્ષાત્ ભગવાન શંકરે પાર્વતી સાથે વિવાહ કર્યો હતો. યક્ષે*

હિમાલય પર્વતની પવિત્રતા, મનમોહકતા વગેરેનું વર્ણન કરીને અર્જુનને અહીં જ ચલિત થયા વિના તપ કરવાનું કહ્યું. ત્યારબાદ યક્ષ ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે. અર્જુન યક્ષના વિરહથી ઉત્કંઠિત બને છે. ત્યાર બાદ તે પોતાના પુરુષાર્થને યાદ કરીને પર્વત પર ચડે છે.

**સર્ગ - 6**

આ સર્ગમાં 47 શ્લોકો છે. અર્જુન પર્વતની શોભાને જોતો જોતો તપોભૂમિ પર આવી પહોંચે છે. ત્યાં કઠોર સમાધિના લીધે તેને થાકનો જરા પણ અનુભવ થયો નહીં. તેની તપશ્ચર્યાને જોઈને ઈન્દ્રના દૂતોએ ઈન્દ્રને જણાવ્યું કે હાથમાં શસ્ત્ર ધારણ કરીને કોઈ મોટો તપસ્વી તપ કરી રહ્યો છે. ઈન્દ્રએ ધ્યાનસમાધિથી બધું જાણી લીધું. આમ છતાં અર્જુનની પરીક્ષા કરવા માટે એની ઈચ્છા થઈ, તેથી તેણે અપ્સરાઓને અર્જુન પાસે મોકલી. પ્રસન્ન થયેલી અપ્સરાઓ અર્જુનનું તપ ભંગ કરવાના ઈરાદાથી નીકળી પડે છે. આ અપ્સરાઓના અપ્રતિમ સૌંદર્યને જોતાં ઈન્દ્રને પણ થાક લાગતો ન હતો.

**સર્ગ -7**

આ સર્ગમાં 40 શ્લોકો છે. અપ્સરાઓ અને ગંધર્વોનું ઈન્દ્રકીલ પર્વત પર જાય છે તેનું વર્ણન આ સર્ગમાં કરવામાં આવેલું છે. દેવરાજ ઈન્દ્ર અપ્સરાઓની રક્ષા કરવા માટે રથ, હાથી, ઘોડાઓ વગેરે સાથે પોતાના વિશ્વાસુ સેવકોને મોકલે છે. અર્જુનની તપશ્ચર્યાનો ભંગ કરવા માટે જતી અપ્સરાઓ દેવરાજ ઈન્દ્રના સૈનિકો સાથે ઈન્દ્રકીલ પર્વત પર પહોંચે છે. આ સ્વર્ગમાં અપ્સરાઓની અનેક કામોત્તેજક ક્રીડાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ગંધર્વોએ અનેક જગ્યાએ પોતાના રહેઠાણો બનાવ્યા છે અને અપ્સરાઓ સાથેના ભોગવિલાસમાં નિમગ્ન બન્યા છે. તેનાથી પર્વત વધારે શોભી ઉઠ્યો છે.

**સર્ગ - 8**

આ સર્ગમાં કુલ 57 શ્લોકો છે. આ સ્વર્ગમાં પણ ગંધર્વ અને અપ્સરાઓની જલ અને સ્થલની વિવિધ ક્રિયાઓનું રસપૂર્ણ વર્ણન થયેલું છે. ગંધર્વોથી વિંટળાયેલી અપ્સરાઓ સુવિધાઓથી સંપન્ન નગરને છોડીને ગાઢ અરણ્યમાં પ્રવેશ કરે છે ત્યારે તેઓની અપ્રતિમ કાંતિથી તેઓ વીજળીની જેમ ચમકવા લાગે છે. કવિએ અપ્સરાઓની ચેષ્ટાઓમાં વિવિધ નાયિકાઓના ચિત્રો પ્રસ્તુત કર્યા છે. અહીં પ્રણયકુપિતા વગેરે નાયકાઓની અવસ્થાઓનો પણ નિરૂપાયોલી છે. કવિએ અપ્સરાઓના જલવિહારનું વર્ણન કામોત્તેજક રીતે કર્યું છે. માનવભાવથી રંગાયેલી દેવાંગનાઓ જલક્રિડાઓથી અત્યંત આનંદ પામેલી છે.

**સર્ગ - 9**

નવમાં સ્વર્ગમાં 78 શ્લોકો આવેલા છે. કવિએ આ સર્ગના પ્રારંભમાં સૂર્યાસ્તનું સુંદર વર્ણન કર્યું છે. સંધ્યાકાલની લાલીમાં અને તેનો પશુપક્ષી વગેરે પર થતા પ્રભાવનું કાવ્યાત્મક વર્ણન કરવામાં આવ્યું છે. સૂર્યાસ્તના લીધે બધી દિશાઓ અંધકારથી છવાયેલી થઈ જાય છે. આ સમયે પૂર્વ દિશા ચંદ્રોદયના કારણે પ્રકાશિત થઈ જાય છે.

*ચંદ્રના શ્વેત કિરણો સર્વત્ર છવાય જાય છે. શીતલ, મંદ અને સુગંધિત વાયુ વહેવા લાગે છે. કામદેવનું પ્રભુત્વ વધી જાય છે. નાયકનાયિકાઓમાં મદિરાપાનનું આદાન-પ્રદાન થવા લાગે છે. તેઓ પ્રણયકલહ છોડીને મદનાતુર બને છે. પ્રણય વ્યાપારમાં સૌ નિમગ્ન બને છે. આ રીતે રાત્રિ પૂર્ણ થાય છે.*

**સર્ગ - 10**

*દસમાં સર્ગમાં કુલ 63 શ્લોકો છે. આ સર્ગમાં અપ્સરાઓ અર્જુનને મોહિત કરવા માટે પ્રયત્ન કરે છે. અહીં અપ્સરાઓના સૌંદર્યનું સુંદર વર્ણન થયેલું છે. અપ્સરાઓ અર્જુનને મોહ પમાડવા માટે ગંગા નદીના કિનારે આવી ચડે છે. ગંધર્વગણ પણ મૃદંગ વગેરેનું વાદન કરે છે. અપ્સરાઓ વિવિધ કામ ચેષ્ટાઓથી અર્જુનને આકર્ષિત કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ તેમાં તેઓ નિષ્ફળ નીવડે છે. અર્જુનને અવિચલિત થયેલો જોઈને અપ્સરાઓ ગંધર્વો સાથે ફરીથી પોતાના નિવાસસ્થાને ચાલી જાય છે.*

**સર્ગ - 11**

*અગિયારમાં સર્ગમાં 81 શ્લોકો આવેલા છે. અપ્સરાઓ અર્જુનને મોહિત કરા શકતી નથી તેવું જાણીને ઈન્દ્ર પોતે અર્જુનની પરીક્ષા કરવા માટે આવી ચડે છે. મુનિવેષધારી ઈન્દ્રને જોઈને અર્જુન ખૂબ પ્રભાવિત થાય છે અને તેનો આદરસત્કાર કરે છે. મુનિવેશધારી ઈન્દ્ર પણ અર્જુનને ઉપદેશ આપે છે. અંતે કહે છે કે તારે અસ્ત્રશસ્ત્ર ધારણ કરવું શોભાસ્પદ નથી. આ વખતે અર્જુન કહે છે કે હું મોક્ષનો અભિલાષી નથી. હું મુક્તિ ઈચ્છતો નથી. મેં તો પ્રતિજ્ઞા કરી છે કે આ પર્વત પર નષ્ટ થઈ જઈશ અથવા તો શત્રુવધ કરી અપયશનો નાશ કરીશ, ત્યારબાદ વિજય માટે ભગવાન શંકરની આરાધના કરવાનું કહી ઈન્દ્ર ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે.*

**સર્ગ - 12**

*બારમો સર્ગ 54 શ્લોકમાં રચાયેલો છે. આ સર્ગમાં અર્જુન ભગવાન શંકરની તપશ્ચર્યા કરે છે તેનું વર્ણન છે. તપથી પ્રભાવિત થયેલ ઋષિગણ પણ ભગવાન શંકરને શરણે જાય છે. તેઓએ ધનુષ, બાણ, કવચ વગેરે ધારણ કરનાર ભયંકર આકૃતિવાળા અર્જુનનું વર્ણન કર્યું. તેનાથી બચાવવા માટે ભગવાન શંકરની પ્રાર્થના પણ કરી. ભગવાન શંકરે પણ ઋષિઓને કહ્યું કે ઈન્દ્ર સમાન ખૂબ જ પ્રબળ શત્રુનો સંહાર કરવા મારી પ્રસન્નતા માટે તે તપ કરી રહ્યો છે. દેવ કાર્ય માટે તત્પર અર્જુનને કપટથી જીતવા માટે મૂકદાનવ પ્રયત્ન કરી રહ્યો છે. તે દાનવનો વધ કરવા કિરાતનો વેશધારણ કરેલા મારી સાથે અર્જુન યુદ્ધ કરશે. તે તમે જોઈ શકશો એમ કહી ભગવાન શંકર અર્જુનના આશ્રમે આવી પહોંચે છે.*

**સર્ગ - 13**

*તેરમાં સર્ગમાં 71 શ્લોકો છે. આ સર્ગની શરૂઆતમાં વરાહનું રૂપ ધારણ કરેલ મૂક નામના દાનવની ભયંકરતાનું વર્ણન કરવામાં આવ્યું છે. શાંત તપોવનમાં ભયંકર વરાહનું દર્શન કોઈ માયાવી દાનવનું રૂપ હોવું જોઈએ એવું વિચારીને તેનો વધ કરવા માટે અર્જુન પોતાનું બાણ ચડાવે છે. તે વખતે ભગવાન શંકરે પણ બાણ ચડાવ્યું.*

બંનેના બાણ એક સાથે જ વરાહને લાગે છે. વરાહનો વધ થાય છે. બાણ લેવા માટે પહોંચેલા અર્જુનને, કિરાત વેશધારી શિવ દ્વારા મોકલવામાં આવેલા વનેચર પણ જુએ છે. તે અર્જુનને પ્રણામ કરી પોતાના સ્વામી કિરાતની પ્રશંસા કરે છે. તે તેના બાણને પાછું આપી દેવાનું કહે છે અને પોતાના સ્વામી કિરાતના શરણે જવાનું કહે છે.

સર્ગ -14

આ સર્ગમાં 65 શ્લોકો આવેલા. 13માં સર્ગની કથા અહીં આગળ વધે છે. વનેચરની ગર્વપૂર્ણ ઉક્તિઓ સાંભળીને અર્જુન અત્યંત ક્રોધિત થાય છે અને ગંભીર બની જાય છે. તે શાંતિપૂર્ણ વચનોથી વનેચરની બોલવાની કલાની પ્રશંસા પણ કરે છે અને સાથે સાથે એમ પણ કહે છે કે આપના સ્વામીનું બાણ અન્યત્ર જંગલમાં ખોવાઈ ગયું હશે. આ વરાહ મને જ મળવો જોઈએ. તારા સ્વામીએ મિથ્યાભિમાનનો ત્યાગ કરવો જોઈએ. વળી તે અસ્ત્ર ઇચ્છતા હોય તો મારી પાસે માગણી કરશે તો અવશ્ય હું તેમને આપીશ. આ પ્રકારની અર્જુનની અનેક ગર્વોક્તિઓ સાંભળીને તેને ભયભીત કરતો વનેચર પોતાના સ્વામી પાસે પાછો ફરે છે. પછી કિરાતરુપે રહેલા શંકરના આદેશ અનુસાર કિરાતસેના અર્જુન પર આક્રમણ કરે છે. ભગવાન શંકર પણ પોતાની સેનાનું નેતૃત્વ કરે છે. બધા જ અર્જુન પાસે આવી તેની સાથે યુદ્ધ કરે છે, પરંતુ અર્જુન પર કોઈ અસર થતી નથી. અર્જુનની બાણવર્ષાથી કિરાતસેના મૂર્છિત થઈ જાય છે.

**સર્ગ-15**

15મો સર્ગ 53 શ્લોકોમાં રચાયેલો છે. આ સર્ગમાં યુદ્ધનું વર્ણન છે. અર્જુનના બાણના પ્રહારથી કિરાતસેના અસ્ત્રશસ્ત્ર છોડીને ભાગી જાય છે. અર્જુનને તેઓ પર દયા આવે છે. કુમાર કાર્તિકેય ભાગતી સેનાને આશ્વાસન આપે છે. તેનો ઉત્સાહ વધારે છે. ત્યારબાદ કિરાતરુપે રહેલા શંકર અને અર્જુનના ભયંકર યુદ્ધનું વર્ણન છે. અર્જુન પોતાનો ભક્ત હોવાથી ભગવાન શંકર તેના પર મર્મવેધી બાણોનો પ્રહાર કરતા નથી. ભગવાન શંકર અને ગાંડીવધારી અર્જુનના યુદ્ધને જોઈને મહર્ષિઓ, દેવતાઓ અને પ્રમથગણ સહિત સંપૂર્ણ બ્રહ્માંડ પોતાનું ભાન ભૂલી જાય છે.

**સર્ગ -16**

16મો સર્ગ 64 શ્લોકમાં રચાયેલો છે. આ સર્ગમાં કિરાતના યુદ્ધકૌશલ્યને જોઈને અર્જુનના મનમાં અનેક શંકાઓ ઉત્પન્ન થાય છે. તેને લાગે છે કે આ યુદ્ધમાં હાથી, ઘોડા, રથ વગેરે નથી. યુદ્ધના ઉત્સાહ વર્ધન માટે નગારાઓ પણ નથી. આમ છતાં, તેઓ સામે મારી શક્તિ શા માટે કુંઠિત થઈ જાય છે ? આ કોઈ માયા છે કે મારો મતિ ભ્રમ છે ? સામે રહેલ કિરાત પણ ખરેખર કિરાત હોય તેમ લાગતું નથી એમ વિચાર કરીને અર્જુનને પ્રસ્થાપન નામનાં મહા અસ્ત્રનો પ્રહાર કર્યો. તેનાથી શત્રુઓની સેના અંધકાર આચ્છાદિત થઈ ગઈ. મૂર્છા પામી. કિરાતના રૂપમાં રહેલા ભગવાન શંકરે પોતાના લલાટમાં રહેલ ત્રીજા નેત્રની અગ્નિથી મૂર્છિત સેનાને યુદ્ધ માટે ફરીથી તૈયાર કરી. ત્યારબાદ અર્જુનના નાગપાસ અસ્ત્રને કિરાત રૂપે રહેલા ભગવાન શંકરે ગરુડ અસ્ત્રથી તેમજ આગ્નેય અસ્ત્રને વરુણ અસ્ત્રથી શાંત કર્યા.

**સર્ગ -17**

*17માં સર્ગમાં 64 શ્લોકો છે. આ સર્ગમાં પણ અર્જુનના બાણના પ્રહારથી શિવસેના વ્યથિત થઈ જાય છે. કિરાત રૂપે રહેલા ભગવાન શંકર અર્જુનની મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિરાત વેશધારી ભગવાન શંકર પર કરવામાં આવતા અર્જુનના બાણના પ્રહાર નિષ્ફળ જાય છે. તેના બાણોથી શિવસેના કંપી ઊઠી હતી. તેને જોઇ ક્ષુબ્ધ થયેલા શિવે અર્જુનના બાણનું માર્ગમાં જ નિવારણ કર્યું. પછી ભગવાન શંકરે મર્મભેદી બાણોથી અર્જુનને અત્યંત વ્યથિત કરી દીધો. આમ છતાં ભગવાનની માયાના પ્રભાવથી અર્જુન ભગવાન શંકરને પીડા આપવા લાગ્યો હતો. પછી બંને બાહુયુદ્ધ માટે તૈયાર થઈ જાય છે.*

**સર્ગ -18**

*આ અંતિમ સર્ગમાં 48 શ્લોકો છે. આ સર્ગમાં અર્જુન અને કિરાત વેશધારી ભગવાન શંકરના ભયંકર બાહુયુદ્ધનું વર્ણન છે. આકાશમાં ઉછળેલા કિરાત વેશધારી ભગવાન શંકરના પગ પકડતા ભક્તવત્સલ ભગવાન શંકર પોતાના સાચા સ્વરૂપમાં પ્રગટ થાય છે. પોતાના પૂજ્ય દેવને જોઈને તે નતમસ્તક બને છે. તે પોતાના તપની સફળતા માટે ભગવાન શંકરની સ્તુતિ કરે છે. પ્રસન્ન થયેલ ભગવાન શંકર તેને ધનુર્વેદનું શિક્ષણ આપે છે. ઈન્દ્ર વગેરે લોકપાલો પણ દિવ્ય અસ્ત્રો આપે છે. અર્જુનનો ઉત્સાહ વધે છે. ભગવાન શંકરની આજ્ઞા મેળવીને અર્જુન ફરીથી યુધિષ્ઠિર વગેરે જ્યાં હતા ત્યાં વનમાં પાછો ફરે છે.*

*આમ, 18સર્ગમાં રચાયેલું આ મહાકાવ્ય ભાવિ યુદ્ધ માટે દિવ્ય અસ્ત્રો પ્રાપ્ત કરવા માટેના અર્જુનના પુરુષાર્થને કાવ્યાત્મક રીતે નિરૂપે છે. કિરાત વેશધારી ભગવાન શંકર અને અર્જુનનું યુદ્ધ મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે. આ બાબતને ધ્યાને લઈને કવિએ કથાતંતુને આકર્ષક રીતે ગૂંથેલું છે. ખરેખર, આ કાવ્યનું કથાવસ્તુ અદ્ભૂત છે.*

## 13.4 કિરાતાર્જુનીય મહાકાવ્યનો મૂળસ્રોત– મહાભારત

*કિરાતાર્જુનીય મહાકાવ્યનો મૂળસ્રોતમહાભારતનું વનપર્વ છે. મહાભારતના વનપર્વના અર્જુનનાભિગમ પર્વના 27માં અધ્યાયથી શરૂ કરીને કૈરાતપર્વના 41માં અધ્યાય સુધીની કથા સ્વીકારવામાં આવી છે.*

*મહામુનિ વેદ વ્યાસે મહાભારતની રચના કરતી વખતે પ્રારંભમાં લખ્યું છે કે આ મહાભારતરૂપી આખ્યાન પરવર્તી કવિઓને કાવ્યરચનાઓ માટે આધાર રૂપ બનશે. મહાકાવ્યના લક્ષણોમાં પણ કહ્યું છે કે તેનું કથાવસ્તુ ઈતિહાસ પ્રસિદ્ધ હોવું જોઈએ. મહાકવિ ભારવિએ પણ કિરાતાર્જુનીયની રચના માટે મહાભારતમાંથી કથાવસ્તુ પસંદ કર્યું છે. સૌ પ્રથમ આપણે મહાભારતના કથાવસ્તુને કવિએ જેટલું સ્વીકાર્યું છે તેટલું સંક્ષેપમાં જાણી લઈએ.*

## 13.5 કિરાતાર્જુનીયની રચના માટે સ્વીકારવામાં આવેલ મૂળકથાનક

*કૌરવો અને પાંડવો દ્યુત રમે છે. તેમાં શકુનિ વગેરેની કપટનીતિથી યુધિષ્ઠિર હારી જાય છે. શરત મુજબ રાજ્યભ્રષ્ટ યુધિષ્ઠિર દ્રૌપદી સહિત ભાઈઓ સાથે દ્વૈતવનમાં આવીને રહે છે. ત્યાંથી કિરાતાર્જુનીય મહાકાવ્યનું કથાવસ્તુ શરૂ થાય છે.*

*શત્રુ કૌરવોએ પાંડવો પ્રત્યે અન્યાય કર્યો છે, તેથી દ્રોપદી દુઃખી થાય છે. તે યુધિષ્ઠિરના ક્રોધને ઉદ્દીપ્ત કરવા ઓજસ્વી વચનો કહે છે. યુધિષ્ઠિર દ્રૌપદીને જવાબ આપતા કહે છે કે આપણે અત્યારે ક્રોધ કરવો જોઈએ નહીં. તે ક્રોધની નિંદા કરે છે અને ક્ષમાની પ્રશંસા કરે છે. આ પ્રમાણે દ્રૌપદી અને યુધિષ્ઠિરનો વાર્તાલાપ થાય છે. તેમાં દ્રૌપદી તેને પ્રતિકાર કરવાનું કહે છે જ્યારે યુધિષ્ઠિર શાંતિને મહત્ત્વ આપે છે. પ્રતીજ્ઞાના પાલનમાં જ ભલાઈ રહેલી છે એમ સમજાવે છે. આગળના ત્રણ અધ્યાયોમાં ભીમ અને યુધિષ્ઠિરનો વાર્તાલાપ પ્રસ્તુત થાય છે. તેમાં ભીમ દ્રૌપદીની વાતનું સમર્થન કરે છે અને શત્રુઓનો બદલો લેવાની વાત કરે છે. આ વખતે ભગવાન વેદવ્યાસનું આગમન થાય છે. અર્જુન તપશ્ચર્યા કરી ભગવાન શંકરને પ્રસન્ન કરે એમ સલાહ આપે છે. યુધિષ્ઠિરની આજ્ઞાથી અર્જુન મનની ગતિથી પણ તીવ્ર એવી મંત્રશક્તિથી પર્વત પર તપ કરવા માટે ચાલ્યો જાય છે. અર્જુનની ઉગ્ર તપશ્ચર્યા જોઈને ઋષિમુનિઓ ચિંતિત થાય છે. તેઓ ભગવાન શંકર પાસે જાય છે. ભગવાન શંકર પણ અર્જુનની પરીક્ષા લેવાનું નક્કી કરે છે અને કિરાતનું રૂપ લઈને આવે છે. વરહના રૂપમાં રહેલા મૂક નામના રાક્ષસ પર કિરાતરૂપે રહેલા ભગવાન શંકર અને અર્જુન બંને બાણ ચલાવે છે. શિકાર માટેના અધિકાર બાબતે બંને વચ્ચે યુદ્ધ થાય છે. ભયંકર યુદ્ધ પછી થાકેલો અર્જુન ભગવાન શંકરની મૂર્તિ બનાવીને તેની પ્રાર્થના કરે છે. આ વખતે તે પુષ્પમાળા પણ મૂર્તિને પહેરાવે છે. આ માળા કિરાતના મસ્તક પર આવી જાય છે. તેના આધારે અર્જુન સમજી જાય છે કે આ શિવજી છે. ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને પાશુપત અસ્ત્ર આપે છે. ઈન્દ્ર વગેરે લોકપાલો પણ અર્જુનને દિવ્ય અસ્ત્રો આપે છે અને તેના પર કૃપા કરે છે. આમ, મહાભારતની આ કથાનો મુખ્ય વિષય તપશ્ચર્યા દ્વારા અર્જુનને અસ્ત્રપ્રાપ્તિ થાય તે છે.*

## 13.6 કિરાતાર્જુનીયમાં કવિએ કરેલાં પરિવર્તનો અને મૌલિક પ્રસંગો

*કિરાતર્જુનીયની કથા મહાભારતના આધારે રચાયેલી છે, આમ છતાં તેમાં કવિ કેટલાક ઔચિત્યપૂર્ણ પરિવર્તનનો કર્યા છે. અહીં મૂળ કથામાં કવિએ કરેલા કેટલાક પરિવર્તનો વિશે વાત કરીશું.*

1. *કિરાતર્જુનીયના પ્રારંભમાં યુધિષ્ઠિરના ગુપ્તચરરૂપે વનેચર આવે છે. તે સુયોધનના શાસનનું વર્ણન કરે છે. આ પ્રસંગ મૌલિક છે.*
2. *કવિએ ભીમના ચરિત્રચિત્રણમાં પણ પરિવર્તન કર્યું છે. મહાભારતનો ઉદ્ધત ભીમ અહીં કુશળ રાજનીતિજ્ઞના રૂપે વર્ણવાયો છે.*
3. *મહાભારતમાં વ્યાસ મુનિ મંત્રનો ઉપદેશ યુધિષ્ઠિરને આપે છે. પછી યુધિષ્ઠિર આ ઉપદેશ અર્જુનને આપે છે. કિરાતાર્જુનીયમાં વ્યાસજી મંત્રનો ઉપદેશ સીધો અર્જુનને જ આપે છે.*

4. મહાભારતમાં અર્જુન મનની ગતિથી પણ તીવ્ર મંત્રની શક્તિથી પર્વત પર એકલો જ પહોંચી જાય છે જ્યારે કિરાતાર્જુનીયમાં તો અર્જુનને યક્ષ આ પર્વત પર લઈ આવે છે. માર્ગમાં શરદઋતુ અને હિમાલય પર્વતનું પણ વર્ણન કરે છે.
5. કિરાતાર્જુનીયમાં ઈન્દ્રકીલ પર્વત પર તપ કરતા અર્જુનનું તપ ભંગ કરવા માટે ગંધર્વ સાથે અપ્સરાઓ આવી પહોંચે છે. તેઓની ક્રીડાઓનું વિસ્તૃત વર્ણન છે. આ પ્રસંગ મૌલિક છે. આ ઉપરાંત ઈન્દ્ર પણ તપસ્વીનો વેશ લઈને અર્જુન પાસે આવીને તપથી વિરત થવા માટે સમજાવે છે, તપ છોડી દેવા માટે સમજાવે છે જ્યારે મહાભારતમાં અર્જુન ઈન્દ્રકીલ પર્વત પર પહોંચે છે ત્યારે ઈન્દ્ર પણ તપસ્વીના વેશમાં પહોંચી જાય છે.
6. મહાભારતમાં ઉમા સાથે શિવ કિરાતનો વેશ લઈને અર્જુન પાસે આવી પહોંચે છે જ્યારે કિરાતાર્જુનીયમાં ભગવાન શંકર કાર્તિકેય સાથે સેના લઈને અર્જુન સામે આવે છે અને યુદ્ધ પણ કરે છે. અર્જુન શિવની સેનાને ભયભીત કરી દે છે.
7. વરાહના રૂપમાં રહેલા રાક્ષસનો વધ કર્યા પછી ભગવાન શંકરનો દૂત અર્જુન પાસે આવે છે અને પોતાના સ્વામી કિરાતના શરણે જવા માટે સમજાવે છે. મૂળ મહાભારતમાં શંકરના દૂતનો આ પ્રસંગ નથી.
8. મહાભારત અનુસાર અર્જુન અને કિરાતના યુદ્ધમાં છેલ્લે અર્જુન મૂર્છિત થાય છે. મૂર્છા દૂર થયા પછી તે શંકરની મૂર્તિ બનાવે છે. તેને માળા પહેરાવે છે. તે માળા કિરાતના ગળામાં આવી જાય છે. તેના આધારે તે કિરાત નહીં, પરંતુ કિરાત રૂપી શિવજી છે તેમ તેને તેના વાસ્તવિક રૂપનો ખ્યાલ આવી જાય છે. જ્યારે કિરાતાર્જુનિયમાં તો યુદ્ધ દરમિયાન કિરાત ઉપર ઉછળે છે ત્યારે અર્જુન તેના પગને પકડી લે છે. તે વખતે શરણે આવેલો માનીને કિરાતરૂપધારી શિવ પોતાના મૂળ રૂપમાં આવી જાય છે અને પ્રસન્ન થાય છે.

આમ, કવિએ કિરાતાર્જુનીયમાં મહાભારતની કથામાં કેટલાક પરિવર્તનનો કરીને કાવ્યને વધારે રસપૂર્ણ બનાવ્યું છે. કવિએ આવશ્યકતા અનુસાર કેટલાક પ્રસંગોને ઉમેર્યા પણ છે. તેનાથી પ્રસંગ અથવા પાત્રની આકર્ષકતામાં વધારો થયો છે. કાવ્યસૌંદર્યમાં વધારો થયો છે.

## 13.7 તમારી પ્રગતિ ચકાસો.

નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.

1. મહાકાવ્યનું સ્વરૂપ

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *કિરાતાર્જુનીયનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.*

3. *કિરાતાર્જુનીયનું કથાવસ્તુ લખો.*

4. *કિરાતાર્જુનીયમ્ ના મૂળકથા મૂળસ્રોતને વર્ણવી કવિએ એમાં કરેલાં પરિવર્તનો જણાવો.*

**લેખક : ડૉ. ડાહ્યાલાલ મોકરિયા આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી , વેરાવલ.**

# એકમ : 14 : કિરાતાર્જુનીય સર્ગ – 1મૂળગ્રંથ અને ભાષાંતર

## રૂપરેખા


**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** કિરાતાર્જુનીય (સર્ગ – 1) મૂળ શ્લોક, અન્વય, ભાષાંતર, શબ્દાર્થ અને ભાવાર્થ

**14.3** તમારી પ્રગતિ ચકાસો.


## 14.0 ઉદ્દેશો

- *વિદ્યાર્થીઓ કિરાતાર્જુનીય મૂળગ્રંથથી પરિચિત થાય*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃતશ્લોકોના શબ્દાર્થ જાણી શકે.*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃતના મૂળશ્લોકોનો ગુજરાતી અનુવાદ સમજી શકે.*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃતશ્લોકોનો ભાવાર્થ સમજી શકે.*

## 14.1 પ્રસ્તાવના

*મહાકવિ ભારવિનું કિરાતાર્જુનીય નામનું મહાકાવ્ય 18સર્ગોમાં રચાયેલું છે. તેના પ્રથમ સર્ગમાં કવિએ વનેચર, દ્રૌપદી, ભીમ અને યુધિષ્ઠિરની ઉક્તિઓ રજૂ કરી છે. આ ઉક્તિઓમાં રાજનીતિના જ્ઞાન સાથે વ્યવહારિક જ્ઞાનનો પણ સુભગ સમન્વય થયેલો છે. આ એકમમાં આ કાવ્યના પ્રથમ સર્ગના શ્લોકોને ગુજરાતી અનુવાદ અને ભાવાર્થ સાથે સમજાવવાનો પ્રયત્ન થયો છે. અહીં શ્લોકમાં આવતા કેટલાક શબ્દોના અર્થ પણ આપવામાં આવ્યા છે. કેટલાક શબ્દોની વ્યાકરણગત સમજૂતિ પણ આપવામાં આવી છે. અહીં પ્રથમ સર્ગમાં આપેલા પ્રત્યેક સંસ્કૃત શ્લોકનો અન્વય પણ કરવામાં આવ્યો છે. આપણે અહીં ક્રમશઃ પ્રત્યેક શ્લોકનો આસ્વાદ કરીશું.*

## 14.2 કિરાતાર્જુનીય (સર્ગ – 1) મૂળ શ્લોક, અન્વય, ભાષાંતર, શબ્દાર્થ અને ભાવાર્થ

**१ ) श्रियः कुरूणामधिपस्य पालनीं प्रजासु वृत्तिं यमयुङ्क्त वेदितुम् ।**

**स वर्णिलिङ्गी विदितः समाययौ युधिष्ठिरं द्वैतवने वनेचरः ॥१॥**

**અન્વય :**

**कुरूणामधिपस्य श्रियः पालनीं प्रजासु वृत्तिं वेदितुम् यमयुङ्क्त वर्णिलिङ्गी स वनेचरः विदितः ( सन द्वैतवने युधिष्ठिरं समाययौ।**

**ભાષાંતર :**

*કુરુદેશના રાજાની રાજ્યલક્ષ્મીનું પાલન કરનાર (તે સુયોધનના) પ્રજા પ્રત્યેના આચરણને જાણવા માટે જેને નિયુક્ત કરેલ હતો તે બ્રહ્મચારીના વેશવાળો વનેચર બધું વૃત્તાંત જાણીને યુધિષ્ઠિર પાસે આવી પહોંચ્યો.*

**શબ્દાર્થ :**

श्रियः -*રાજ્ય લક્ષ્મીનું*

अधिपस्य -*સ્વામીના, રાજાના*

पालनीं -*પાલન કરવાવાળા*

वर्णिलिङ्गी-*બ્રહ્મચારીના વેશવાળા*

वनेचरः -*વનવાસી, વનમાં રહેનાર,વનેચર*

( सम् आ या लिट् प्र . पु. ए. ) *આવી પહોંચ્યો*

**ભાવાર્થઃ**

*દ્યૂતક્રીડામાં હારેલા પાંડવો શરત મુજબ દ્વૈતવનમાં વનવાસ ભોગવી રહ્યા છે. દુર્યોધન કુરુદેશની રાજ્યની ધુરા સંભાળી રહ્યો છે. તે વખતે યુધિષ્ઠિર દુર્યોધનની રાજ્યવ્યવસ્થાને જાણવા ગુપ્તચર તરીકે એક વનેચરને મોકલે છે. તે બધો વૃત્તાંત જાણીને યુધિષ્ઠિર પાસે આવી પહોંચે છે.*

*આ પદ્યમાં વંશસ્થ છંદનો પ્રયોગ થયેલો છે. આગળ પણ સંપૂર્ણ સર્ગમાં આ છંદનો પ્રયોગ કરેલો છે. સર્ગના અંતે છંદ પરિવર્તન થયેલું છે. પ્રારંભમાં* श्रियः*શબ્દનો પ્રયોગ કર્યો છે તે મંગલસૂચક છે. વૃત્ત્યાનુપ્રાસ અલંકાર છે.*

**(२) कृतप्रणामस्य महीं महीभुजे जितां सपत्नेन निवेदयिष्यतः ।**

**न विव्यथे तस्य मनो न हि प्रियं प्रवक्तुमिच्छन्ति मृषा हितैषिणः ॥२॥**

**અન્વય :**

कृतप्रणामस्य सपत्नेन जितां महीं महीभुजे निवेदयिष्यतः तस्य मनः न विव्यथे। हितैषिणः मृषा प्रियं प्रवक्तुं न इच्छन्ति।

**શબ્દાર્થ :**

महीं - *પૃથ્વીને*

महीभुजे (महीभुज्,च. ए.)-*રાજા(યુધિષ્ઠિર)ને*

सपत्नेन - *શત્રુ વડે*

न विव्यथे (व्यथ् लिट्)- *દુઃખી નથી થયો.*

मृषा-(*અવ્યય*) - *ખોટું, અસત્ય, મિથ્યા*

हितैषिणः – (हित इष् णिनि प्रत्ययः) - *હિત ઈચ્છવાવાળા*

**ભાષાંતર :**

*જેણે પ્રણામ કર્યા છે તેવા, શત્રુ વડે જીતાયેલી પૃથ્વીનો વૃત્તાંત રાજા(યુધિષ્ઠિર)ને કહેતા તે(વનેચર)નું મન દુઃખી થયું નહીં, કારણકે હિતેચ્છુઓ અસત્ય હોય તેવી પ્રિય વાણી બોલવાની ઈચ્છા કરતા નથી.*

*ભાવાર્થ :*

*યુધિષ્ઠિરે વનેચરને ગુપ્તચરરૂપે મોકલેલો હતો. તે શત્રુઓની પૃથ્વી જીતવાની મહત્વાકાંક્ષા અને આચરણને જાણીને આવ્યો છે. પોતાના સ્વામી આગળ શત્રુના રાજ્યસંચાલનની કુશળતાના સમાચાર કહેવાના છે. આમ છતાં તેનું મન દુઃખી થયું નહીં, કારણ કે તે પોતાના સ્વામી યુધિષ્ઠિરનું હિત ઈચ્છવાવાળો છે. તેથી અસત્ય એવી પ્રિયવાણી બોલવા ઈચ્છતો નથી. તે કઠોર લાગે તેવી પણ સત્ય વાણી જ બોલવા માંગે છે. હિતેચ્છુ દૂત સાચી વાણી જ બોલતા હોય છે, પ્રિય લગાડવા માટે ખોટી વાણી નહીં. હિતેચ્છુ દૂત સ્વામીને પ્રિય લાગે એવી વાણી બોલવાની ઈચ્છા કરતા નથી પરંતુ સ્વામીનું જેમાં હિત હોય તેવી વાણી બોલતા હોય છે. અહીં અર્થાન્તરન્યાસ અલંકારનો પ્રયોગ થયો છે.*

**( ३ )द्विषां विघाताय विधातुमिच्छतो रहस्यनुज्ञाधिगम्य भूभृतः ।**

**ससौष्ठवौदार्यविशेषशालिनीं विनिश्चितार्थामिति वाचमाददे ॥३॥**

**અન્વય :**

द्विषां विघाताय विधातुम् इच्छतः अनुज्ञाम् अधिगम्य सः रहसि सौष्ठवौदार्यविशेषशालिनीं विनिश्चितार्थाम्इति वाचम् आददे।

**શબ્દાર્થ :**

द्विषां -*શત્રુઓના*

विघाताय -*વિનાશ માટે*

भृभुतः -*રાજાના*

अधिगम्य -*પ્રાપ્ત કરીને*

रहसि -*એકાંતમાં*

विनिश्चितार्थाम् -*સ્પષ્ટ અર્થોવાળી*

वाचम् -*વાણીને*

आददे -*પ્રસ્તુત કરી*

**ભાષાંતર :**

*શત્રુઓનો વિનાશ કરવા ઈચ્છતા રાજા(યુધિષ્ઠિર)નો આદેશ મેળવીને એકાંતમાં શબ્દસામર્થ્ય અને અર્થગાંભીર્યથી વિશેષ રીતે શોભતી તેમજ સ્પષ્ટ અર્થોવાળી વાણી આ રીતે કહી.*

**ભાવાર્થ :**

*વનેચર રાજા યુધિષ્ઠિરની આજ્ઞા મેળવે છે ત્યારબાદ શબ્દોના સામર્થ્ય અને અર્થના ગંભીર્યથી શોભતી વાણી બોલે છે. આ વાણીનો અર્થ સ્પષ્ટ છે અર્થાત્ તે સુસ્પષ્ટ પોતાનો વિચાર રજૂ કરે છે. રાજા યુધિષ્ઠિર શત્રુઓ ઉપર વિજય મેળવવાની ઈચ્છા કરે છે. શત્રુ પર વિજય મેળવવાનો તેનો પ્રયત્ન છે. દૂતનું કર્તવ્ય છે કે શત્રુઓની પ્રવૃત્તિને સ્વામી સમક્ષ યથાર્થ રીતે વર્ણવવી જોઇએ. એટલે તે આ બધી હકીકત યુધિષ્ઠિરને વર્ણવે છે. વૃત્યાનુપ્રાસ અલંકાર પ્રયોજાયેલ છે.*

**( ૪ ) क्रियासु युक्तैर्नृप चारचक्षुषो न वञ्चनीयाः प्रभवोऽनुजीविभिः।**

अतोऽर्हसि क्षन्तुमसाधुसाधु वा हितं मनोहारि च दुर्लभं वचः॥४॥

**અન્વય :**

**नृप ! क्रियासु युक्तैः अनुजीविभिः चारचक्षुषः प्रभवः न वञ्चनीयाः। अतः असाधु साधु वा क्षन्तुम् अर्हसि। हितं मनाहारि च वचः दुर्लभम्।**

**શબ્દાર્થ :**

चारचक्षुषः -*ગુપ્તચર જ જેના નેત્રો છે તે, રાજા*

प्रभवः - *સ્વામીઓ, રાજાઓ*

न वञ्चनीयाः - *છેતરવા જોઈએ નહીં.*

साधु- *સારુ, પ્રિય*

अर्हसि - *યોગ્ય છે*

**ભાષાંતર :**

*કાર્યમાં નિયુક્ત કરેલા સેવકોએ ગુપ્તચર જેના નેત્ર છે તેવા સ્વામીઓને છેતરવા જોઈએ નહીં. તેથી (મારી) સારી કે ખરાબ વાતને (આપ) ક્ષમા કરજો, કારણકે હિતકારી અને મનોહર વચન દુર્લભ હોય છે.*

*ભાવાર્થ :*

*યુધિષ્ઠિરે નિયુક્ત કરેલ દૂત વનેચર અહીં શત્રુ રાજાની રાજ્ય વ્યવસ્થા અંગે વાત કરે છે. તેની વાતમાં રાજાને સારું લાગે તેવું જ નહીં, સારું ન લાગે તેવું પણ આવી શકે છે તેથી તે પહેલાં જ રાજા યુધિષ્ઠિરની ક્ષમા માંગે છે અને કહે છે કે હિતકારી વચન હોય અને સાથે સાથે મનોહર પણ વચન હોય એમ બંને એકત્ર દુર્લભ હોય છે. આથી હું હિતકારી વચન કરી રહ્યો છું. તેમાં કદાચ આપને ન ગમે તેવી વાણી આવી જાય તો પણ મને ક્ષમા કરજો. આ પદ્યમાં અર્થાન્તરન્યાસ અલંકાર છે.*

**५ ) स किंसखा साधु न शास्ति योऽधिपं हितान्न यः संश्रृणते स किम्प्रभुः।**

**सदाऽनुकूलेषु हि कुर्वते रतिं नृपेष्वमात्येषु च सर्वसम्पदः ॥५ ॥**

**અન્વય :**

**यः अधिपं साधु न शास्ति सः किंसखा। यः हितात् न संशृणुतेसः किंप्रभुः। हि नृपेषु अमात्येषु च अनुकूलेषु ( सत्सु ) सर्वसम्पदः सदा रतिम् कुर्वते।**

**શબ્દાર્થ :**

किंसखा–*હલકો મિત્ર*

शास्ति (शास्  लट् प्र. पु. ए.) – *ઉપદેશ આપે છે*

अधिपं (अधि  पा  क प्रत्यय: कर्तरि) – *સ્વામીને*

संशृणुते (सम्  श्रु  लट् ) – *સાંભળે છે*

किम्प्रभु: – - *હલકો સ્વામી, નબળો રાજા*

रतिम् –*અનુરાગ, પ્રેમ*

**ભાષાંતર :**

*જે સ્વામીને હિતકારક ઉપદેશ આપતો નથી તે હલકો મિત્ર છે. જે સ્વામી(રાજા) હિત ઈચ્છનાર મિત્રની વાત પર ધ્યાનથી સાંભળતો નથી તે હલકો સ્વામી છે, કારણ કે રાજા અને મંત્રીઓ અનુકૂળ હોય ત્યાં બધી સંપત્તિ હંમેશા અનુરાગ કરે છે.*

**ભાવાર્થ :**

*વનેચર રાજા યુધિષ્ઠિરને કહે છે કે સેવકોએ રાજાનું હિત કરવું જોઈએ. સ્વામીનું હિત હોય તેવી યોગ્ય માહિતી જે આપતો નથી, (હિતકારી માહિતી) આપતો નથી તે ખરેખર નિમ્ન પ્રકારનો મિત્ર ગણવો જોઈએ. તેવી જ રીતે રાજાએ પણ હિત ઈચ્છનાર મિત્રની વાત પર ધ્યાન આપવું જોઈએ. જે તેની વાતને ધ્યાનથી સાંભળતો નથી તે રાજા પણ નિમ્ન પ્રકારનો ગણવામાં આવે છે. રાજ્યશાસનમાં રાજાઓ અને મંત્રીઓ વચ્ચે અનુકૂળતા હોવી જોઈએ. જ્યાં રાજા અને મંત્રીઓ અનુકૂળ હોય ત્યાં*

*જ બધી સંપત્તિઓ હંમેશા એકત્રિત થતી હોય છે. અહીં અર્થાન્તરન્યાસ અલંકાર પ્રયોજાયેલ છે.*

**૬ ) निसर्गदुर्बोधमबोधविक्लवाः क्वभूपतीनां चरितं क्वजन्तवः ।**

**तवानुभावोऽयमवेदि यन्मया निगूढतत्त्वं नयवर्त्म विद्विषाम् ॥६॥**

**અન્વય :**

**निसर्गदुर्बोध भूपतीनां चरितं क्व? अबोधविक्लवाः जन्तवः क्व? यत् मया विद्वषाम् निगूढतत्त्वम् नयवर्त्म अवेदि, ( तत)अयम् तव अनुभावः।**

**શબ્દાર્થ :**

निसर्ग – दुर्बाधम् – (नि सृज् घञ्, दुर् बुध् खल) **-** *કુદરતી રીતે જ દુર્બોધ*

अबोधविक्लवाः **-** *અજ્ઞાનથી વિહવળ*

भूपतीनाम् **-** *રાજાઓના*

जन्तवः **-** *જીવો, પ્રાણીઓ*

निगूढतत्त्वम् **-** *ગુપ્તતત્ત્વ*

नयवर्त्म **-** *નીતિનો માર્ગ*

विद्विषाम् **-** *શત્રુઓના*

**ભાષાંતર :**

*સ્વભાવથી જ દુર્બોધ એવું રાજાઓનું આચરણ ક્યાં ? અને ક્યાં મારા જેવા અજ્ઞાની વ્યક્તિ ? તોપણ શત્રુઓના અત્યંત ગુપ્ત સ્વરૂપવાળા રાજનીતિના માર્ગને હું જાણી શક્યો છું તે આપનો જ પ્રભાવ છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં વનેચર પોતાનાં નિરહંકારીપણાનો પરિચય આપતા કહે છે કે રાજાઓનો સ્વભાવ જાણવો દુષ્કર છે. રાજનીતિ જાણવી સાધારણ વ્યક્તિનું કામ નથી અને તમે આ કામ મારા જેવા સાધારણ વ્યક્તિને આપ્યું હતું. મેં શત્રુઓના અત્યંત ગુપ્ત રાજનીતિના માર્ગને જાણવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં આપનો જ પ્રભાવ છે. આમ કહી વનેચર અહીં પોતાની વિનમ્રતા પણ બતાવે છે. આ પદ્યમાં વિષમ અલંકારનો પ્રયોગ થયો છે.*

**૭ ) विशङ्कमानो भवतः पराभवं नृपासनस्थोऽपि वनाधिवासिनः ।**

**दुरोदरच्छद्मजितां समीहते नयेन जेतुं जगतीं सुयोधनः ॥७॥**

**અન્વય :**

**सुयोधनः नृपासनस्थः अपि, वनाधिवासिनः भवतः पशभवं विशङ्कमानः दुशेदश्च्छद्मजितां जगतीं नयेन जेतुं समीहते।**

**શબ્દાર્થ :**

विशङ्कमानः(वि शङ्क् शानच् ) - *શંકા કરતો*

पशभवम् (पश भू अप् भावार्थकप्रत्ययः) - *પરાજય*

नृपासनस्थः - *રાજ સિંહાસન પર બેઠેલા*

वनाधिवासिनः - *વનમાં વસતા*

दुशेदश्च्छद्मजिताम् - *જુગારના છળકપટથી જીતેલી*

समीहते (सम् ईह लट्प्र.पु. ए. ) -*ચેષ્ટા કરે છે*

नयेन - *નીતિથી*

**ભાષાંતર :**

*રાજસિંહાસન પર બેઠેલો હોવા છતાં સુયોધન વનમાં નિવાસ કરતા આપનાથી પરાજયની શંકા કરે છે અને જુગારમાં છળકપટથી જીતેલી પૃથ્વીને હવે નીતિથી જીતવાની ચેષ્ટા કરે છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં વનેચર કહે છે કે સુયોધન સિંહાસન પર આરૂઢ છે આમ છતાં તમારાથી પરાજય થશે એવી મનમાં શંકા રાખીને ઉત્તમ પ્રકારની પ્રજાનીતિ દ્વારા (રાજનીતિ દ્વારા) પ્રજામાં પ્રીતિ પાત્ર બનવાનો પ્રયત્ન કરી રહ્યો છે. દુર્યોધને છળકપટથી જુગારમાં વિજય મેળવ્યો હતો પરંતુ રાજનીતિમાં નીતિપૂર્વક રહી જગતને જીતવાનો પ્રયત્ન કરી રહ્યો છે. તેનાથી તે પ્રિય બની જાય અને પ્રજાનો વિશ્વાસ જીતી લે એવો પ્રયત્ન કરી રહ્યો છે. આ પદ્યમાં કાવ્યલિંગ અલંકાર છે.*

**(8) तथापि जिह्मः स भवज्जिगीषया तनोति शुभ्रं गुणसम्पदा यशः ।**

**समुन्नयन्भूतिमनार्यसङ्गमाद् वरं विशेधोऽपि समं महात्माभिः॥ ८ ॥**

**અન્વય :**

**तथा जिह्मः अपि भवज्जिगीषयागुणसम्पदा शुभ्रं यशः तनोति। भूतिं समुन्नयन् महात्मभिः समं विशेधः अपि अनार्यसङ्गमात् वरम् ।**

**શબ્દાર્થ :**

जिह्मः - *કુટીલ, દુષ્ટ*

जिगीषया – (जि सन् अ टाप् स्त्रीप्रत्ययः) *જીતવાની ઈચ્છાથી*

तनोति – (तन् लट्) *ફેલાવે છે*

शुभ्रं - *નિર્મળ*

समुन्नयन् – ( सम् उत् नी शतृ प्रत्ययः कर्तरि ) *વધારાતો*

भूतिम्- *ઐશ્વર્ય*

अनार्यसङ्गमात् - *દુર્જનોના સંગથી*

वरम् - *શ્રેષ્ઠ*

**ભાષાંતર :**

*તો પણ કપટી તે(દુર્યોધન) તમને જીતી લેવાની ઈચ્છાથી ગુણસંપત્તિ વડે નિર્મળ યશ ફેલાવી રહ્યો છે. ઐશ્વર્ય વધારવાવાળો મહાન લોકો સાથેનો વિરોધ પણ દુર્જનોની મિત્રતાની કરતાં વધુ શ્રેષ્ઠ છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દૂત વનેચર એમ કહે છે કે દુર્યોધન કુટીલ સ્વભાવનો છે. આમ છતાં તમારા ગુણોથી પણ ચડી જવાની ઈચ્છાથી, પોતાના ગુણોનો વિસ્તાર કરી રહ્યો છે. પોતાના ગુણોને બધી બાજુ ફેલાવી યશસ્વી બનવાનો પ્રયત્ન કરી રહ્યો છે. અહીં એક સનાતન સત્ય રજૂ કરીને કવિ કહે છે કે મહાન લોકો સાથેનો વિરોધ પણ સારો હોય છે, પરંતુ દુર્જન લોકો સાથેની મિત્રતા પણ સારી હોતી નથી. મહાન લોકો સાથેનો વિરોધ દુર્જન લોકોની મિત્રતા કરતાં અનેક ગણો સારો હોય છે. આ શ્લોકમાં કાવ્યલિંગ અલંકાર છે. અહીં અર્થાન્તરન્યાય અલંકાર પણ જોવા મળે છે.*

**( ९ ) कृताशिषड्वर्गजयेन मानवीमगम्यरूपां पदवीं प्रपित्सुना ।**

**विभज्य नक्तन्दिवमस्ततन्द्रिणा वितन्यते तेन नयेन पौरुषम् ॥९॥**

**અન્વય :**

**कृताशिषड्वर्गजयेन अगम्यरूपां मानवीं पदवीं प्रपित्सुना अस्ततन्द्रिणा तेन नक्तंदिवं विभज्य नयेन पौरुषं वितन्यते।**

**શબ્દાર્થ :**

अशिषड्वर्गः-*કામ, ક્રોધ, લોભ, હર્ષ, માન અને મદ રૂપી છ શત્રુઓનો સમૂહ*

मानवीं पदवीम् -*મનુ દ્વારા દર્શાવેલ માર્ગ*

प्रपित्सुना ( प्र पद् सन् उ ) - *પ્રાપ્ત કરવાની ઈચ્છા વાળો*

नक्तन्दिवम् -*રાત અને દિવસ*

अस्ततन्द्रिणा -*આળસનો ત્યાગ કરવાવાળો*

वितन्यते -*વિસ્તારે છે, ફેલાવે છે*

नयेन -*નીતિ વડે*

पौरुषम्-*પૌરુષને, પ્રરાક્રમને*

**ભાષાંતર :**

*(કામ ક્રોધ વગેરે )છ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરનાર તેમજ આળસ છોડનાર, મનુએ દર્શાવેલા દુર્ગમ માર્ગ પર જવા ઈચ્છતો તે(સુયોધન) રાત અને દિવસનું વિભાજન કરીને નીતિથી પોતાના પ્રરાક્રમને વિસ્તારી રહ્યો છે.*

*ભાવાર્થ :*

*કામ, ક્રોધ, લોભ, હર્ષ,માન અને મદ - આ છ મનુષ્યના આંતરિક શત્રુઓ છે. દુર્યોધન આ છયે શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરીને, આળસનો ત્યાગ કરીને મનુ ભગવાને દર્શાવેલા નીતિના માર્ગ પર ચાલી રહ્યો છે. તે રાત અને દિવસ નીતિના માર્ગથી પોતાના પુરુષાર્થનો વિસ્તાર કરી રહ્યો છે. પોતાનો કુટીલ સ્વભાવ છોડીને નીતિના માર્ગ પર ચાલી રહ્યો હોય તેવું પ્રજાજનોના મનમાં પ્રસ્થાપિત કરવાનો તે પ્રયત્ન કરી રહ્યો છે. દુર્યોધન પાંડવોની પ્રતિષ્ઠા કરતા પોતાની પ્રતિષ્ઠાને વધારવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પદ્યમાં કાવ્યલિંગ અલંકાર થયો છે.*

**( १० ) सखीनिव प्रीतियुजोऽनुजीविनः समानमानान्सुहृदश्च बन्धुभिः।**

**स सन्ततं दर्शयते गतस्मयः कृताधियत्यामिव साधु बन्धुताम् ॥१०॥**

**અન્વય :**

**गतस्मयः सः सन्ततं साधु अनुजीविनः प्रतियुजः सखीन् इव सुहृदः बन्धुभिः समानमानान् बन्धुतां कृताधिपत्याम् इव साधु दर्शयते।**

**શબ્દાર્થ :**

सखीन् - *મિત્રોને*

प्रीतियुजः - *પ્રેમપુર્ણ*

सुहृदः - *મિત્રોને*

सन्ततम् - *હંમેશા*

गतस्मयः— *અહંકાર રહિત*

कृताधिपत्याम् इव- *અધિપતિ બનાવી દીધો હોય તેવા*

**ભાષાંતર :**

*નિરંકારી તે(દુર્યોધન) સેવકો સાથે પ્રેમપૂર્ણ મિત્રો જેવો, મિત્રો પ્રત્યે બાંધવો જેવા સમાન આદરભાવવાળો તેમજ બંધુવર્ગ જાણેકે રાજ્યના સ્વામી હોય તેવો હંમેશાં (લોકો સામે) દેખાવ કરે છે.*

**ભાવાર્થ :**

*દુર્યોધન પોતાના પ્રજાજનો સાથે સુમેળ ભર્યો વ્યવહાર કરતો જોવા મળે છે. તે નિરહંકારી બની ગયો છે. સેવકો સાથે પ્રેમપૂર્ણ મિત્રો જેવો દેખાવ કરે છે અને તેના મિત્રોને જાણે કે તેના બંધુબાંધવો હોય તેવા જુએ છે એટલે કે મિત્રોને પણ તે પોતાના સગાવહાલા જેવો આદર આપે છે. સગાવહાલાને તો જાણે કે આ રાજ્યના સ્વામી હોય તેમ પ્રતીતિ કરાવે છે. આમ, દુર્યોધનનો રાજ્યવ્યવહાર લોકપ્રિય બની જાય તેવો છે.*

**( ११ ) असक्तमाराधयतो यथायथं विभज्य भक्त्या समपक्षपातया ।**

**गुणानुरागादिव सख्यमीयिवान्न बाधतेऽस्य त्रिगणः परस्परम् ॥११॥**

**અન્વય :-**

**यथार्थं विभज्य समपक्षपातया भक्त्या असक्तम् आराधयतः अस्य गुणानुरागात् सख्यम् ईयिवान् इव त्रिगणः परस्परं न बाधते ॥**

**શબ્દાર્થ :-**

असक्तम् **-** *નિર્લિપ્ત*

आराधयतः – ( आ राध् शतृ प्रत्ययः) *સેવન કરવાવાળા*

यथायथम् **-** *બરાબર, યોગ્ય*

सख्यम् **-** *મિત્રતા*

ईयिवान् **-** *પ્રાપ્ત કરી*

त्रिगणः**-** *ધર્મ, અર્થ અને કામ રૂપી ત્રિવર્ગ*

न बाधते – (बाध् लट्) **-** *બાધા પહોંચાડતા નથી, ક્ષતિ પહોંચાડતા નથી*

**ભાષાંતર :**

*યોગ્યતા અનુસાર વિભાજન કરીને, બધા પર સમાન પક્ષપાતવાળી ભક્તિથી, કોઈ એકમાં વિશેષ રૂપે આસક્તિ વગર સેવન કરતા આ(દુર્યોધન)ના ( ધર્મ, અર્થ અને કામ )ત્રણેયનો સમૂહ, તે( દુર્યોધન)ના ગુણના અનુરાગના કારણે મિત્રતા પ્રાપ્ત કરીને, એકબીજાની વૃદ્ધિમાં અડચણ પહોંચાડતા નથી.*

**ભાવાર્થ :**

*દુર્યોધન ધર્મ, અર્થ અને કામનું પણ સમાન રીતે વિભાજન કરી છે. તે કોઈ એકમાં પક્ષપાત કરીને આસક્તિ રાખતો નથી. કોઈ એક પ્રત્યે વિશેષ લાગણી રાખીને તેનું જ સેવન કરવાવાળો દુર્યોધન નથી. તે આ ત્રણેય ગુણોને સમાન રીતે સાચવે છે. તેથી ગુણોના અનુરાગથી મિત્રતા પ્રાપ્ત કરી હોય તેમ એક બીજાની વૃદ્ધિ કરવામાં કોઈ પણ પ્રકારની અડચણ ઉપજાવતા નથી અર્થાત્ દુર્યોધન ધર્મ, અર્થ અને કામ આ ત્રિવર્ગનું સારી રીતે સંતુલન કરી શક્યો છે. આ ત્રણેય વર્ગનું સંતુલન રાજ્યની વૃદ્ધિમાં*

*મહત્વનો ભાગ ભજવે છે. દુર્યોધનના આ ત્રિવર્ગ સંતુલન પામ્યા છે. પરિણામે દુર્યોધનની રાજનીતિ ઉર્ધ્વગામી બની છે. આ પદ્યમાં ઉત્પ્રેક્ષા અલંકાર છે.*

**( १२ ) निश्त्ययं साम न दान वर्जितं न भूश्दिानं विश्हय्य सत्क्रियाम् ।**

**प्रवर्तते तस्य विशेषशालिनी गुणानुशेधेन विना न सत्क्रिया ॥१२॥**

**અન્વય :**

**तस्य निश्त्ययं साम दानवर्जितं न प्रवर्तते। भूश्दिानं सत्क्रियां विश्हय्य न ( प्रवर्तते )द्य विशेषशालिनी सत्क्रिया गुणानुशेधेन विना न ( प्रवर्तते )।**

**શબ્દાર્થ :**

निश्त्ययम् - *નિશ્છળ*

सामः - *શાંત્વના, સમજાવટ*

भूश्दिानम् - *પુષ્કળ દાન*

विश्हय्य ( वि श्ह् णिच् ) - *વગર, છોડીને*

न प्रवर्तते (प्र वृत् लट् प्र.पु. ए. )- *નથી પ્રવર્તતા, નથી હોતા.*

**ભાષાંતર :**

*તે(દુર્યોધન)ની નિશ્છલ સમજાવટ દાન વગરની હોતી નથી, પુષ્કળ દાન પણ યોગ્ય આદરસત્કાર વિનાનું હોતું નથી. તેનો વિશેષ પ્રકારનો સત્કાર પણ ગુણોના વિચાર વગરનો નથી હોતો.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં શામ અને દાન નામના બે ઉપાયોની વાત કરવામાં આવી છે દુર્યોધનનો સામ નામનો ઉપાય ધનના દાન વગરનો નથી હોતો અર્થાત્ દુર્યોધન જ્યાં સંધી કરે છે ત્યાંથી ધનલાભ પણ પ્રાપ્ત કરે છે. પ્રચુર પ્રમાણમાં અપાતું તેનું ધનદાન પણ યોગ્ય આદર સત્કારવાળું હોય છે. તેનો વિશેષ પ્રકારનો સત્કાર પણ ગુણના વિચાર કર્યા વગરનો નથી હોતો. આમ, દુર્યોધન કુશળતાપૂર્વક રાજનીતિના ઉપાયો અજમાવે છે. આ પદ્યમાં કવિ એકાવલી અલંકારનો સુંદર પ્રયોગ કર્યો છે.*

**( १३ ) वसूनि वाञ्छन्न वशी न मन्युना स्वधर्म इत्येव निवृत्तकाश्णः।**

**गुरूपदिष्टेन श्पिौ सुतेऽपि वा निहन्ति दण्डेन स धर्मविप्लवम्॥१३॥**

**અન્વય :**

**वशी सः वसूनि वाञ्छन् न मन्युना न ( किन्तु ) निवृत्त काश्णः ( सन् ) स्वधर्मः इत्येव गुरूपदिष्टेन दण्डेन श्पिो सुते अपि वा ( स्थितं ) धर्मविप्लवं निहन्ति।**

**શબ્દાર્થ :**

वसूनि- *ધન*

वाञ्छन् ( वाञ्छ्  शतृ प्रत्ययः) - *ઈચ્છતા*

मन्युना - *ક્રોધથી*

रिपौ - *શત્રુમા*

सुते - *પુત્રમાં*

निहन्ति ( नि  हन्  लट् ) -*દુર કરે છે, નિવારે છે*

धर्मविप्लवम् (वि  प्लु  अप् भावे )- *ધર્મોલંઘનને*

**ભાષાંતર :**

*જીતેન્દ્રિય તે(દુર્યોધન) ધનપ્રાપ્તિની ઈચ્છાથી નહીં કે ક્રોધથી પણ નહીં, પરંતુ નિષ્કારણ થઈને આ મારો ધર્મ છે એવું માનીને પૂજ્યજનોએ ધર્મશાસ્ત્રોમાં ઉપદેશેલ દંડ દઈને, શત્રુઓમાં અથવા પુત્રમાં પણ, ધર્મોલંઘનને નિવારે છે અર્થાત્ અધર્મને દૂર કરે છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં કવિ દુર્યોધનની રાજનીતિનો સુંદર પરિચય આપે છે. દુર્યોધનની દંડનીતિ નિષ્પક્ષ છે. તે ન્યાયપ્રિય છે એવો ઉલ્લેખ કર્યો છે. કોઈ પણ અપરાધ કરે પછી ભલે તે શત્રુ હોય અથવા તો સ્વયં પોતાનો પુત્ર હોય, તે તેને નિષ્પક્ષપણે દંડ આપે છે. આ રીતે તે અધર્મ ફેલાવતો અટકાવે છે. કવિએ અહીં વર્ણન કર્યું છે કે તે ગુરુએ ઉપદેશેલ દંડનીતિ અનુસાર પોતાના ધર્મનું પાલન કરી રહ્યો છે. તે ધર્મમાં થતા ઉપદ્રવને અટકાવે છે અર્થાત્ ધર્મોલંઘન થવા દેતો નથી. અહીં અનુપ્રાસ અલંકાર છે.*

**( १४ ) विधाय रक्षान् परितः परेतरानशङ्किताकारमुपैति शङ्कितः ।**

**क्रियापवर्गेष्वनुजीविसात्कृताः कृतज्ञतामस्य वदन्ति सम्पदः ॥१४॥**

**અન્વય :**

**सः शङ्कितः ( सन्) परितः परेतरान् रक्षान्विधाय अशङ्किताकारम् उपैति क्रियापवर्गेषु अनुजीविसात्कृताः सम्पदः अस्य कृतज्ञतां वदन्ति।**

**શબ્દાર્થ :**

विधाय (वि  धा क्त्वा ) - *કરીને*

परितः - *બધી બાજુ*

परेतरान् ( पर  इतर  अण् ) - *પોતાનાને*

अशङ्किताकारम् - *શંકા રહીત હોવાનો દેખાવ, અશંકાશીલ સ્વરૂપ*

उपैति (उप इ  लट् )- *પ્રકટ કરે છે, દેખાવ કરે છે*

क्रियापवर्गेषु- *કાર્ય પૂર્ણ થયા બાદ*

अनुजीविसात्कृताः - *સેવકોને પૂર્ણ રૂપે આપવામાં આવેલી*

कृतज्ञताम् - *કૃતજ્ઞતાનને*

वदन्ति - *કહે છે, વ્યક્ત કરે છે*

**ભાષાંતર :**

*શંકાશીલ હોવાથી તે  પોતાના માણસોને રક્ષકોના રૂપમાં પોતાની આજુબાજુ નિયુક્ત કરીને શંકા રહિત હોવાનો દેખાવ કરે છે. સોંપવામાં આવેલા કાર્ય પૂર્ણ કરનાર સેવકોને પુરસ્કારરૂપે આપવામાં આવતી સંપત્તિ તેની કૃતજ્ઞતાને વ્યક્ત કરે છે.*

**ભાવાર્થ :**

*દુર્યોધન રાજ્યવ્યવસ્થા કુશળતાથી સંભાળી રહ્યો છે તે અંગે આ પદ્યમાં વર્ણન કરવામાં આવ્યું છે. શંકાના ભાવથી દુર્યોધન ચારે બાજુ પોતાના અંગત માણસોને રક્ષકના રૂપમાં નિયુક્ત કરે છે અને શત્રુઓને ફોડવાનો પ્રયત્ન કરે છે. તે શંકાશીલ હોવા છતાં જાણે કે શંકારહિત હોય એવો દેખાવ કરે છે. તે સેવકોને કાર્યો સોંપે છે અને તે પૂર્ણ કર્યા બાદ તેને પુરસ્કાર પણ આપે છે. આમ, પુરસ્કાર વિતરણ દ્વારા પોતે કૃતજ્ઞ છે એવું સાબિત કરે છે. આમ, આ પદ્યમાં પણ કવિએ દુર્યોધનની કુશળ રાજનીતિ અને ભેદનીતિ અંગે વર્ણન કર્યું છે. આ પદ્યમાં અનુપ્રાસ અલંકારનો પ્રયોગ કરવામાં આવ્યો છે.*

**( १५ ) अनारतं तेन पदेषु लम्भिता विभज्य सम्यग्विनियोगसत्क्रियाः।**

**फलन्त्युपायाः परिबृंहितायतीरुपेत्य सङ्घर्षमिवार्थसम्पदः ॥१५॥**

**અન્વય :**

तेन पदेषु विभज्य लम्भिताः सम्यग्विनियोगसत्क्रियाः उपायाः संघर्षम् उपेत्य इव परिबृंहितायतीः अर्थसम्पदः अनारतं फलन्ति । १५ ॥

**શબ્દાર્થ :**

अनारतम् - *સતત*

पदेषुलम्भिताः( लभ्   णिच्   क्तस्त्री. प्र. ब. ) - *યોગ્ય કાર્યસ્થાનો પર નિયુક્ત.*

फलन्ति - *ઉત્પન્ન કરે છે, ફળ આપે છે*

उपायाः– *સામ, દામ, દંડ, ભેદ વગેરે ઉપાયો*

परिबृंहितायतीः  - *ઉત્તરોતર વધવાવાળી, સ્થાયી*

उपेत्य - *પ્રાપ્ત કરીને*

**ભાષાંતર :**

*તે(દુર્યોધન) વડે યોગ્ય સ્થાનો પર યોગ્ય વિભાગ કરીને, પ્રયુક્ત સત્કાર પામીને સામાદિ ઉપાયો જાણે કે પરસ્પર સ્પર્ધા કરતા હોય તેમ, ઉજ્જ્વળ ભવિષ્યવાળી ઉત્તરોત્તર વૃદ્ધિ પામનારી સ્થાયી સંપત્તિઓને સતત ઉત્પન્ન કરે છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં કવિ કહે છે કે દુર્યોધન સામ, દામ, દંડ, ભેદ વગેરે ઉપાયો યોગ્ય રીતે પ્રયોજે છે. તેને લીધે તેની સંપત્તિમાં વૃદ્ધિ થાય છે. કવિ તો ત્યાં સુધી કહે છે કે દુર્યોધન દ્વારા પ્રયુક્ત સામ, દામ, દંડ, ભેદ વગેરે ઉપાયો દુર્યોધનની સંપત્તિ વધારવા માટે જાણે કે સ્પર્ધા કરી રહ્યા હોય તેમ લાગે છે. રાજનીતિના આ ઉપાયોને દુર્યોધન વિવેક પૂર્વક અને યોગ્ય રીતે પ્રયોજે છે. પરિણામ સ્વરૂપે તેની સમૃદ્ધિમાં વધારો થાય છે. અહીં પણ દુર્યોધનની રાજનીતિની કુશળતાને કવિએ વર્ણવે છે. અહીં કવિનું રાજનીતિનું જ્ઞાન પણ વ્યક્ત થયું છે. અહીં ઉત્પ્રેક્ષા અલંકારનો પ્રયોગ કરવામાં આવ્યો છે.*

**( १६ ) अनेकशजन्यश्थाश्वसङ्कुलं तदीयमास्थाननिकेतनाजिश्म् ।**

**नयत्ययुगमच्छ्दगन्धिशद्रतां भृशं नृपोपायनदन्तिनां मदः ॥ १६ ॥**

**અન્વય :**

**अयुगमच्छ्दगन्धिः भृशोपायनदन्तिनां मदः अनेकशजन्यश्थाश्वसङ्कुलं तदीयं आस्थाननिकेतनाजिशं भृशं आद्रतां नयति।**

**શબ્દાર્થ :**

आस्थाननिकेतनाजिश्म् - *રાજસભાભવનનું આંગણું*

अयुग्मच्छदगन्धिः - *સપ્તપર્ણ પુષ્પની ગંધવાળું*

आर्द्श्ताम् ( आर्द्श तल् टाप् ) नयति - *ભીંજાઈ જાય છે.*

भृशम् - *અત્યંત*

उपायनम् - *ભેટ*

दन्तिनाम् - *હાથીઓના*

**ભાષાંતર :**

*અનેક રાજાઓના રથ અને અશ્વની ભીડવાળા તે(દુર્યોધન)ના રાજસભાભવનના આંગણાને રાજાઓ વડે ભેટમાં આપવામાં આવેલા હાથીઓના સપ્તપર્ણપુષ્પની ગંધવાળો મદ ખૂબ ભીંજવી રહ્યો છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં પણ દુર્યોધનના અન્ય રાજાઓ સાથેના પ્રભાવને વર્ણવવામાં આવ્યો છે. દુર્યોધનને અનેક રાજાઓ મદઝરતા હાથીઓ ભેટમાં આપે છે. દુર્યોધનનું સભાભવન રાજાઓના રથો અને ઘોડાઓથી ભરેલું છે. અનેક રાજાઓ દુર્યોધનને અધિન બન્યા છે. અનેક રાજાઓ દુર્યોધનને ભેટ આપવા માટે અગણિત શ્રેષ્ઠ હાથીઓ પ્રદાન કરે છે. આમ, આ પદ્યમાં કવિએ દુર્યોધનની સમૃદ્ધિ અને તેના પ્રભાવનું સુંદર વર્ણન કર્યું છે. અહીં ઉદ્દાત અલંકારનો પ્રયોગ કરવામાં આવ્યો છે.*

**( १७ ) सुखेन लभ्या दधतः कृषीवलैरकृष्टपच्या इव सुस्यसम्पदः।**

**वितन्वति क्षेममदेवमातृकाश्चिराय तस्मिन्कुरवश्चकासति ॥१७॥**

**અન્વય :**

**चिशय तस्मिन् क्षेमं वितन्वति ( सति ) अदेवमातृकाः कुरवः अकृष्टपच्या इव कृषीवलैः सुखेन लभ्याः सस्यसम्पदः दधतः ( सन्तः ) चकासति।**

**શબ્દાર્થ :**

दधतः - *ધારણ કરતા*

अकृष्टपच्या - *ખેડ વગર પાકતી ( નञ् તત્પુરુષ સમાસ )*

सस्यसम्पदः - *અન્ન સમૃદ્ધિ*

वितन्वति - *વિસ્તાર કરવાથી*

क्षेमम्- *કલ્યાણ*

अदेवमातृकाः - *વરસાદ પર આધારિત ન રહેતી*

चकासति ( चकास् लट् )-*શોભી રહ્યો છે*

**ભાષાંતર :**

*તે(દુર્યોધન) લાંબા સમયથી પ્રજાકલ્યાણનો વિસ્તાર કરે છે તેથી વરસાદ ઉપર આશ્રિત ન રહેવાવાળો કુરુપ્રદેશ જાણે કે ખેતરમાં વગર ખેડે પાકતી, સરળતાથી પ્રાપ્ત ઉપજને ધારણ કરતો શોભી રહ્યો છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દુર્યોધનની પ્રજાપાલનની કુશળતાને રજૂ કરવામાં આવી છે. દુર્યોધનથી પ્રજા ખુશ છે. ખેતી પણ સમૃદ્ધ બની છે. ખેડૂતો માત્ર વરસાદ પર આધારિત ખેતીથી જ નિર્ભર નથી. તેઓ સરળતાથી પાક પ્રાપ્ત કરી રહ્યા છે. કુરુદેશ ખુબ સમૃદ્ધ થયો છે. આમ, દુર્યોધન પ્રજા પ્રિય પણ બન્યો છે. આ પદ્યમાં ઉત્પ્રેક્ષા અલંકારનો પ્રયોગ કરવામાં આવ્યો છે.*

**( १८ ) उदारकीर्तेरुदयं दयावतः प्रशान्तबाधं दिशतोऽभिरक्षया ।**

**स्वयं प्रदुग्धेऽस्य गुणैरुपस्नुता वसूपमानस्य वसूनि मेदिनी ॥१८॥**

**અન્વય :**

**उदारकीर्तेः दयावतः अभिरक्षया प्रशान्तबाधं उदयं दिशतः वसूपमानस्य अस्य गुणैः उपस्नुता मेदिनी स्वयं वसूनि प्रदुग्धे।**

*શબ્દાર્થ :*

उदारकीर्तेः - *મોટી કીર્તિવાળા*

प्रशान्तबाधम्- *મુશ્કેલી વગર*

प्रदुग्धे ( प्र दुह् लट् कर्मकर्तरि ) - *દૂધ આપતી*

उपस्नुता - *દ્રવિભૂતા*

वसूपमानस्य - *કુબેર જેવા*

वसूनि - *ધન*

मेदिनी - *પૃથ્વી*

**ભાષાંતર :**

*મહાયશસ્વી, દયાળુ, બધી બાજુની સુરક્ષાનાં કારણે વિઘ્નો વગરના, ઉન્નતિ કરવાવાળા તેમજ કુબેર જેવા આ દુર્યોધનના ગુણોથી દ્રવિત થયેલી આ પૃથ્વી જાતે ધનને દોહી આપે છે, ઉત્પન્ન કરે છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દુર્યોધનના રાજ્યમાં પ્રજાની સમૃદ્ધિનું વર્ણન કર્યું છે. યશસ્વી અને દયાળુ દુર્યોધનના ગુણોથી પૃથ્વી પ્રસન્ન થઈ હોય તેમ પોતાની રીતે જ સ્વયં ધનને ઉત્પન્ન કરી રહી છે. આમ કહીને કવિએ પૃથ્વીને એક ગાયના રૂપમાં પણ વર્ણવી દીધી છે. ગાયરૂપી પૃથ્વી દૂદરૂપી ધન સ્વયં જ આપી રહી છે. અહીં કવિએ સમાસોક્તિ અલંકારનો પ્રયોગ કર્યો છે.*

**( १९ ) महौजसो मानधना धनार्चिता धनुर्भृतः संयति लब्धकीर्तयः ।**

**न संहतास्तस्य नभिन्नवृत्तयः प्रियाणि वाञ्छन्त्यसुभिः समीहितुम्॥१९॥**

**અન્વય :**

**महौजसः मानधनाः धनार्चिता संयति लब्धकीर्तयः न संहताः नभिन्नवृत्तयः धनुर्भृतः असुभिः तस्य प्रियाणि समीहितुं वाञ्छन्ति।**

**શબ્દાર્થ :**

महौजसः - *અત્યંત પરાક્રમી*

मानधना - *મનસ્વી, મનરૂપી ધનવાળા*

धनार्चिता (अर्च णिच् क्त)- *ધનથી સત્કૃત*

धनुर्भृतः - *ધનુર્ધારી*

न संहताः – *પરસ્પર ન મળેલા*

वाञ्छन्ति - *ઈચ્છે છે*

असुभिः - *પ્રાણો વડે*

समीहितुम्- *કરવા માટે*

**ભાષાંતર :**

*અત્યંત પરાક્રમી, મનસ્વી, ધનથી સત્કૃત, ધનુર્ધારી, યુદ્ધમાં કીર્તિ પ્રાપ્ત કરનાર, સ્વાર્થ માટે પરસ્પર ન મળેલા અને એકબીજા સાથે વિરોધ ન કરનારા યોદ્ધાઓ પ્રાણોથી પણ આ(દુર્યોધન)નુ પ્રિય કરવા માટે તત્પર છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દુર્યોધનના સૈનિકોના ગુણો વર્ણવવામાં આવ્યા છે. અહીં એમ કહ્યું છે કે દુર્યોધનના સૈનિકો યશસ્વી દુર્યોધનની રક્ષા માટે પોતાના પ્રાણોની પણ પરવા કરતા નથી. તેઓ કોઈપણ ભોગે દુર્યોધનનું રક્ષણ કરવા માટે, રાજ્યનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે. પ્રખ્યાત ધનુર્ધારી યોદ્ધાઓ પરસ્પર સ્વાર્થ માટે મળેલા નથી. એટલું જ નહીં, તેવો પરસ્પર વિરોધી કાર્ય પણ કરતા નથી અર્થાત્ દુર્યોધનના આ સૈનિકોમાં એકતા છે, તેના સૈન્યમાં એકતા છે. તેને લીધે રાજ્યની ઉન્નતિ થતી દર્શાવવામાં આવી છે. આ પદ્યમાં* महौजसः, मानधनाः, धनार्चिता*વગેરે પદો પ્રાણમદાન કરવાના હેતુરૂપ હોવાથી કાવ્યલિંગ અલંકાર થયો છે. આ પદો અભિપ્રાયવાળા વિશેષણો પણ છે તેથી પરિકર અલંકાર પણ થાય છે.*

**( २० ) महीभृतां सच्चरितैश्चरैः क्रियाः स वेद निःशेषमशेषितक्रियः ।**

**महोदयैस्तस्य हितानुबन्धिभिः प्रतीयते धातुरिवेहितं फलैः ॥ २०॥**

**અન્વય :**

**अशेषितक्रियः सः सच्चरितैः चरैः महीभृतां क्रियाः निःशेषं वेद धातुः इव तस्य ईहितं हितानुबन्धिभिः महोदयैः फलैः प्रतीयते।**

**શબ્દાર્થ :**

महीभृताम् - *રાજાઓની*

चरैः - *ગુપ્તચરો દ્વારા*

वेद - *જાણી લે*

हितानुबन्धिभिः - *કલ્યાણ કરવાવાળા વડે*

धातुः - *બ્રહ્માની*

ईहितम् (ईह्  क्त) - *ઇચ્છિત*

**ભાષાંતર :**

*બધા કાર્યો પુરા કર્યા છે તેવો તે દુર્યોધન સારા ચરિત્રવાળા ગુપ્તચરો વડે (અન્ય) રાજાઓના વ્યવહારોને પૂરી રીતે જાણી લે છે. બ્રહ્માની જેમ તેની ઈચ્છિત બધી જ યોજનાઓ અત્યંત સમૃદ્ધિવાળી તેમજ કલ્યાણકારી પરિણામો વડે પ્રતીત થાય છે.*

*ભાવાર્થ :*

*આ પદ્યમાં પણ દુર્યોધનના રાજ્યવ્યવહારની ઝલક આપવામાં આવી છે. દુર્યોધન તેના અધીન રાજાઓના ક્રિયાકલાપોની જાણકારી પ્રાપ્ત કરે છે. તેના માટે તે પ્રલોભ મનમાં ન આવે તેવા ગુપ્તચરોની નિમણૂક કરે છે. આ ગુપ્તચર તે રાજાઓના વ્યવહારોને પૂરી રીતે જાણીને દુર્યોધનને માહિતી આપે છે. દુર્યોધન પણ બ્રહ્માની ઈચ્છાની જેમ પોતાની યોજનાઓ બનાવે છે અને આ યોજનાઓ ક્રિયાન્વિત થાય છે ત્યારે જ લોકોને ખ્યાલ આવે છે. તેની યોજનાઓ પણ ખૂબ જ સમૃદ્ધિવાળી હોય છે. તે અંતે હિતકારક હોય છે. આ પદ્યમાં ઉપમા અલંકારનો પ્રયોગ થયો છે.*

**( २१ ) न तेन सज्यं क्वचिदुद्यतं धनुः कृतं न वा कोपविजिह्ममाननम् ।**

**गुणानुरागेण शिरोभिरुह्यते नराधिपैर्माल्यमिवास्य शासनम् ॥२१॥**

**અન્વય :**

**तेन क्वचित् सज्यं धनुः न उद्यतं आननं वा कोपविजिह्म न कृतं ( तथापि ) अस्य शासनं गुणानुरागेण माल्यम् इव शिरोभिः उह्यते।**

**શબ્દાર્થ :**

कोपविजिह्मम् - *ક્રોધથી કુટીલ*

आननम् - *મુખ*

शिरोभिः उह्यते -*શિરોધાર્ય કરવામાં આવે છે, મસ્તક વડે વહન કરવામાં આવે છે*

नराधिपैः (अधि  पा  क प्रत्ययः)- *રાજાઓ વડે*

**ભાષાંતર :**

*તેણે(દુર્યોધને) ક્યારેય દોરી ચડાવી ધનુષ્યને ઉઠાવ્યું નથી તેમજ ક્રોધથી મોઢું બગાડ્યું નથી. ગુણોના અનુરાગને લીધે રાજાઓ તેના આદેશને માળાની જેમ મસ્તક પર ધારણ કરે છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દુર્યોધન પ્રત્યેનો રાજાઓનો વ્યવહાર વર્ણવવામાં આવ્યો છે. કવિ વર્ણવે છે કે રાજાઓને નિયંત્રણમાં રાખવા માટે દુર્યોધનને ક્યાંય ધનુષ્ય ઉઠાડવાની જરૂર પડી નથી. એટલું જ નહીં, તેણે ક્રોધથી મોઢું બગાડવાની પણ જરૂરીયાત ઉત્પન્ન થઈ નથી. તેને અધિન રાજાઓ તો દુર્યોધનના ગુણોને વશ થઈને તેની આજ્ઞાઓ મસ્તક*

*ઉપર ધારણ કરે છે અર્થાત્ તેના બધા આદેશોને તે શિરોધાર્ય ગણે છે. આ રીતે દુર્યોધનને રાજાઓ અધિન થયા છે તેવું આ પદ્યમાં વર્ણવવામાં આવ્યું છે. આ પદ્યમાં ઉપમા અલંકારનો પ્રયોગ થયો છે.*

**( २२ )  स यौवराज्ये नवयौवनोद्धतं निधाय दुःशासनमिद्धशासनः ।**

**मखेष्वखिन्नोऽनुमतः पुरोधसा धिनोति हव्येन हिरण्यरेतसम् ॥२२॥**

**અન્વય**

**इद्धशासनः सः नवयौवनोद्धतं दुःशासनं यौवराज्ये निधाय पुरोधसा अनुमतः ( सन्) अखिन्नः मखेषु हव्येन हिरण्यरेतसं धिनोति।**

**શબ્દાર્થ :**

निधाय **-** *રાખીને*

इद्धशासन**:**(इन्ध क्तकर्तरि, शास् ल्युट्)—*અપ્રતિહતાજ્ઞ, જેની આજ્ઞાનો કોઈ વિરોધ ન કરે તે (બહુવ્રીહી સમાસ)*

पुरोधसा **-** *પુરોહિતથી*

अखिन्न**:** **-** *આળસ રહીત*

मखेषु **-** *યજ્ઞોમાં*

हिरण्यरेतसं **-** *અગ્નિને*

धिनोति **-** *પ્રસન્ન કરે છે*

*ભાષાંતર :*

*અપ્રતિહતાજ્ઞ તે (દુર્યોધન) નવી યુવાવસ્થાથી પ્રગલ્ભ દુઃશાસનને યુવરાજ પદ પર નિયુક્ત કરીને, પુરોહિતની પરવાનગીથી આળસ રહિત થઈ યજ્ઞોમાં આહુતિ વડે અગ્નિને પ્રસન્ન કરે છે.*

**ભાવાર્થ :**

*દુર્યોધનની ધાર્મિક ભાવનાને પણ આ પદ્યમાં વ્યક્ત કરવામાં આવી છે. દુર્યોધન પોતાના નાનાભાઈ દુઃશાસનને યુવરાજ પદ પર નિયુક્ત કરીને પોતે યજ્ઞ કરે છે. આ યજ્ઞ પણ પુરોહિતોના આદેશ અનુસાર કરે છે. તે યજ્ઞના હવિ દ્વારા અગ્નિદેવને પ્રસન્ન કરે છે અર્થાત્ દુર્યોધન પૂર્ણ ધાર્મિક વૃત્તિનો થયો હોય તેવું દેખાય છે. દુર્યોધનની કોઈપણ આજ્ઞાનું તત્કાલ પાલન કરવામાં આવે છે. ગમે તેટલી પ્રબળ આજ્ઞા હોય તો પણ તે તરત જ પૂર્ણ કરવામાં આવે છે. આ રીતે સર્વ સમર્થ જણાતો દુર્યોધન ધાર્મિક વૃત્તિવાળો પણ થયો છે. તેને લીધે તેની લોકચાહના વધી છે. અહીં  વર્ણાનુપ્રાસ અલંકાર જોવા મળે છે.*

**( २३ ) प्रलीनभूपालमपि स्थिरायति प्रशासदावारिधि मण्डलं भुवः ।**

**स चिन्तयत्येव भियस्त्वदेष्यतीरहो दुरन्ता बलवद्विरोधिता ॥२३॥**

**અન્વય :**

**सः प्रलीनभूपालं स्थिरायति आवारिधि भुवः मण्डलं प्रशासद् अपि त्वद् एस्यतीः भियः चिन्तयत्येव अहो बलवद्विरोधिता दुरन्ता।**

**શબ્દાર્થ :**

प्रलीनभूपालम् (प्र ली क्त कर्तरि, भू पाल णिच् अण् कर्तरि)- *પ્રતિદ્વંદ્વી રાજાઓથી રહિત, શત્રુઓ વગરનો*

स्थिरायति - *સ્થિર ભવિષ્યવાળો*

प्रशासत् - *શાસન કરતો*

आवारिधि - *સમુદ્ર સુધી*

भुवः - *પૃથ્વીમંડળ*

एष्यतीः - *આવનાર*

दुरन्ता - *દુ:ખ દાયક*

**ભાષાંતર :**

*પ્રતિદ્વંદ્વી રાજાઓથી રહિત તેમજ ભવિષ્યમાં સ્થાયી રહેનાર પૃથ્વી મંડળ પર સમુદ્ર પર્યંત શાસન કરતો હોવા છતાં પણ તે(દુર્યોધન) આપના તરફથી આવનાર ભયનો વિચાર કરી ચિંતાતુર જ રહે છે. અરેરે ! બળવાનો સાથેના વિરોધનું પરિણામ દુ:ખદાયક હોય છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં બધી બાજુથી નિર્વિઘ્ન પૃથ્વીનું શાસન કરતો દુર્યોધન હજુ પણ યુધિષ્ઠિર સહિત પાંડવો તરફથી આવનાર સંભવિત વિપત્તિઓનો વિચાર કરી રહ્યો છે. તેના પ્રતિદ્વંદ્વી રાજાઓ દુર્યોધનનો વિરોધ કરનારાઓ નથી તેથી તે આખી પૃથ્વીનું લાંબા સમય સુધી શાસન કરી શકે છે. આમ છતાં દુર્યોધનને યુધિષ્ઠિત તરફથી આવનારી વિપત્તિનો વિચાર ભયભીત કરી દે છે. કવિએ આ પદ્યમાં અંતે એક સુભાષિત રજૂ કરતા કહ્યું છે કે બળવાન લોકો સાથેનો વિરોધ અંતે દુ:ખમાં પરિણમતો હોય છે. અહીં યુધિષ્ઠિર બળવાન છે અને તેની સાથે દુર્યોધનનો વિરોધ છે. આ વિરોધ અંતે દુ:ખમાં પરિણામ છે. હાલમાં સુખની છોળોમાં છલકાય જતો દુર્યોધન અંતે દુ:ખના દરિયામાં ડૂબી જશે એ વાતનું અહીં સૂચન છે. અહીં સામાન્યથી વિશેષનું સમર્થન કરવામાં આવ્યું છે તેથી અહીં અર્થાન્તરન્યાસ અલંકારનો પ્રયોગ થયો છે.*

**( २४ ) कथाप्रसङ्गे न जनैरुदाहृतादनुस्मृताखण्डलसूनुविक्रमः ।**

**तवाभिधानाद् व्यथते नताननः सुदुःसहान्मन्त्रपदादिवोऽगः ॥२४॥**

**અન્વય :**

**कथाप्रसङ्गेन जनैः उदाहृतात् तव अभिधानात् सुदुःसहात् मन्त्रपदात् अनुस्मृताऽखण्डलसूनुविक्रमः उरगः इव ( कथाप्रसङ्गेन जनैः उदाहृतात् तव अभिधानात् अनुस्मृताखण्डलसूनुविक्रमः ) नताननः सन् व्यथते ।**

**શબ્દાર્થ :**

कथाप्रसङ्गेन- *વાતચિતના પ્રસંગે/વિષ વૈદ્યો દ્વારા*

उदाहृतात् (उद् आ हृ क्त कर्मणि) - *ઉચ્ચારણ કરેલ*

तवाभिधानात्- *આપના નામથી/ત-તાર્ક્ષ્ય અને વ-વાસુકી નામથી*

अनुस्मृताखण्डलसूनुविक्रमः- *ઈન્દ્રપુત્ર અર્જુનના પરાક્રમનું સ્મરણ કરીને/ ઈન્દ્રના અનુજ વિષ્ણુના વાહન ગરુડના પાદવિક્ષેપનું સ્મરણ કરીને*

व्यथते- *દુઃખી થાય છે*

उरगः - *સર્પ*

**ભાષાંતર :**

*વિષ દૂર કરવામાં પ્રવીણ વિષવૈદ્યો વડે ઉચ્ચારણ કરેલ ત-તાર્ક્ષ્ય અને વ-વાસુકી અક્ષરવાળા અસહ્ય મંત્રથી નમેલા મુખવાળા સાપને વિષ્ણુના વાહન ગરુડના પાદવિક્ષેપનું સ્મરણ થતાં દુઃખ અનુભવે છે, તેમ વાતચિતમાં લોકોદ્વારા ઉચ્ચારિત આપના નામવાળા કષ્ટદાયક મંત્રણાના પદોને લીધે નીચે નમેલા મુખવાળા તેને ઈન્દ્રપુત્ર અર્જુનના પરાક્રમનું સ્મરણ થતાં તે(દુર્યોધન) દુઃખ અનુભવે છે.*

**ભાવાર્થ :**

*કવિએ આ પદ્યમાં શ્લિષ્ટ વિશેષણો પ્રયોજીને દુર્યોધનના પક્ષમાં અને સર્પના પક્ષમાં અર્થ કર્યો છે. એક દૃષ્ટિએ દુર્યોધનની સર્પની સાથે તુલના પણ થઈ ગઈ છે. અહીં કવિ વર્ણવે છે કે દુર્યોધન યુધિષ્ઠિરથી ભયભીત છે. લોકો વાતચીતમાં યુધિષ્ઠિરના નામનું ઉચ્ચારણ કરે છે તે વખતે તેણે અર્જુનનું પરાક્રમ યાદ આવી જાય છે. આથી જેવી રીતે વિષવૈદ્યના મંત્રના પ્રભાવમાં આવીને સર્પ ચિંતાથી પોતાનું મસ્તક નમાવી દે છે તેમ દુર્યોધન પણ ભયભીત થઈને દુઃખનો અનુભવ કરે છે. વનેચર અહીં દુર્યોધનના વાસ્તવિક વ્યવહારનું અને વાસ્તવિક સ્થિતિનું વર્ણન કરે છે અર્થાત્ વૈભવસંપન્ન લા„તો અને નિર્ભય લાગતો દુર્યોધન વાસ્તવિક રીતે તો પાંડવોથી ભય અનુભવે છે. આ પદ્યમાં શ્લેષ અલંકાર છે.*

**( २५ ) तदाशु कर्तुं त्वयि जिह्ममुद्यते विधीयतां तत्र विधेयमुत्तरम् ।**

**परप्रणीतानि वचांसि चिन्वतां प्रवृत्तिसाराः खलु मादृशां गिरः ॥ २५॥**

**અન્વય :**

**तद् त्वयि जिह्मं कर्तुं उद्यते तत्र विधेयं उत्तरं आशु विधीयतां परप्रणितानि वचांसि चिन्वतां मादृशां गिरः प्रवृत्तिसाराः खलु॥**

**શબ્દાર્થ :**

आशु **-** *જલ્દી*

जिह्मम् **-** *કપટ*

परप्रणितानि वचांसि **-** *બીજાએ કહેલા વચનો*

प्रवृतिसाराः (प्र वृत् क्तिन् भावे, सृ घञ् ) **-** *સાચા સમાચારથી યુક્ત, યથાર્થ સમાચાર યુક્ત (પ્રવૃતિ જેઓનો સાર છે તેઓ - બહુવ્રીહિ સમાસ)*

गिरः **-** *વાણી*

**ભાષાંતર :**

*તેથી આપના માટે કપટ કરવા તૈયાર થયેલ દુર્યોધનને યોગ્ય ઉત્તર જલ્દી આપો. બીજાના વચનોને એકત્રિત કરવાવાળા મારા જેવાની વાણી ખરેખર યથાર્થ સમાચાર આપનારી હોય છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં વનેચર યુધિષ્ઠિર ને જણાવે છે કે દુર્યોધન આપના પ્રત્ય છલ કરવામાં લાગેલો છે. તેના તરફ યોગ્ય પ્રતિકાર કરવો જોઈએ અર્થાત્ આપના પ્રત્યે કપટ કરી રહેલા દુર્યોધનનો જલ્દીથી યોગ્ય પ્રતિકાર કરવો જોઈએ. અમે તો દૂત છીએ. બીજાની વાતોને યથાર્થત કહેનારા છીએ. તમે રાજવી છો. તમે યોગ્ય પ્રતિકાર કરી શકો છો તેથી શત્રુ પ્રત્યે જલ્દીથી પ્રતિકાર કરવો જોઈએ. અહીં વનેચર પોતાની વાણીનો ઉપસંહાર કરતા પોતાના મંતવ્યને પણ રજૂ કરે છે. આ પદ્યમાં અર્થાન્તરન્યાસ અલંકાર પ્રયોજાયેલ છે.*

**( २६ ) इतीरयित्वा गिरमात्तसत्क्रिये गतेऽथ पत्यौ वनसंनिवासिनाम् ।**

**प्रविश्य कृष्णासदनं महीभुजा तदाचचक्षेऽनुजसन्निधौ वचः ॥२६॥**

**અન્વય :**

**वनसन्निवासिनां पत्यौ इति गिरं ईरयित्वा आत्तसत्क्रिये गते ( सति ) अथ महीभुजा कृष्णासदनं प्रविश्य अनुजसन्निधौ तद् वचः आचचक्षे ।**

**શબ્દાર્થ :**

ईरयित्वा ( ईर णिच् क्त्वा ) **-** *કહીને*

गिरम् - *વચનને*

आत्तसत्क्रिये - *સત્કાર પ્રાપ્ત કરવાવાળા*

कृष्णासदनम्- *દ્રૌપદીનો મહેલ*

महीभुजा - *રાજા વડે*

आचचक्षे ( आङ्  ख्या — चक्षिङ्  लिट् प्र.ए.) - *કહ્યું*

अनुजसन्निधौ- *ભાઈઓ પાસે*

**ભાષાંતર :**

*હવે વનવાસીઓના રાજા વનેચર આ પ્રકારના વચન કહીને, સત્કાર પામીને ચાલ્યા ગયા પછી રાજાએ(યુધિષ્ઠિરે) દ્રૌપદીના ભવનમાં પ્રવેશ કરીને ભાઈઓની પાસે આ વૃત્તાંત કહ્યો.*

**ભાવાર્થ :**

*વનવાસીના રાજા વનેચર દુર્યોધનનો બધો વૃત્તાંત જાણીને આવ્યો હતો. તેણે તે વૃત્તાંતને યથાર્થ રીતે યુધિષ્ઠિરને કહી સંભળાવ્યો. યુધિષ્ઠિરે પણ ખુશ થઈને તેનો સત્કાર કર્યો ત્યાર પછી તેને વિદાય આપી. ત્યારબાદ રાજા યુધિષ્ઠિર દ્રૌપદીના ભવનમાં પ્રવેશ કરે છે અને પોતાના ભાઈઓને પણ વનેચરે વર્ણવેલો વૃત્તાંત કહી સંભળાવે છે. આમ, રાજનીતિ વિશે કહેવામાં આવેલા સમાચાર પોતાની પત્ની સહિત ભાઈઓને કહી સંભળાવે છે તેથી ભવિષ્ય અંગેની રણનીતિ અંગેનું આયોજન થઈ શકે.*

**( २७ ) निशम्य सिद्धिं द्विषतामपाकृतीस्ततस्ततस्त्या विनियन्तुमक्षमा ।**

**नृपस्य मन्युव्यवसायदीपिनीरुदाजहार द्रुपदात्मजा गिरः॥ २७ ॥**

**અન્વય :**

**अथ द्रुपदात्मजा द्विषतां सिद्धिं ततः निशम्य ततस्त्याः अपाकृतीः विनियन्तुं अक्षमा नृपस्य मन्युव्यवसायदीपिनीः गिरः उदाजहार ॥२७ ॥**

**શબ્દાર્થ :**

निशम्य - *સાંભળીને*

द्विषताम्  - *શત્રુઓની*

अपाकृतीः - *અપકારોને*

मन्युव्यवसायदीपिनीः  - *ક્રોધ અને ઉદ્યોગને વધારનારી*

उदाजहार ( उद्  आ  हृ  लिट् ) - *કહ્યા*

द्रुपदात्मजा - *દ્રુપદની પુત્રી, દ્રૌપદી*

गिरः - *વાણી, વચનો*

**ભાષાંતર :**

*પછી શત્રુઓની સિદ્ધિને સાંભળીને તેના દ્વારા કરવામાં આવેલા અપકારોને સહન કરવામાં અસમર્થ દ્રૌપદીએ રાજા(યુધિષ્ઠિર)ના ક્રોધ તેમજ ઉદ્યોગને વધારનારા વચનો કહ્યા.*

**ભાવાર્થ :**

*શત્રુઓની સમૃદ્ધિ અને ઉન્નતિની વાત દ્રૌપદીએ સાંભળી એટલે તે પોતાના ભાવેશને રોકી ન શકી. તે યુધિષ્ઠિરને પણ ક્રોધ ઉત્પન્ન થાય તેવા તેમજ તેના ઉત્સાહને વધારનારા વચનો કહેવા લાગી. કૌરવો વડે પાંડવોને પરેશાન કરવામાં આવ્યા હતા. હાલમાં પણ કપટ નીતિથી પાંડવોને પરાજિત કરી વનવાસ આપવામાં આવેલો છે. તે જ કૌરવો આજે સજ્જનો હોય તેવો દેખાવ કરી રહ્યા છે. તેઓ કપટભાવથી સમૃદ્ધિ પામી રહ્યા છે તેથી દ્રૌપદીના મનમાં ક્રોધ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. એટલે જ તે યુધિષ્ઠિરને પોતાનો વિચાર રજુ કરે છે, પોતાનો અભિપ્રાય આપે છે. આ પદ્યમાં કાવ્યલિંગ અલંકાર પ્રયોજાયેલ છે.*

**( २८ ) भवादृशेषु प्रमदाजनोदितं भवत्यधिक्षेप इवानुशासनम् ।**

**तथापि वक्तुंव्यवसाययन्ति मां निरस्तनारीसमया दुराधयः॥ २८॥**

**અન્વય :**

**भवादृशेषु प्रमदाजनोदितं अनुशासनं अधिक्षेपः इव भवति तथापि निरस्तनारीसमयाः दुराधयः मां वक्तुंव्यवसाययन्ति ॥ २८ ॥**

**શબ્દાર્થ :**

प्रमदाजनोदितम् - *સ્ત્રી દ્વારા કહેવાયેલા*

अधिक्षेपः - *તિરસ્કાર*

अनुशासनम् - *ઉપદેશ*

व्यवसाययन्ति ( वि अव सो णिच् लट् ) - *પ્રેરિત કરે છે*

निरस्तनारीसमया - *સ્ત્રીજનોચિત મર્યાદાને નષ્ટ કરનારી*

दुराधयः - *માનોવ્યથા*

**ભાષાંતર :**

*તમારા જેવા મહાનુભાવો પ્રત્યે સ્ત્રીજનોનો ઉપદેશ તિરસ્કારજનક ગણાય છે તો પણ દુઃખદાયક મનોવ્યથા સ્ત્રીજનોચિત મર્યાદાનો નાશ કરી મને બોલવા માટે પ્રેરિત કરે છે.*

**ભાવાર્થ :**

*હવે દ્રૌપદી પોતાનો અભિપ્રાય આપતા કહે છે કે તમારા જેવા લોકો માટે કોઈ સ્ત્રી માર્ગદર્શન કરે તે તિરસ્કાર જેવું જ બને. આમ છતાં હું માનસિક વ્યથાથી પીડા અનુભવું છું એટલે સ્ત્રીઓને યોગ્ય એવી મર્યાદા છોડીને આપને કંઈક કહેવા માટે પ્રેરાઈ રહી છું. ખરેખર, સ્ત્રીઓએ આપના જેવા મહાન વ્યક્તિને ઉપદેશ આપવો યોગ્ય નથી એવું હું જાણું છું. આમ છતાં માનસિક પીડા અનુભવી રહી છું તેથી આપને કંઈક કરી રહી છું. અહીં કથનનું હેતુપ્રદર્શન વડે સમર્થન થવાથી કાવ્યલિંગ અલંકાર થયો છે.*

**( २९ ) अखण्डमाखण्डलतुल्यधामभिश्चिरं धृता भूपतिभिः स्ववंशजैः ।**

**त्वयात्महस्तेन मही मदच्युता मतङ्गजेन स्रगिवाऽपवर्जिता॥२९॥**

**અન્વય :**

**आखण्डलतुल्यधामभिः स्ववंशजैः भूपतिभिः चिरं अखण्डं धृता मही मदच्युता मतङ्गजेन स्रग् इव त्वया आत्महस्तेन अपवर्जिता ॥ २९ ॥**

**શબ્દાર્થ :**

आखण्डलतुल्यधामभिः - *ઈન્દ્ર જેવા પરાક્રમવાળા વડે*

भूपतिभिः - *રાજાઓ વડે*

मही - *પૃથ્વી*

मदच्युता - *મદ ઝરતા*

मतङ्गजेन - *હાથી વડે*

स्रग् - *માળા*

अपवर्जिता ( अप वृज् णिच् क्त टाप् )- *દૂર ફેંકી દેવાયેલ*

**ભાષાંતર :**

*ઈન્દ્ર જેવા પરાક્રમવાળા તમારા વંશના રાજાઓ વડે સંપૂર્ણપણે લાંબા સમય સુધી ધારણ કરવામાં આવેલી પૃથ્વીને જે રીતે મદઝરતો હાથી માળાને પોતાની સૂંઢથી દૂર ફેંકી દે છે તેમ તમે સ્વયં પોતાના હાથે છોડી દીધી છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દ્રૌપદી યુધિષ્ઠિરને કહે છે કે આપના વંશમાં અનેક પ્રતાપી રાજાઓ થયા છે. તેણે આ પૃથ્વી પોતાની કરી હતી. આ પૃથ્વીને તમે પોતાના હાથથી જ ફરી ત્યાગ કરી દેતા હોય એવું લાગે છે. જેમ મદઝરતા હાથી પોતાની સુંઢથી જ માળાને દૂર ફેંકી દેતો હોય છે તેમ આપ પણ આપના જ હાથે આ પૃથ્વીનો છોડી દેતા હોય એમ લાગે છે. આ પદ્યમાં ઉપમા અલંકારનો પ્રયોગ કરવામાં આવેલો છે.*

**( ३० ) व्रजन्ति ते मुढधियः पशभवं भवन्ति मायाविषु ये न मायिनः ।**

**प्रविश्य हि ध्वन्ति शठास्तथाविधानसंवृताङ्गान्निशिता इवेषवः ॥३०॥**

**અન્વય :**

**मूढधियः ते पशभवं व्रजन्ति ये मायाविषु मायिनः न भवन्ति, शठाः तथाविधान् असंवृताङ्गान् निशिताः इषवः इव प्रविश्य घ्ननन्ति।**

**શબ્દાર્થ :**

**व्रजन्ति -** *પામે છે*

**मूढधियः -** *મંદબુદ્ધિવાળા*

**ध्वन्ति -** *મારી નાખે છે, નાશ કરે છે*

**शठाः -** *ધૂર્તો*

**असंवृताङ्गान् -** *અસુરક્ષિત અંગોવાળાઓને*

व्रजन्ति

मूढधियः

ध्वन्ति

शठाः

असंवृताङ्गान्

निशिताः ( नि शो क्त कर्मणि प्र.ब.)ऋऋ इषवः

**-** *તીક્ષ્ણ બાણો*

**ભાષાંતર :**

*જે કપટી લોકો પ્રત્યે કપટ આચરતા નથી તે મંદબુદ્ધિવાળા લોકો પરાજિત થાય છે. જેવી રીતે તીક્ષ્ણ બાણો કવચ વગેરેથી સુરક્ષિત ન હોય તેવા અંગોવાળા લોકોના શરીરની અંદર પ્રવેશીને મારી નાખે છે તેમ ધૂર્ત લોકો આ પ્રકારના લોકોના આત્મીય બનીને તેનો નાશ કરે છે.*

**ભાવાર્થ :**

*દ્રૌપદી આ પદ્યમાં એમ કહે છે કે જે લોકો કપટી હોય તેના પ્રત્યે કપટપૂર્ણ આચરણ કરવું જોઈએ. જે લોકો કપટી પ્રત્યે કપટપૂર્વક આચરણ કરતા નથી તેનો નાશ થાય છે. જેવી રીતે કવચ ધારણ કરેલ ન હોય તેવા અરક્ષિત લોકોના શરીરમાં બાણ પ્રવેશ કરી જાય છે અને પ્રાણ લઈ લે છે તેવી જ રીતે દુષ્ટલોકો પણ આ રીતે અરક્ષિત લોકોના આત્મિય બની પ્રાણને હરી લે છે. દુર્જનો આ પ્રકારના લોકોને નષ્ટ કરે છે. આથી દ્રૌપદી યુધિષ્ઠિરને સજાગ થઈ જવા માટેનું અહીં સૂચન કરે છે. દ્રૌપદીના ચરિત્ર*

*ચિત્રણ માટે પણ આ પદ્ય ઉદાહરણરૂપ છે. આ પદ્યમાં પણ કાવ્યલિંગ અલંકાર છે અને ઉપમા અલંકાર પણ જોઈ શકાય છે. હેતુપ્રદર્શનપૂર્વક પહેલાં કહેલી વાતનું સમર્થન કરવામાં આવ્યું છે તેથી અહીં કાવ્યાલિંગ અલંકાર થાય છે. અહીં દુર્જનોને બાણો જેવા કહ્યા છે તેથી ઉપમા અલંકાર પણ જોવા મળે છે.*

**( ૩૧ )गुणानुरक्तामनुरक्तसाधनः कुलाभिमानी कुलजां नराधिपः ।**

**परैस्त्वदन्यः क इवापहारयेन्मनोरमामात्मवधूमिव श्रियम् ॥ ३१ ॥**

**અન્વય :**

**अनुरक्तसाधनः कुलाभिमानी त्वत् अन्यः कः इव नराधिपः गुणानुरक्तां कुलजां मनोरमां आत्मवधूं इव ( गुणानुरक्तां , कुलजां , मनारमां ) श्रियं परैः अपहारयेत्।**

**શબ્દાર્થ :**

अनुरक्तसाधनः **-** *અનુકૂળ સહાયકોવાળા*

नराधिपः **-** *રાજા*

परैः **-** *શત્રુઓ વડે*

अपहारयेत् ( अप् हृ णिच् लिङ्) **-** *અપહરણ કરાવે*

श्रियम्**-** *રાજલક્ષ્મીને*

**ભાષાંતર :**

*અનુકુળસહાયકોથી સંપન્ન, પોતાના કુળ પર અભિમાન કરવાવાળા તમારા સિવાય બીજો કયો રાજા હોય કે જે ગુણોના લીધે પ્રેમ કરવાવાળી, કુળવતી, મનને આનંદ આપવાવાળી પોતાની પત્નીનું બીજા દ્વારા અપહરણ કરાવતો હોય તેમ ગુણોથી સ્થાયી બનેલી, વંશ પરંપરાથી ચાલી આવતી, મનને આનંદ આપનારી રાજલક્ષ્મીને શત્રુઓ દ્વારા અપહરણ થવા દે ?*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દ્રૌપદી યુધિષ્ઠિરને સમજાવતા કહે છે કે તમે રાજલક્ષ્મીનું શત્રુઓ દ્વારા અપહરણ કરાવી રહ્યા છો. અહીં દ્રૌપદી રાજલક્ષ્મીને કુલીન પત્ની સાથે સરખામણી કરીને વાત રજૂ કરે છે. જેવી રીતે સહાયકોથી સંપન્ન અને પોતાના કુળના અભિમાનવાળા યુધિષ્ઠિર પોતે ગુણોમાં પ્રેમ કરવાવાળી, મનને આનંદ આપવાવાળી, કુલીન પત્નીની જેમ ગુણોથી સ્થાયી બનેલી, વંશપરંપરાથી ચાલી આવતી અને મનને આનંદ આપનારી રાજલક્ષ્મીને શત્રુઓ દ્વારા અપહરણ કરાવી રહ્યા છે. તે એમ કહે છે કે આપના જેવો બીજો કયો રાજા હોઈ શકે કે તે આવી પત્ની જેવી રાજલક્ષ્મીનું શત્રુઓ વડે અપહરણ થવા દે. આમ કહી દ્રૌપદી યુધિષ્ઠિરને રાજ્ય પ્રત્યે જાગૃત થવાનો ઉપદેશ આપે છે. આ પદ્યમાં શ્લેષ અનુપ્રાણિત ઉપમા અલંકાર છે.* गुणानुरक्ता, कुलजा *અને* मनोरमा *જેવા શબ્દોનો બબ્બે અર્થમાં પ્રયોગ થયો છે.* आत्मवधूः*અને* श्रीः*એ*

*બંને પદોને આ વિશેષણો લાગુ પડે છે, તેથી અહીં શ્લેષ અલંકાર થયો છે.* **श्रीः**ને आत्मवधू:*સાથે સરખાવવામાં આવેલ છે તેથી ઉપમા અલંકાર પણ થાય છે. આમ, આ પદ્યમાં ઉપમા અનુપ્રાણિત શ્લેષ અલંકાર થયો છે.*

**( ३२ ) भवन्तमेतर्हि मनस्विगर्हिते विवर्त्तमानं नरदेव वर्त्मनि ।**

**कथं न मन्युर्ज्वलयत्युदीरितः शमीतरुं शुष्कमिवाग्निरुच्छिखः ॥ ३२ ॥**

**અન્વય :**

नरदेव ! एतर्हि मनस्विगर्हिते वर्त्मनि विवर्तमानं भवन्तं उदीरित**:** मन्यु**:** शुष्कं शमीतरुं उच्छिख**:** अग्नि**:** इव कथं न ज्वल्यति।

**શબ્દાર્થ :**

एतर्हि ( एत  र्हिल् प्रत्ययः, इदमो र्हिल् – सूत्रम्)- **-** *આ પ્રકારના સમયે, આ વખતે*

मनस्विगर्हिते **-** *મનસ્વીઓ વડે નિન્દિત*

नरदेव **-** *હે રાજન !*

वर्त्मनि **-** *માર્ગમાં*

मन्यु**:** **-** *ક્રોધ*

उदीरित**:-** *ઉત્પન્ન થયેલ*

उच्छिख**:-** *ઉંચી જ્વાળાઓવાળો*

**ભાષાંતર :**

*હે રાજન ! આ વખતે મનસ્વીઓ વડે નિંદિત માર્ગ પર ચાલતા તમને જેવી રીતે ઊંચી જ્વાળાવાળો અગ્નિ સુકાયેલા સમીના વૃક્ષને સળગાવી દે છે તેમ તમારો ઉગ્ર ક્રોધ તમને કેમ સળગાવતો નથી ?*

**ભાવાર્થ :**

*દ્રૌપદી શત્રુઓની રાજ્યવ્યવસ્થાને સાંભળીને યુધિષ્ઠિરને ઉપદેશ આપતા કહે છે કે તમે અત્યારે શત્રુઓ ઉપર કોઈ જ પ્રકારની પ્રતિક્રિયા કેમ આપતા નથી ? તમે મનસ્વી છો. મનસ્વીઓ આ પ્રકારના માર્ગનું અનુસરણ કરતા નથી. આ માર્ગ મનસ્વીઓ વડે નિંદિત છે. આમ છતાં તમારો ક્રોધ હજી પણ ઉદ્દીપ્ત થતો નથી. જેવી રીતે ઊંચી જ્વાળાઓવાળો અગ્નિ સુકાયેલા શમીવૃક્ષને તરત જ બાળી નાખે છે તેમ તમારો ક્રોધ પણ કેમ પ્રબળ થતો નથી ? અર્થાત્ તમારે પણ મનસ્વીઓને શોભે તેવો ક્રોધ કરીને શત્રુઓને વળતો જવાબ આપવો જોઈએ. આ પદ્યમાં ઉપમા અલંકાર પ્રયોજાયેલ છે.*

**( ३३ ) अवन्ध्यकोपस्य विहन्तुरापदां भवन्ति वश्याः स्वयमेव देहिनः ।**

**अमर्षशून्येन जनस्य जन्तुना न जातहार्देन न विद्विषादरः ॥३३॥**

**અન્વય :**

**अवन्ध्यकोपस्य आपदां विहन्तुः देहिनः स्वयं एव वश्याः भवन्ति। अमर्षशून्येन जन्तुना जातहार्देन ( सता ) जनस्य आदरः न, विद्विषा च ( सता ) दरः ( आदरो वा ) न।**

**શબ્દાર્થ :**

अवन्ध्यकोपस्य **-** *સફળ ક્રોધવાળાના*

आपदाम् ( आ पद् क्विप् भावे ) –*મુશ્કેલીમાં*

देहिनः **-** *દેહધારીઓ, લોકો*

अमर्शशून्येन **-** *ક્રોધહીન વડે*

जन्तुना **-** *વ્યક્તિ વડે, દેહધારી વડે*

जातहार्देन **-** *પ્રેમ હોવાથી*

विद्विषा **-** *શત્રુતા હોવાથી*

**ભાષાંતર :**

*સફળ ક્રોધવાળાને અને મુશ્કેલીનો સામનો કરનારને દેહધારી સ્વયં જ વશ થઈ જાય છે. પરંતુ ક્રોધહીન વ્યક્તિ પર પ્રેમ હોય તો પણ લોકો તેનો આદર કરતા નથી અને તેની શત્રુતાનો લોકોને ભય હોતો નથી.*

**ભાવાર્થ :**

*યુધિષ્ઠિર યુદ્ધ કરવા માટે તૈયાર થાય તે માટેની વાણી દ્રૌપદી બોલવાનું ચાલુ રાખે છે. અહીં પણ દ્રૌપદી યુધિષ્ઠિરને ક્રોધિત કરવાનો પ્રયત્ન કરે છે. તે યુધિષ્ઠિરને શત્રુ પર ક્રોધિત થવાનું કહે છે. જે વ્યક્તિ ક્રોધ નથી કરતો તેનાથી લોકો ડરતા નથી. એટલું જ નહીં, કદાચ તે કોઈને સત્કારે, પ્રેમ આપે તો પણ લોકો તેનો આદર કરતા નથી. આથી રાજાઓએ જરૂર જણાય ત્યાં અને શત્રુઓ સામે અવશ્ય ક્રોધિત થવું જોઈએ તેવું દ્રૌપદી આ પદ્યમાં જણાવે છે. અહીં કાવ્યલિંગ અલંકાર થયેલ છે.*

**( ३४ ) परिभ्रमंल्लोहितचन्दनोचितः पदातिरन्तर्गिरि रेणुरूषितः ।**

**महारथः सत्यधनस्य मानसं दुनोति नो कच्चिदयं वृकोदरः ॥ ३४ ॥**

**અન્વય :**

**लोहितचन्दनोचितः महारथः अयं वृकोदरः रेणुरूषितः ( सन् ) पदातिः अन्तर्गिरि परिभ्रमन् सत्यधनस्य ( ते ) मानसं नो दुनोति कच्चित्।**

**શબ્દાર્થ :**

लोहितचन्दनोचितः **-** *લાલ ચંદન લગાડવા યોગ્ય*

पदातिः ( पाद् अत् इञ् ) **-** *પગપાળા ચાલનાર*

अन्तर्गिरि - *પર્વતોની વચ્ચે*

रेणुरूषितः - *ધૂળથી ખરડાયેલ*

दुनोति ( दु लट्) - *પીડા આપે છે*

वृकोदरः - *ભીમ*

**ભાષાંતર :**

*લાલ ચંદન લગાડવા યોગ્ય આ મહારથી ભીમ ધૂળથી ખરડાઈને પર્વતો વચ્ચે પગપાળા ફરે છે તેથી સત્યવ્રતી એવા (તમારા) મનને સંતાપ નથી થતો?*

**ભાવાર્થ :**

*યુધિષ્ઠિરને યુદ્ધ કરવા માટે પ્રેરતી દ્રૌપદી અહીં ભીમનો નિર્દેશ કરીને વાત કરે છે. તે કહે છે કે તમારો નાનો ભાઈ ભીમ પહેલા ચંદન લગાવતો હતો તે આજે ધૂળથી ખરડાયેલો જોવા મળે છે. તે મહારથી છે. રથ ઉપર બેસીને જવાવાળો છે તે આજે પર્વતો પર પગે ચાલીને ફરી રહ્યો છે. તમે સત્યવ્રતી છો. ભીમની આવી દશા જોઈને પણ તમારા મનમાં કેમ સંતાપ ઉત્પન્ન થતો નથી ? અર્થાત્ ભીમને જોઈને તમારા મનમાં પણ દુઃખ થવું જોઈએ પરંતુ એ દુઃખ કેમ નથી થતું ? આમ કહીને યુધિષ્ઠિર ભાઈ પ્રત્યેના પ્રેમને ધ્યાનમાં રાખીને પણ શત્રુઓને યોગ્ય પ્રતિસાદ આપે એવી ભાવના આ પદ્યમાં પણ રજૂ કરવામાં આવી છે. આ પદ્યમાં અનુપ્રસ નામનો શબ્દાલંકાર થયો છે તેમજ વિષમ અને પરિકર નામનાં અર્થાલંકારો પણ જોઈ શકાય છે.*

**( ३५ ) विजित्य यः प्राज्यमयच्छ्दुत्तरान् कुरूनकुप्यं वसु वासवोपमः ।**

**स वल्कवासांसि तवाधुनाहरन् करोति मन्युं न कथं धनञ्जयः॥३५ ॥**

**અન્વય :**

**वासवोपमः यः उत्तरान् कुरून् विजित्य प्राज्यं अकुप्यं वसु अयच्छत् सः धनञ्जयः अधुना वल्कवासांसि आहरन् तव मन्युं कथं न करोति।**

**શબ્દાર્થ :**

प्राज्यम् (प्र अञ्ज् क्यप् कर्मणि) - *પુષ્કળ*

उत्तरान्कुरून् - *ઉત્તર કુરુ પ્રદેશને*

अकुप्यम् - *સોનાચાંદીવાળા*

वसु - *ધન*

वासवोपमः - *ઈન્દ્ર જેવો*

धनञ्जयः - *અર્જુન*

**ભાષાંતર :**

*ઉત્તર કુરુ પ્રદેશને જીતીને જેણે પુષ્કળ પ્રમાણમાં સોના અને ચાંદીવાળુ ધન આપ્યું હતું, તે ઈન્દ્ર જેવા આ અર્જુનને અત્યારે વલ્કલવસ્ત્રમાં જોઈને તમારા ક્રોધને કેમ પ્રજ્વલિત કરતો નથી ?*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દ્રૌપદી અર્જુનની વર્તમાન સ્થિતિને વર્ણવીને યુધિષ્ઠિરનો શત્રુ પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થાય તે માટે પ્રયત્ન કરે છે. તે કહે છે કે આપનો ભાઈ અર્જુન ઈન્દ્ર જેવો બળવાન છે. તેણે ઉત્તર કુરુ દેશને જીતીને તમને પુષ્કળ પ્રમાણમાં સોનુ અને ચાંદીવાળુ ધન આપ્યું હતું. આ ધનંજયે આજે વલ્કલ ધારણ કરેલું છે તે જોઈને તમારો ક્રોધ કેમ ઉજાગર થતો નથી ? અર્થાત્ અર્જુનની આવી દશા જોઈને તમને શત્રુ પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થવો જોઈએ. જલ્દીથી શત્રુઓને પરાસ્ત કરવા જોઈએ કારણકે તમારી પાસે અર્જુન જેવો સમર્થ ભાઈ પણ છે એટલે તમે તરત જ યુદ્ધ કરો. આ પદ્યમાં અનુપ્રાસ, ઉપમા તથા વિષમ અલંકારનો પ્રયોગ કરવામાં આવેલ છે.*

**( ३६ ) वनान्तशय्याकठिनीकृताकृती कचाचितौ विष्वगिवागजौ गजौ ।**

**कथं त्वमेतौ धृतिसंयमौ यमौ विलोकयन्नुत्सहते न बाधितुम् ॥ ३६ ॥**

**અન્વય :**

वनान्तशय्याकठिनीकृताकृती विष्वक् कचाचितौ अगजौ गजौ इव एतौ यमौ विलोकयन् त्वं धृतिसंयमौ बाधितुं कथं न उत्सहते।

**શબ્દાર્થ :**

वनान्तशय्याकठिनीकृताकृती**-** *વનભૂમિની પથારીના કારણે કઠણશરીરવાળા બે ભાઈઓ*

कचाचितौ **-** *વાળથી ઢંકાયેલા*

विष्वक् ( वि सु अञ्च् क्विन् ) **-** *ચોતરફ, બધી બાજુ*

अगजौ **-** *પર્વતથી ઉત્પન્ન બે ભાઈઓ*

गजौ **-** *બે હાથી*

यमौ**-** *જોડિયા ભાઈઓ*

न उत्सहते**-** *ઉત્સાહ દર્શાવતા નથી*

**ભાષાંતર :**

*વનભૂમિની પથારી પર સૂવાથી કઠોર બનેલા શરીરવાળા, બધી બાજુ વાળથી ઢંકાયેલા, પર્વત પર જન્મેલા બે હાથીઓ જેવા આ બંને જોડિયા ભાઈઓ(નકુલ અને સહદેવ)ને જોઈને તમે, પોતાના ધૈર્ય અને સંયમને છોડીને, ઉત્સાહ કેમ દર્શાવતા નથી?*

**ભાવાર્થ :**

*દ્રૌપદી યુધિષ્ઠિરના બંને નાના ભાઈઓ નકુલ અને સહદેવ તરફ નિર્દેશ કરતા કહે છે કે તેઓ વનની ભૂમિ ઉપર શયન કરે છે. જેમના શરીર કઠોર બની ગયા છે તેવા તમારા આ બંને ભાઈઓ વાળથી ઢંકાયેલા છે અને પર્વત પર રહેનારા બે હાથીઓ જેવા છે. આ બંને ભાઈઓને જોઈને પણ તમરાં ધૈર્ય અને સંયમ કેમ છૂટતાં નથી ? તમે તમારા સૌથી નાના આ બંને ભાઈઓને જોઈને, તેમના પ્રત્યેની લાગણીને ધ્યાને રાખીને પણ શત્રુઓને યોગ્ય પ્રતિસાદ આપો. આ પદ્યમાં* अगजौ गजौ *અને* संयमौ यमौ *શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેથી યમક અલંકાર થયો છે તથા* गजौ इव *શબ્દોથી જોડીયા ભાઈઓ નકુલ અને સહદેવની તુલના હાથીઓ સાથે કરી છે તેથી ઉપમા અલંકાર થયો છે.*

**( ३७ ) इमामहं वेद न तावकीं धियं विचित्ररूपाः खलु चित्तवृत्तयः ।**

**विचिन्तयन्त्याः भवदापदं पशां रुजन्ति चेतः प्रसभं ममाधयः ॥ ३७ ॥**

**અન્વય :**

**अहं इमां तावकीं धियं न वेद चित्तवृत्तयः विचित्ररूपाः खलु पशां भवदापदं विचिन्तयन्त्याः मम आधयः चेतः प्रसभं रुजन्ति।**

**શબ્દાર્થ :**

धियम् - *બુદ્ધિને*

विचित्ररूपाः - *વિચિત્ર રૂપવાળી*

चित्तवृत्तयः - *મનોવૃત્તિઓ*

पशाम् - *અત્યંત વધારે, મોટી*

रुजन्ति ( रुज् लट् प्र.ब.) - *પીડા આપે છે*

प्रसभम् - *બળપૂર્વક*

आधयः - *મનોવ્યથાઓ*

**ભાષાંતર :**

*હું આપની આ પ્રકારની બુદ્ધિને સમજી શકતી નથી. ખરેખર, મનોવૃત્તિઓ વિચિત્ર રૂપવાળી હોય છે. તમારી મોટી વિપત્તિઓ પર વિચાર કરતાં મને મનોવ્યથાઓ બળપૂર્વક પીડા આપે છે.*

**ભાવાર્થ :**

*અહીં દ્રૌપદી યુધિષ્ઠિર ને કહે છે કે હું તમારા વિચારને સમજી શકતી નથી. હું તમારી બુદ્ધિને જાણી શકતી નથી એટલે જ હું આ પ્રકારનું તમારી સમક્ષ બોલું છું. ખરેખર, મનોવૃત્તિઓ વિચિત્ર રૂપ વાળી હોય છે. મનોવૃત્તિઓને સમજવી મુશ્કેલ છે. તમારા*

*ઉપર આવી પડેલી મોટી આપત્તિ પર વિચાર કરું છું ત્યારે મારા મનને આ મનોવ્યથા બળપૂર્વક વ્યતથિત કરી દે છે. આ પદ્યમા અર્થાન્તરન્યાસ અને કાવ્યલિંગ અલંકાર પ્રયોજાયેલા છે.*

**( ३८ ) पुराऽधिरूढः शयनं महाधनं विबोध्यसे यः स्तुतिगीतिमङ्गलैः ।**

**अदभ्रदर्भामधिशय्य स स्थलीं जहासि निद्रामशिवैः शिवारुतैः ॥ ३८ ॥**

**અન્વય :**

यः पुरा महाधनं शयनं अधिरूढः स्तुतिगीतिमङ्गलैः विबोध्यसे सः अदभ्रदर्भां स्थलीं अधिशय्य अशिवैः शिवारुतैः निद्रां जहासि।

*શબ્દાર્થ :*

शयनम् अधिरूढः( अधि रुह् क्त कर्तरि )- *શૈયા પર સુતા*

महाधनम्- *અત્યંત મૂલ્યવાન*

अदभ्रदर्भाम् - *અતિશય કુશવાળી*

जहासि ( हा लट् म.पु.) - *છોડો છો*

अशिवैः- *અકલ્યાણકારી વડે, અમંગલકારીથી*

शिवारुतैः - *શિયાળવીઓના અવાજથી*

**ભાષાંતર :**

*પહેલા અત્યંત મૂલ્યવાન શય્યા પર સૂતેલા તમને સ્તુતિરૂપ મંગલગીતોથી જગાડવામાં આવતા હતા, તેવા તમે અત્યારે કુશથી ભરેલી ભૂમિ પર સૂઈને શિયાળવીઓના અમંગલ અવાજથી નિદ્રા છોડો છો.*

**ભાવાર્થ :**

*દ્રૌપદી અહીં યુધિષ્ઠિરની પોતાની અવદશાને વર્ણવતા કહે છે કે તમે પહેલા મૂલ્યવાન શૈયા પર સુતા હતા. તમારું સવાર મંગલ ગીતોથી શરૂ થતું હતું અર્થાત્ સ્તુતિપરક મંગલ ગીતો ગાઈને તમને જગાડવામાં આવતા હતા પરંતુ અત્યારે તેનાથી વિપરીત થઈ ગયું છે. આજે તો તમારે કુશથી ભરેલી સૂકી ભૂમિ પર સૂવું પડે છે અને શિયાળવીઓના અમંગલ રૂદનથી નિદ્રાનો ત્યાગ કરવો પડે છે. આમ, તમારી વિપત્તિવાળી દશા થઈ ગઈ છે તેથી આવી દશા કરનાર શત્રુઓનો પ્રતિકાર કરવો જોઈએ. યુધિષ્ઠિરના ક્રોધને ઉદ્દીપ્ત કરવા માટે દ્રૌપદી આ પ્રકારના વચનો બોલે છે. આ શ્લોકમાં અનુપ્રાસ અને વિષમ અલંકાર થયો છે.*

**( ३९ ) पुरोपनीतं नृप रामणीयकं द्विजातिशेषेण यदेतदन्धसा ।**

**तदद्य ते वन्यफलाशिनः परं परैति कार्श्यं यशसा समं वपुः॥३९॥**

**અન્વય :**

**( हे ) नृप ! यत् एतत् ( ते वपुः ) पुरा द्विजातिशेषेण अन्धसा रामणीयकं उपनीतं अद्य वन्यफलाशिनः ते तद् वपुः यशसा समं परं कार्श्यं परैति।**

**શબ્દાર્થ :**

उपनीतम् ( उप नी क्तकर्मणि ) - *પ્રાપ્ત થયું હતું*

नृप - *હે રાજન !*

अन्धसा - *અન્નથી*

वन्यफलाशिनः - *વનના ફળો ખાનાર*

परैति - *પામે છે*

कार्श्यम् - *કૃશતા, દુર્બળતા*

*ભાષાંતર :*

*હે રાજન ! તમારું આ શરીર પહેલા બ્રાહ્મણોએ જમી લીધા પછી વધેલા અન્નને આરોગીને રમણીય લાગતું હતું. તે આજે વનના ફળો ખાઈને તમારા યશની સાથે સાથે દુબળું થઈ રહ્યું છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દ્રૌપદી યુધિષ્ઠિરને કહે છે કે તમારું શરીર અને યશ ક્ષીણ થઈ રહ્યા છે. પહેલા તમે બ્રાહ્મણોને ભોજન કરાવીને વધેલા અન્નથી પોતાના શરીરનું પોષણ કરતા હતા પરંતુ આજે તમે વનમાં રહો છો. વનના કંદમૂળ અને ફળ ખાઓ છો તેથી તમારું શરીર ક્ષીણ થઈ રહ્યું છે. બ્રાહ્મણોને અન્ન ખવડાવીને પછી અન્ન ખાવાની તમારી તપોવૃત્તિ અત્યારે તો નષ્ટ થઈ છે. પરિણામે આપનો યશ પણ ઓછો થઈ રહ્યો છે. જો તમે ફરીથી આ પ્રકારનો યશ અને પુષ્ટશરીર પ્રાપ્ત કરવા ઈચ્છતા હોવ તો પૂર્વવત્ રાજ્યશાસન સ્વીકારીને કીર્તિ અને કાયાની વૃદ્ધિ કરો. આ પદ્યમાં સહોક્તિ અલંકારનો પ્રયોગ કરવામાં આવ્યો છે.*

**( ૪૦ ) अनारतं यौ मणिपीठशायिनावरञ्जयद्राजशिरःस्रजां रजः ।**

**निषीदतस्तौ चरणौ वनेषु ते मृगाद्विजालूनशिखेषु बर्हिषाम् ॥४०॥**

**અન્વય :**

**अनारतं मणिपीठशायिनौ यौ ( ते चरणौ ) राजशिरःस्रजां रजः अरञ्जयत् तौ ते चरणौ मृगद्विजालूनशिखेषु बर्हिषां वनेषु निषीदतः।**

**શબ્દાર્થ :**

अनारतम् - *નિરંતર, સતત*

मणिपीठशायिनौ - *મણિની પાદપીઠ પર રાખવામાં આવતા*

अरञ्जयत् ( रञ्ज् णिच् लङ्) - *રંગતા હતા*

राजशिरः स्रजाम् - *રાજાઓના મસ્તકની માળાઓની*

रजः - *પરાગ, રજ*

मृगद्विजालूनशिखेषु - *હરણ અને બ્રાહ્મણ દ્વારા તોડવામાં આવેલા અગ્રભાગવાળા*

बर्हिषाम्- *કુશોના*

**ભાષાંતર :**

*મણિમય પાદપીઠ પર રાખવામાં આવેલા તમારા ચરણો રાજાઓના મસ્તકની પુષ્પમાળાઓની પરાગથી સતત રંગાતા હતા, તે આજે હરણ તથા બ્રાહ્મણો દ્વારા તોડવામાં આવેલ અગ્રભાગવાળા કુશના વનની ભૂમિ ઉપર મૂકાય છે.*

*ભાવાર્થ :*

*આ પદ્યમાં દ્રૌપદી યુધિષ્ઠિરની સ્થિતિ વર્ણવતા કહે છે કે પહેલા તમારા ચરણકમળો મણિમય પાદપીઠ પર રાખવામાં આવતા હતા. અનેક રાજાઓ તમારા પગે પડતા હતા. તેઓના મસ્તકની માળાના પરાગ રજથી તમારાં ચરણો રંજીત થતા હતા, પરંતુ આજે શત્રુના કારણે તમારી દશા બદલાય ગઈ છે. તમારા આ જ ચરણો મૃગલાઓ તેમજ બ્રાહ્મણો દ્વારા તોડવામાં આવેલા કુશના અગ્ર ભાગો ઉપર પડી રહ્યા છે. શત્રુના કારણે તમારી આવી દશા થઈ ગઈ છે. આથી તમારી દશાને સુધારો. આ શ્લોકમાં વિષમ અલંકાર થયો છે.*

**( ૪૧ ) द्विषन्निमित्ता यदियं दशा ततः समूलमुन्मूलयतीव मे मनः ।**

**परैरपर्यासितवीर्यसम्पदां पराभवोऽप्युत्सव एव मानिनाम् ॥४१॥**

**અન્વય :**

**यत् इयं दशा द्विषन्निमित्ता ततः मे मनः समूलम् उन्मूलयति इव परैः अपर्यासितवीर्यसम्पदां मानिनां पराभवः अपि उत्सवः एव भवति।**

**શબ્દાર્થ :**

द्विषन्निमित्ता - *શત્રુના લીધે*

उन्मूलयति ( उद् मूल् णिच् लट् ) – *ઉખેડી નાખે છે*

परैः - *શત્રુઓ વડે*

अपर्यासितवीर्यसम्पदा - *અસીમિત પરાક્રમસંપત્તિ*

मानिनाम् - *મનસ્વીઓના*

**ભાષાંતર :**

*તમારી આ દશા શત્રુઓના લીધે છે તેથી મારું મન જાણે કે મૂળ સહિત ઉખડી રહ્યું છે. જેની પરાક્રમરૂપી સંપત્તિ શત્રુ વડે નાશ  થઈ નથી તેવા મનસ્વી લોકો માટે પરાજય પણ ઉત્સવ જેવો હોય છે.*

*ભાવાર્થ :*

*આ પદ્યમાં દ્રૌપદી યુધિષ્ઠિરને કહે છે કે તમારી આ દયનીય દશાને જોઈને હું દુખી છું. દ્રૌપદી એમ પણ કહે છે કે તમારી આવી દશાનું કારણ શત્રુઓ છે. આ શત્રુઓના લીધે મારું મન પણ મૂળ સહિત ઉખડી ગયું છે. તમે માની વ્યક્તિ છો. માની વ્યક્તિની શક્તિનું શત્રુગણ દમન કરી શકતા નથી. તેઓ કદાચ પરાજય પામે તો પણ તેને ઉત્સવ જેવો જ સમજતા હોય છે એટલે તમે પણ પરાજય સહન કરી શકો છો પરંતુ માનહાનિ સહન ન કરી શકો નહિં. તમે માનને છોડ્યા વગર યુદ્ધની તૈયારી કરો. આ પદ્યમાં સામાન્યનું વૈધર્મ્યથી સમર્થન થયું છે તેથી અર્થાન્તરયાસ અલંકારનો પ્રયોગ કર્યો છે.* उन्मूलयतीव*માં ઉત્પ્રેક્ષા અલંકાર પણ જોઈ શકાય છે.*

**(૪૨ ) विहाय शान्तिं नृप धाम तत्पुनः प्रसीद सन्धेहि वधाय विद्विषाम्।**

**व्रजन्ति शत्रूनवधूय निःस्पृहाः शमेन सिद्धिं मुनयो न भूभृतः ॥४२॥**

**અન્વય :**

**नृप शान्तिं विहाय तद् (  क्षत्रं  ) धाम विद्विषां वधाय पुनः सन्धेहि। प्रसीद निस्पृहाः मुनयः शमेन शत्रुन् अवधूय सिद्धिं व्रजन्ति भूभृतः न ॥४२॥**

**શબ્દાર્થ :**

विहाय - *છોડીને*

नृप - *હે રાજન !*

धाम - *તેજ*

सन्धेहि  - *ધારણ કરો*

वधाय - *વધ માટે*

विद्विषाम्  - *શત્રુઓના*

व्रजन्ति - *પહોંચે છે, પ્રાપ્ત કરે છે*

अवधूय ( अव   धू   क्त्वा, ल्यप् ) - *જીતીને*

भूभृतः- *રાજાઓ*

**ભાષાંતર :**

*હે રાજન્! તમે શાંતિ છોડીને શત્રુઓના વધ માટે ક્ષત્રિયોચિત તેજને ફરીથી ધારણ કરો. પ્રસન્ન થાઓ. શત્રુઓને જીતીને શાંતિ વડે નિષ્કામી મુનિઓ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, રાજાઓ નહીં.*

*ભાવાર્થ :*

*આ પદ્યમાં દ્રૌપદી યુધિષ્ઠિરને સમજાવે છે કે રાજાઓ અને મુનિઓનો શત્રુઓ પ્રત્યેનો વ્યવહાર જુદો જુદો હોય છે. રાજાઓ શત્રુઓના પ્રત્યે ક્ષત્રિયોચિત પ્રતિકાર કરતા હોય છે જ્યારે નિઃસ્પૃહ મુનિઓ શાંતિ દ્વારા સિદ્ધિને પ્રાપ્ત કરતા હોય છે. તમે રાજા છો એટલે તમારે ક્ષત્રિયોચિત તેજ ધારણ કરવું જોઈએ. તમારે નિષ્કામ મુનિઓની જેમ સંયમ ધારણ કરીને શત્રુઓની ઉપેક્ષા કરવી જોઈએ નહીં. તમે પ્રસન્ન થાઓ અને ક્ષત્રિયોને અનુરૂપ કર્મ કરો. આ પદ્યમાં અનુપ્રાસ નામનો શબ્દાલંકાર અને અર્થાન્તરન્યાસ નામનો અર્થાલંકાર પ્રયોજાયેલ છે.*

**( ४३ ) पुरःसश धामवतां यशोधनाः सुदुःसहं प्राप्य निकाश्मीदृशम् ।**

**भवादृशाश्चेदधिकुर्वते श्तिं निशश्रया हन्त हता मनस्विता ॥४३॥**

**અન્વય :**

**धामवतां पुरस्सशः यशोधनाः भवादृशाः ईदृशं सुदुःसहं निकाशं प्राप्य श्तिं अधिकुर्वते चेत् हन्त मनस्विता निशश्रया ( सती ) हता।**

**શબ્દાર્થ :**

पुरःसश - *અગ્રણી*

धामवताम् - *તેજસ્વીઓમાં*

निकाश्म् - *અપમાન*

अधिकुर्वते ( अधि कृञ् लट् )श्तिम्- *સંતોષ માની લે છે*

**ભાષાંતર :**

*તેજસ્વીઓમાં અગ્રેસર, યશને સર્વસ્વ માનવાવાળા તમારા જેવા વ્યક્તિ જો આ પ્રકારનું અત્યંત અસહ્ય અપમાન પ્રાપ્ત કરીને સંતોષ માની લેતા હોય તો તે દુઃખની વાત છે. મનસ્વીતા આશ્રય વિનાની બનીને નાશ પામી છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દ્રૌપદી શત્રુઓનો પ્રતિકાર કરવા માટે યુધિષ્ઠિરને ઉત્તેજિત કરે છે અને કહે છે કે તમે તેજસ્વી છો, તેજસ્વીઓમાં પણ અગ્રણી છો. તમે યશસ્વી પણ છો. આમ છતાં તમે પરાજયમાં પણ સંતોષ માની લો છો. ખરેખર, મનસ્વી લોકો પરાજયનો પણ પ્રતિકાર કરતા હોય છે. તેમાં પણ તેઓ શાંતિને અપનાવતા નથી. જો તમે પણ આ પ્રકારના શાંતિ ભરેલા વ્યવહારને આશરે રહેશો તો એમ લાગે છે કે મનસ્વિતા*

*મરી પરવારી છે. મનસ્વીતા આશ્રય વગરની થઈને નાશ પામી છે. આ શ્લોકમાં પરિકર અલંકારનો પ્રયોગ કરવામાં આવ્યો છે.*

**( ૪૪ ) अथ क्षमामेव निरस्तविक्रमश्चिराय पर्येषि सुखस्य साधनम् ।**

**विहाय लक्ष्मीपतिलक्ष्म कार्मुकं जटाधरः सञ्जुहुधीह पावकम् ॥४४॥**

**અન્વય :**

**अथ निरस्तविक्रमः ( सन्) चिराय क्षमां एव सुखस्य साधनं पर्येषि ( चेत् तर्हि ) लक्ष्मीपतिलक्ष्म कार्मुकं विहाय जटाधरः सन् इह पावकं जुहुधि।**

**શબ્દાર્થ :**

निरस्तविक्रम**: -** *પરાક્રમહીન*

पर्येषि ( परि इ लट् म.पु.) **-** *માને છે*

लक्ष्मीपतिलक्ष्म **-** *રાજલક્ષ્મીના સ્વામી રાજાઓનું ચિહ્ન, રાજચિહ્ન*

कार्मुकम् – *ધનુષ્યને*

पावकं जुहुधि**-** *અગ્નિમાં હવન કરો*

**ભાષાંતર :**

*જો પરાક્રમહીન બનીને તમે લાંબા સમય સુધી ક્ષમાને જ સુખનું સાધન માનવાના હોય તો રાજાના ચિહ્નરૂપ ધનુષ્ય છોડીને જટા ધારણ કરી અહીં અગ્નિમાં હવન કરો.*

*ભાવાર્થ :*

*યુધિષ્ઠિર ક્ષમાને મહત્ત્વ આપે છે આથી દ્રૌપદી તેને કહે છે કે જો તમે ક્ષમા અને શાંતિને જ સુખનું સાધન માનતા હોય તો તે અયોગ્ય છે. તે કહે છે કે રાજાઓ માટે તો પરાક્રમ દેખાડવાનું કામ મહત્ત્વનું હોય છે. તમે ક્ષમાને જ સુખનું સાધન માનતા હોય તો ધનુષ્યને છોડી દો અને વનમાં જઈને જટા ધારણ કરીને, તપસ્વીઓની જેમ બેસીને, અગ્નિની સામે યજ્ઞ કરતા રહો. તપસ્વીઓનું તો આ લક્ષણ છે, રાજાઓનું નહીં. આમ, અહીં દ્રૌપદી યુધિષ્ઠિરને પરાક્રમી રાજા જેવો વ્યવહાર કરવાનું કહે છે. આ પદ્યમાં હેતુ નામનો અર્થાલંકાર થયો છે.*

**( ૪૫ ) न समयपरिरक्षणं क्षमं ते निकृतिपरेषु परेषु भूरिधाम्नः ।**

**अरिषु हि विजयार्थिनः क्षितीशा विदधति सोपधि सन्धिदूषणानि ॥४५॥**

**અન્વય :**

**परेषु निकृतिपरेषु भूरिधाम्नः ते समयपरिरक्षणं न क्षमं हि विजयाथिनः क्षितीशाः अरिषु सोपधि सन्धिदूषणानि विदधति।**

**શબ્દાર્થ :**

निकृतिपरेषु **-** *અપકારરત*

परेषु - *શત્રુઓમાં*

भूरिधाम्नः ( भूरि धाम यस्य स भूरि धामा – बहुव्रीहिसमासः)- *અત્યંત તેજસ્વી*

अरिषु - *શત્રુઓમાં*

क्षितीशाः - *રાજાઓ*

विदधति ( वि धा लट् ) - *કરે છે*

सोपधि - *કપટપૂર્વક*

*ભાષાંતર :*

*જ્યારે શત્રુ અપકાર કરવા લાગે ત્યારે તમારે સમયની પ્રતીક્ષા કરતા રહેવું યોગ્ય નથી. વિજય ઈચ્છતા રાજાઓ શત્રુઓની સાથે કપટપૂર્વક સંધિમાં દુષણ ઉત્પન્ન કરે છે અર્થાત્ સંધિ ભંગ કરે છે.*

**ભાવાર્થ :**

*આ પદ્યમાં દ્રૌપદી યુધિષ્ઠિરને કહે છે કે તમારા જેવા તેજસ્વી રાજાઓ સમજૂતી અને સંધિ માટે પ્રતીક્ષા કરતા નથી. જે તેજસ્વી રાજા છે તે વિજયની ઈચ્છાથી સામેના શત્રુ રાજા સાથે કોઈપણ બહાને સંધિનો ભંગ કરી દે છે અને વિજય પ્રાપ્ત કરે છે. અહીં પણ દ્રૌપદી યુધિષ્ઠિરને રાજનીતિની સમજાવે છે. પદ્યમાં વિશેષ કથનનું સામાન્ય દ્વારા સમર્થન કરવામાં આવ્યું છે તેથી અર્થાન્તરન્યાસ અલંકાર થયો છે.* **निकृतिपरेषुपरेषु***માં એક શબ્દની ફરીથી આવૃતિ થઈ છે તેથી યમક નામનો શબ્દાલંકાર પણ થયો છે. સર્ગાન્તે છંદપરિવર્તન કરવામાં આવે છે તેથી કવિએ અંતિમ બે પદ્યોમાં છંદપરિવર્તન કર્યું છે. આ પદ્યમાં પુષ્પિતાગ્રા છંદ છે.*

**( ४६ ) विधिसमयनियोगाद्दीप्तिसंहारजिह्मं शिथिलवसुमगाधे मग्नमापत्पयोधौ ।**

**रिपुतिमिरमुदस्योदीयमानं दिनादौ दिनकृतमिव लक्ष्मीस्त्वां समभ्येतु भूयः॥४६॥**

**અન્વય :**

**विधिसमयनियोगात् अगाधे आपत्पयोधौ मग्नं दीप्तिसंहारजिह्मं शिथिलवसुं रिपुतिमिरं उदयस्य उदीयमानं त्वां दिनादौ दिनकृनमिवलक्ष्मीः भूयः समभ्येतु।**

**શબ્દાર્થ :**

विधिसमयनियोगात् - *ભાગ્ય દ્વારા બનાવવામાં આવેલા સમયના નિયમોના લીધે*

दीप्तसंहारजिह्मम् - *પ્રકાશ નષ્ટ થઈ જવાથી ઝાંખા, પરાક્રમનો નાશ થઈ જવાથી દુઃખી*

शिथिलवसुम् - *જેના કિરણો મંદ પડી ગયા છે તેવા, જેની સમૃદ્ધિ ઓછી થઈ ગઈ છે તેવા*

अगाधे - *અપાર, ગંભીર, દુસ્તર*

रिपुतिमिरम् - *અંધકારૂપી શત્રુ*

समभ्येतु ( सम्   अभि   इ   लोट् )- *પ્રાપ્ત કરો*

**ભાષાંતર :**

*ભાગ્ય દ્વારા બનાવવામાં આવેલા સમયના નિયમોને લીધે કિરણો નષ્ટ થવાથી ઝાંખો પડેલો, અલ્પપ્રકાશવાળો, આપત્તિરૂપ સમુદ્રમાં ડૂબેલો, શત્રુ જેવા અંધકારને દૂરકરીને ઉગતો સૂર્ય ફરીથી પ્રકાશની શોભા પ્રાપ્ત કરે છે તેમ ભાગ્ય અને સમયના સંયોગને લીધે પ્રતાપ નાશ થવાના કારણે  નિસ્તેજ, ઓછી સમૃદ્ધિવાળા, આપત્તિરૂપ સમુદ્રમાં ડૂબેલા, શત્રુઓરૂપી અંધકારનો નાશ કરીને ઉન્નતિના માર્ગ પર ચાલવાવાળા આપને રાજ્યલક્ષ્મી ફરીથી પ્રાપ્ત થાય.*

**ભાવાર્થ :**

*આ સર્ગના અંતે દ્રૌપદી પોતાની વાણીનું સમાપન કરતા કહે છે કે સૂર્યની જેમ તમે પણ ફરીથી વૈભવ સંપન્ન બનો. જેવી રીતે વિપત્તિરૂપ સમુદ્રમાં ડૂબેલો સૂર્ય કિરણો નાશ પામવાથી ઝાંખો અને અલ્પ પ્રકાશવાળો બને છે, પરંતુ સમય આવ્યે અંધકારરૂપી શત્રુને દૂર કરીને આકાશમાં ફરીથી પ્રકાશ આપે છે. શોભાને ધારણ કરે છે. તેવી જ રીતે તમે પણ વિપત્તિરૂપી સાગરમાં ડૂબેલા છો. પ્રતાપ નાશ થવાને કારણે મંદ થયા છો. અલ્પ સંપત્તિવાળા છો. આમ છતાં શત્રુરૂપી અંધકારને નષ્ટ કરીને અર્થાત્ શત્રુઓનો નાશ કરીને અને ઉન્નતિના માર્ગ પર ચાલીને તમે પણ ફરીથી રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરો. આ પદ્યમાં શ્લેષ અનુપ્રાણિત પૂર્ણોપમા અલંકાર છે. અહીં ઉપમેય અને ઉપમાનના અનેક વિશેષણો શ્લિષ્ટ છે. આ પદ્યમાં કવિએ અંતે* लक्ष्मी:*શબ્દનો પ્રયોગ કર્યો છે. કિરાતાર્જુનીયના બધા જ સર્ગોના અંતે* लक्ष्मी:*શબ્દનો પ્રયોગ થયેલો છે. આ સર્ગના અંતિમ પદ્યમાં પણ કવિએ છંદ પરિવર્તન કર્યું છે. આ પદ્યમાં માલિની છંદનો પ્રયોગ થયો છે.*

*આમ, અહીં કિરાતાર્જુનીય મહાકાવ્યના મૂળ શ્લોકોનો માતૃભાષામાં આસ્વાદ કરાવવામાં આવ્યો છે. તોના દ્વારા આ કાવ્યની શબ્દસમૃદ્ધિ અને અર્થગૌરવનો સહજતાથી અનુભવ થાય છે. કાવ્યની કેટલિક વિશેષતાઓ પણ સ્વાભાવિક રીતે નજરે પડે છે. ખરેખર, આ કાવ્ય આસ્વાદ્ય છે.*

## 14.3 તમારી પ્રગતિ ચકાસો.

*૧.નીચે આપેલા પદ્યોનું  ભાષાંતર કરી સમજૂતી લખો.*

(१) कृतप्रणामस्य महीं महीभुजे जितां सपत्नेन निवेदयिष्यत: ।

न विव्यथे तस्य मनो न हि प्रियं प्रवक्तुमिच्छन्ति मृषा हितैषिण:॥

(२)निसर्गदुर्बोधमबोधविक्लवा: क्व भूपतीनां चरितं क्व जन्तव: ।

तवानुभावोऽयमवेदि यन्मया निगूढतत्त्वं नयवर्त्म विद्विषाम् ॥

(३) कथाप्रसङ्गे न जनैरुदाहृतादनुस्मृताखण्डलसूनुविक्रमः ।

तवाभिधानाद् व्यथते नताननः सुदुःसहान्मन्त्रपदादिवोरगः॥

(४) गुणानुरक्तामनुरक्तसाधनः कुलाभिमानी कुलजां नराधिपः ।

परैस्त्वदन्यः क इवापहारयेन्मनोरमामात्मवधूमिव श्रियम् ||

(५) विधिसमयनियोगाद्दीप्तिसंहारजिह्मं शिथिलवसुमगाधे मग्नमापत्पयोधौ ।

रिपुतिमिरमुदस्योदीयमानं दिनादौ दिनकृतमिव लक्ष्मीस्त्वां समभ्येतु भूयः॥

2.*નીચે આપેલી સૂક્તિઓ સમજાવો.*

**( १ ) हितं मनोहारि च दुर्लभं वचः।**

**( २ ) सदाऽनुकूलेषु हि कुर्वते रतिं नृपेष्वमात्येषु च सर्वसम्पदः।**

**( ३ ) विचित्ररूपाः खलु चित्तवृत्तयः।**

**( ४ ) समुन्नयन्भूतिमनार्यसङ्गमाद् वरं विरोधोऽपि समं महात्मभिः।**

**( ५ ) अहो बलवद्विरोधिता दुरन्ता।**

---

**લેખક : ડૉ. ડાહ્યાલાલ મોકરિયા,આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી , વેરાવલ.**

---

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-544-6